
# सिद्धसेन शतक

श्री सिद्धसेन दिवाकर कृत

'द्वात्रिंशत् द्वात्रिंशिका' मांथी चूंटेला १०० श्लोको




અનુવાદક અને વિવેચક

**મુનિ શ્રી ભુવનચંદ્રજી**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

# સિદ્ધસેન શતક

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' માંથી
ચૂંટેલા ૧૦૦ શ્લોકો

અનુવાદક અને વિવેચક
મુનિ શ્રી ભુવનચંદ્રજી

**જૈન સાહિત્ય અકાદમી**
**ગાંધીધામ (કચ્છ) ગુજરાત.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

SIDDHASEN SHATAKA - A collection of 100 verses from Siddhasen Suri's "Dwatrinshat Dwatrinshika" with Gujarati translation and commentary by Muni Bhuvanchandra.

(Philosophy)

પ્રકાશક : જૈન સાહિત્ય અકાદમી

સંપર્ક : કીર્તિલાલ એચ. વોરા

'નવનિધિ', પ્લોટ નં. ૧૭૪, સેકટર-૪

ગાંધીધામ-કચ્છ. પીન ૩૭૦ ૨૦૧ ગુજરાત

ફોન : ૩૧૯૯૧ / ૩૦૩૪૪

© જૈન સાહિત્ય અકાદમી-ગાંધીધામ

પ્રકાશન વર્ષ : ફેબ્રુ. ૨૦૦૦

પ્રત સંખ્યા : ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૧૨૦/-

મુખપૃષ્ઠ : વિનોદ ગડા, વિનાર્ટ એડવર્ટાઈઝીંગ-મુંબઈ.

ટાઈપ સેટીંગ : સી-ટેક કોમ્પ્યુટર્સ, માંડવી-કચ્છ.

મુદ્રક : માધવેશ ભીખાભાઈ પટેલ

ભગવતી ઓફસેટ

૧૫/સી, બંસીધર એસ્ટેટ, બારડોલ પુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

મુખ્ય વિતરક : **અક્ષર ભારતી**

- ૫-રાજગુલાબ, વાણિયાવાડ, ભુજ - ૩૭૦ ૦૦૧.

- ટી.ઓ.ઈ. પાછળ, ગોવર્ધન ભવન, આશ્રમ રોડ, અમદાવાદ - ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રકાશકનું નિવેદન

'જૈન સાહિત્ય અકાદમી' એક જ પરિવારની ઉદાર સખાવતથી ઊભી થઈ છે. કચ્છ–મેરાઉના (હાલે ગાંધીધામ) શ્રેષ્ઠિ શ્રી ચાંપશીભાઈ પદમશી દેઢિયાના સુપુત્રો સ્વ. શ્રી દેવજીભાઈ અને શ્રીયુત નાનજીભાઈની જ્ઞાનપ્રસારના હેતુથી કંઈક કરવાની ભાવનામાંથી આ અકાદમી અસ્તિત્વમાં આવી છે. અમારી સંસ્થા નાની છે, કામ પણ નાનું કરે છે. સાત્ત્વિક અને તાત્ત્વિક સાહિત્યનું પ્રકાશન કરવાની મર્યાદા સંસ્થાએ રાખી છે. વરસે–બે વરસે જૈન સિદ્ધાંતો પર પ્રકાશ પાડતું એકાદ પુસ્તક પ્રગટ કરે છે.

પૂ. મુનિરાજ શ્રી ભુવનચંદ્રજી અમારી સંસ્થા માટે માર્ગદર્શક અને સહાયક તરીકે મળ્યા છે એ અકાદમીનું સૌભાગ્ય છે. મુનિરાજ શ્રી ગચ્છ–મતના ભેદથી દૂર છે. અધ્યાત્મમૂર્તિ મુનિરાજ શ્રી અમરેન્દ્રવિજયજી મહારાજના સાંનિધ્યમાં લાંબો સમય રહ્યા છે અને તેમનો વિચારવારસો તેમણે ઝીલ્યો છે.

પૂ. મુનિશ્રી સંપાદિત 'સમણ સુત્તં'નો અનુવાદ સંસ્થાએ ચારેક વર્ષ પૂર્વે પ્રગટ કર્યો હતો. તે પછી ત્રણેક વર્ષના પરિશ્રમથી મુનિશ્રીએ આ 'સિદ્ધસેન શતક' તૈયાર કર્યું છે. મહાન શાસ્ત્રકાર શ્રી સિદ્ધસેન દિવાકરજી રચિત 'બત્રીસ બત્રીસીઓ'માંથી ચૂંટેલા એકસો શ્લોકોના અર્થ અને વિવેચનનું આ પુસ્તક પ્રગટ કરતાં સંસ્થા ગૌરવ અનુભવે છે. જૈન દર્શનનો અને આ મહાન ચિંતકના વિચારોનો પરિચય કરાવતું આ પુસ્તક સહુ કોઈને ઉપયોગી થશે જ એની ખાતરી છે. આ પુસ્તક છાપવા માટે સંસ્થાને અનુમતિ આપવા બદલ પૂ. મુનિશ્રીના અમે ઋણી છીએ.

જૈન ધર્મ અને સાહિત્યના પ્રખર વિદ્વાન શ્રી નગીનભાઈ જી. શાહે વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી આ પુસ્તકનું મહત્ત્વ વધાર્યું છે, અકાદમી તેમનો હાર્દિક આભાર માને છે.

સુંદર કંપોઝકામ બદલ સી–ટેક કમ્પ્યુટર્સનો તથા સરસ–સુઘડ મુદ્રણ બદલ ભગવતી મુદ્રણાલયનો પણ આભાર.

પુસ્તકનું સુંદર આવરણ ચિત્ર તૈયાર કરી આપનાર 'વિનાર્ટ'વાળા શ્રી વિનોદ ગડાનો પણ આભાર માનીએ છીએ.

જૈન સાહિત્ય અકાદમી
કીર્તિલાલ હાલચંદભાઈ વોરા
જેઠાલાલ ઠાકરશીભાઈ ગાલા
ટ્રસ્ટીઓ

ગાંધીધામ
તા. ૩૧-૧૨-૧૯૯૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમ


| | | |
|---|---|---|
| પ્રકાશકનું નિવેદન | | ૩ |
| द्वि-त्राः शब्दाः | મુનિપ્રવરશ્રી જંબૂવિજયજી મ. | ૫ |
| આવકાર | આચાર્ય શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરિ | ૬ |
| અભિવાદન–આશાવાદ | આચાર્ય શ્રી વિજય શીલચંદ્રસૂરિ | ૭ |
| અનુવાદકની અપેક્ષા | અનુવાદક | ૯ |
| પ્રસ્તાવના | નગીનભાઈ જી. શાહ | ૧૫ |

શ્રી સિદ્ધસેન દિવાકર : વ્યક્તિત્વ અને કર્તૃત્વ ૩–૧૮

સિદ્ધસેન શતક ૧૯–૨૧૮

પરિશિષ્ટ :

૧. શ્લોકોનો અકારાદિ ક્રમ ૨૨૦–૨૨૨

૨. વિશિષ્ટ શબ્દસૂચિ ૨૨૩–૨૨૫




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# द्वि—त्राः शब्दाः

*પ્રવરતાર્કિક આચાર્યપ્રવર મહાપુરુષ શ્રી સિદ્ધસેન દિવાકરજીએ પારંપરિક માન્યતા પ્રમાણે લગભગ બે હજાર વર્ષ પૂર્વે તત્ત્વજ્ઞાન તથા આચાર–વિચાર સંબંધી ઘણાં મહત્ત્વનાં ચિંતનો કરેલાં છે કે જે પ્રાકૃતમાં 'સંમતિતર્ક'માં તથા સંસ્કૃતમાં કેટલીક 'દ્વાત્રિંશિકા'ઓમાં સચવાયેલાં છે. એ ઘણા ગંભીર છે. 'સંમતિતર્ક'ની તો વિશાળ વ્યાખ્યા પણ મળે છે, પરંતુ દ્વાત્રિંશિકાઓનું ખાસ કોઈ વિવેચન જાણવામાં આવ્યું નથી.*

*તેમાંના કેટલાક શ્લોકોનો અર્થ પં. સુખલાલજીએ કરેલો છે, જે કોઈ લેખમાં ઘણાં વર્ષો પૂર્વે મારા જોવામાં આવ્યો હતો. દિવાકરજીની બત્રીશીઓનું અવગાહન અને પરિશીલન થવું ખાસ જરૂરી છે. એ ગંભીર અને ગૂઢ હોવાને લીધે તેનો બરાબર અર્થ પકડવામાં મુશ્કેલી તો પડે જ છે, છતાં તેનું પરિશીલન કરતાં કરતાં કંઈક તો હાથમાં આવશે જ. મુનિરાજ શ્રી ભુવનચંદ્રજી મહારાજે આ દિશામાં પરિશ્રમ કરવાની જે પહેલ કરી છે તે અનેકને એ દિશામાં જવા માટે પ્રેરક બનો એ જ શુભેચ્છા.*

*પરિશીલન કરતાં કરતાં, અશુદ્ધ લાગતા પાઠોને શુદ્ધ કરવામાં તેમ જ તેના ગંભીર અર્થ સુધી પહોંચવામાં દિવાકરજીના ગ્રંથોનું પુનઃ પુનઃ પરિશીલન જરૂર સહાયક થશે.*

સં. ૨૦૫૫, આસો વદિ ૧૨,
તા. ૪-૧૧-૯૯
શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ શ્વે. જૈન મંદિર
હરિદ્વાર (ઉત્તરપ્રદેશ)

પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી
ભુવનવિજયાન્તેવાસી
મુનિ જંબૂવિજય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આવકાર

*શ્રી સિદ્ધસેન દિવાકર કૃત 'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા'માંથી ચૂંટેલા ૧૦૦ શ્લોકોનો તમે કરેલો અનુવાદ અને એના ઉપરનું વિવરણ એ ઘણો સ્તુત્ય પ્રયાસ છે. શ્રી સિદ્ધસેન દિવાકરજીના ભાવોને ભાષામાં લિપિબદ્ધ કરવા એ જ એક ચુનૌતી છે, તેમાં તમે તે તે શ્લોકનું ગંભીર અધ્યયન કરી તેને સરળ–સુગમ ભાષામાં અવતારિત કરવાનો પ્રયત્ન કર્યો છે. આના દ્વારા સંસ્કૃત ભાષા અને દાર્શનિક ગ્રંથોથી અપરિચિત એવા વિચારશીલ, ચિંતક મહાનુભાવો સુધી શ્રી દિવાકરજીના અત્યંત યુક્તિયુક્ત વિચારવૈભવને પહોંચાડવાની ઈચ્છા જરૂર ફલવતી બનશે તેવી શ્રદ્ધા છે.*

*આના પરથી વિસ્તૃત વિવરણની માંગ ઊભી થશે એમ માનું છું અને તે પણ તમે પૂરી કરશો એવી આશા છે.*

– આ.વિ. પ્રદ્યુમ્નસૂરિ

ઓપેરા જૈન ઉપાશ્રય,
અમદાવાદ
તા. ૨૯-૧૧-૯૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અભિવાદન-આશાવાદ

'દર્શન'ની બે અર્થછાયાઓ છે : દર્શન એટલે તત્ત્વવિચારણા; દર્શન એટલે જીવનતત્ત્વનું ચિંતન.

આપણે ત્યાં દર્શનશાસ્ત્ર તરીકે ઓળખાતી, મોટા ભાગના દાર્શનિકોની કૃતિઓ મુખ્યત્વે આત્મા, ઈશ્વર, પરમાણુ જેવાં તત્ત્વો વિશે જ વાત કે વાદ કરે છે. બહુ ઓછા દાર્શનિકો છે કે જેમણે તત્ત્વના ચિંતનની સાથે સાથે જીવનતત્ત્વનું પણ ચિંતન કર્યું હોય, અને જેમની કૃતિઓગત સૈદ્ધાંતિક ચર્ચાઓ, બધે બને છે તેમ, શુષ્ક અને નીરસ ન બની રહેતાં, તેનાં જીવનતરફી વલણોને કારણે, સંવેદનાસભર ને તેથી હૃદયંગમ બની રહેતી હોય. આ અલ્પસંખ્યક દાર્શનિકોમાં અગ્રિમ સ્થાને મૂકી શકાય તેવું એક નામ છે, આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરનું.

આ વિધાન કેટલું તથ્યપરક અથવા યથાર્થ છે, તેની પ્રતીતિ ખપતી હોય તેણે આ 'સિદ્ધસેન શતક'નું પરિશીલન કરવું રહ્યું.

ભારતવર્ષના આ મહામનીષી તત્ત્વવેત્તાની ઉપલબ્ધ વિવિધ દાર્શનિક રચનાઓનું ઊંડું અવગાહન, એક મરજીવાની અદાથી કરીને, તેમાંથી સો જેટલાં મુક્તકો શોધી લાવવાં; પ્રબુદ્ધ વિચારકને છાજે તેવી ધીરજથી અને તેવી ચિંતનપ્રક્રિયા વડે તેમાં ઊંડે સુધી પહોંચીને મર્મોદ્‌ઘાટન કરવું; અને તેને વળી કોઈ ઉપદેશક કે ધર્મગુરુની બોઝિલ અદાથી નહિ, પણ એક ભાષ્યકારની સજ્ઞતા તથા તટસ્થતા કેળવીને જગતના ચોકમાં મૂકવું;—આ બધું કેટલું કઠિન કામ છે ! અને છતાં તે કેટલું મજાનું પણ છે !

આવું કઠિન છતાં અદ્‌ભુત અને જેવું અદ્‌ભુત તેવું જ પ્રમાણભૂત કાર્ય સત્ત્વશીલ સહજતાપૂર્વક પાર પાડવા બદલ મુનિ-મિત્ર શ્રી ભુવનચંદ્રજીનું હું હૃદયપૂર્વક અભિવાદન કરું છું.

'કલિકાલસર્વજ્ઞ' પણ જ્યારે "क्व सिद्धसेनस्तुतयो महार्थाः,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अशिक्षितालापकला क्व चैषा'' ('કયાં સિદ્ધસેનોક્ત મહાર્થ સ્તોત્રો ?, કયાં અજ્ઞ એવા મુજ આ પ્રલાપો ?') એમ કહીને સિદ્ધસેન દિવાકરજીના સ્તુતિકાવ્યોને અર્થગંભીર ગણાવવાની સાથે સાથે, તેની તુલનામાં પોતાની રચેલી સ્તુતિઓને અભણ આદમીના પ્રલાપ-સમી વર્ણવતા હોય, ત્યારે તેવાં ગંભીર કાવ્યોના અર્થ ઉકેલવા-બેસાડવા, પાછા મૂળકારના આશયનો દ્રોહ ન થાય તે રીતે તેને લેખબદ્ધ કરવા, એ કેટલું મોટું સાહસ માગી લેનારી બાબત છે !

પરંતુ, આ સો સુભાષિતોનું વિવરણ નિરાંતે અવલોકયા પછી, લેશ પણ અતિશયોક્તિ વિના, કહેવું જોઈએ કે ભુવનચંદ્રજીએ કરેલો આ વિવરણ-યત્ન પૂર્ણતયા પ્રામાણિક પ્રયત્ન છે, અને કર્તાના આશયને ઉકેલવામાં તેમણે જ્વલંત સફળતા હાંસલ કરી છે.

આપણા વિદ્યમાન મુનિ-સમુદાયમાં હાલ બે સ્પષ્ટ વર્ગ પડેલા જોવા મળે છે. એક એવો વર્ગ કે જે આ પ્રકારનું સાહિત્ય ભણવા–વાંચવાથી જોજનો દૂર છે. સંસ્કારો અને વાતાવરણના અભાવે એ વર્ગમાં, કદાચ, આ માટેની દૃષ્ટિ તથા રુચિ ઊઘડયાં જ ન હોય તો તે શક્ય છે.

તો બીજો વર્ગ એવો છે કે જે પરંપરાગત ધોરણે આ પ્રકારના ગ્રંથો ભણી–વાંચી જાય છે અને ક્યારેક તેની પોતે તૈયાર કરેલી નોટ્સના આધારે તે વિષે પુસ્તક પણ છપાવી દે છે. પરંતુ તેવો વર્ગ પણ, આવી અર્થસઘન રચનાઓના આંતરિક સૌંદર્યને અને તત્ત્વદર્શનને પડછે સંતાયેલા જીવનતત્ત્વના દર્શનને પામવાનું–માણવાનું લગભગ ચૂકી જ જાય છે. પરિણામે, આપણે ત્યાં નવા લખાતા–છપાતા સાહિત્યમાં, આ પુસ્તકના પ્રકારનું મૌલિક અને તાત્ત્વિક સાહિત્ય દુર્લભ બનેલું અનુભવાય છે.

આવા સંજોગોમાં જીવનસ્પર્શી દર્શન-ચિંતન-મંડિત એવું સરસ મજાનું 'સુભાષિત-શતક' આપવા બદલ મુનિ ભુવનચંદ્રજીને પુનઃ પુનઃ ધન્યવાદ. અને સાથે જ એક આશાવાદ પણ કે આત્મસાધનાથી ઓપતા પોતાના સ્વાધ્યાય–તપની ફલશ્રુતિસમા આવા મહામૂલા ગ્રંથો આપણને તેઓ પાસેથી વારંવાર મળ્યા કરો !

ઘોઘાતીર્થ – શીલચંદ્રવિજય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુવાદકની અપેક્ષા

મહાન શાસ્ત્રકાર શ્રી સિદ્ધસેન દિવાકરની એક ઓછી પ્રસિદ્ધ પરંતુ અત્યંત મહત્ત્વની કૃતિ 'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા'માંથી ૧૦૦ શ્લોકોનું ચયન કરી યોજેલું આ 'સિદ્ધસેન શતક' અનુવાદ અને વિવેચન સાથે શ્રમણવર્ગ તથા વિદ્વદ્વર્ગ સમક્ષ મૂકતાં ઊંડા પરિતોષની લાગણી અનુભવું છું.

દિવાકરજીની બહુ થોડી જ કૃતિઓ આજે પ્રાપ્ય છે, પરંતુ એક જ શિલ્પકૃતિ શિલ્પીના કૌશલ્યની પ્રતીતિ કરાવી શકે છે, તેવી જ રીતે દિવાકરજીની ગણીગાંઠી રચનાઓ તેમની સર્વતોમુખી પ્રતિભાનો પરિચય આપી જાય છે. એમ કહેવાય છે કે શ્રી સિદ્ધસેનસૂરિએ મંત્રશક્તિ દ્વારા શત્રુભયનાં વાદળ વિખેરી નાખેલા અને તેથી એક રાજાએ તેમને 'દિવાકર' એટલે સૂર્ય એવું બિરૂદ આપેલું. એ ઘટના ગમે તે રીતે બની હોય, પણ સિદ્ધસેનસૂરિ આ ઉપનામે પ્રસિદ્ધ થયા એ તો એક હકીકત છે. આ વિશેષણ તેમની મંત્રશક્તિ કરતાં તેમની પ્રખર પ્રતિભા અને પ્રચંડ પ્રભાવશાળી વ્યક્તિત્વને અનુલક્ષીને પસંદ કરાયું હોય એવી સંભાવના વધારે રહે છે. મધ્યાહ્નનો સૂર્ય આપણી આંખોને આંજી દે છે. શ્રી દિવાકરજીની મેધા એ જ રીતે આપણા મન–હૃદયને અભિભૂત કરે છે. તેમના જીવન પ્રસંગો પણ તેમના ઉત્કટ અને દુર્ધર્ષ વ્યક્તિત્વની સાક્ષી પૂરે છે.

દિવાકરજીની પ્રતિભા બહુઆયામી હતી પણ સૂર્યની સાથે જેમ ઉષ્ણતાનો ખ્યાલ જોડાઈ ગયો છે એમ દિવાકરજીના સંબંધમાં 'તાર્કિકતા'ની છાપ પ્રમુખ બની ગઈ છે. 'સન્મતિ પ્રકરણ' અને 'ન્યાયાવતાર' જેવા ગ્રંથો વધુ ધ્યાન ખેંચનારા બન્યા અને તર્કવાદ દિવાકરજીની ઓળખ બની ગયો. વાસ્તવમાં દિવાકરજી માત્ર તાર્કિક નહોતા; ભક્ત, ભાવુક, કવિ, ચિંતક, સાધક, ગુરુ પણ હતા. શ્રી હેમચંદ્રસૂરિએ 'अनु सिद्धसेनं कवयः' કહીને દિવાકરજીના કવિત્વની નોંધ લીધી છે તો બીજા કેટલાક ગ્રંથકારોએ 'यदाह स्तुतिकारः' કહીને દિવાકરજીના ચિંતનને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણ્યું છે જ. આમ છતાં સામાન્ય જૈન વર્ગ તો ઠીક, વિદ્વાન વર્ગ પણ દિવાકરજીને તર્કવાદી, બુદ્ધિવાદી, ઉદ્દામવાદી કે મંત્રવાદી તરીકે જોતો આવ્યો છે.

બત્રીસ બત્રીસીઓમાંથી એકવીશ બત્રીસીઓ જ હાલ ઉપલબ્ધ છે. ભગવાન મહાવીરનું જીવન, તેમનું શાસન, નિશ્ચય, વ્યવહાર, અનુશાસન, વક્તૃત્વ, યોગ, વાદ, વિવિધ દર્શનોનો સારસંક્ષેપ—આવો વ્યાપક વિષય ફલક ધરાવતી આ બત્રીસીઓ અર્થઘન, મૌલિક અને જીવન તથા ધર્મ સાથે સીધો સંબંધ ધરાવનારી છે. એક કાળે દિવાકરજીની આ બત્રીસીઓએ તથા અન્ય કૃતિઓએ સમર્થ જૈનાચાર્યો અને જૈન શાસ્ત્રકારો પર ઊંડી અસર જન્માવી હતી. બત્રીસીઓ 'સ્તુતિ' એવા નામે પ્રખ્યાત હતી અને દિવાકરજી 'સ્તુતિકાર' તરીકે લોકપ્રિય, લોકવિશ્રુત હતા. પાછળથી દ્વા.દ્વા.ની ઉપેક્ષા થઈ છે અને તે એટલી હદે કે તેની હસ્તપ્રતો પણ જૂજ મળે છે. જે મળે છે તે પણ અત્યંત અશુદ્ધ અને અપૂર્ણ છે. આ ઉપેક્ષાનું એક કારણ કલ્પી શકાય એવું છે. કાળની દૃષ્ટિએ ભગવાન મહાવીરથી જેમ જેમ અંતર વધતું ગયું તેમ તેમ શ્રમણવર્ગમાં અધ્યાત્મ અને સાધના પરંપરા ક્ષીણ થતા ગયા. કેવળ બૌદ્ધિક તત્ત્વવિચાર રહ્યો, કદાચ વધ્યો, પણ અંતર્મુખતા અને અધ્યાત્માનુભવમાં ઓટ આવી. પાંડિત્ય, ક્રિયાકાંડ, લોકસંપર્ક, કથા—ચરિત્ર, કાવ્ય સાહિત્ય તરફ વલણ વધ્યું. આ સંજોગોમાં દિવાકરજીના મૂળગામી અને ગૂઢ—ગહન સ્તરના ચિંતન પ્રત્યે દુર્લક્ષ થાય એ સ્વાભાવિક છે. એવા સમયગાળામાં દ્વા.દ્વા.ની હસ્તપ્રતોની નકલો કરવાનું પણ ભૂલાઈ ગયું. પછી જીર્ણ અને ખંડિત થઈ ગયેલી તાડપત્રીય કે કાગળની પ્રતો પરથી પ્રતિલિપિ પણ લહિયાઓના હાથે થઈ હશે, જેના કારણે ભ્રષ્ટ અને અપૂર્ણ પાઠો બત્રીસીઓમાં જોવા મળે છે. વિદ્વાન મુનિઓના હાથે પ્રતિલિપિ થઈ હોત તો આટલી અશુદ્ધિઓ તેમાં પ્રવેશી ન હોત.

ઘણા બધા ધાર્મિક/આધ્યાત્મિક/તાત્ત્વિક વિષયોનું પ્રાચીન રૂપ આ બત્રીસીઓમાં સચવાઈ રહ્યું છે. બત્રીસીઓમાં આલેખાયેલા વિચારો દિવાકરજીના પોતાના અંગત વિચારો જ હોય એમ માની લેવું યોગ્ય નહિ ગણાય. તે સમયના શ્રમણસંઘમાં વ્યાપ્ત અને પ્રચલિત આચાર—વિચાર વિષયક પરિપાટી દિવાકરજીએ આત્મસાત્ કરી જ હોય અને તેમના દ્વારા બત્રીસીઓમાં એ ઊતરી આવી હોય એમ નિશ્ચિતરૂપે કહી શકાય. આથી એમ કહેવામાં કશી હરકત નથી કે આજથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોળસો–સત્તરસો વર્ષ પૂર્વેની શ્રમણસંઘની આધ્યાત્મિક/વૈચારિક છબી આ બત્રીસીઓમાં સચવાયેલી પડી છે. આજે જૈન વર્તુળોમાં રૂઢ અને પ્રચલિત કે પ્રિય થઈ પડેલી બાબતોની તુલના તેના પ્રાચીન સ્વરૂપ સાથે કરવી હોય તો આ બત્રીસીઓ તે માટેનું શ્રેષ્ઠ અને સુયોગ્ય સાધન બની શકે. બત્રીસીઓમાંના શ્લોકોનું આ 'શતક' તૈયાર કરવા પાછળનો એકમાત્ર આશય બત્રીસીઓની આવી ઉપયોગિતા તરફ આજના પ્રબુદ્ધ મુનિવરો અને સુજ્ઞ વિદ્વાનોનું ધ્યાન ખેંચવાનો છે. પ્રભુ મહાવીરના ધર્મમાર્ગનું જે ચિત્ર આમાં છે તે આજના કરતાં વધુ નિર્ભેળ હોય એ દેખીતું છે. આજે પ્રચલિત કેટલાંક વિચાર–વલણોની તુલના આ બત્રીસીઓમાંથી ઉપસતા ધર્મમાર્ગ સાથે કરવા જેવી છે. અલબત્ત, એ માટે આ બત્રીસીઓનું સાંગોપાંગ અધ્યયન થવું આવશ્યક છે.

પ્રાચીન સાહિત્યના સંશોધન–સંપાદન ક્ષેત્રે લબ્ધ પ્રતિષ્ઠ અને વરિષ્ઠ વિદ્વાન શ્રી નગીનભાઈ જી. શાહે આ 'શતક'ની વિદ્વત્તાસભર પ્રસ્તાવનામાં દિવાકરજીના અમુક વિચારબિંદુઓની આ દૃષ્ટિએ છણાવટ કરી છે અને કેટલાક મહત્ત્વના સંકેતો તારવ્યા પણ છે. ધૈર્યપૂર્વક આ વિચારણા હજી આગળ ચલાવવી જોઈએ. પ્રભુ મહાવીરના પ્રબોધેલા ધર્મમાર્ગ અને તત્ત્વદર્શનની પ્રાચીન છબી બહાર લાવવા માટે તટસ્થ અને નિર્ભીક વિશ્લેષણ અને તુલનાત્મક અધ્યયનની જરૂર છે. દિવાકરજીએ માત્ર પોતાના કવન દ્વારા જ નહિ, જીવન દ્વારા પણ તત્ત્વગવેષણા અને સંશોધનનું સ્થાન સર્વોચ્ચ છે એમ બતાવી આપ્યું છે. બત્રીસીઓનું આ દૃષ્ટિએ અધ્યયન–પરિશીલન થવું જોઈએ. 'શતક' તો માત્ર નમૂનો છે.

દિવાકરજીની બત્રીસીઓનું વિવેચન કરવું એ એક સાહસ જ ગણાય, પરંતુ દિવાકરજીના બળવાન વિચારો પ્રત્યેના આકર્ષણે આ સાહસ કરવાની પ્રેરણા આપી છે. બત્રીસીઓના અર્થઘટનમાં ઉપયોગી થાય એવી પ્રાચીન સામગ્રી તો છે નહિ. અર્વાચીન સામગ્રીમાં પં. શ્રી સુખલાલજીએ 'સન્મતિ પ્રકરણ'ની ભૂમિકામાં આપેલો બત્રીસીઓનો વિષયપરિચય અને થોડા શ્લોકોનો અનુવાદ તથા નવમી બત્રીસીનું વિસ્તૃત વિવેચન એ મુખ્ય છે. આ. શ્રી વિજય લાવણ્યસૂરિએ દ્વા.દ્વા. પર સંસ્કૃત ટીકા રચી છે, તે વિસ્તૃત હોવા છતાં દિવાકરજીના આશયને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પષ્ટ કરવામાં એટલી ઉપયોગી થઈ શકે તેવી નથી. આથી વારંવાર અનુપ્રેક્ષા કરી શ્લોકોના મર્મ સુધી પહોંચવું એ એક જ માર્ગ આપણા માટે રહ્યો. આમાં અવરોધો ઘણાં છે. અત્યંત અશુદ્ધ મૂળ પાઠ એ મુખ્ય અવરોધ ગણાય. જાણીતા શબ્દોનો અજાણ્યા અને લુપ્ત અર્થમાં થયેલો પ્રયોગ એ બીજો અવરોધ. સઘન અને સૂત્રાત્મક શૈલી એ ત્રીજો અવરોધ ગણાય. વિષયની ગહનતા પણ એક મોટી બાધા છે.

ભાવ અને તાત્પર્યના આધારે અશુદ્ધ પાઠને સ્થાને સંભવિત શુદ્ધ પાઠ યોજવાનું સાહસ પણ મેં કર્યું છે. આ શતકના શ્લોકોમાં એવા સ્થાને મુદ્રિત પ્રતિનો પાઠ પાદનોંધમાં મૂકયો છે અને સુધારેલો પાઠ ઉપર લીધો છે. શબ્દ જાણીતો હોય પણ અર્થ અજ્ઞાત/લુપ્ત હોય એવાં સ્થાન પણ ઘણાં છે. अवेद्य (શ્લો. ૯૫) શબ્દ આનું સુંદર ઉદાહરણ છે. આ શબ્દનો અર્થ જાણીતો છે પણ અહીં એનો ઉપયોગ કોઈ બીજા જ અર્થમાં થયો છે એમ લાગ્યા કરતું હતું. શોધખોળ કરતાં એનો બીજો અર્થ 'વાછરડું' એવો એક શબ્દકોશમાં જડયો, તોય અર્થસંગતિ થતી નહોતી. અંતે જ્યારે ગેડ બેઠી ત્યારે તેની સાથેનો શબ્દ પણ સુધારવાની જરૂર પડી. આમ, ભાવાર્થ સ્પષ્ટ થવા છતાં પાઠની અસ્પષ્ટતા અહીં અને અન્યત્ર પણ રહી છે. અનુવાદ અને વિવેચનમાં દિવાકરજીના આશય સુધી ન પહોંચાયું હોય કે તેમના આશયથી વિપરીત લખાયું હોય એવો ભય તો રહે છે જ. વિદ્વજ્જનોને નમ્રભાવે વિનંતિ કરવાની રહે છે કે આવું કયાંય બન્યું હોય તો તેને ક્ષંતવ્ય ગણે અને અનુવાદકનું ધ્યાન અવશ્ય દોરે.

બત્રીસીઓમાંથી વિવિધ વિષયના માર્મિક અને સૂચક શ્લોકો પસંદ કરવા– શ્લોકોની પસંદગી પાછળનો આ મુખ્ય માપદંડ રહ્યો છે. આમાં મારી દૃષ્ટિ/રુચિ તો ભાગ ભજવે જ; તે ઉપરાંત શ્લોકોની સ્પષ્ટતા/અસ્પષ્ટતા અને શતકની મર્યાદા પણ નિર્ણાયક બની છે. સંદર્ભની દૃષ્ટિએ સ્વતંત્ર હોય એવા શ્લોકોને જ લઈ શકાય એ બંધન પણ ખરું જ. આથી, બત્રીસીઓમાંના અહીં આપેલા શ્લોકો જ મહત્ત્વના છે એવું તારણ કૃપા કરીને કોઈ ન કાઢે.

અનુવાદ શકય એટલો સરળ–સુગમ રાખવાની કોશીશ કરી છે. સ્પષ્ટતા ખાતર કયાંક બે-ચાર શબ્દો વધારાના લેવા પડયા તો તે લીધા છે. વિવેચનમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવાકરજીના આશયને સમજવાની તથા જીવાતા જીવન સાથે તેનો સંબંધ શોધવાની કોશીશ કરી છે. વિવેચન શાસ્ત્રીય ચર્ચા જેવું ન બની જાય એ માટે ખાસ તકેદારી રાખી છે. આ પ્રયાસ તાર્કિક સિદ્ધસેનને નહિ, કવિ અને ચિંતક સિદ્ધસેનને ઓળખવાનો પ્રયાસ છે એ ધ્યાનમાં રાખીને આ વિવેચન વાંચવા સહુને વિનંતિ છે.

જૈન પરિભાષાથી અપરિચિત વિદ્વાનો અને બીજા સામાન્ય વાચકો શ્રી સિદ્ધસેનસૂરિના વિચારવૈભવનો લાભ સરળતાથી લઈ શકે તે માટે અનુવાદમાં અને વિવેચનમાં જૈન પારિભાષિક શબ્દોનો શક્ય એટલો ઓછો ઉપયોગ કરવાની પદ્ધતિ અપનાવી છે અને જ્યાં એવા શબ્દો વાપરવા પડયા છે ત્યાં તેમનો સરળ અર્થ તે જ સ્થળે આપ્યો છે. વક્તાઓ, લેખકો અને સંશોધકો આ પુસ્તકનો સંદર્ભ તરીકે ઉપયોગ કરી શકે એ હેતુથી વિશિષ્ટ શબ્દોની એક સૂચિ પુસ્તકના અંતે આપી છે. શતકના શ્લોકોની અકારાદિ ક્રમે સૂચિ પણ પુસ્તકના અંતે આપી છે.

આ અનુવાદ મારા માટે એક સુખદ જોગાનુજોગ જેવી અથવા એક સ્વપ્ન સાકાર થવા જેવી બાબત છે. મારા અભ્યાસકાળમાં વ્યાકરણ–કાવ્ય–તર્કાદિનું અધ્યયન સમાપ્ત થયા પછી સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યનું વાંચન શરૂ કર્યું ત્યારે 'શ્રી સિદ્ધસેન દિવાકર કૃત ગ્રન્થમાળા'ની પ્રત હાથમાં આવી અને તેમાં આ બત્રીસીઓ પહેલીવાર વાંચી. એની ટીકા વગેરેની તપાસ કરી તો ખબર પડી કે બત્રીસીઓ પર ટીકા/ટિપ્પણ/ભાષાંતર જેવું કંઈ રચાયું જ નથી. બત્રીસીઓ એટલી ગમી ગઈ કે તે વખતે–મારી વીશ વર્ષની વયે–આ બત્રીસીઓ ઉપર સંસ્કૃતમાં ટીકા રચવા બેસી ગયેલો ! બે–એક બત્રીસી પર ટીકા લખી પણ ખરી. એ બાલચાપલ્યનો વિચાર કરતાં આજે હસવું આવે છે. વર્ષો પછી શતક રૂપે આ અનુવાદ તૈયાર કરવાની તક મળી અને તે પ્રકાશિત પણ થાય છે ત્યારે એક સ્વપ્ન સાકાર થવા જેવી લાગણી અનુભવું છું.

અને આ સ્વપ્નપૂર્તિમાં નિમિત્ત બન્યા છે શ્રી માવજીભાઈ સાવલા. જીવનસ્પર્શી ફિલોસોફીમાં એમને રસ છે અને એ સંદર્ભમાં દ્વા.દ્વા. વિશે તેમની સાથે વાત થઈ. ગાંધીધામની 'જૈન સાહિત્ય અકાદમી' પ્રશિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરે છે. આ શ્રેણીમાં મારો 'સમણસુત્તં'નો અનુવાદ પ્રગટ થયા પછી દિવાકરજીની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા'નો અનુવાદ તૈયાર કરવાનો પ્રસ્તાવ તેમણે મારી સામે મૂક્યો. મનગમતી વાત હોવાથી મેં એ કામ સ્વીકાર્યું, પણ જ્યારે બત્રીસીઓ હાથમાં લીધી ત્યારે લાગ્યું કે એકવીશ બત્રીસીઓનો સંપૂર્ણ અનુવાદ ઘણો સમય અને ઘણો શ્રમ માગી લેશે. એક-બે બત્રીસીનો અનુવાદ તૈયાર કરી શકાય પણ તેના કરતાં દિવાકરજીના બહુઆયામી ચિંતનની ઝાંખી કરાવવા માટે ચૂંટેલા ૧૦૦ શ્લોકોનું શતક કરવું વધુ યોગ્ય લાગ્યું. અન્યાન્ય કાર્યો વચ્ચે આટલું કામ કરતાં પણ બે વરસ જેવો ગાળો નીકળી ગયો. આ અનુવાદ અને વિવેચન શ્રી માવજીભાઈ સાવલાની તીક્ષ્ણ વિવેચકદૃષ્ટિ તળેથી પસાર થયાં છે અને તેમના પરામર્શનો લાભ મને મળ્યો છે. આ પુસ્તક તેમની સીધી પ્રેરણાની નીપજ છે. મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં માવજીભાઈએ પ્રથમથી જ ઊંડો રસ લીધો છે અને સાથે રહીને—માથે રહીને મને આ ક્ષેત્રે પ્રવૃત્ત રાખ્યો છે. તેમની મમતા અને મૈત્રીનો લાભ અવિરત લેતો હોઉં ત્યાં આભાર શું માનું ? તેમનો આવો સદ્ભાવ સાંપડયો છે એ વિચારે ધન્યતા અનુભવું છું.

પ્રભુ મહાવીરે પ્રબોધેલા ધર્મમાર્ગની સમજને વધુ પરિષ્કૃત કરવામાં શ્રી સિદ્ધસેનસૂરિની 'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા'ઓનું પરિશીલન કેવું ઉપકારક બને એમ છે એ તથ્ય તરફ આ 'શતક' દ્વારા પ્રબુદ્ધ ચિંતક મુનિવરો અને વિદ્વાનોનું ધ્યાન ખેંચાય તથા ઉપલબ્ધ બત્રીસીઓનું સાંગોપાંગ અધ્યયન કરવાનો પડકાર ઝીલનારું કોઈ નીકળી આવે એવી આશા સાથે આ અનુવાદ/વિવેચન સુજ્ઞ વાચકો સમક્ષ મૂકી રહ્યો છું.

— મુનિ ભુવનચંદ્ર

દુર્ગાપુર (કચ્છ)
સં. ૨૦૫૬, મૌન એકાદશી
તા. ૧૯-૧૨-૯૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

ઈ.સ. ચોથી શતાબ્દીમાં એક સમર્થ ચિંતક, મહાન તાર્કિક, અનેક વિદ્યાઓના ધારક અને ચિત્તવિશુદ્ધિના પરમ સમર્થક જૈન આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકર થઈ ગયા. દિવાકર એટલે પ્રકાશ ફેલાવનાર સૂર્ય. દિવાકરજીએ સૂર્યની જેમ જ જ્ઞાનનો પ્રકાશ પાથર્યો. તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં અનેક રચનાઓ કરી છે. તેમાં વિવિધ વિષયો ઉપર બત્રીસ બત્રીસ શ્લોકોની એક એવી બત્રીસ રચનાઓનો સમાવેશ થાય છે. તેમનો સમુચ્ચય 'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા' નામે પ્રસિદ્ધ છે. તે અર્થગંભીર અને ગહન છે. તેમાંથી એકસો શ્લોકો ચૂંટી પૂજ્ય મુનિરાજ ભુવનચંદ્રજીએ આપણી સમક્ષ ગુજરાતી વિવેચન સહિત રજૂ કર્યા છે. તેમનો અનુવાદ વિશદ અને સંતર્પક છે, તેમજ તેમનું વિવેચન પ્રામાણિક અને બુદ્ધિગમ્ય છે. આ રીતે તેમણે દિવાકરજીના ચિંતનની ઝાંખી કરાવવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે.

દિવાકરજીએ ભગવાન મહાવીરના વીતરાગતાગુણને વિશેષ મહત્ત્વ આપ્યું છે, એ ઉચિત જ છે. મારે મન 'જય વીયરાય' સ્તુતિનું પ્રાથમ્ય છે. પૂજ્ય મુનિરાજ પુણ્યવિજયજી પોતાના પ્રત્યેક લખાણ પત્રાદિનો આરંભ 'जयन्तु वीतरागाः' પદથી કરતા. આચાર્ય હેમચંદ્રે વીતરાગસ્તોત્ર રચ્યું છે. તેમાં તેમણે કહ્યું કે જે કોઈ વીતરાગ હોય –ભલે પછી તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય કે અન્ય હોય – તેને મારા વંદન.

રાગ ચિત્તક્ષોભનું, અશાંતિનું અને દુઃખનું મૂળ કારણ છે. રાગ હોય એટલે દ્વેષ હોય જ. બંનેનો અતૂટ સંબંધ છે. વળી, ક્રોધ, માન, માયા, લોભ એ કષાયો રાગ-દ્વેષનો જ વિસ્તાર છે. રાગ અર્થાત્ આસક્તિ માણસની સારાસારનો વિવેક કરવાની શક્તિને કુંઠિત કરે છે, એટલે જ રાગીને આંધળા સાથે સરખાવવામાં આવે છે. વિષયો પ્રત્યેનો રાગ તે વિષયોમાં જ ચિત્તને રોકી રાખે છે. વિષયો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેના રાગને કારણે વિષયોને કોઈપણ ભોગે ભોગવવાની તૃષ્ણા જન્મે છે, તેમને પ્રાપ્ત કરવા ગમે તેવા ઉપાયો મનુષ્ય યોજે છે, તેમની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ જે કોઈ હોય તેમના પ્રત્યે દ્વેષ અને ક્રોધ કરે છે, પરિણામે ચિત્ત ક્ષુબ્ધ થઈ જાય છે, સ્મૃતિભ્રંશ થાય છે, પોતે જે પ્રવૃત્તિમાં પડયો છે તેનાં શાં પરિણામો ભૂતકાળમાં અન્યોએ ભોગવ્યાં છે એ ભૂલી જાય છે, વિવેકબુદ્ધિ નાશ પામે છે અને છેવટે મનુષ્ય જ મટી જાય છે. મનુષ્યનું લક્ષણ જ વિવેકબુદ્ધિ છે. ચિત્તને ક્ષુબ્ધ કરનાર, મલીન કરનાર મળ રાગ જ છે. એટલે રાગમુક્ત નિર્મળ ચિત્ત જ મોક્ષ છે, બાકી બધું પ્રક્રિયામાત્ર છે, પરિભાષામાત્ર છે. એટલે જ જૈન ચિંતક કહે છે : कषायमुक्तिः किल मुक्तिरेव। બૌદ્ધો કહે છે : मुक्तिर्निर्मलता धियः। અને સાંખ્ય-યોગ વિચારકો કહે છે : रागादिक्षयात् मोक्षः। રાગમુક્ત ચિત્તની અક્ષુબ્ધ શાન્ત સ્થિતિ જ પરમ શાન્તિ છે, પરમ સુખ છે, નિરાકુળ દશા છે, મોક્ષ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં બહુ જ સાચું કહ્યું છે કે : अशान्तस्य कुतः सुखम् ? જેટલો રાગ ઓછો એટલી ચિત્તશાન્તિ વધુ, આ તો સૌના અનુભવની વાત છે. સંપૂર્ણ રાગમુક્તિ એટલે સંપૂર્ણ શાન્તિ, પરમ સુખ. આ જ તો મોક્ષ છે.

આચાર્ય હેમચંદ્રે એક અત્યંત મહત્ત્વની વાત કહી છે. તે જણાવે છે કે સૌ રાગોમાં દૃષ્ટિરાગ એ અત્યંત હાનિકર છે અને દુર્દાન્ત પણ છે. 'दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि।' દૃષ્ટિરાગ એટલે સ્વમત પ્રત્યેનો રાગ. જે કુળમાં જન્મ્યા, જે પરંપરા જન્મથી પ્રાપ્ત થઈ તે કુળ-પરંપરા દ્વારા મળેલા ખ્યાલો, વિચારો, મતો, સિદ્ધાન્તો પ્રત્યે વ્યક્તિને દૃઢ રાગ બંધાઈ જાય છે. તે વિના વિચારે, વિના પરીક્ષાએ તેમને સ્વીકારીને જ ચાલે છે. આ દૃષ્ટિરાગથી, મતાસક્તિથી મુક્ત થવું અતિ દુષ્કર છે. આ દૃષ્ટિરાગને જ જૈનો આભિગ્રહિક મિથ્યાત્વ કહે છે. (જુઓ Jaina Philosophy and Religion, પૃ. ૨૦૫–૨૦૬). એટલે જ આપણા સંતો, ચિંતકો અને મહાત્માઓએ આપણને કહ્યું છે કે પોતાના માની લીધેલા ગુરુઓએ, પોતાની પરંપરાઓએ જે ઉપદેશ્યું છે તેની યુક્તિથી, તર્કથી, વિવેકબુદ્ધિથી પરીક્ષા કરી લીધા પછી જો કલ્યાણકારી અને હિતકર જણાય તો જ તેનો સ્વીકાર કરવો, અન્યથા તેનો સ્વીકાર ન કરવો. ઔપનિષદિક પરંપરા આધ્યાત્મિક વિકાસના ચાર સોપાનો સ્વીકારે છે. તે છે–દર્શન (શ્રદ્ધા), શ્રવણ, મનન અને નિદિધ્યાસન(ધ્યાન). મનનનું અત્યંત મહત્ત્વ છે. ગુરુમુખે જે સાંભળ્યું તેના ઉપર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનન કરવું જોઈએ, પરીક્ષા કરવી જોઈએ. મનન સામે ટકે તો જ તેનો સ્વીકાર કરવો જોઈએ, અન્યથા નહિ. બૌદ્ધ પરંપરામાં બુદ્ધે કાલામોને કહ્યું હતું કે : "હે કાલામો ! મેં તમને આ કહ્યું. પરંતુ તમે તેનો સ્વીકાર કેવળ પરંપરાગત છે માટે ન કરશો, કેવળ તમારા ધર્મગ્રંથને અનુકૂળ છે માટે ન કરશો, કેવળ તેનો કહેનારો તમારો પૂજ્ય છે માટે ન કરશો, કેવળ તમને ગમે છે માટે ન કરશો, પરંતુ પરીક્ષા કરી જો તમે તેને કલ્યાણકર અને નિર્દોષ સમજ્યા હો અને તેને ગ્રહણ કરવાથી સૌનું કલ્યાણ અને કુશળ થશે એમ તમને ખરેખર ખાતરી હોય તો જ તમે તેને સ્વીકારજો." (કાલામસુત્ત, અંગુત્તરનિકાય). વળી, બૌદ્ધ પરંપરામાં પ્રાપ્ત નીચેનો પ્રસિદ્ધ શ્લોક પણ આ જ વાત કહે છે–

तापाच्छेदाच्च निकषात् सुवर्णमिव पण्डितैः।
परीक्ष्य भिक्षवो ग्राह्यं मद्वचो न तु गौरवात्।। (तत्त्वसंग्रह, ३५८८)

'જેમ સોની સોનાને તપાવી, કાપી, કસોટી પર ઘસી પરીક્ષા કર્યા પછી જ સ્વીકારે છે તેમ, હે ભિખ્ખુઓ !, ડાહ્યા માણસોએ મારા ઉપદેશને પરીક્ષા કર્યા પછી જ સ્વીકારવો જોઈએ–મારી મહાનતા કે ગુરુતાને કારણે જ ન સ્વીકારવો જોઈએ.' જૈન આચાર્ય હરિભદ્રે પણ કહ્યું છે કે જેની વાત યુક્તિસંગત, બુદ્ધિગમ્ય હોય તેનો જ ગુરુ તરીકે સ્વીકાર કરવો. 'युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः।' 'આ બધી બાબતોમાં આપણે કંઈ સમજી શકીએ નહિ, ગુરુ કહે તેને જ સ્વીકારીને ચાલવું જોઈએ'–આ મનોદશા સારી નથી, એટલું જ નહિ પણ હાનિકર છે. એટલે જ દિવાકરજીને ખુદને કહેવું પડ્યું કે :

अवन्ध्यवाक्या गुरवोऽहमल्पधी-
रिति व्यवस्यन् स्ववधाय धावति।। (श्लोक ३७)

" 'ગુરુઓ જે કહે તે સાચું જ હોય. હું તો અલ્પબુદ્ધિવાળો છું.'–આવો નિશ્ચય જેણે કર્યો છે તે પોતાનો નાશ જ કરે છે."

ભગવાન મહાવીર અને તીર્થંકરોના પ્રાતિહાર્યો, અતિશયો અને ચમત્કારની વાતોથી આજના વિજ્ઞાનયુગની નવી પેઢી જૈન ધર્મ પ્રતિ આકર્ષાવાના બદલે વિમુખ બનવાનો સંભવ વધારે છે. એટલે જેમ બને તેમ એવી વાતોને ધર્મગ્રંથોમાં અને ધર્મોપદેશોમાં સ્થાન ન આપવું જોઈએ. તીર્થંકરોની મહાનતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાતિહાર્યો, અતિશયો અને ચમત્કારોને કારણે નથી પણ વીતરાગતાને કારણે છે. એટલે જ આચાર્ય સમન્તભદ્રે પોતાની 'આપ્તમીમાંસા' નામની કૃતિની શરૂઆત જ નીચેના શ્લોકથી કરી છે–

देवागमनभोयानचामरादिविभूतयः।
मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान्॥

"દેવાગમ આદિ અતિશયો, સિદ્ધિઓ, ચમત્કારો તો માયાવીઓ અને જાદુગરોમાં પણ દેખાય છે. એટલે અમે તમને અતિશયોને કારણે મહાન માનતા નથી, (પણ વીતરાગતાને કારણે જ મહાન માનીએ છીએ.)"

કહેવામાં આવે છે કે મહાવીર ભગવાનના શરીરમાં ધોળું લોહી (अरक्तशोणितं – श्लोक ३) વહી રહ્યું હતું. ચંડકૌશિક નાગે દંશ માર્યો અને મહાવીરના પગના અંગૂઠામાંથી ધોળું લોહી નીકળ્યું. આ અંગે એક વ્યક્તિએ મને પ્રશ્ન કર્યો : 'તીર્થંકરના શરીરમાં ધોળું લોહી હોય તો હાડકાં, માંસ આદિ કેવાં હશે ? વગેરે. આવું બધું માની શકાય જ નહિ. શરીરશાસ્ત્ર વિરુદ્ધ છે.' મે તેમને સમજાવવા પ્રયત્ન કર્યો અને કહ્યું, 'ભગવાન મહાવીરનું શરીર આપણા જેવું હતું. તેમાં પણ લાલ લોહી જ વહેતું હતું. અહીં કહેવાનો આશય એ છે કે મહાવીરમાં ક્રોધનો લેશ પણ ન હતો. ક્રોધનો રંગ લાલ ગણવામાં આવ્યો છે. મહાવીરનાં લોહીમાં પણ ક્રોધ ન હતો. એટલે લોહીમાં ક્રોધનો લાલ રંગ ક્યાંથી હોય ? જેમ ક્રોધનો રંગ લાલ માનવામાં આવ્યો છે તેમ સત્ત્વનો (સાત્ત્વિક ગુણ ક્ષમાનો) રંગ શ્વેત માનવામાં આવ્યો છે. મહાવીરના લોહીમાં જ સાત્ત્વિકતા હતી. એટલે એમનું લોહી લાલ હોવા છતાં શ્વેત હતું એમ કહ્યું છે.'

વારંવાર કહેવામાં આવે છે કે મહાવીર સર્વજ્ઞ હતા (પૃ.૨૩ અને પૃ. ૧૦૩). ખરેખર તો મહાવીર કેવળજ્ઞાની હતા. તેમનું જ્ઞાન કેવળ હતું, શુદ્ધ હતું, આત્મનિષ્ઠ હતું. રાગના સંપૂર્ણ ક્ષયને પરિણામે કેવળજ્ઞાન પ્રગટે છે. એટલે તે રાગમળથી રહિત સંપૂર્ણ શુદ્ધ જ હોય. 'કેવળજ્ઞાન' શબ્દ સર્વજ્ઞત્વનો અર્થ આપતો નથી. પરંતુ જૈનોએ કેવળજ્ઞાનનો સર્વજ્ઞત્વ સાથે અભેદ કરીને અને સર્વજ્ઞત્વનો અર્થ બધા દ્રવ્યોની ભૂત, વર્તમાન અને ભાવી બધી જ તે તે ક્ષણની અવસ્થાઓને યુગપદ્ જાણનારું પ્રત્યક્ષ જ્ઞાન એવો કરી પાછલા બારણેથી આત્યંતિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયતિવાદનો અજાણ્યે સ્વીકાર કરી લીધો, જે આત્યંતિક નિયતિવાદ કર્મસિદ્ધાંતનો તદ્દન વિરોધી છે. જો કોઈ, પ્રત્યેક ભાવી ક્ષણે થનારી મારી માનસિક, વાચિક અને કાયિક દશાઓને અને ક્રિયાઓને સંદર્ભો સહિત સંપૂર્ણપણે જાણે છે, મારા પ્રતિક્ષણે થનાર બધા ભાવી અધ્યવસાયોને, મનોભાવોને જાણે છે, ભાવી પ્રત્યેક ક્ષણે કયાં કોના સંબંધમાં કયા કારણોથી હું શું કરવાનો છું તે બધાને તે જાણે છે, તો એમાંથી નિતાન્ત એ જ ફલિત થાય કે મારું ભાવી આત્યંતિકપણે નિયત છે, તેમાં જરા પણ પરિવર્તનની શકયતા નથી અને હું મારા ભાવીને મારી ઈચ્છા મુજબ ઘડી શકું છું એ મારી માન્યતાનું કારણ તો મારું મારા ભાવીનું અજ્ઞાન જ છે, જે જે પસંદગી હું કરું છું તે નિયત જ છે, અજ્ઞાનને કારણે માનીએ છીએ કે તે પસંદગી આપણે સ્વતંત્રપણે ઈચ્છા મુજબ કરી. સર્વજ્ઞત્વ અને કર્મસિદ્ધાંત સાથે જઈ શકતા જ નથી. બેમાંથી એકને છોડવો પડે જ. મને લાગે છે કે સર્વજ્ઞત્વને છોડવું જોઈએ, કારણ કે કેવળજ્ઞાન ઉપર સર્વજ્ઞત્વનો જૈનોએ આરોપ કરેલો છે. નિરાવરણ શુદ્ધ જ્ઞાન બધા વિષયોને જાણે છે એમ માનવાનો આગ્રહ શા માટે રાખવો ? નિરાવરણ શુદ્ધ જ્ઞાન સ્વયં સ્વતઃ અનંત છે. તેનું આનન્ત્ય વિષયોના આનન્ત્ય ઉપર નિર્ભર નથી. વળી, પતંજલિએ પોતાના યોગસૂત્રમાં એક વિચારણીય વાત કહી છે. તે કહે છે કે બધા જ જ્ઞેય વિષયોને ભેગા કરો તોય જ્ઞાનના આનન્ત્યની સરખામણીમાં તે અલ્પ છે. 'तदा सर्वावरणमलापेतस्य ज्ञानस्य आनन्त्यात् ज्ञेयमल्पम्।' (યોગસૂત્ર ૪.૩૧). તાત્પર્ય એ કે સઘળા જ્ઞેયોને ભેગા કરો તો તે બધા જ્ઞેયોનું જે આનન્ત્ય થાય તે ગમે તેટલું હોય પરંતુ તેમનું તે આનન્ત્ય નિરાવરણ શુદ્ધ જ્ઞાનના આનન્ત્ય આગળ કંઈ વિસાતમાં નથી. એટલે જ્ઞેયોના આનન્ત્યને આધારે શુદ્ધ જ્ઞાનનું આનન્ત્ય જે સ્થાપે છે તે મોટી ભૂલ કરે છે. ઉપરાંત, જો અનંત સુખનું આનન્ત્ય વિષયનિરપેક્ષ હોય તો જ્ઞાનનું આનન્ત્ય વિષયનિરપેક્ષ કેમ ન હોય ?

મહાવીર સર્વજ્ઞ હતા એમ મનાયું એટલે તેમના નામે ખગોળ, ભૂગોળ, જ્યોતિષ આદિની વાતો ચઢાવવામાં આવી. આ વાતો એવી છે જે આધુનિક વૈજ્ઞાનિક શોધોની વિરુદ્ધ જાય છે. મહાવીરની સર્વજ્ઞતાને વળગી રહેનારાઓ વિજ્ઞાનની શોધો ખોટી છે અને મહાવીરની (મહાવીરના નામે ચઢાવેલી) વાતો સાચી છે એ સિદ્ધ કરવા હાસ્યાસ્પદ પ્રયત્નો કરવામાં પડી ગયા. વિજ્ઞાનની શોધોથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરની સર્વજ્ઞતા ખંડિત થાય છે, એટલું જ નહિ પણ મહાવીરનો વીતરાગતાની સાધનાનો જે ખરો ઉપદેશ છે તેના પ્રત્યે પણ સંશય અને અવિશ્વાસ આજની શિક્ષિત યુવાન પેઢીમાં ઉત્પન્ન થાય છે. મહાવીરને કેવળજ્ઞાનીમાંથી સર્વજ્ઞ બનાવી જૈન ધર્મની પ્રભાવના નહિ પણ હાનિ કરવામાં આવી છે.

મહાવીર સાધના કરી વીતરાગ બન્યા હતા. તેથી વીતરાગ બનવા માટે કઈ કક્ષાએ કેવી સાધના કરવી જોઈએ, શા ઉપાયો પ્રયોજવા જોઈએ, એ તે અનુભવથી સ્પષ્ટ અને સાક્ષાત્ જાણતા હતા. આ અંગેનું તેમનું જ્ઞાન વિશદ અને સંપૂર્ણ હતું. અને તેમણે આનો જ ઉપદેશ આપ્યો હતો. તે મોક્ષમાર્ગના, વીતરાગમાર્ગના સર્વોત્કૃષ્ટ ઉપદેષ્ટા હતા. તે ખગોળ, ભૂગોળ આદિના ઉપદેષ્ટા હતા જ નહિ. અલબત્ત, પ્રચલિત પરસ્પર વિરોધી વાદોનો સમન્વય તેમણે જરૂર કર્યો, કારણ કે તે રાગદ્વેષ શમાવવા ઈચ્છતા હતા. તેમનો અનેકાન્તવાદ વીતરાગતામાંથી ઉદ્ભવ્યો છે અને વીતરાગતાને પુષ્ટ કરે છે.

વીતરાગી મહાવીરનો ઉપદેશ સર્વના કલ્યાણ માટે છે, સર્વના હિત માટે છે, સર્વના સુખ માટે છે. વર્ણ, જાતિ, લિંગ, સંપ્રદાય આદિના કોઈ પણ જાતના ભેદભાવ વિના સૌને માટે તેમનો ઉપદેશ છે. મહાવીર વીતરાગી હોઈ ઉદારચેતા છે અને અનેકાન્તવાદી છે. તેથી તેમણે પોતાના ઉપદેશમાં જ્યાંથી અને જેની પાસેથી કલ્યાણકારી તત્ત્વો મળ્યાં છે તે બધાંને સ્થાન આપ્યું છે; વળી, વિરોધી જણાતા મતોનો સુમેળ અને સમન્વય તેમણે પોતાના ઉપદેશમાં કર્યો છે. રાગરોગની તીવ્રતા અનુસાર તેમનો ઉપદેશ છે. જેમ વૈદ્ય એકના એક રોગની ભિન્ન ભિન્ન તીવ્રતા પારખી તે રોગના દર્દીઓને ભિન્ન ભિન્ન ઔષધ આપે છે, તેમ વીતરાગી ભગવાન રાગરોગની ભિન્ન ભિન્ન તીવ્રતા પારખી રાગી સંસારીઓને ભિન્ન ભિન્ન ઉપદેશૌષધ આપે છે. આ તેમનું ઉપદેશકૌશલ્ય છે. એટલે જ તેમને ભવવ્યાધિભિષગ્વર કહ્યા છે. કોઈનું મન દુભાય નહિ તેવી રીતે શુદ્ધ પ્રેમ અને કરુણાથી પ્રેરાઈને અપાયેલો તેમનો ઉપદેશ છે. તેમની વાણીમાં અહંકાર નથી, પરપક્ષને જીતવાની ઈચ્છા નથી, કીર્તિની લાલસા નથી, ગર્વ નથી, છળકપટ નથી. તે કુહેતુતર્કોપરતપ્રપંચા છે, સદ્ભાવશુદ્ધા છે, સંશયવિદારિણી છે, સંસારનાશિની છે, સર્વદૃષ્ટિસંગમકારી છે, તારકા–પ્રબોધિકા–ઉદ્ધારિકા છે, દુઃખભંજિકા છે, અને પ્રશમાવહા છે. દિવાકરજીએ વીતરાગ ભગવાનના ઉપદેશનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણન કરવા પ્રયોજેલા બધા વિશેષણો અર્થસભર અને સુયોગ્ય છે.

દિવાકરજીએ શ્લોક ૧૮માં કહ્યું છે કે આગમશાસ્ત્ર પ્રત્યે અત્યાદરમાત્રથી મોક્ષ મળતો નથી. આગમને સમજ્યા–વિચાર્યા વિના કેવળ આગમભક્તિથી મોક્ષ મળે નહિ. આગમમાં જે કહ્યું છે તેની બુદ્ધિથી પરીક્ષા કરવી, તેના ઉપર મનન કરવું, તેને સમજવું અને પછી જે કલ્યાણકર જણાય તેને સ્વીકારી આચરણમાં મૂકવું. આમ કરીએ તો જ દુ:ખમુક્તિ ભણી આગળ વધી શકીએ. આ સંદર્ભમાં બૃહસ્પતિસ્મૃતિનો નીચેનો શ્લોક ધ્યાનમાં રાખવા જેવો છે –

केवलं शास्त्रमाश्रित्य न कर्तव्यो विनिर्णयः।
युक्तिहीनविचारे तु धर्महानिः प्रजायते।।

નિર્ણય ઉપર આવવા માટે કેવળ આગમશાસ્ત્ર ઉપર આધાર રાખવો જોઈએ નહિ, કારણ કે જો આગમશાસ્ત્રે રજૂ કરેલા, તર્કયુક્તિથી સમર્થિત નહિ એવા તર્કયુક્તિવિહીન ખ્યાલ–વિચારને અનુસરીશું તો તેથી ધર્મહાનિ થશે.

દિવાકરજીએ શ્લોક ૫૬માં વીતરાગના અનુયાયીને શોભે એવી વાત કરી છે. બીજા ચિંતકોના સિદ્ધાંતોનો નિષ્પક્ષપણે અભ્યાસ કરવો જોઈએ, જેથી પોતાના સિદ્ધાંતોના બળાબળનો ખ્યાલ આવે. પરસિદ્ધાંતોનો અભ્યાસ તેમનું ખંડન કરવાના ઉદ્દેશથી કરવાનો નથી, પરંતુ તેમનામાં પણ શું સત્ય છે એ જાણવાના પ્રયોજને જ કરવાનો છે. સર્વ આંશિક સત્યોનો સમન્વય કરીને જ પરમ સત્યને પામવાનું છે. એટલે જ તો જૈન મર્મી કવિ આનંદઘનજી કહે છે–

ષડ્દરસન જિનઅંગ ભણીજે, ન્યાય ષડંગ જો સાધે રે ।
નમિજિનવરના ચરણઉપાસક, ષડ્દર્શન આરાધે રે ।।૧।।

....

લોકાયતિક કૂખ જિનવરની..... ।।૪।।

ષડ્દર્શન તો ઉપલક્ષણ છે. જગત્‌ની બધી જ ચિંતનધારાઓનો અભ્યાસ કરવાનો છે–ભૌતિકવાદી ચિંતનનો પણ. આ જિનાદેશ છે. શું જૈનો તેને માથે ચડાવશે ? દિવાકરજીએ પોતે જ એમના 'સન્મતિ તર્કપ્રકરણ'માં પુનઃ કહ્યું છે –

भद्दं मिच्छादंसणसमूहमइयस्स अमयसारस्स।
जिणवयणस्स भगवओ संविग्गसुहादिमग्गस्स।। ૩.૬૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાર્શનિક ક્ષેત્રમાં કેટલાક વિચારકોને મતે ક્રિયા જ મોક્ષનો ઉપાય છે, જ્યારે કેટલાકને મતે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે. જૈનો આ બે મતોનો સમન્વય કરી જ્ઞાન–ક્રિયાના સમુચ્ચયને જ મોક્ષનું કારણ ગણે છે. એકલી ક્રિયા જ મોક્ષ સાધી આપવા સમર્થ નથી કે એકલું જ્ઞાન જ મોક્ષ સાધી આપવા સમર્થ નથી. જ્ઞાન વિના ક્રિયા આંધળી છે અને ક્રિયા વિના જ્ઞાનની સાર્થકતા નથી, સાફલ્ય નથી. પોતાને થયેલા રોગની અસરકારક દવાનું જ્ઞાન જ રોગ મટાડી શકે નહિ કે એવા જ્ઞાન વિના જે તે દવા લઈએ તો પણ રોગ મટી શકે નહિ, પરંતુ એવા જ્ઞાનને અમલમાં મૂકી યોગ્ય રીતે દવા લઈએ તો જ રોગ મટે. એટલે મોક્ષ માટે જ્ઞાન અને ક્રિયા બંનેનું એકસરખું મહત્ત્વ છે. (શ્લો.૮ અને શ્લો. ૮૧)

કાર્ય ઉત્પત્તિ પહેલાં પોતાના કારણમાં હોય છે કે નહિ ? આ પ્રશ્ન પરત્વે બે વિરોધી વાદો અસ્તિત્વમાં હતા. એક અનુસાર કાર્ય ઉત્પત્તિ પહેલાં પોતાના કારણમાં અસ્તિત્વ ધરાવે છે. આ છે સત્કાર્યવાદ. સાંખ્યો સત્કાર્યવાદી છે. બીજા અનુસાર કાર્ય ઉત્પત્તિ પહેલાં પોતાના કારણમાં અસ્તિત્વ ધરાવતું નથી. આ છે અસત્કાર્યવાદ. ન્યાય–વૈશેષિકો અસત્કાર્યવાદી છે. જૈનો બંને વાદોનો સમન્વય કરે છે. કાર્ય દ્રવ્યરૂપે પોતાના કારણમાં હોય છે જ પણ પર્યાયરૂપે પોતાના કારણમાં હોતું નથી. (શ્લો. ૫)

શ્લોક ૧૬માં પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવું જોઈએ એમ દિવાકરજી સૂચવે છે. પરંતુ અહીં પણ આપણે અનેકાન્તવાદીઓએ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો સમુચિત સમન્વય કરવો જોઈએ. દુષ્ટ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવું જોઈએ અને શુભ પ્રવૃત્તિઓ કરવી જોઈએ. કષાયરહિત પ્રવૃત્તિ કરવી જોઈએ અને સકષાય પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવું જોઈએ. જૈન મતે સ્થિતિબંધ અને રસબંધનું કારણ કષાયો છે. એટલે કષાયો જ સંસારનું, દુઃખનું ખરું કારણ છે. ભાર કષાયોને છોડવા ઉપર છે, તેમાંથી નિવૃત્ત થવા ઉપર છે. પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવા ઉપર નથી. આ રીતે પ્રવૃત્તિ–નિવૃત્તિનો સમન્વય છે.

જૈનદર્શન અનુસાર કોઈ મૂળ તત્ત્વ યા દ્રવ્ય ઉત્પન્ન થતું નથી. દ્રવ્યનો અર્થ જ પ્રવાહ છે. द्रवति इति द्रव्यम्। તે અનાદિ છે. પ્રવાહરૂપે તેને આદિ નથી તેમ જ પ્રવાહરૂપે તેને અન્ત નથી. તે બીજું તત્ત્વ કે દ્રવ્ય બની જતું નથી. જીવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનન્ત છે. વ્યક્તિશઃ જીવદ્રવ્યો અનન્ત છે. એક જીવદ્રવ્ય બીજું જીવદ્રવ્ય બની જતું નથી. એક જીવપ્રવાહ બીજા જીવપ્રવાહથી તદ્દન સ્વતંત્ર છે, અલગ છે. વળી, જીવદ્રવ્ય પોતે કદીય પુદ્ગલદ્રવ્યમાં બદલાઈ જતું નથી. 'तद्भावाव्ययं नित्यम्' એ ઉમાસ્વાતિવચનનો આ અર્થ છે. એટલે જ જેટલા જીવો છે એમાં એકનો પણ વધારો કે ઘટાડો થતો નથી. તેમની સંખ્યા નિયત છે અને તે અનન્ત છે. વળી, તેમનામાં પ્રવાહનિત્યતા છે, પરિણામિનિત્યતા છે. તેવી જ રીતે, પ્રત્યેક પૌદ્ગલિક પરમાણુનો (Material Atomનો) એક પ્રવાહ છે. આ પરમાણુ પ્રવાહોને પણ આદિ કે અન્ત નથી. એક પરમાણુ બીજો પરમાણુ બનતો નથી કે પરમાણુ પોતે જીવ પણ બની શકતો નથી. તેથી તેમનામાં પણ એકનો વધારો કે ઘટાડો શકય નથી. પરમાણુપ્રવાહો અનન્ત છે. જીવપ્રવાહ હોય કે પરમાણુ પ્રવાહ હોય, તે પ્રવાહ જેનો બનેલો છે અર્થાત્ તેના જે ઘટકો છે તે પર્યાયો કે પરિણામો કહેવાય છે. પ્રવાહને આદિ–અન્ત નથી પરંતુ તેના પર્યાયોને આદિ–અન્ત છે. એક પર્યાય નાશ પામે છે અને તેના સ્થાને બીજો પર્યાય ઉત્પન્ન થાય છે. એક જીવપ્રવાહમાં મનુષ્યપર્યાય નાશ પામે છે અને તિર્યક્પર્યાય ઉત્પન્ન થાય છે. એક પરમાણુપ્રવાહમાં જલીય પર્યાય નાશ પામે છે અને પાર્થિવપર્યાય ઉત્પન્ન થાય છે. કોઈ પણ દ્રવ્ય કે પ્રવાહમાં બે પર્યાયો એક સાથે ઉત્પન્ન થતા નથી. એક જીવપ્રવાહમાં બે પર્યાયો સાથે નહિ પણ ક્રમથી થાય છે. એક જીવપ્રવાહમાં મનુષ્યપર્યાય અને તિર્યક્પર્યાય સાથે થતા નથી. મનુષ્યપર્યાયનો નાશ થાય છે અને તિર્યક્પર્યાય ઉત્પન્ન થાય છે. આવું જ એક પરમાણુપ્રવાહમાં પણ બને છે. વળી, એક દ્રવ્ય કે પ્રવાહમાં એક પર્યાયનો નાશ અને બીજા પર્યાયની ઉત્પત્તિ સમકાલ થાય છે. આને તુલાનામ-ઉન્નામના દૃષ્ટાન્તથી સમજાવવામાં આવે છે. ત્રાજવાનું એક પલ્લું જ્યારે નમે છે તે જ વખતે બીજું પલ્લું ઊંચું થાય છે. (શ્લો. ૧૭)

પ્રવૃત્તિના ભિન્ન ભિન્ન પ્રકારોને આધારે કર્મબંધના અનેક પ્રકારો જૈન દર્શને માન્યા છે. છતાં આ બધા કર્મબંધનોની મૂળ જડ તો તત્ત્વતઃ એક જ છે અને તે છે કષાયો. જીવમાં અનાદિ કાળથી કષાયો છે. તેથી જીવની પ્રવૃત્તિ અનાદિ કાળથી કાષાયિક છે, કષાયપૂર્વક છે. અને અનાદિ કાષાયિક પ્રવૃત્તિને કારણે પૌદ્ગલિક કર્મો જીવ ભણી અનાદિ કાળથી આકર્ષાઈને લાગતાં જ રહ્યાં છે. 'सकषायत्वात् जीवः कर्मणो योग्यान् पुद्गलान् आदत्ते।' (તત્ત્વાર્થ સૂત્ર ૮.૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ આ લાગેલાં કર્મોમાંથી જેમનો વિપાકકાળ આવે છે તે કર્મો પોતાના વિપાકને આપી ખરી પડે છે અને ચાલુ નવી કાષાયિક પ્રવૃત્તિને કારણે નવાં કર્મો જીવને લાગે છે. આમ પ્રત્યેક ક્ષણે કર્મોના ખરી પડવાની અને લાગવાની બંને ક્રિયાઓ ચાલ્યા જ કરે છે. અને આ રીતે સામાન્યપણે કોઈ ને કોઈ કર્મ તો અનાદિ કાળથી જીવને લાગેલું જ હોવાથી કર્મને કે કર્મબંધને અનાદિ કહ્યો છે. પરંતુ વિશેષ વિશેષ કર્મો તો કાષાયિક પ્રવૃત્તિને કારણે નવાં નવાં બંધાતા જ રહે છે એટલે એ દૃષ્ટિએ કર્મબંધને આદિ પણ છે જ એમ કહ્યું છે. આ રીતે કર્મબંધ અનાદિ પણ છે અને સાદિ પણ છે. કર્મબંધ સાદિ હોઈ તેનો અંત કરી શકાય છે. (શ્લો.૨૧)

દ્રવ્ય, ગુણ અને પર્યાય (ક્રિયા) એ ત્રણ પદાર્થો વિશે ન્યાય-વૈશેષિક દર્શનનો મત એવો છે કે ગુણ અને ક્રિયા બંને દ્રવ્યમાં રહેતાં હોવા છતાં દ્રવ્ય અને ગુણનો આત્યંતિક ભેદ છે તેમજ દ્રવ્ય અને ક્રિયાનો પણ આત્યંતિક ભેદ છે. ઉદાહરણાર્થ, ન્યાય-વૈશેષિક મતે આત્મદ્રવ્ય કૂટસ્થનિત્ય છે, આત્યંતિકપણે અપરિવર્તિષ્ણુ છે. પરંતુ તેના ગુણો જ્ઞાન, સુખ,દુઃખ આદિ તો પરિવર્તનશીલ છે. જેના ગુણો પરિવર્તનશીલ હોય તે દ્રવ્ય તેમના પરિવર્તનોથી સાવ અસ્પૃષ્ટ કેવી રીતે રહી શકે ? કૂટસ્થનિત્ય કેવી રીતે રહી શકે? આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા તેમણે સમવાયસંબંધની કલ્પના કરી અને કહ્યું કે આ બધા સુખાદિ ગુણો પોતપોતાનાં નિમિત્તકારણોથી ઉત્પન્ન થઈ કૂટસ્થનિત્ય આત્મામાં સમવાયસંબંધથી રહે છે. આમ દ્રવ્યથી તદ્દન ભિન્ન ગુણો કે ક્રિયાઓ ઉત્પન્ન થઈ સમવાયસંબંધથી દ્રવ્યમાં રહે છે એટલું જ માત્ર. જૈન ચિંતકોએ ન્યાય–વૈશેષિકોની આ માન્યતાનું ખંડન કરી દ્રવ્ય અને ગુણ તેમજ દ્રવ્ય અને ક્રિયા વચ્ચે ભેદાભેદની સ્થાપના કરી. તેમણે કહ્યું કે દ્રવ્ય અને ગુણ કે ક્રિયા વચ્ચે ભેદાભેદ છે; ભેદ એ અર્થમાં કે તેમનાં લક્ષણોનો ભેદ મનથી કરી શકાય છે અને અભેદ એ અર્થમાં કે તેમને જુદાં કરી જુદા જુદા દેશોમાં મૂકી શકાતા નથી. વળી, વૈશેષિકોની સમવાયની માન્યતાનું પણ જૈનોએ ખંડન કર્યું છે. બીજું, જૈન ચિંતકોએ સ્વીકાર્યું છે કે જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યમાં ગતિ કરવાની શક્તિ સ્વાભાવિક હોવા છતાં તેમને ગતિ કરવા માટે કોઈ માધ્યમરૂપ સહાયક કારણની જરૂર છે. ઉદાહરણાર્થ, માછલીમાં ગતિ કરવાની શક્તિ સ્વાભાવિક હોવા છતાં તેને ગતિ કરવા માટે પાણીરૂપ માધ્યમની જરૂર છે. જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યને ગતિમાં સહાય કરનારું દ્રવ્ય છે ધર્મદ્રવ્ય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવી જ રીતે, તેમને ગતિમાંથી વિરમવા માટે (સ્થિતિ માટે) અધર્મદ્રવ્યરૂપ સહાયક કારણની પણ જરૂર છે. (શ્લો. ૧૮)

અગાઉ આપણે જોયું તેમ, વીતરાગી મહાત્માઓના ઉપદેશોમાં જે ભેદ જણાય છે તેનું કારણ જેમને ઉપદેશ આપવામાં આવે છે તે શ્રોતાઓની કક્ષાનો ભેદ છે. તેવી જ રીતે, જુદી જુદી વ્યક્તિઓને એકસરખો જ ઉપદેશ આપ્યો હોવા છતાં તેઓ ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ કરે છે કારણ કે તેમના સંસ્કારો અને આશયો ભિન્ન ભિન્ન હોય છે. સંસ્કારભેદ અને આશયભેદને કારણે ઉપદેશ એક જ હોવા છતાં તેઓ જુદો જુદો અર્થ કરે છે અને તેને અનુસરી જુદી જુદી પ્રવૃત્તિ કરે છે. 'सूर्योऽस्तं गतः' ('સૂરજ આથમી ગયો') એ એક જ વાક્ય સાંભળી ચોર સમજે છે કે ચોરી કરવા જવાનો સમય થયો, અભિસારિકા સમજે છે કે પ્રિયતમને મળવા જવાનો સમય થયો, દુકાનદાર સમજે છે કે દુકાન બંધ કરવાનો સમય થયો, વગેરે અને પોતપોતાની સમજ અનુસાર જુદી જુદી પ્રવૃત્તિ કરે છે. એટલે દિવાકરજી કહે છે : शेषवृत्ताशयवशात्... समानप्रतिबोधा-नामसमानाः प्रवृत्तयः। (શ્લો. ૭૨)

દિવાકરજી વાદકળાકુશળ હતા. પરંતુ વીતરાગપરંપરાને અનુરૂપ તેમની માન્યતા છે કે જીતવાની ઈચ્છાથી નહિ પણ સત્યને સમજવા અને સાચી રીતે સ્થાપવાની ઈચ્છાથી જ વાદમાં પ્રવૃત્ત થવું જોઈએ. તેથી, વાદમાં છલ અને જાતિનો પ્રયોગ ન કરવો જોઈએ એમ તે ભારપૂર્વક કહે છે. વક્તાને અભિપ્રેત અર્થથી શબ્દનો બીજો જ અર્થ કરી તેના વચનને તોડવું તે છલ કહેવાય. ઉદાહરણાર્થ, 'આ બ્રાહ્મણ પાસે નવકંબલ છે' એમ કહેનાર વક્તાને 'નવ' શબ્દનો 'નવીન' અર્થ અભિપ્રેત હોવા છતાં તે શબ્દનો જે અન્ય અભિધેયાર્થ 'નવ સંખ્યા' છે તે કલ્પીને પ્રતિવાદી તેના વચનનું ખંડન કરે છે. તે કહે છે, 'કયાં છે તેની પાસે નવ કંબલો? તેની પાસે તો એક જ કંબલ છે.' ઉદાહરણના સાધ્ય સાથેના સાધર્મ્ય કે વૈધર્મ્ય દ્વારા સાધ્યની અસિદ્ધિ (અનુપપત્તિ) દર્શાવવી તે જાતિ છે. જાતિના અનેક પ્રકાર છે. આ બધા અસદુત્તરો છે. ખરેખર સત્યનો નિર્ણય કરવાના આશયથી જ વાદ કરવો જોઈએ એ જૈન મત છે. તેથી છલ, જાતિ વગેરે જેવી ખોટી યુક્તિઓ કે છળપ્રપંચનો પ્રયોગ ન કરવો જોઈએ એમ જૈનો માને છે. અને દિવાકરજી સબળ રીતે સમર્થન કરે છે. તે કહે છે કે જીતવાની ઈચ્છા વિના સત્યને સમજવા અને સત્યનું પ્રતિપાદન કરવાના આશયથી જ આપણે સમતાપૂર્વક શાન્તભાવે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના પક્ષને રજૂ કરવો, સામા પક્ષને સાંભળવો, તેને પૂરેપૂરો સમજવાના અને સત્યને પકડવાના આશયથી જ પોતાની ખરી શંકાઓ પ્રસ્તુત કરવી, તે શંકાઓનું સમાધાન સામો પક્ષ કરે એમ ઈચ્છવું, સામા પક્ષે કરેલી શંકાઓનું સમાધાન કેવળ સદ્ધેતુઓ અને પ્રમાણોથી જ કરવું, અને આમ તત્ત્વનો નિર્ણય કરવાના હેતુથી જ શાસ્ત્રાર્થ યા તત્ત્વચર્ચા કરવી. આ જ વીતરાગના અનુયાયીને શોભે.

બાહ્ય દૃષ્ટિએ એકની એક પ્રવૃત્તિ એક માણસની બાબતમાં બંધનું કારણ છે જ્યારે બીજાની બાબતમાં બંધનું કારણ નથી. ઉદાહરણાર્થ, એક દુષ્ટ વ્યક્તિ દ્વેષથી પ્રેરાઈ બીજી વ્યક્તિનો હાથ તલવારથી કાપી નાખે છે, જ્યારે સર્જન ડૉક્ટર દર્દીનો જીવ બચાવવા તેના હાથના હાડકામાં થયેલ કેન્સર કે ગેંગરિનને કારણે તેની અને તેના સગાઓની સંમતિ લઈ તેનો હાથ કાપી નાખે છે. બાહ્ય દૃષ્ટિએ બંને પ્રવૃત્તિઓ તદ્દન સમાન હોવા છતાં તે પ્રવૃત્તિઓ કરનારના મનના અધ્યવસાયો, ભાવો, આશયો જુદા જુદા છે. દુષ્ટ વ્યક્તિની પ્રવૃત્તિ કષાયપૂર્વકની છે, જ્યારે ડૉક્ટરની પ્રવૃત્તિ કષાયરહિત છે. અને ખરેખર તો કષાય જ બંધનું કારણ છે. એટલે જ કહ્યું છે કે मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः। આ સમજણમાંથી જ જૈન આચારશાસ્ત્રમાં ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગનો ઉદ્ભવ થયો છે, અને જૈન ધર્મ કહે છે કે કોઈ પણ પ્રવૃત્તિ સ્વતઃ સારી કે ખરાબ નથી પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આધારે તેના સારાપણા કે ખરાબપણાનો નિર્ણય કરવાનો છે. સાધુને સ્ત્રીસ્પર્શ કરવાનો સામાન્ય પરિસ્થિતિમાં નિષેધ છે કારણ કે તેથી અહિંસાનું પાલન થાય છે. પરંતુ વિશેષ પરિસ્થિતિમાં અહિંસાપાલન માટે જ સ્ત્રીસ્પર્શ સાધુને માટે ફરજ અને ધર્મ બની જાય છે. પાણીમાં ડૂબતી કે આગમાં સપડાયેલી સ્ત્રીને બચાવવા તેને સ્પર્શ કરવો પડે છે અને કરવો જોઈએ. તે સ્ત્રીને આસક્તિથી સ્પર્શ કરતો નથી પણ નિરાસક્ત ભાવે તેને બચાવવાના આશયથી જ તે સ્પર્શ કરે છે. આ અપવાદ છે. આમ ઉત્સર્ગ અને અપવાદ બંનેનું પ્રયોજન એક જ છે અને તે છે અહિંસાપાલન. એટલે જ આચાર્ય હરિભદ્રસૂરિએ 'ઉપદેશપદ'માં કહ્યું છે કે—

*न वि किंचि वि अणुण्णातं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं।*
*तित्थकराणं आणा कज्जे सच्चेण होयव्वं ।।११९।।*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકરોએ એકાન્તે કોઈ પ્રવૃત્તિ કરવાનું કે ન કરવાનું કહ્યું જ નથી. તેમની આજ્ઞા તો એટલી જ છે કે તમારે તમારું વર્તન અને તમારી પ્રવૃત્તિ તમારા તેમ જ અન્ય સૌના કલ્યાણને દૃષ્ટિ સમક્ષ રાખી પ્રામાણિકપણે અને વિવેકપૂર્વક કરવી જોઈએ. દિવાકરજીએ પણ આ જ વાત શ્લોક ૬૩માં કરી છે.

પૂજ્ય મુનિરાજ શ્રી ભુવનચંદ્રજીને દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગના તાત્ત્વિક ચિંતનમાં રસ છે એ હરખની વાત છે. બાકી આજે તો ચારે બાજુ પૂજનો, ઉજમણા અને ક્રિયાકાંડોનો ઘટાટોપ છે. બહુ બહુ તો કથાનુયોગમાં અને શિલ્પસ્થાપત્યની પ્રવૃત્તિમાં કેટલાકે રસવૃત્તિ કેળવી છે. આવી પરિસ્થિતિમાં દિવાકરજી જેવા સમર્થ ચિંતકની કૃતિનું અધ્યયન કરી તેમના ચિંતનને સરળ ગુજરાતીમાં જિજ્ઞાસુઓ સમક્ષ રજૂ કરવાનું કાર્ય ભુવનચંદ્રજીએ કર્યું તે વિરલ છે અને અનુકરણીય છે. કુશલદ્રષ્ટા વિવેકી પૂર્વાચાર્યોએ અનેક ચિંતનાત્મક ગ્રંથોની રચના કરી છે. તે ગ્રંથોના અધ્યયનની અને પ્રાંતીય ભાષાઓમાં તે ગ્રંથોને વિશાળ જનસમુદાય સમક્ષ રજૂ કરવાની આવશ્યકતા છે. આવશ્યકતા એટલા માટે છે કે તેનાથી વિવેકબુદ્ધિ ખીલે છે, ધર્મનું ખરું હાર્દ સમજાય છે, વીતરાગમાર્ગને અનુકૂળ-પ્રતિકૂળ શું ગણાય તેની સમજ કેળવાય છે. આવા ગ્રંથોના અધ્યયન વિના માત્ર બાહ્ય આડંબર અને ધામધૂમની જ બોલબાલા થાય છે અને ધર્મ વેગળો રહે છે. તેથી પૂજ્ય મુનિશ્રી ભુવનચંદ્રજીની ચિત્તને ચમકાવનારી અને વીતરાગતાના મૂળ તત્ત્વને પોષક ચિંતનને પ્રેરનારી આ પ્રવૃત્તિ કલ્યાણકારી છે અને એટલે જ તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામો એવી આશા સાથે વિરમું છું. જય વીતરાગ.

— નગીન જી. શાહ

૨૩, વાલકેશ્વર સોસાયટી,
આંબાવાડી,
અમદાવાદ–૩૮૦ ૦૧૫
૫ ડિસેમ્બર ૧૯૯૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઋણ સ્વીકાર

પ્રાચીન જૈન–જૈનેતર સાહિત્યના પ્રખર અભ્યાસી અને સંશોધક, લા.દ. ભારતીય વિદ્યામંદિરના ભૂતપૂર્વ નિયામક, વરિષ્ઠ વિદ્વાન અને લેખક *શ્રી નગીનભાઈ જી. શાહે* કેટલીયે જવાબદારીઓ વચ્ચે 'સિદ્ધસેન શતક' માટે વિસ્તૃત, વિચારપ્રેરક પ્રસ્તાવના લખી આપી છે.

શ્રુતસ્થવિર પૂજ્યપાદ મુનિપ્રવર *શ્રી જંબૂવિજયજી મહારાજે* બે શબ્દ દ્વારા મારા આ પ્રયાસને આશિર્વાદ આપ્યા છે.

સાહિત્યસેવી વિદ્વદ્વર્ય પ.પૂ.આ. *શ્રી વિ.પ્રદ્યુમ્નસૂરિજીએ* 'સિદ્ધસેન શતક'ને ઉમળકાભેર 'આવકાર' આપ્યો છે.

સાહિત્યનિષ્ઠ વિદ્વદ્વર્ય પ.પૂ.આ. *શ્રી વિ.શીલચંદ્રસૂરિજીએ* દ્વા.દ્વા.ની હસ્તપ્રતો મેળવી આપી છે, માર્ગદર્શન પણ આપ્યું છે. 'અભિવાદન' દ્વારા આ પ્રયાસની અનુમોદના કરી છે.

શારદાબેન ચીમનભાઈ એજ્યુ. રિસર્ચ સેન્ટર, અમદાવાદના નિદેશક *ડૉ. શ્રી જિતેન્દ્રભાઈ બી. શાહે* દ્વા.દ્વા.ના મુદ્રિત પાઠની ફોટોકોપી કરી મોકલી હતી. તેમના તરફથી મહત્ત્વની સલાહ પણ મળતી રહી.

*શ્રી ભરતભાઈ સી. શાહ* (અમદાવાદ)એ દ્વા.દ્વા.ની હસ્તપ્રતો, મુદ્રિત પુસ્તકો આદિની ફોટોકોપીઓ મેળવી આપવાની તસ્દી લીધી છે.

*કુ. દક્ષા અ. મહેતા* (દેશલપુર–કંઠી)એ ભક્તિભાવે અને ચીવટપૂર્વક આ પુસ્તકની મુદ્રણયોગ્ય નકલ કરી આપી છે.

*ડૉ. ગીતાબેન જૈન* (મુલુન્ડ) સંપર્ક સેતુ તરીકે ઉપયોગી થયા છે.

પુસ્તકના પ્રકાશક જૈન સાહિત્ય અકાદમી, ગાંધીધામના ટ્રસ્ટીઓએ લાંબા સમય સુધી રાહ જોઈ છે અને પુસ્તકને સુંદર રૂપમાં પ્રકાશિત કર્યું છે.

સહુના સહયોગ અને સદ્ભાવ બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરું છું.

—અનુવાદક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સિદ્ધસેન શતક

## શ્રી સિદ્ધસેન દિવાકર કૃત 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' માંથી ચૂંટેલા ૧૦૦ શ્લોકો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यत्नः श्रुताच्छतगुणः शम एव कार्यः

–સિદ્ધસેન દિવાકર

શાસ્ત્રાભ્યાસ કરતાં સોગણો વધુ પ્રયાસ
શાન્તવૃત્તિ કેળવવામાં કરવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી સિદ્ધસેન દિવાકર :
# *વ્યક્તિત્વ અને કર્તૃત્વ*

## ૧

## વિરાટ વ્યક્તિત્વ

ભારતીય તત્ત્વજ્ઞાનનું આકાશ અનેક તારલાઓથી ઝગમગે છે. એ આકાશમાંનો એક જ્વલંત તારક એટલે શ્રી સિદ્ધસેન દિવાકર. જૈન તત્ત્વજ્ઞાનના પરિચયનું કોઈ પણ પુસ્તક એમના ઉલ્લેખ વિના અધૂરું રહે. શ્રમણ પરંપરામાં અનેક પ્રતાપી આચાર્યો, ઉપાધ્યાયો, શ્રમણો થયા છે. તેમાં શ્રી સિદ્ધસેનસૂરિનું નામ ઘણી બધી રીતે વિશિષ્ટ છે. સમગ્ર જૈન સંઘ જેમના માટે ગૌરવ અનુભવે, સૈકાઓ સુધી જેમનો પ્રભાવ જીવંત રહે, જેમની ખ્યાતિ સંપ્રદાયના સીમાડા ઓળંગી જાય એવી એ એક પ્રખર પ્રતિભા હતી. તેમના જીવનની જે કોઈ માહિતી ઉપલબ્ધ છે તે કહી જાય છે કે શ્રી સિદ્ધસેન દિવાકર ચારિત્ર્યબળ, મનોબળ, તપોબળ અને વિદ્યાબળથી છલકાતા વિરાટ વ્યક્તિત્વના સ્વામી હતા. તેમનું બાહ્ય જીવન સામસામા છેડાની ઘટનાઓથી ભરેલું છે અને તેમાં જ તેમના બળવાન આંતરિક વિચારપ્રવાહોનો સંકેત આપણને મળે છે.

પૂર્વાવસ્થામાં તેઓ એક પ્રખર વાદવિજેતા પંડિત હતા. 'વાદમાં જેની સામે હારી જઈશ તેનો શિષ્ય બની જઈશ' એવી તેમની પ્રતિજ્ઞા હતી. વિચિત્ર સંયોગોમાં વૃદ્ધવાદીદેવસૂરિ સામે તેમનો પરાજય થાય છે. આ ઘટના કોઈ રાજસભામાં કે લોકોની વચ્ચે નથી બની, વનમાં બની છે. આથી તેમનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરાજય થયો છે તેની લોકોને ખબર નથી. પરંતુ સત્યપ્રતિજ્ઞાવાળા સિદ્ધસેન ગુરુચરણે સમર્પિત થઈ જાય છે. જૈન ધર્મનો ઊંડો અભ્યાસ તેમણે સ્વાભાવિક રીતે જ તે પછી કર્યો. જૈન તત્ત્વવિચાર અને જૈન સાધનામાર્ગના અભ્યાસ પછી સિદ્ધસેન મુનિ તેના પ્રેમી અને ભક્ત બની ગયા. ભગવાન મહાવીરને સાચા આપ્તપુરુષ-માર્ગદર્શક તરીકે સ્વીકારનાર સિદ્ધસેનને ભગવાનની જ અવહેલનાના અપરાધ બદલ સંઘ તરફથી આકરામાં આકરો દંડ સહેવાનો વારો આવ્યો. તે સમયે વિદ્વદ્વર્ગનું વલણ સંસ્કૃતભાષા તરફ વધ્યું હતું. જૈન ધર્મના મુખ્ય ગ્રંથો પ્રાકૃતભાષામાં એટલે કે લોકભાષામાં છે. બ્રાહ્મણજાતિના સંસ્કાર હેઠળ શ્રી સિદ્ધસેન આગમોને સંસ્કૃતમાં ફેરવવાની વાત સંઘ સમક્ષ મૂકે છે. સંઘના અગ્રણીઓને આમાં ભગવાન મહાવીરની અવહેલના દેખાય છે. શ્રી સિદ્ધસેન જેવા સમર્થ સાધુ ભગવાનનો અનાદર કરે તે સંઘે ચલાવી લીધું નહિ. આવો માત્ર વિચાર કર્યાના દંડ રૂપે બાર વરસ સાધુપદથી વંચિત રહેવાનો આદેશ તેમને આપવામાં આવ્યો. આ દરમ્યાન શ્રી સિદ્ધસેન જૈન ધર્મનો પ્રભાવ વધારે એવું કોઈ કાર્ય કરે તો આ સજા વહેલી પૂરી થાય એમ પણ સંઘે ઠરાવ્યું. શ્રી સિદ્ધસેને નમ્રભાવે આ સજા સ્વીકારી લીધી. રાજા વિક્રમાદિત્યને જૈનધર્મનો અનુરાગી બનાવ્યો, ઉજ્જયિની નગરીમાં શિવલિંગમાંથી પાર્શ્વનાથની મૂર્તિ પ્રગટ કરી. જૈન ધર્મનો મહિમા વધાર્યો. અને તેઓ ફરી સંઘમાં સામેલ થયા. આ ઘટનામાં જૈન સંઘની શિસ્તપ્રિયતાનાં દર્શન થાય છે તેમ શ્રી સિદ્ધસેનની અદ્ભુત સરળતા-નમ્રતાનાં પણ દર્શન થાય છે.

જ્ઞાન અને ચારિત્રના આરાધક શ્રી સિદ્ધસેન કીર્તિ અને સન્માનના લોભમાં પણ તણાય છે અને ત્યારે તેમના ગુરુ આવીને તેમને ફરી જાગૃત કરે છે. સંઘના આદેશને શિરોધાર્ય કરનાર દિવાકરજી આમ છતાં કેટલીક તાત્ત્વિક બાબતોમાં પૂર્વાચાર્યોથી ભિન્ન મત દર્શાવતાં અચકાતા નથી.

આ બધી ઘટનાઓ દિવાકરજીની સાહસિક મનોવૃત્તિની અને તે સાથે જ ઊંડી પ્રામાણિકતાની પ્રતીતિ કરાવી જાય છે. તેમનું વ્યક્તિત્વ બહુઆયામી હતું, તેમણે આગમોને સંસ્કૃતમાં ન ફેરવ્યા પણ તેમના થકી જૈન શ્રમણ પરંપરામાં સંસ્કૃતનો ઉપયોગ વધ્યો એ સુનિશ્ચિત છે. તેમણે શાસ્ત્રીય ગણાતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયોમાં પણ તર્ક અને બુદ્ધિનો પ્રયોગ કરવાની હિમાયત કરી અને જૈન શ્રમણ સંઘમાં તાર્કિકોની એક પરંપરા તેમના થકી શરૂ થઈ. અન્ય દર્શનોનો સર્વાંગીણ અભ્યાસ કરવાની પ્રથા પણ કદાચ તેમના દ્વારા જ શ્રમણ સંઘમાં પ્રસ્થાપિત થઈ હતી. જૈન દર્શનના અનેકાંતવાદને તાર્કિક સ્વરૂપે જગત સમક્ષ મૂકવાનું બીડું તેમણે ઝડપ્યું અને તેમાં તેઓ સફળ થયા.

## ૨

## સંક્ષિપ્ત જીવનઆલેખ

પોતાના પરિચય કે જીવનવૃત્તાંત વિશે શ્રી સિદ્ધસેન દિવાકરે ક્યાંય કશું લખ્યું નથી. કેટલાક જૂના ચરિત્રગ્રંથોમાં તેમના વિશેની માહિતી મળે છે. કેટલાક ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં તેમના વિશે ઉલ્લેખો કર્યા છે. દિવાકરજીની પોતાની કૃતિઓમાંથી કેટલાક નિષ્કર્ષો નીકળે છે. આ બધાના આધારે પં. સુખલાલજી-બેચરદાસજીએ દિવાકરજીના જીવનના ઐતિહાસિક પાસાની વિસ્તૃત ચર્ચા 'સન્મતિ' પ્રકરણની પ્રસ્તાવનામાં કરી છે. તેના આધારે શ્રી સિદ્ધસેન દિવાકરનો સંક્ષિપ્ત જીવનઆલેખ અહીં આપ્યો છે.

પરંપરા અનુસાર દિવાકરજી વિક્રમાદિત્યના સમકાલીન ગણાય છે, પરંતુ આધુનિક વિદ્વાનોનો મત જરા જુદો છે. ભારતવર્ષમાં વિક્રમાદિત્ય નામ કે ઉપનામ ધરાવતા એકથી વધુ રાજાઓ થયા છે એટલે વિક્રમ સંવત સાથે શ્રી સિદ્ધસેનના સમયને સાંકળી લેવાય નહિ. વિ.સં. ૧૩૩૪ માં રચાયેલા 'પ્રભાવક ચરિત્ર' નામક ગ્રંથમાં શ્રી સિદ્ધસેનનો વૃત્તાંત વિગતથી આપવામાં આવ્યો છે. એમાં સ્કંદિલાચાર્ય-વૃદ્ધવાદી દેવસૂરિ-સિદ્ધસેનસૂરિ એવો ગુરુશિષ્ય ક્રમ બતાવાયો છે. હવે સ્કંદિલાચાર્ય પણ ઓછામાં ઓછા બે થયા છે. પં. સુખલાલજીએ વિવિધ ઉલ્લેખોની ઝીણવટભરી ચર્ચાના અંતે આ સ્કંદિલાચાર્યનો સમય વિક્રમના ત્રીજા સૈકાના છેવટનો ભાગ હોવાની સંભાવના દર્શાવી છે. આથી સિદ્ધસેનસૂરિનો સમય વિક્રમની ચોથી શતાબ્દીના અંત કે પાંચમી શતાબ્દીની શરૂઆતનો હોવાનું ફલિત થાય છે. (ઈ.સ. અનુસાર ચોથો સૈકો.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સમય હિંદુસ્થાનના ઈતિહાસમાં ગુપ્તયુગ તરીકે જાણીતો છે. આ યુગ સંસ્કૃતભાષાના પુનરુત્થાનનો પણ છે. શ્રી સિદ્ધસેનની સંસ્કૃતપ્રીતિ સાથે આ મુદ્દો પણ બરાબર મેળ ખાય છે.

શ્રી પ્રભાચંદ્રસૂરિ કૃત 'પ્રભાવક ચરિત્ર' અનુસાર શ્રી સિદ્ધસેન દિવાકરનો વૃત્તાંત ટૂંકમાં આ પ્રમાણે છે :

ઉજ્જયિની નગરીના, કાત્યાયન ગોત્રના બ્રાહ્મણ દેવર્ષિ પિતા અને દેવશ્રી માતાનો પુત્ર સિદ્ધસેન વાદ કરવાની ઈચ્છાથી શ્રી વૃદ્ધવાદીદેવસૂરિને શોધતાં શોધતાં એક વાર વનમાં એક સાધુને મળે છે અને તેમને 'વૃદ્ધવાદીદેવસૂરિ કયાં છે ?' તે પૂછે છે. સાધુએ કહ્યું : 'હું જ વૃદ્ધવાદી છું.' સિદ્ધસેને તેમને વાદમાં ઊતરવાનું આહ્‌વાન આપ્યું. સૂરિએ તેને રાજસભામાં વિદ્વાન પંડિતોની સાક્ષીએ વાદ કરવાનું કહ્યું, પણ સિદ્ધસેને ત્યાં ને ત્યાં વાદ કરવાનો આગ્રહ છોડયો નહિ અને ગાયો ચરાવતા ગોવાળિયાઓને મધ્યસ્થ રાખી વાદ શરૂ કર્યો. જગતમાં કોઈ સર્વજ્ઞ હોઈ ન શકે એવો પોતાનો મત તેણે તર્કો-યુક્તિઓ દ્વારા સ્થાપ્યો. વૃદ્ધવાદીએ ગોવાળોને પૂછ્યું : 'તમે આ વિદ્વાનનું કહેવું કંઈ સમજ્યા ?' ગોવાળોએ કહ્યું : 'પારસી લોકો જેવું બોલે છે તે કયાંથી સમજાય ?' વૃદ્ધવાદીએ કહ્યું : 'આનું કહેવું એમ છે કે દુનિયામાં 'જિન' નથી. શું આ સાચું છે ? તે તમે કહો ?' ગોવાળિયા તરત બોલ્યાઃ 'આ બ્રાહ્મણ ખોટું બોલે છે, અમે મંદિરમાં જિનને જોયા છે.' આ રીતે સિદ્ધસેનને ભોંઠો પાડયા બાદ વૃદ્ધવાદીદેવસૂરિએ સિદ્ધસેનના મતનું યુક્તિઓ દ્વારા ખંડન કર્યું અને સર્વજ્ઞનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. સિદ્ધસેને પોતાની હાર સ્વીકારી લીધી અને પોતાની પ્રતિજ્ઞા હતી તે પ્રમાણે તે વૃદ્ધવાદીનો શિષ્ય થયો.

શ્રી સિદ્ધસેનને રાજા વિક્રમ સાથે પરિચય થયો. વળી ચિત્રકૂટમાં એક થાંભલામાંથી મળેલા જૂના પુસ્તકમાંથી તેમને સુવર્ણ સિદ્ધિયોગ અને સર્ષપમંત્ર મળ્યો. કર્મારપુર ઉપર કોઈ બીજા રાજાએ ચડાઈ કરી ત્યારે ત્યાંના દેવપાળ રાજાને પોતાની વિદ્યાથી મદદ કરી અને વિજય અપાવ્યો. ભયરૂપી અંધકાર દૂર કર્યો તે ઉપરથી રાજાએ તેમને 'દિવાકર' એટલે સૂર્ય એવી પદવી આપી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ તેઓ શ્રી સિદ્ધસેન દિવાકર એવા નામે પ્રસિદ્ધ થયા.

શ્રી સિદ્ધસેન રાજા તરફથી મળતા સન્માનથી આચરણમાં શિથિલ બની ગયા. રોજ પાલખીમાં બેસીને રાજસભામાં જતા. તેમના ગુરુએ આ વાત જાણી. તેઓ વેશ બદલીને ત્યાં આવ્યા અને શ્રી સિદ્ધસેનને એક ગાથાનો અર્થ પૂછ્યો. આ ગાથા અપભ્રંશભાષામાં હતી. સિદ્ધસેને તેનો જેમ તેમ ખુલાસો કર્યો. છેવટે ગુરુએ તેનો અર્થ કહી સંભળાવ્યો. ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે હતો : 'જીવનરૂપી ફૂલને ખીલ્યા પહેલાં જ તું તોડી ન નાખ, મનના બગીચાને છિન્નભિન્ન ન કર. મનરૂપી ફૂલો વડે તું નિરંજન દેવની પૂજા કર. એક વનથી બીજા વનમાં તું શા માટે ભટકે છે ?' સિદ્ધસેન ચેત્યા અને ભૂલ સુધારી. અનુક્રમે શ્રી સિદ્ધસેનને આચાર્યપદ મળ્યું.

શ્રી સિદ્ધસેન બાલ્યાવસ્થાથી સંસ્કૃતના અભ્યાસી હતા. પંડિતવર્ગ પ્રાકૃતભાષાને હલકી સમજતો; જૈન આગમો પ્રાકૃત ભાષામાં હોવાથી બ્રાહ્મણ પંડિતવર્ગ જૈનોને 'અશિક્ષિત' જેવા મહેણાં મારતો હશે. આ જોઈને સંસ્કૃતના શ્રેષ્ઠ વિદ્વાન સિદ્ધસેનસૂરિને બધા જૈન આગમો સંસ્કૃતમાં ઊતારવાનો વિચાર આવ્યો અને તેમણે એ વિચાર સંઘ સમક્ષ રજૂ કર્યો. સંઘના આગેવાનોને આ વાત જિનેશ્વરના અનાદર સમી લાગી. ભગવાને અને ગણધરોએ અશિક્ષિત લોકો પણ સમજી શકે તે માટે જ પ્રાકૃતભાષામાં બોધ આપ્યો હતો. સિદ્ધસેનસૂરિ જેવા સમર્થ આચાર્ય પ્રાકૃતભાષાને આ દૃષ્ટિથી જુએ તે ભગવાનની આશાતના ગણાય. સંઘે આવો વિચાર કરવા બદલ સિદ્ધસેનસૂરિને દોષિત ઠેરાવ્યા અને તેનું પ્રાયશ્ચિત્ત કરવા કહ્યું. સિદ્ધસેને પોતાનો અપરાધ સ્વીકાર્યો. સ્થવિર (શાસ્ત્રના જાણકાર વડીલ મુનિઓ) પાસેથી પ્રાયશ્ચિત્ત લીધું. સાધુવેશ છોડી, ગચ્છનો ત્યાગ કરી, બાર વરસ સુધી દુષ્કર તપ કરવું એવું 'પારાંચિક' પ્રાયશ્ચિત્ત તેમને આપવામાં આવ્યું. બાર વરસની અંદર જિનશાસનનો પ્રભાવ વધે એવું કોઈ કાર્ય કરે તો મુદત પહેલાં પણ તેમને અસલ પદ પર પાછા લઈ શકાય એવી છૂટ પણ સંઘે આપી.

શ્રી સિદ્ધસેન સાધુપદ ગુપ્ત રાખી વિચરવા લાગ્યા. સાત વરસ વીતી ગયા. એક વાર તેઓ ઉજ્જયિની આવ્યા અને પોતાની સુંદર કવિતા વડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા વિક્રમની પ્રશંસા કરી. રાજાએ તેમને ત્યાં રાખ્યા. ઉજ્જયિનીના કુડંગેશ્વર મહાદેવના મંદિરમાં જવાનું થતાં સિદ્ધસેનસૂરિ અંદર ન ગયા. રાજાએ તેમને તેનું કારણ પૂછ્યું. સિદ્ધસેને કહ્યું : 'આ દેવ મારા નમસ્કારને સહન કરી શકે તેમ નથી.' રાજાએ કહ્યું : 'તમે નમન કરો, શું થાય છે તે મારે જોવું છે.'

સિદ્ધસેને બત્રીસીઓ દ્વારા સ્તુતિ શરૂ કરી. 'કલ્યાણ મંદિર' સ્તોત્રની ૧૧મી ગાથા બોલતાં ધરણેન્દ્રના પ્રભાવે શિવલિંગમાંથી પ્રથમ ધૂમાડો પછી જ્વાળાઓ અને અંતે શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ. આ બનાવથી રાજા પ્રતિબોધ પામ્યો. જૈન શાસનની પ્રભાવના થઈ. સંઘે બાકીના પાંચ વર્ષ માફ કરી શ્રી સિદ્ધસેનસૂરિને પાછા મૂળ પદ પર સ્થાપ્યા.

એક વાર દિવાકરજી ભરૂચની પાસે એક ટેકરી ઉપર હતા ત્યારે કેટલાક ગોવાળો તેમની પાસે આવ્યા અને ધર્મ સાંભળવાની ઈચ્છા દર્શાવી. દિવાકરજીએ પ્રાકૃતભાષામાં એક 'રાસો' બનાવી તાલ સાથે ગાઈને બોધ આપ્યો. પ્રસન્ન થયેલા ગોવાળોએ તે ઠેકાણે 'તાલરાસક' નામનું ગામ વસાવ્યું.

ભરૂચમાં ધનંજય નામનો રાજા હતો. તેના ઉપર દુશ્મનો ચડી આવ્યા. રાજા ડરીને દિવાકરજીને શરણે ગયો. દિવાકરજીએ સરસવના દાણામાંથી સૈન્ય ઉત્પન્ન કર્યું. તેની મદદથી રાજાએ શત્રુઓને પરાસ્ત કર્યા.

કાળક્રમે શ્રી સિદ્ધસેનસૂરિ દક્ષિણાપથમાં પ્રતિષ્ઠાનપુર (પૈઠણ) આવ્યા અને ત્યાં અનશનપૂર્વક સ્વર્ગવાસી થયા.

અન્ય કથાગ્રન્થોમાં શ્રી સિદ્ધસેનસૂરિની કથામાં નાના-મોટા ફેરફાર જોવા મળે છે. આ વિગતોના સ્રોતરૂપ ગ્રન્થો વિક્રમની તેરમી સદીથી પંદરમી સદીના પ્રારંભ જેટલા જૂના છે. વિ.સં. ૬૬૬માં રચાયેલા 'વિશેષાવશ્યક ભાષ્ય'માં શ્રી જિનભદ્રગણીએ શ્રી સિદ્ધસેનના અમુક વિચારોની સમાલોચના કરી છે. તે જોતાં સિદ્ધસેનસૂરિ તેમનાથી પૂર્વવર્તી ઠરે છે. આમ તેમનો સત્તાસમય ઓછામાં ઓછો વિક્રમની ચોથી-પાંચમી શતાબ્દી જેટલો સહેજે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફલિત થાય છે. અમુક ગ્રન્થો દિવાકરજીનું ખરું નામ કુમુદચંદ્ર હતું એમ પણ નોંધે છે.

જુદા જુદા આધારગ્રન્થોમાં આપેલા પ્રસંગો પરથી પં. સુખલાલજીએ જે વિગતો તારવી છે તે જોઈએ :

૧. *વિદ્વત્તાનું ચડિયાતાપણું ન છતાં સમયસૂચકતા, ગંભીરતા અને ત્યાગના બળે વૃદ્ધવાદીએ એકવચની અને મહાવિદ્વાન સિદ્ધસેનને આકર્ષ્યા અને શિષ્ય બનાવ્યા.*

૨. *દક્ષિણ હિંદુસ્થાનમાં પૈઠણથી ઉત્તર હિંદુસ્થાનમાં ઉજ્જૈની સુધીનું વિહાર ક્ષેત્ર, જેમાં ભરૂચ પ્રધાનપદ ભોગવે છે.*

૩. *વિક્રમાદિત્ય ઉપાધિ ધારણ કરનાર ઉજ્જૈનીના કે કોઈ બીજા રાજા સાથે સિદ્ધસેનનો ગાઢ સંબંધ, જેમાં ધર્મપ્રચાર અને ધર્મરક્ષા માટે સિદ્ધસેન રાજાશ્રય લે છે અને શત્રુભયનિવારણ માટે રાજા સિદ્ધસેનનો આશ્રય લે છે.*

૪. *પ્રાકૃત આગમને સંસ્કૃતમાં ઉતારવાનો દિવાકરનો સૌથી પહેલાં થયેલો વિચાર અને તેને પરિણામે રૂઢ સંઘ તરફથી સહેવી પડેલી સખત સજા.*

૫. *દિવાકરનું સંસ્કૃત વિષયક પાંડિત્ય અને તેમના દ્વારા સંસ્કૃત ગ્રંથોનું રચાવું.*

૬. *દિવાકરનું રાજસત્કારમાં લોભાઈ સાધુધર્મથી શિથિલ થવું અને ફરી ગુરુ દ્વારા સાવધ થઈ જવું.*

૭. *દક્ષિણ દેશમાં દિવાકરનું સ્વર્ગવાસી થવું.*

*(સન્મતિ પ્રકરણ, પ્રસ્તાવના, પૃ.૮૮)*

દિવાકરજીના જીવનના મુખ્ય પ્રસંગો આમાં આવી જાય છે અને એમાં જ તેમના વ્યક્તિત્વની ઓળખ પણ છતી થાય છે.

શ્રી સિદ્ધસેનસૂરિની કૃતિઓ પર Ph.D. ની પદવી પ્રાપ્ત કરનાર શ્રી પિનાકિન દવે 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા'ના ઉપોદ્ઘાતમાં લખે છે : "....ઈતિહાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા પણ પુરુષોની નોંધ ધરાવે છે જેઓ અનેક મુખ્ય પ્રતિભા ધરાવતા હોય. તેવા જવલ્લે જોવા મળતા મહાનુભાવોમાં આ. સિદ્ધસેન એક હતા... આ. સિદ્ધસેન મહાન કવિ હતા, એટલું જ નહિ, તાર્કિક, તત્ત્વવેત્તા, સાધુચરિત, પ્રખર વાદી અને બીજા નિર્દેશોનો સ્વીકાર કરીએ તો, વૈયાકરણ, જ્યોતિર્વિદ, વૈદકના નિષ્ણાત પણ હતા. તેમના જ્ઞાનની કોઈ સીમા જણાતી નથી. તત્કાલીન ભારતીય જ્ઞાનસમૃદ્ધિ એમના વાકયેવાક્યમાં દેખાય છે. તેમાં અર્થશાસ્ત્ર અને આયુર્વેદનો પણ સમાવેશ થઈ જાય છે.''

૩

## શ્રી સિદ્ધસેનનું સાહિત્ય સર્જન

શ્રી સિદ્ધસેન દિવાકરે વિપુલ સાહિત્યનું નિર્માણ કર્યું હશે એમાં શંકા નથી, પરંતુ આપણા દુર્ભાગ્યે તેમની બહુ ઓછી કૃતિઓ કાળનો કોળિયો થવામાંથી બચીને આપણા સુધી પહોંચી છે. પ્રાકૃત ભાષામાં રચાયેલ 'સન્મતિ પ્રકરણ' નામક તેમની કૃતિ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે વિશિષ્ટ સ્થાન-માન ધરાવે છે. જૈન દર્શનના સ્યાદ્વાદ-અનેકાંતવાદની ગંભીર ચર્ચા આ ગ્રંથમાં થઈ છે. આ ગ્રંથ જૈન ધર્મનો એક પ્રભાવક ગ્રંથ લેખાયો છે. અને વિદ્વાનોએ તેના પર ટીકા રચી છે, અનેક ગ્રંથકારોએ આનો આધાર લીધો છે. જૈન સાહિત્ય ઉપર આ ગ્રંથે અમીટ છાપ અંકિત કરી છે. આ ગ્રંથનું ટીકા સાથે સંપાદન-પ્રકાશન પં. સુખલાલજી-પં. બેચરદાસજી જેવા સમર્થ વિદ્વાનોના હાથે થયું છે.

દિવાકરજીની બીજી જાણીતી કૃતિ છે – 'ન્યાયાવતાર.' ૩૨ શ્લોકની આ કૃતિ ઉપર એક મહાકાય ટીકા પણ રચાઈ છે. વસ્તુતત્ત્વના નિર્ણય માટેનાં પ્રમાણો કેટલાં ને કેવાં હોવાં જોઈએ તેની જૈન દૃષ્ટિએ ગહન ચર્ચા આ ગ્રંથમાં છે.

શ્રી સિદ્ધસેનની બીજી એક મહત્ત્વની પણ ઓછી જાણીતી કૃતિ એટલે 'દ્વાત્રિંશત દ્વાત્રિંશિકા'-બત્રીસ બત્રીસીઓ. જો કે હાલમાં ૨૧ બત્રીસીઓ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળે છે, બાકીની લુપ્ત થઈ ગઈ છે. એક એક બત્રીસી એક એક ગ્રંથ જેટલી વિચાર સામગ્રી ધરાવે છે. 'ન્યાયાવતાર' પણ ૩૨ શ્લોકની રચના છે. સંભવ છે કે પૂર્વે તે પણ દ્વા.દ્વા. માં સમાવિષ્ટ હોય, તેના પર વિસ્તૃત ટીકાની રચના થતાં તેને સ્વતંત્ર ગ્રંથનું સ્થાન મળ્યું હોય. સંભવ એવો પણ છે કે બીજી કેટલીક બત્રીસીઓ પણ સ્વતંત્ર ગ્રંથ તરીકે પ્રસાર પામી હોય અને કાળક્રમે લુપ્ત થઈ ગઈ હોય. જે જે બત્રીસીઓ પર ટીકા/ભાષ્ય વગેરે ન થયાં તે જ દ્વા.દ્વા.માં સચવાઈ રહી હશે.

ઉપલબ્ધ ૨૧ બત્રીસીઓમાંથી છેલ્લી બત્રીસી ઉપર ટીકા મળે છે, અને એ બત્રીસી ઠીક ઠીક પ્રસિદ્ધ છે. દ્વા.દ્વા. ઉપર નજીકના ભૂતકાળમાં વિજયલાવણ્યસૂરિએ સંસ્કૃત ટીકા રચી છે, અને તે મુદ્રિત છે. 'વેદવાદદ્વાત્રિંશિકા'-નો વિવેચન સહ અનુવાદ્ પં. સુખલાલજીએ કર્યો છે. 'ગુણવચન દ્વાત્રિંશિકા'નો અનુવાદ ડૉ. કુ. શાર્લોટે ક્રાઉઝેએ કર્યો છે.

'સન્મતિ પ્રકરણ' સિવાયની ઉપલબ્ધ કૃતિઓ સંસ્કૃતમાં જ છે. આ સિવાય પણ દિવાકરજીની રચેલી અન્ય કૃતિઓનો ઉલ્લેખ કેટલાક ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં કર્યો છે પણ તે આજે ઉપલબ્ધ નથી.

## ૪

## 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' (બત્રીસ બત્રીસીઓ)નું વિહંગાવલોકન

પ્રસ્તુત પુસ્તક 'સિદ્ધસેન શતક' એ દિવાકરજીની કોઈ સ્વતંત્ર કૃતિ નથી. દ્વા.દ્વા. માંથી ચૂંટેલા ૧૦૦ શ્લોકોનું શતકરૂપે સંકલનમાત્ર છે. અહીં 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા'નો સંક્ષિપ્ત પરિચય આપવો યોગ્ય લેખાશે.

અગાઉ જણાવ્યું તેમ અત્યારે ૨૧ બત્રીસીઓ જ ઉપલબ્ધ છે. દ્વા.દ્વા.ની પ્રાચીન હસ્તપ્રતો પણ બહુ ઓછી મળે છે, અને જે મળે છે તે બધી જ અત્યંત અશુદ્ધ જણાય છે. મુદ્રિત પ્રતો/પુસ્તકો પણ આ કારણે અશુદ્ધિયુક્ત છે. આ વિષયમાં પં. સુખલાલજી લખે છે : 'મુદ્રિત બત્રીસીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ અશુદ્ધ અને સંદિગ્ધ છે. કેટલેક સ્થળે તો સેંકડો વાર શ્રમ કર્યા પછી પણ અર્થ સમજાતો નથી અને ઘણે સ્થળે એ સંદિગ્ધ રહ્યો છે.'

('સન્મતિ પ્રકરણ', પ્રસ્તાવના, પૃ. ૧૭૪, ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૩૨)

દ્વા.દ્વા. નું સર્વ પ્રથમ પ્રકાશન 'સિદ્ધસેન દિવાકર કૃત ગ્રંથમાલા' એવા નામે પ્રતાકારે જૈન ધર્મ પ્રસારક સભા, (ભાવનગર) તરફથી વિ.સં. ૧૯૬૫માં થયું હતું. આમાં બત્રીસીઓ અત્યંત અશુદ્ધ રૂપમાં છપાઈ હતી.

વિજય લાવણ્યસૂરિની સંસ્કૃત ટીકા સાથે દ્વા.દ્વા.નું પ્રકાશન ઈ.સ. ૧૯૭૭માં વિજય લાવણ્યસૂરીશ્વર જ્ઞાન મંદિર, બોટાદ (સૌરાષ્ટ્ર) તરફથી પુસ્તકાકારે થયું છે. આમાં છપાયેલ મૂળપાઠ જૈ.ધ.પ્ર.સ. ની મુદ્રિત પ્રતિને અનુસરે છે, ટીકામાં કયાંક કયાંક અશુદ્ધ પાઠની જગ્યાએ શુદ્ધ પાઠની કલ્પના કરીને અર્થસંગતિ સાધવાનો પ્રયાસ થયો છે પણ તે સંતોષકારક નથી.

શ્રી સતીશચંદ્ર વિદ્યાભૂષણ દ્વારા તૈયાર કરાયેલ પાઠ 'ન્યાયાવતાર'ના પરિશિષ્ટમાં ડૉ. એ. એન. ઉપાધ્યેએ સંપાદિત કરીને પ્રગટ કર્યો છે, જેનું પ્રકાશન જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈએ કર્યું છે. આ પ્રયાસ પણ અપૂર્ણ છે. (પ્રકાશન વર્ષ ૧૯૭૧.)

દ્વા.દ્વા. ના અશુદ્ધ પાઠો શુદ્ધ કરવાનાં સાધનો મર્યાદિત છે. પ્રસ્તુત 'શતક'ના શ્લોકોમાં વિષય, સંદર્ભ અને પાઠાંતરોના આધારે અશુદ્ધ જણાતા પાઠને સુસંગત શબ્દ દ્વારા શુદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

૨૧માંથી પંદર બત્રીસીમાં જ પૂરા ૩૨ શ્લોકો છે. બાકીની કેટલીકમાં ૩૨થી ઓછા છે, એકમાં ૩૩ છે અને એકમાં ૩૪ છે. ૨૧ બત્રીસીઓના બધા મળીને ૭૦૫ શ્લોક બધા જ મુદ્રિત પ્રકાશનોમાં જોવા મળે છે. ઓગણીસમી બત્રીસીમાં ૩૧ શ્લોક જ બધા સ્થળે છપાયાં છે. આ બત્રીસીના ખૂટતા પદો પાછળથી મળી આવ્યાં છે, એટલે ૭૦૬ શ્લોક હાલ ઉપલબ્ધ છે.

અમુક બત્રીસીઓને નામો અપાયા છે, પણ આ નામો દિવાકરજીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ, પણ પાછળના કોઈ વિદ્વાને આપ્યા હોય એવો સંભવ વધુ છે. બત્રીસીઓની રચના દિવાકરજીએ એક સાથે નહિ, જુદા જુદા સમયે કરી હોય એમ લાગે છે. પં. સુખલાલજીનો મત તો એવો પણ છે કે અમુક બત્રીસીઓ દીક્ષા પૂર્વે તેમણે રચી હશે. 'ગુણ વચન દ્વાત્રિંશિકા' કે જે રાજાની પ્રશંસાની છે તે અને 'વેદવાદદ્વાત્રિંશિકા' કે જે ઉપનિષદ્ આધારિત છે તેને લક્ષ્યમાં લઈને પંડિતજીએ આવી સંભાવના વિચારી હશે. કિંતુ આવી રચના દીક્ષા પછી પણ સિદ્ધસેનસૂરિ રચે તેમાં વિરોધ જેવું નથી. રાજાની કીર્તિ-પ્રશંસાના બીજા શ્લોકો તેમણે દીક્ષા પછી રચ્યા જ છે; અન્ય દર્શનોની પરિચયાત્મક બત્રીસીઓમાં જે તટસ્થતા અને સહજતા જણાય છે તે તેમના ગર્વખંડન પછી જ આવવાં સંભવે છે.

આ બત્રીસીઓ વસ્તુતઃ જુદા જુદા વિષયોના નિબંધો જ છે. આ નિબંધોમાં શ્રી સિદ્ધસેનના વ્યક્તિત્વના ખરા રંગો પ્રગટ થાય છે, તેમના ભાવવિશ્વનો પરિચય પ્રાપ્ત થાય છે, તેમના સમયમાં ભારતમાં પ્રચલિત મુખ્ય દર્શનોની રૂપરેખા મળે છે, અને તત્કાલીન જૈન શ્રમણસંઘની તાત્ત્વિક વિચારધારા અને વ્યાવહારિક સાધના પદ્ધતિની જીવંત છબી ઉપસે છે. સૌથી વધુ તો, કોઈ પણ સંનિષ્ઠ તત્ત્વગવેષકને અથવા આત્મકલ્યાણવાંછુને નૂતન દૃષ્ટિ તથા અનુભવસિદ્ધ દિશાસૂચન આ રચનાઓમાંથી સાંપડે છે. સાહિત્યરસિક જનોને પ્રૌઢ કવિતાનો આસ્વાદ પણ આમાં મળી રહે છે. પં. સુખલાલજી કહે છે તેમ આ "... બત્રીસીઓનું સ્થાન સન્મતિ કરતાં ઘણી દૃષ્ટિએ ચડે પણ છે."

દિવાકરજી વિશે કેટલીક અંતરંગ માહિતી આ બત્રીસીઓમાંથી જ સૂચિત થાય છે. એ યુગમાં સંસ્કૃતનો મહિમા વધ્યો હતો. અને જૈન સંઘ પણ ધીરે ધીરે સંસ્કૃત તરફ વળવા માંડયો હતો. ષટ્ દર્શનો વચ્ચે વાદવિવાદ ખૂબ ચાલતા હતા. આથી પરપક્ષના વિદ્વાન પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી તેમને હરાવવાના પડકારનો દરેક પક્ષના વિદ્વાનોએ સામનો કરવો પડતો હતો.

દિવાકરજી વાદવિદ્યાના ઉચ્ચ કોટિના જાણકાર અને વાદવિજેતા મહાપંડિત હતા, તે સમયે પ્રચલિત સર્વ દર્શનશાસ્ત્રોના પારંગત હતા —

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે તથ્યો આ બત્રીસીઓમાંથી તરી આવે છે. તે સાથે જ દિવાકરજી આ વાદવિવાદોને આધ્યાત્મિક દૃષ્ટિએ જરા પણ મહત્ત્વ આપતા નહોતા એ તથ્ય પણ આ બત્રીસીઓ આપણી સમક્ષ ખુલ્લું કરે છે. પૂર્વાવસ્થામાં વેદો અને ઉપનિષદોનો તલસ્પર્શી અભ્યાસ તેમણે કર્યો હતો. વિવિધ દર્શનોનો સારસંક્ષેપ આપનારી તેમની બત્રીસીઓ વાંચતા એમ જ લાગે કે તે તે દર્શનના-સંપ્રદાયના કોઈ સમર્થ આચાર્ય પોતાનો પક્ષ સ્થાપી રહ્યા છે. ચાલી આવતી દરેક માન્યતાને તર્કની કસોટી પર ચકાસી જોવાનો આગ્રહ તેમનામાં તીવ્ર કક્ષાનો હતો. વિવિધ વિધિ-નિષેધો અને વ્રત-નિયમોના પાલનમાં જ ધર્મની ઈતિશ્રી નથી થતી, આંતરિક ભાવોની શુદ્ધિ જ વાસ્તવિક ધર્મ છે એમ તેઓ ખુલ્લા શબ્દોમાં કહે છે.

દિવાકરજી બ્રાહ્મણકુળના હતા અને શ્વેતામ્બર જૈન સંઘમાં દીક્ષિત થયા હતા એ હકીકત પણ બત્રીસીઓમાં વ્યક્ત થયેલા અમુક વિચારોથી સિદ્ધ થાય છે. રાજાઓ સાથે તેમના નિકટ સંબંધો હતા તેમ જ વાદસભાઓનો તેમને પ્રત્યક્ષ અને ગાઢ અનુભવ હતો તે પણ બત્રીસીઓ પરથી જાણી શકાય છે. ભાષાસામર્થ્ય, કલ્પનાશીલતા, વિચારવૈભવ વગેરે વિશેષતાઓ તેમનામાં સહજ રૂપે સ્ફૂરાયમાન થતી હતી. ભગવાન મહાવીર પ્રત્યે ઊંડી શ્રદ્ધા તેમણે સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી છે. તેઓ વિનોદ અને કટાક્ષ પણ છૂટથી કરી શકતા હતા. સ્વતંત્ર વિચાર અને ચાલી આવતી પરંપરાથી જુદા પડવાનું સાહસ તો તેમના વ્યક્તિત્વનું પ્રમુખ લક્ષણ જ ગણાય. દિવાકરજીના જ્ઞાન, સામર્થ્ય, શ્રદ્ધા અને સ્વતંત્ર વિચારસરણીની ઝાંખી બત્રીસીઓ દ્વારા જ આપણી સમક્ષ અનાવૃત થાય છે.

બત્રીસીઓના નામ અને વિષયવસ્તુનો સંક્ષિપ્ત પરિચય હવે જોઈએ.

પ્રથમ પાંચ બત્રીસીઓનો વિષય પ્રભુ મહાવીરની સ્તુતિ છે. ભગવાન મહાવીર પ્રત્યેની આપ્તપુરુષ તરીકેની ઊંડી શ્રદ્ધા અને ભગવાનના લોકોત્તર ગુણો તરફનો અનુરાગ દિવાકરજીએ આ બત્રીસીઓમાં રસાળ શૈલીમાં ગૂંથ્યો છે. દિવાકરજીની વિદ્વત્તા અને કવિતાને અહીં ભક્તિનો ઓપ ચડયો છે. કાવ્યદૃષ્ટિએ આ બત્રીસીઓ અગ્રસ્થાને છે. પાંચમી બત્રીસીના અંતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સ્તુતિ દ્વાત્રિંશિકા' એવું નામ મળે છે, પરંતુ પાંચેય બત્રીસીઓ મહાવીર પ્રભુના ગુણોનું વર્ણન ભિન્ન ભિન્ન રીતે કરે છે.

પ્રથમ બત્રીસીમાં મહાવીર પ્રભુનો માર્ગ જેવો નિર્દોષ છે અને તેમનો બોધ જેવો જનહિતકારી છે તેવો બીજા કોઈનો નથી એ વાત ગૂંથી લેવાઈ છે. મહાવીર જેવું બીજું કોઈ નથી એ આ બત્રીસીનો મુખ્ય સૂર છે. વિદ્વાનો જેને અન્યયોગવ્યવચ્છેદ કહે છે તે મુદ્દો આમાં મુખ્ય છે. આ બત્રીસીને 'અનન્યગુણવર્ણન દ્વા.' કહી શકીએ.

બીજી બત્રીસીમાં ભગવાનના ગુણોની વિશિષ્ટતા, અલૌકિકતા અને ઉત્કૃષ્ટતાનું ચિત્રણ છે. આને 'વીરગુણોત્કર્ષખ્યાપન દ્વા.' કહી શકીએ.

ત્રીજી બત્રીસીમાં મુખ્યત્વે ભગવાન મહાવીરના તત્ત્વબોધ અને તત્ત્વદર્શનની ખૂબીઓનું વિરોધાભાસની શૈલીએ રસિક અને પ્રૌઢ શબ્દાવલી દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ શ્લોકમાંના 'मतिप्रोद्गम' શબ્દને લઈને 'વીરમતિ પ્રોદ્‌ગમ દ્વા.' એવું નામ આ બત્રીસીને આપી શકાય.

ચોથી બત્રીસીમાં ભગવાન મહાવીરનું દર્શન યથાર્થ છે અને વિચારશીલ જનોને તે સ્વીકાર્ય લાગ્યા વિના રહેશે નહિ એ વિષય ગૂંથી લેવાયો છે. આને 'અવિરોધખ્યાપન દ્વા.' જેવું નામ આપી શકાય.

પાંચમી બત્રીસીમાં ભગવાન મહાવીરના જીવનપ્રસંગોનું કાવ્યમય શૈલીમાં ચિત્રણ થયું છે. ભગવાનના જીવનની અદ્‌ભુતતા દર્શાવતી આ બત્રીસીને 'વીર માહાત્મ્ય દ્વા.' નામ આપી શકાય.

છઠ્ઠી બત્રીસીના અંતે નામ નથી. તત્ત્વગવેષણા કે ધર્માચરણના ક્ષેત્રે પરંપરા અને પ્રાચીનતાનો એકમાત્ર માપદંડ ચાલી ન શકે એ આ બત્રીસીનો મુખ્ય સૂર છે. 'પ્રાચીન પુસ્તકમાં લખેલું છે અથવા કોઈ પ્રાચીન વ્યક્તિ કહી ગઈ છે એટલે તે સ્વીકારી લેવું જોઈએ' એવી મનોવૃત્તિ ઉપર દિવાકરજીએ આ બત્રીસીમાં આકરા પ્રહારો કર્યા છે. સ્વતંત્ર વિચારક તરીકેની દિવાકરજીની આગવી પ્રતિભાના મૂળ પ્રેરક તત્ત્વો આ બત્રીસીમાં જોઈ શકાય. વર્ણિત વિષયના આધારે આ બત્રીસીને 'પ્રાચીનત્વમીમાંસા' અથવા 'આપ્ત વિનિશ્ચય' એવું નામ આપી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાતમી બત્રીસીને 'વાદોપનિષદ્' નામ અપાયું છે. જુદા જુદા દર્શનોના અનુયાયીઓ વચ્ચે પોતાના મતદર્શનની શ્રેષ્ઠતા સાબીત કરવા વાદ થતા. આવા વાદના નિયમો, વાદમાં સફળ થવા માટે જરૂરી તૈયારીઓ, વક્તૃત્વ કળા, પ્રતિપક્ષીનું માપ કેવી રીતે કાઢવું વગેરે વ્યાવહારિક બાબતોનું રસભર્યું અને અનુભવસિદ્ધ આલેખન આમાં છે. દિવાકરજીની આ વિષયની નિપુણતાનો પુરાવો આ બત્રીસી આપે છે.

આઠમી બત્રીસીનું નામ 'વાદ દ્વાત્રિંશિકા' એવું અપાયું છે. ખરેખર તો આને 'વાદ વૈગુણ્ય દર્શન' જેવું નામ અપાવું જોઈએ. હાર-જીતના ધોરણે થતા વાદોની આકરી ટીકા કરી, આવા વાદો આત્મવિકાસમાં નિરુપયોગી જ નહિ, અવરોધક છે એમ સ્પષ્ટ શબ્દોમાં દિવાકરજી આમાં પ્રતિપાદન કરે છે. પાંડિત્યનો ગર્વ, પરસ્પર ઈર્ષ્યા, રાગ-દ્વેષને પોષણ, શક્તિનો દુર્વ્યય વગેરે મુદ્દા પર રમૂજ, કટાક્ષ અને ઊંડા સંવેદન સાથે નીકળેલા ઉદ્‌ગારો હૃદયસ્પર્શી છે.

નવમી બત્રીસીનું નામ 'વેદવાદદ્વાત્રિંશિકા' છે. ઉપનિષદોના કોઈ ઋષિ બોલતા હોય એવા અધિકાર સાથે ઉપનિષદ અને વેદના મંત્રોની ભાષામાં દિવાકરજીએ બ્રહ્મતત્ત્વનું શબ્દચિત્ર આલેખ્યું છે. આ બત્રીસીમાં દિવાકરજીનું એક જૂદું જ સ્વરૂપ છતું થાય છે. આખી બત્રીસીમાં જૈન પરંપરાની પદાવલીનો બિલકુલ પ્રયોગ થયો નથી, પરંતુ સ્યાદ્‌વાદ અને સપ્તભંગીના માધ્યમથી આત્મતત્ત્વના સંદર્ભમાં જૈનો ખુશીથી આ બત્રીસીનું અર્થઘટન કરી શકે એવી યોજના આમાં છે.

દશમી બત્રીસીમાં અધ્યાત્મજગતની કેટલીક ચર્ચા સાથે મુમુક્ષુઓને સીધું માર્ગદર્શન અપાયું છે. અહીં તાર્કિક સિદ્ધસેન નહિ, પણ તત્ત્વજ્ઞ ગુરુ સિદ્ધસેન બોલે છે. જૈન દર્શનની દૃષ્ટિએ આત્મવિકાસના ક્રમનું સ્વરૂપ રજૂ કરવા સાથે મુમુક્ષુએ યોગમાર્ગનું અનુસરણ કેવી રીતે કરવું તેનું દિગ્‌દર્શન આમાં છે. આ અને આવી બીજી ત્રણ-ચાર બત્રીસીઓમાં દિવાકરજીના આધ્યાત્મિક વિષયના વિચારો આપણને જાણવા મળે છે. નિરૂપિત વિષયના આધારે આનું નામ 'યોગાચાર દ્વાત્રિંશિકા' યોજી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગિયારમી બત્રીસીનું નામ 'ગુણ વચન દ્વાત્રિંશિકા' છે. કોઈક રાજાની પ્રશસ્તિરૂપે રચાયેલી આ બત્રીસીમાં દિવાકરજીનું કવિત્વ બરાબર ખીલ્યું છે. બત્રીસીમાં રાજાનું નામ નથી, વળી બત્રીસી અપૂર્ણ છે એટલે કયા રાજાની પ્રશસ્તિ કરાઈ છે તેના વિશે વિદ્વાનોમાં મતભેદો છે.

બારમી બત્રીસીનું નામ છે 'ન્યાય દ્વાત્રિંશિકા'. નૈયાયિક દર્શનનો સાર અને ખાસ કરીને તર્કમાં વપરાતા હેતુ અને હેત્વાભાસની વિસ્તૃત ચર્ચા આ બત્રીસીમાં છે. સામા પક્ષના તર્કોમા કયાં ભૂલ છે કે કયાં નિર્બળતા છે તે શોધી પ્રતિપક્ષનું કેવી રીતે ખંડન કરી શકાય તેની વિશદ ચર્ચા પણ આમાં છે.

તેરમી બત્રીસીનું નામ 'સાંખ્ય પ્રબોધ' છે. આમાં સાંખ્યદર્શનનો સાર દિવાકરજીએ પોતાની આગવી ઢબે આપ્યો છે. ચૌદમી બત્રીસીનું નામ 'વૈશેષિક દ્વાત્રિંશિકા' એવું મળે છે. આમાં તે સમયે પ્રચલિત વૈશેષિક દર્શનની માન્યતાનું આલેખન થયું છે. પંદરમી બત્રીસીનો વિષય છે બૌદ્ધદર્શન અને તેનું નામ 'બૌદ્ધસંતાના દ્વાત્રિંશિકા' એવું મળે છે. સોળમી બત્રીસીમાં નિયતિવાદની માન્યતાઓનું સંકલન થયું છે, તેનું નામ 'નિયતિ દ્વાત્રિંશિકા' એવું મળે છે. દર્શનોનો સાર સંક્ષેપ રજૂ કરતી આ બત્રીસીઓ અતિ દુર્બોધ છે. કંઈક પાઠ અશુદ્ધ હોવાના કારણે, કંઈક તે તે દર્શનના જે ગ્રન્થોનો દિવાકરજીએ ઉપયોગ કર્યો હશે તે આજે ઉપલબ્ધ ન હોવાના કારણે અને કંઈક તો અત્યંત સંક્ષિપ્ત સૂત્રાત્મક રચના હોવાના કારણે આ બત્રીસીઓનો ઘણો ભાગ અસ્પષ્ટ રહે છે.

સત્તરમી બત્રીસીનું નામ હ.પ્ર.માં મળતું નથી. આ બત્રીસીમાં નિશ્ચયનયના દૃષ્ટિકોણથી ધાર્મિક–આધ્યાત્મિક વિષયોની ગહન વિચારણા થઈ છે. અઢારમી બત્રીસીમાં ગુરુએ શિષ્યનું અનુશાસન કેવી રીતે કરવું એ અંગે મૂલ્યવાન અને વ્યવહારુ માર્ગદર્શન છે. દિવાકરજીનું ધર્મ અને સાધનાવિષયક ચિંતન કેવા પ્રકારનું હતું તે જાણવા માટે ૧૭-૧૮ બંને બત્રીસીઓ સારી સામગ્રી પૂરી પાડે છે. સત્તરમી બત્રીસીને 'અધ્યાત્મ દ્વાત્રિંશિકા' અને અઢારમીને 'અનુશાસન દ્વાત્રિંશિકા' નામ આપી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓગણીસમી બત્રીસી જૈન દર્શનમાન્ય મોક્ષમાર્ગ અને તત્ત્વજ્ઞાનનું ગહન સ્તરેથી પ્રતિપાદન કરે છે. આનું નામ 'નિશ્ચય દ્વાત્રિંશિકા' એવું મળે છે. વીસમી બત્રીસીનું નામ 'દૃષ્ટિ પ્રબોધ દ્વાત્રિંશિકા' છે. આમાં જૈન તત્ત્વજ્ઞાનના કેટલાક પદાર્થોનું અતિ સૂક્ષ્મ દૃષ્ટિએ વિશ્લેષણ થયું છે. આ બંને બત્રીસીઓ કદાચ સૌથી વધુ કઠિન અને ગંભીર બત્રીસીઓ છે. જૈન દર્શનમાન્ય તત્ત્વોની ચર્ચા હોવા છતાં વિષય અપરિચિત સમો ભાસે છે.

એકવીસમી બત્રીસી છે 'મહાવીર દ્વાત્રિંશિકા'. ભગવાન મહાવીરની એક મહાન માર્ગદર્શક તરીકે દિવાકરજીએ આ બત્રીસીમાં મુક્તકંઠે સ્તવના કરી છે. ભગવાનના ગુણ, જ્ઞાન, કાર્ય તથા પરમાત્મ સ્વરૂપને જ કેન્દ્રમાં રાખીને સરલ-સુગમ શૈલીમાં રચાયેલી આ બત્રીસી શ્રી સિદ્ધસેનની મહાવીરભક્તિને ઉજાગર કરે છે.

શ્રી દિવાકરજીનું બહુ થોડુંક જ સાહિત્ય આજે બચ્યું છે. જેટલું છે તેટલું પણ તેમની પ્રચંડ પ્રતિભાની ઝાંખી કરાવવા સમર્થ છે. ઉપલબ્ધ બત્રીસીઓનું સાંગોપાંગ અધ્યયન થવું હજી બાકી છે. પ્રસ્તુત 'સિદ્ધસેન શતક' વિદ્વાનોનું એ તરફ ધ્યાન દોરવાનો એક પ્રયાસ માત્ર છે.

– *મુનિ ભુવનચંદ્ર*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧

## ભગવાન મહાવીરનું શાસન સદ્ભાવપૂર્ણ છે

कुहेतुतर्कोपरतप्रपञ्च–
सद्भावशुद्धाप्रतिवादवादम् ।
प्रणम्य सच्छासनवर्धमानं
स्तोष्ये यतीन्द्रं जिनवर्धमानम् ।। (१.२)

***ભગવાન મહાવીરનું કથન તથ્યહીન હેતુઓ અને કુતર્કોથી મુક્ત છે, સદ્ભાવપૂર્ણ છે, શુદ્ધ છે અને તેથી જ તેનો વિરોધ કરવો મુશ્કેલ છે. એવા ઉત્તમ શાસનના કારણે જેઓ સદા વૃદ્ધિ પામતા હતા એવા મુનીન્દ્ર શ્રી વર્ધમાનને નમસ્કાર કરી હું તેમની સ્તુતિ કરીશ.***

શ્રી દિવાકરજી રચિત હાલ ઉપલબ્ધ ૨૧ બત્રીસીઓમાંથી છ બત્રીસીઓ તો ભગવાન મહાવીરની સ્તુતિની છે. આજની ભાષામાં જેમને 'બૌદ્ધિક' કહી શકીએ એવા શ્રી સિદ્ધસેનનું આંતરિક પોત તો ભક્ત અને સાધકનું છે. તેમના હૃદયમાં શ્રદ્ધા અને બુદ્ધિનું એક અદ્ભુત સંમિશ્રણ રચાયું છે. ભગવાન મહાવીર ઉપર દિવાકરજી જાણે ઓવારી જતા જોવા મળે છે, પરંતુ આ શ્રદ્ધા પાછળ પરીક્ષકબુદ્ધિનું પીઠબળ છે.

ભગવાન મહાવીરે તર્કશક્તિથી સિદ્ધાંતો ખડા કર્યા નહોતા. તેઓ એક દૃષ્ટા હતા. તેમને જે 'દર્શન' લાધ્યું તે તેમણે જગત સામે મૂક્યું. પોતાની વાતની પુષ્ટિ માટે દૃષ્ટાઓને તર્કો રજૂ કરવા નથી પડતા, કુતર્કોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો સવાલ જ ઊભો થતો નથી. ભગવાનનાં વચનો લોકોને અપનાવવાં જેવાં લાગ્યાં, કારણ કે તેમાં સદ્ભાવ ભરેલો હતો. બોલનારનો આશય શુદ્ધ છે એ જાણ્યા પછી તેના પર અવિશ્વાસ કરવો મુશ્કેલ હોય છે. કહેનાર ઊંડી પ્રતીતિથી, ભલી લાગણીથી કે આત્મીયતાથી કહે છે – એટલો આ એક મુદ્દો તેના પર શ્રદ્ધા મૂકવા માટે બસ છે. આવા પુરુષના વચનને 'પ્રમાણ' ગણવામાં આવે છે. ભગવાન સૌના આપ્તજન-હિતચિંતક થઈને વાત કરે છે. એમની વાત ટાળવાનું સુજ્ઞજનો માટે મુશ્કેલ જ બની રહે.

ભગવાનનું શાસન અર્થાત્ માર્ગદર્શન મંગળમય અને કલ્યાણકારી હોવાથી જગતમાં વિસ્તરતું ગયું હતું. આથી ભગવાનનું 'વર્ધમાન' નામ જાણે સાર્થક થયું હતું.

દિવાકરજી માત્ર તર્કબળથી નહિં, ભગવાનના આવા સદ્ભાવથી આકર્ષાયા છે. માનવસહજ શ્રદ્ધાને તર્કશુદ્ધ નિરૂપણ ઉપરાંત વ્યવહારગત શુભાશયનો આધાર હોવો ઘટે. દિવાકરજીની શ્રદ્ધા માનવીય ભૂમિકાની છે. જો કે એને 'તાર્કિક' કહેવી હોય તો કહી શકાય એવા 'તર્કો' પણ હાજર છે જ ! ફેર એટલો જ છે કે તર્કો શ્રદ્ધાની સેવામાં હાજર છે અને શ્રદ્ધા ગુણાનુરાગમાંથી જન્મેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨

## ભગવાન ગુણજ્ઞ પુરુષોને માન્ય છે

न काव्यशक्तेर्न परस्परेर्ष्यया,
न वीरकीर्तिप्रतिबोधनेच्छया।
न केवलं श्राद्धतयैव नूयसे,
गुणज्ञपूज्योऽसि यतोऽयमादरः।। (૧.૪)

***હે પ્રભુ ! તમારી સ્તુતિનો આ ઉપક્રમ કાવ્યશક્તિના પ્રદર્શન માટે નથી. સ્પર્ધાના ભાવથી કે તમારી કીર્તિ ફેલાવવાના આશયથી પણ આ પ્રયાસ નથી થઈ રહ્યો. માત્ર શ્રદ્ધાના આવેશથી પણ નહિ. હે જિનેન્દ્ર ! ગુણજ્ઞ પુરુષોને પણ તમે માન્ય છો એ કારણે તમારી સ્તુતિ કરવાનો આ પ્રયાસ હાથ ધર્યો છે.***

ભગવાન મહાવીરને 'શ્રદ્ધેય' તરીકે સ્વીકારવા પાછળનો હેતુ દિવાકરજી અહીં સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરે છે. પ્રથમ દૃષ્ટિએ સામાન્ય લાગે પણ માનવીય સમજ અને વ્યવહારના સ્તરે સ્વાભાવિક ઠરે એવો એક મુદ્દો તેમણે અહીં નોંધ્યો છે. શ્રી સિદ્ધસેન તાર્કિક હોવા છતાં હૃદયની ભાષામાં વધુ વિચારનારા છે તેનો પ્રથમ નિર્દેશ અહીં મળે છે.

દિવાકરજીને ભગવાન મહાવીરનો નિકટ પરિચય તો છે નહિ. કુળ-પરંપરાથી ભગવાન મહાવીરને મહાન ગણવાની વૃત્તિ તેમની અંદર કલ્પી શકાતી નથી, કારણ કે તેઓ બ્રાહ્મણ પરંપરામાંથી આવેલા છે. તેઓ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકસ્મિક સંજોગોમાં જૈન શ્રમણસંઘમાં દીક્ષિત બન્યા, ત્યાર પછી આગમોનો અભ્યાસ કર્યો અને મહાવીરના વિચારોના સંપર્કમાં આવ્યા. આગમો, ભાષ્યો, નિર્યુક્તિઓ, ચૂર્ણિઓ વગેરેનું પરિશીલન કર્યું, ગુરુજનો પાસેથી સાંભળ્યું, અન્ય ગ્રંથો વાંચ્યા. એમાંથી મહાવીરની જે છબી ઊપસી તેણે તેમને મુગ્ધ કર્યા. ગૌતમ ઈન્દ્રભૂતિ જેવી પ્રતિભાઓ ભગવાન તરફ ખેંચાઈ હતી, ભદ્રબાહુ જેવા મહામુનિઓ ભગવાન પર મુગ્ધ બન્યા હતા. એ હકીકત તેમને મન મહત્ત્વની છે. આવી પ્રતિભાશાળી વ્યક્તિઓ જો મહાવીરની પ્રશંસક-પૂજક હોય તો મહાવીર અવશ્ય મહાન હશે.

આ અભિગમ બિલકુલ માનવસહજ છે. આઈન્સ્ટાઈન મહાન વૈજ્ઞાનિક હતા તે આપણે કેવી રીતે જાણીએ ? તેમની મહાનતાનો કયાસ કાઢવાનું આપણું કોઈ ગજું નથી. આપણી જાણમાં હોય એવા વૈજ્ઞાનિકો કે આપણી શાળાના વિજ્ઞાનશિક્ષક – જેમની ક્ષમતા આપણા કરતાં વધુ છે – જો આઈન્સ્ટાઈનનો મહાન વૈજ્ઞાનિક તરીકે આદર કરતા હોય તો તે મહાન હોવા જ જોઈએ. દિવાકરજીનો ભગવાન મહાવીર પ્રત્યેનો પરમ આદર માત્ર શ્રદ્ધાપ્રેરિત નહિ પણ આવો વિચારમૂલક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩

## નિર્ગ્રન્થ મહાવીરની કાયા અને વાણી પણ નિર્ગ્રન્થ છે

वपुः स्वभावस्थमरक्तशोणितं,
परानुकम्पासफलं च भाषितम्।
न यस्य सर्वज्ञविनिश्चयंस्त्वयि,
द्वयं करोत्येतदसौ न मानुषः।। (૧.૧૪)

***શ્વેત રુધિર જેમાં વહે છે એવું તથા સહજ અવસ્થામાં રહેલું તમારું શરીર અને અનુકંપાથી ભરેલી તમારી વાણી : આ બે વસ્તુઓ જેના હૃદયમાં સર્વજ્ઞ–ગુરુ તરીકેની તમારી યોગ્યતાનો નિશ્ચય ન કરાવી શકે એ વ્યક્તિ 'મનુષ્ય' નહિ હોય.***

શ્રમણ ભગવાન મહાવીરને નિર્ગ્રન્થ કહેવામાં આવતા. ભગવાનના શાસનને 'નિર્ગ્રન્થ પ્રવચન' કહેતા. નિર્ગ્રન્થ એટલે ગ્રન્થિ–ગાંઠ વગરના. ગાંઠ વાળીને રાખવા જેવું કશું તેમની પાસે હતું નહિ. ગાંઠો મનમાં પણ વાળી શકાય છે. ક્રોધ, અહંકાર, અસૂયા જેવા ભાવો મનમાં એકત્ર થાય છે અને પછી શરીરના સ્તરે પણ તે દેખા દે છે. વંકાયેલા હોઠ, ખેંચાયેલા ગાલ, ભીડેલાં જડબાં - શરીરના આ 'વળ' ઝટ નજરે ચડે છે. એથીય ઊંડા સ્તરે સ્નાયુસમૂહો અને આંતરિક અવયવોમાં પણ તાણ અને ખેંચ ભેગાં થતાં હોય છે. માણસે મનમાં સંઘરેલા ઈચ્છા-ડંખ-વ્યથાઓ ગ્રન્થિ બનીને તેના ચિંતન અને વર્તનમાં વિકૃતિ આણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન આવી ગ્રન્થિઓથી મુક્ત છે એ તો એમનું તાણમુક્ત સહજ સ્થિતિમાં રહેલું શરીર અને તેમની પ્રસન્ન-પ્રશાંત-પવિત્ર મુખમુદ્રા જ કહી આપે છે. ભગવાન મહાવીરનું રક્ત સફેદ રંગનું હતું એમ કહેવાય છે. એ કથન રૂપક હોય તોય ભગવાનના કરુણાસભર અને ક્ષમાશીલ વ્યક્તિત્વની છાયા જનમાનસ પર કેવી હતી તેનું પ્રતિબિંબ તો એમાં સારી રીતે ઝીલાયું છે જ. આ બધાંથી ચડી જાય એવી તેમની અનુકંપાસભર વાણી — આટલું જ શું ભગવાનને સર્વજ્ઞ-ગુરૂ-માર્ગદર્શક તરીકે ઓળખાવવા માટે પૂરતું નથી ? આવી વસ્તુઓ જેના હૃદયમાં ભગવાન માટે પૂજ્યભાવ જગાવી ન શકતી હોય તેવી વ્યક્તિ 'મનુષ્ય' નામને લાયક જ નથી !

આ ઉદ્‌ગાર કવિહૃદયની સંવેદનામાંથી જન્મેલો છે. માનવવિકાસની પરાકાષ્ઠા એટલે મનની નિર્મળ-નિર્વિકાર-શાંત-સહજ વહેતી ધારા, અને એના સ્વાભાવિક પરિણામ રૂપે પ્રગટ થતી શરીર અને વાણીની તાણ વિનાની ગતિ-વિધિ. આ સ્થિતિને ઓળખી-આવકારી ન શકે તે માનવી વિકાસને નીચલે પગથિયે જ ઊભેલો હોય, એ હજી પૂરો 'માણસ' નથી બન્યો એમ જ માનવું રહ્યું!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪

### નય, ગમ અને ભંગથી પુષ્ટ પ્રભુની વાણી

नयप्रसङ्गापरिमेयविस्तरै–,
रनेकभङ्गाभिगमार्थपेशलैः ।
अकृत्रिमस्वादुपदैर्जनं जनं,
जिनेन्द्र! साक्षादिव पासि भाषितैः ।। (१.१८)

***હે જિનેન્દ્ર ! તમારી વાણી અનેક દૃષ્ટિબિન્દુઓ ધરાવે છે અને તેથી અતિ વિસ્તૃત છે, અનેક પ્રકારના વિભાજન અને અભિગમ ધરાવતી હોવાથી સુંદર છે. કૃત્રિમતા વિનાની તમારી મધુર વાણી વડે હે પ્રભુ ! તમે જાણે વિશ્વની એક એક વ્યક્તિની સાક્ષાત્ સંભાળ લઈ રહ્યા છો.***

વિજ્ઞાનના ક્ષેત્રે *Relativity* નો સિદ્ધાંત સ્થાપિત થયો તેનાથી પહેલાં સૈકાઓથી જૈનો અનેકાંતવાદ-સાપેક્ષવાદનો ઉપયોગ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે કરતા આવ્યા છે. વસ્તુવિચારમાં એકથી વધુ દૃષ્ટિકોણોનો ઉપયોગ કરવો- પરસ્પર સાપેક્ષ કથન કરવું એ જ અનેકાંતવાદ છે. એકજ વસ્તુના સંબંધમાં વધુમાં વધુ કેટલા દૃષ્ટિકોણ હોઈ શકે ? જવાબ છે : અગણિત. વસ્તુ *Objective* છે-દૃષ્ટાસાપેક્ષ છે. તમે જેવી જોવા ઈચ્છો તેવી તે દેખાય છે. એકજ વસ્તુમાં ભિન્ન ભિન્ન દૃષ્ટાઓ એક જ ક્ષણે ભિન્ન ભિન્ન ગુણધર્મો જુએ છે. આનું કારણ તે તે દૃષ્ટા વ્યક્તિનો તે વખતનો અભિગમ કે આશય હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. દ્રવ્ય અનંત ધર્માત્મક છે અને વિરુદ્ધ લાગતા ગુણો પણ વસ્તુમાં એક સાથે ઉપસ્થિત હોઈ શકે છે – આ વાત જૈન દર્શનમાં ભારપૂર્વક કહેવામાં આવી છે.

વસ્તુધર્મો અગણિત કે અનંત થઈ જતાં તેની વ્યવહારુ ગણતરી કે વિવેચના માટે જૈન તત્ત્વજ્ઞોએ 'ભંગ' એટલે કે વિભાજનની પદ્ધતિનો આવિષ્કાર કર્યો. આ પદ્ધતિ વસ્તુવર્ણનમાં ચોકસાઈ કે ચોખવટ માટે અતિ ઉપયોગી બને છે. વિભિન્ન દૃષ્ટિકોણોને 'નય' કહે છે. અગણિત 'નયો' અને સંખ્યાબંધ 'ભંગો' દ્વારા વસ્તુવિચાર કરતી વેળાએ એક બાજુ વસ્તુના અનેક ધર્મોને અને બીજી બાજુ દૃષ્ટા કે વક્તાના વિભિન્ન આશયને ન્યાય આપવો સુગમ બની જાય છે, વિધાન સ્પષ્ટ અને સંતુલિત બને છે.

દિવાકરજીને આ વાત બહુ ગમી છે. ભગવાન આ રીતે જાણે કે એક-એક વ્યક્તિના આશય એટલે કે હૃદય સુધી પહોંચ્યા છે. વ્યક્તિના આશયને ધ્યાનમાં લેવાની વાત કરીને ભગવાને દરેકની સીધી સંભાળ લીધી છે. દિવાકરજી કહે છે કે એક વત્સલ પિતાની જેમ દરેકની વાતને ભગવાન મહાવીર ધ્યાનથી સાંભળે છે, દરેકનું ધ્યાન રાખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫

## અનેકાંતવાદી મહાવીર

असत्सदेवेति परस्परद्विषः,
प्रवादिनः कारणकार्यतर्किणः ।
तुदन्ति यान् वाग्विषकण्टकान्न तै–,
र्भवाननेकान्तशिवोक्तिरर्द्यते[1] ।। (१.२०)

***હે પ્રભુ! 'જગત સત્ છે' અથવા 'જગત અસત્ છે' એવી એકાંગી માન્યતાઓમાં ગ્રસ્ત અને તે માટે કાર્યકારણની વિભિન્ન કલ્પનાઓમાં વ્યસ્ત મતવાદીઓ પરસ્પરના વિરોધી બની ઝેરી કાંટા જેવા વચનોના પ્રહાર એકબીજા ઉપર કરતા રહે છે. અનેકાંત દૃષ્ટિના કારણે શાંત અને સ્વસ્થ કથન કરનારા એવા તમને એ ઝેરી કાંટા જેવા વચનોના પ્રહારો ખમવા પડતા નથી.***

આ જગત શું છે – કેવું છે ? એ પ્રશ્ન પ્રાચીનકાળના ઋષિઓથી માંડીને આજના વૈજ્ઞાનિકોની શોધનો વિષય રહ્યો છે. ભગવાન મહાવીરે ષડ્ દ્રવ્યાત્મક – છ દ્રવ્યના બનેલા જગતનું નિરૂપણ કર્યું. આ છ દ્રવ્યો પરસ્પર વિરોધી લાગે તેવા ગુણધર્મયુક્ત છે એમ પણ કહ્યું. અન્ય ચિંતકો જગત 'સત્' છે, 'અસત્ છે', 'નિત્ય છે' કે 'અનિત્ય છે' એવા કોઈ એક પક્ષનો આશ્રય લે છે અને બીજા પક્ષોને ખોટા ઠરાવવા તર્કબળનો ઉપયોગ

૧. °रर्यत – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે; અન્ય પક્ષોને મિથ્યા સાબીત કરવા માટે આક્ષેપોનો ધોધ વરસાવે છે. આ વાદ-વિવાદમાં દ્વેષ-કટુતા-ઈર્ષ્યા-અહંકાર ભળે છે. સામા પક્ષની માન્યતામાં ક્યાં ક્યાં અસંગતિ છે એ શોધી કાઢવાનો ભરચક વ્યાયામ થાય છે. દરેક પક્ષ પાસે અન્ય પક્ષોને તોડી પાડવા માટે યુક્તિ અને આક્ષેપના બાણો છે. આમ કરવા જતાં દરેક પક્ષની નબળી કડીઓ ખુલ્લી થાય છે. સૌ એકબીજાનો છેદ ઉડાડે છે. શ્રી દિવાકરજીના સમયમાં આવા વાગ્યુદ્ધો પૂરબહારમાં હતા, તેઓ પોતે પણ આવા વાગ્યુદ્ધોમાં ભાગ લઈ ચૂકયા હતા.

ભગવાન મહાવીરે 'વિરોધી લાગતા ધર્મો એકજ પદાર્થમાં એક સાથે વિદ્યમાન હોઈ શકે છે' એ સિદ્ધાંત સ્થાપિત કર્યો; આથી કોઈ પણ પક્ષને 'ખોટો' કહેવાની આવશ્યકતા જ તેમને રહી નહિ. ભગવાનની દૃષ્ટિમાં દરેક મત 'સાચો' છે. માત્ર તેનો સંદર્ભ (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) શોધી કાઢવાની જરૂર હોય છે. તત્ત્વવિચારના ક્ષેત્રે પ્રવર્તતા ક્લુષિત વાદવિવાદના અખાડામાં અનેકાંતદૃષ્ટા મહાવીર પ્રતિસ્પર્ધી તરીકે કયારેય ઊતરતા નથી, તેઓ મધ્યસ્થ નિર્ણાયકની ભૂમિકા ભજવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬

## રાગ-દ્વેષને પીસી નાખનારું યંત્ર

न रागनिर्भर्त्सनयन्त्रमीदृशं,
त्वदन्यदृग्भिश्चलितं विगाहितम्।
यथेयमन्तःकरणोपयुक्तता
बहिश्च चित्रं कलिलासनं तपः।। (१.२४)

***અંતઃકરણમાં અખંડ જાગૃતિ અને બહાર કઠિન આસન આદિ વિવિધ પ્રકારનું તપ : રાગને કચડી નાખતું આવું યંત્ર તમારા સિવાય અન્ય કોઈએ ચલાવ્યું જાણ્યું નથી.***

રાગ અને દ્વેષ બંધનનું કારણ છે અને તેનાથી મુક્તિ મેળવવી એ જ મોક્ષનો માર્ગ છે – આ વાતમાં લગભગ બધાં ધર્મદર્શનો એકમત હોવા છતાં, આ લક્ષ્યને આંબવા માટેના માર્ગો અંગે અકલ્પ્ય વૈવિધ્ય પ્રવર્તે છે. દેહદમનના વિચિત્ર પ્રયોગો, પ્રભુકૃપા પ્રાપ્ત કરવાના આશયથી થતી વિવિધ ઉપાસનાઓ, યોગની ગહન પ્રક્રિયાઓ, તત્ત્વચિંતન અને તીક્ષ્ણ બૌદ્ધિક વ્યાયામો, ધ્યાનની વિભિન્ન ટેકનીકો – આવું તો કેટલુંય અધ્યાત્મક્ષેત્રે આવિષ્કાર પામ્યું છે. આ બધાં માર્ગોને બે વિભાગમાં વહેંચી શકાય. એક, શારીરિક-માનસિક દમન અને સંયમને પ્રમુખતા આપતા માર્ગો; બે, ચિત્તવૃત્તિઓ અને માનસિક ક્રિયા પર ભાર મૂકનારા માર્ગો.

ભગવાન મહાવીરે સાડા બાર વરસ સુધી સાધના કરી તેમાં 'કાયોત્સર્ગ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામની સાધનાપ્રક્રિયા તેમણે પ્રયોજી હતી. આ પ્રક્રિયા માત્ર શારીરિક કષ્ટ, દમન કે શુદ્ધીકરણ માટેની નથી, એમાં આંતરિક ક્રિયા 'શુદ્ધોપયોગ' એટલે કે પ્રતિક્ષણ જાગૃતિનું અનુસંધાન સામેલ છે. ભગવાને માત્ર કાયા કે માત્ર ચિત્ત પર જ કામ નથી કર્યું. ગોદોહિકા, ખડ્ગાસન, પદ્માસન વગેરે આસનોમાં સ્થિત ભગવાનને જોઈ ઉગ્ર કાયાકષ્ટનો કોઈને પણ ખ્યાલ આવે, પરંતુ સાધના માત્ર એટલી જ નથી. ચિત્તમાં અનવરત જાગૃતિ, સાક્ષિત્વ અને 'શુદ્ધ ઉપયોગ'નો આંતરિક પુરુષાર્થ પણ એટલો જ તીવ્ર રૂપે પ્રવર્તતો હતો. આ જાગૃતિ જ ચૈતસિક અશુદ્ધિઓને ગાળી નાખે છે.

ભગવાને પ્રયોજેલી આ સંતુલિત સાંધનાનો દિવાકરજીએ અહીં 'રાગ-દ્વેષ ને નિર્મૂળ કરનારા એક અદ્ભુત યંત્ર' તરીકે મહિમા કર્યો છે. ભગવાન મહાવીરની સાધનાના ભીતરી તાણા-વાણા દિવાકરજી સામે સ્પષ્ટ હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭

## વૈરાગ્યજનિત સુખ જ સાચું સુખ છે

विरागहेतुप्रभवं न चेत्सुखं,
न नाम तत्किंचिदिति स्थिता वयम्।
स चेन्निमित्तं स्फुटमेव नास्ति तत्,
त्वदन्यतः स त्वयि येन केवलः।। (१.२५)

***જે સુખ વિરાગમાંથી ઉદ્ભવેલું ન હોય તે કોઈ કામનું નથી, એમ અમારું માનવું છે. હે પ્રભુ! તમારા સિવાય અન્ય કોઈ સુખી નથી, કારણ કે પૂર્ણ વિરાગ તો તમારામાં જ છે.***

"જેની પાસે ઘણું બધું છે તે સુખી નથી, પરંતુ જે ઘણી ઓછી વસ્તુઓથી ચલાવી શકે છે તે સુખી છે"–ભોગજન્ય સુખ માટે પણ સુજ્ઞજનો આવું કહેતા હોય તો "જેને કશું જોઈતું જ નથી તે સુખી છે" એવી જે સુખની વ્યાખ્યા આત્મજ્ઞાનીઓ આપે છે તે બિલકુલ સુસંગત બની રહે છે. કશુંક જોઈએ છે, કશુંક ગમે છે એ રાગભાવ છે; કંઈક નથી ગમતું–નથી જોઈતું એ દ્વેષભાવ છે. રાગ હોય ત્યાં દ્વેષ હોય જ. રાગ અને દ્વેષ છે ત્યાં દુઃખ પણ છે જ, કારણ કે પરિસ્થિતિ સંતોષજનક નથી. કશુંક ખૂટે છે, કશુંક ખૂંચે છે. રાગ યા દ્વેષને સ્થાને સુંદર–અસુંદર વસ્તુઓ પ્રત્યે ચિત્તમાં એક તટસ્થ વલણ જન્મે એને વિરાગ કહે છે. આવા વિરાગમાંથી ઉદ્ભવ્યું ન હોય એવા સુખને 'સુખ' ગણવા દિવાકરજી તૈયાર નથી. વૈરાગ્યમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મનારા સુખની વાત કરીએ તો શ્રી સિદ્ધસેન કહે છે કે એવું સુખ વીતરાગ મહાવીર પાસે જ પૂરેપૂરું હોઈ શકે. કારણ સ્પષ્ટ છે : ભગવાન મહાવીરમાં વિરાગ પૂર્ણરૂપે પ્રગટ્યો છે.

અધ્યાત્મ જગતના અનેક સત્યોને સ્તુતિકાવ્યમાં, તાર્કિક રૂપ આપીને રજૂ કરવા એ શ્રી દિવાકરજીની ચિંતનશૈલીનું મુખ્ય લક્ષણ છે. શ્રી સિદ્ધસેન તર્કને કાવ્યનું રૂપ આપે છે અને કાવ્યને તર્કબદ્ધ કરે છે. આવી ક્ષમતા વિરલ વ્યક્તિઓમાં જ હોઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮

## જ્ઞાન અને ક્રિયા

क्रियां च संज्ञानवियोगनिष्फलां,
क्रियाविहीनां च विबोधसम्पदम् ।
निरस्यता क्लेशसमूहशान्तये,
त्वया शिवायालिखितेव पद्धतिः ।। (१.२६)

***જ્ઞાન વિનાની ક્રિયાને અને ક્રિયા વિનાના પ્રચુર જ્ઞાનને નિરર્થક ઠેરવતા એવા તમે ક્લેશના શમન માટેની એક કલ્યાણકારી કેડી કંડારી આપી છે.***

કોઈપણ ક્ષેત્રે કોઈ પણ પરિણામ હસ્તગત કરવા માટે ઘણું બધું કામ કરવું પડે છે, પણ એ કામ કરતાં પહેલાં એ કાર્ય કે પરિણામ અંગે ઘણું બધું જાણી લેવું પડે છે. દરેક કાર્યનાં બે પાસાં છે : જ્ઞાન અને ક્રિયા, theory અને practice. સંગીત વિશે પુષ્કળ ગ્રંથો છે, એ વાંચી કે ગોખી લેવા માત્રથી સંગીતકાર થઈ શકાય નહિ, ગાવાની તાલીમ અનિવાર્ય છે. નિયમો અને તેનો અમલ – બંને અલગ વસ્તુ છે. આ વાત ધર્મક્ષેત્રે એટલી જ બલ્કે એથી ઘણી વધારે લાગુ પડે છે. પરંતુ આ તથ્ય વિષે ધાર્મિક વર્તુળોમાં જોઈએ એટલી સભાનતા ઘણી વાર નથી હોતી. કેટલાક લોકો તત્ત્વવિચાર કે શાબ્દિક રટણમાં જ ઈતિશ્રી માનતા હોય છે તો બીજા કેટલાક ઢગલાબંધ વિધિઓ અને નિયમોના ચુસ્ત પાલનમાં જ વ્યસ્ત રહેતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. દરેક ધર્મસંપ્રદાયમાં આવી સ્થિતિ જોવા મળશે.

ભગવાન મહાવીરે કહ્યું : "हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया" - ક્રિયા (આચરણ) વિનાનું જ્ઞાન નિષ્ફળ છે અને જ્ઞાન (સમજણ) વિનાની ક્રિયા વ્યર્થ છે. બંને પાસાં પર એકસરખો ભાર મૂકીને ભગવાને આત્મવિકાસના યાત્રિકને માટે એક સલામત કેડી જાણે કંડારી આપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯

## જિનવાણીરૂપી મહાસાગરના બિંદુઓ

सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु,
स्फुरन्ति याः काश्चन सूक्तसंपदः ।
तवैव ताः पूर्वमहार्णवोत्थिता:,
जगत्प्रमाणं जिन ! वाक्यविप्रुषः ।। (१.३०)

***અમારું આ દૃઢ માનવું છે કે અન્ય દર્શનોની ચર્ચા અને યુક્તિઓમાં જે કેટલીક સુસંગત–સુંદર વાતો છે તે તમારા જ સાગર સમા આગમોમાંથી ઊડેલા થોડાં બિન્દુઓ છે જે જગતના વ્યવહાર માટે દિશાદર્શક અને પ્રમાણભૂત બન્યાં છે.***

શ્રી સિદ્ધસેન દિવાકર જાણે છે કે ભગવાન મહાવીર સિવાયના વિચારકો-ચિંતકોના કથનોમાં પણ તથ્યાત્મક અંશો છે જ, એ ચિંતકોના વિધાનો વ્યવહારની કસોટીએ ખરાં પણ ઊતરે છે, જગતને માર્ગદર્શક પણ બને છે. કોઈપણ પ્રામાણિક પુરુષે સ્વીકારવી પડે એવી આ વાત છે. શ્રી દિવાકરજી આ અંગે એમ કહેવા માગે છે કે વ્યવહારની કે વાસ્તવિકતાની કસોટી પર ખરી નિવડેલી કોઈ પણ વાત એ ભગવાન મહાવીરની જ છે. પ્રભુની પ્રવચનધારામાંથી ઊડેલાં એ થોડાંક બિંદુ છે, જે અન્ય પાત્રોમાં ઝીલાયાં છે.

દિવાકરજી ભલે સ્તુતિ ભગવાન મહાવીરને ઉદ્દેશીને કરી રહ્યા હોય, એમના મનમાં મહાવીર કે એમની પૂર્વેના તીર્થંકરો વચ્ચે કોઈ ભેદ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરની અગાઉથી ચાલ્યું આવતું જ્ઞાન 'પૂર્વ' તરીકે ઓળખાતા આગમોમાં સંગૃહીત હતું. એમાંની અથવા એમાં ન હોય એવી વાતો બીજે ક્યાંક સંઘરાઈ કે સચવાઈ હોય એમ બને. સત્ય ક્યાંય પણ હોય, તે વીતરાગની જ વાણી છે, એ મહાવીરની જ વાણી છે – એવો ઉદાર આશય જૈન પરંપરામાં પ્રથમથી સેવાતો આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦

## પ્રભુદર્શનથી ક્લેશનો સમૂળ નાશ

अप्येव नाम दहनक्षतमूलजाला,
लक्ष्मीकटाक्षसुभगास्तरवः पुनः स्युः।
न त्वेव नाथ! जननक्लममूलपादा–
स्त्वद्दर्शनानलहताः पुनरुद्भवन्ति।। (२.५)

***અગ્નિ વડે જેમનાં મૂળિયાં બળી ગયાં છે એવા વૃક્ષો કુદરતના કૃપાકટાક્ષ વડે કદાચ ફરી નવપલ્લવિત થાય એમ બને, પરંતુ જન્મ–મરણના ક્લેશરૂપી વૃક્ષો તમારા દર્શનરૂપી અગ્નિથી બળી ગયા પછી ફરી કદાપિ ઊગી શકતા નથી.***

દાવાનળમાં બળી ગયેલા વૃક્ષો ફરીથી પહેલાં કરતાં પણ વધુ સારી રીતે ફૂલે–ફાલે છે, કારણ કે એ વૃક્ષોના મૂળ બચી ગયાં હોય છે. મૂળિયાં પણ બળી ગયાં હોય એવું વૃક્ષ સામાન્ય રીતે ફરી ઊગતું નથી. કોઈ અકળ કારણે એવું વૃક્ષ પણ કદાચ ફરી ઊગી જાય એવું બને. પરંતુ, શ્રી સિદ્ધસેન કહે છે, પ્રભુનાં દર્શનથી ભવભ્રમણરૂપી દુઃખનું વૃક્ષ એકવાર નાશ પામે છે તો તે ફરીથી ઉદ્‌ભવ પામી શકતું નથી; કેમકે દુઃખના મૂળ જેવા રાગ અને દ્વેષ પ્રભુનાં દર્શન પછી બચતા જ નથી.

સવારે ઊઠીને પ્રભુપ્રતિમાના દર્શન કરવા એ 'દ્રવ્ય દર્શન' છે, બાહ્યદર્શન છે, પ્રભુના પરમ શાંત, પરમ પવિત્ર, પરમ પૂજ્ય સ્વરૂપની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિછાણ થવી એ સાચું દર્શન છે. પ્રભુના વીતરાગ સ્વરૂપ તરફ ભક્તનું લક્ષ્ય જાય અને પ્રભુના આ વાસ્તવિક વ્યક્તિત્વ તરફ અહોભાવ જાગે એ ખરું પ્રભુદર્શન છે અને એ જ આવું પરિણામ લાવી શકે. પ્રભુની મૂર્તિના દર્શનથી પ્રારંભ જરૂર થાય છે. પ્રભુની શાંત મુખમુદ્રા પણ આકર્ષણ કરે છે. પ્રભુની મુખમુદ્રા શાંત-સ્વસ્થ હોવાનું કારણ તો પ્રભુની વીતરાગતા છે એ તથ્ય ધીમે ધીમે દર્શકના હૃદયમાં ઊગે છે. પ્રભુના સમત્વ, નિર્મોહતા, કરુણા, પવિત્રતા જેવા ગુણોનું દર્શન થતાં એ ગુણોની પ્રાપ્તિ માટેનું બીજ રોપાય છે. એમાંથી પુરુષાર્થ પ્રગટે છે અને ક્રમશઃ ભક્તમાં પણ ભગવદીય ગુણો પ્રગટવા લાગે છે. રાગ-દ્વેષનો સમૂલ નાશ આવા 'ભાવદર્શન'થી થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧

## મનુષ્ય પ્રકૃતિ : કાં પ્રેમ, કાં દ્વેષ

मां प्रत्यसौ न मनुजप्रकृतिर्जनोऽभूत्,
शंके च नातिगुणदोषविनिश्चयज्ञः ।
यस्त्वां जिन ! त्रिभुवनातिशयं समीक्ष्य,
नोन्मादमाप न मदर्ज्वरमुन्ममाथ ।। (२.६)

***હે જિન! ત્રણ લોકમાં જુદી તરી આવે એવી વિશિષ્ટ પ્રતિભા ધરાવનારા એવા તમને જોયા પછી જે માણસ અકળાય નહિ અથવા જેના અભિમાનનો જ્વર ઊતરી જાય નહિ તે માણસ મને મનુષ્ય-પ્રકૃતિનો નથી લાગતો; એ માનવી ગુણ-દોષનો નિશ્ચય કરી શકે એવી બુદ્ધિ વિનાનો જ હોવો જોઈએ.***

માનવ સ્વભાવમાં વીરપૂજા કે ગુણપૂજાની વૃત્તિ પડી છે. સામાન્ય કક્ષાનો માનવી પરાક્રમ કે બળથી અંજાય છે. બૌદ્ધિક રીતે આગળ વધેલો માનવી ગુણથી પ્રભાવિત થાય છે. નૈતિક કે બૌદ્ધિક રીતે વ્યક્તિનો પૂરતો વિકાસ ન થયો હોય તો આનાથી ઊલટું પણ બને. એવી વ્યક્તિ બળવાન અથવા ગુણવાન પ્રત્યે અહોભાવ અનુભવવાને બદલે ઈર્ષ્યા કે સ્પર્ધાનો અભિગમ અપનાવે છે.

ભગવાન મહાવીર જેવી વિશિષ્ટ – અન્ય મનુષ્યોથી બધી રીતે અલગ

૧. °र्जिनो °- મુદ્રિત પાઠ. ૨. भव °- મુદ્રિત પાઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરી આવતી - વ્યક્તિને જોયા-જાણ્યા પછી પૂજાનો ભાવ જાગવો સહજ છે. ભગવાનના તપ, ત્યાગ, કરુણા, સમત્વ, સહનશીલતા વગેરે ગુણોનો વિચાર કરતાં મન-મસ્તક સહેજે તેમના ચરણોમાં ઝૂકે. કોઈ ઈર્ષ્યા કે અહંકારના કારણે અવળો પ્રત્યાઘાત પણ આપે - અકળાય, ધિક્કારે, દૂર ભાગે. આ બંને પ્રત્યાઘાત માનવસહજ છે. શ્રી સિદ્ધસેન કહે છે કે જે માણસ આમાંનો એકેય પ્રતિભાવ દર્શાવી શકતો નથી તેને કેવો ગણવો ? એ કાં તો બુદ્ધિહીન પશુ જેવો હશે કાં તો વિવેકશક્તિ વગરનો મૂર્ખ!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨

## પ્રભુનું ધર્મકૌશલ્ય

सद्धर्मबीजवपनानघकौशलस्य,
यल्लोकबान्धव! तवापि खिलान्यभूवन्।
तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु,
सूर्यांशवो मधुकरीचरणावदाताः।। (२.१३)

***સદ્ધર્મનાં બીજ વાવવાનું શ્રેષ્ઠ કૌશલ્ય ધરાવતા હોવા છતાં હે પ્રભુ ! તમને પણ ઊખર ભૂમિ જેવા કેટલાક લોકો મળ્યા તેમાં કોઈ નવાઈની વાત નથી. જગતમાં જે પક્ષીઓ અંધકારમાં જ રહેનારા છે તેમને સૂર્યનાં કિરણો ભમરાના પગ જેવા 'ઊજળાં' લાગે એ સ્વાભાવિક છે.***

"જગતના જીવો નાહકના દુ:ખી થઈ રહ્યા છે. સાચી શાંતિ પામી શકે એવો માર્ગ છે છતાં અજ્ઞાનવશ દુ:ખના માર્ગે જઈ રહ્યા છે. હું એમના માટે કંઈક કરું - હું એમને સમજાવું" — આવી લોકકલ્યાણની ભાવનામાંથી તીર્થંકરપદ પ્રાપ્ત થાય છે. એ પદની સાથે લોકગુરુ બનવા માટેનું ઉચ્ચ અભિવ્યક્તિકૌશલ્ય પણ એવી વ્યક્તિઓને સાંપડતું હોય છે. લોકોના હૃદયમાં ધર્મનાં બીજ વાવવાની નિપુણતા અને તે માટેનો સહૃદય પ્રયાસ હોવા છતાં તીર્થંકરો પણ પ્રત્યેક વ્યક્તિને ધર્મમાર્ગે વાળી શકતા નથી.

ભગવાન મહાવીર લોકબંધુ બનીને જનતાને શાંતિનો-મુક્તિનો માર્ગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રબોધતા રહ્યા, તે છતાં તેમની નિકટની કેટલીક વ્યક્તિઓ તેમના ઉપદેશને સ્વીકારી શકી નહિ. આજીવક ગોશાલક, ભગવાનના પોતાના પુત્રી-જમાઈ વગેરેના વિરોધી વિચારો જાણીતા છે. બીજા પણ એ રીતે વિરોધ નહિ તો ઉપેક્ષા કરતા જ હશે. શ્રી સિદ્ધસેન કહે છે કે એમાં કંઈ આશ્ચર્ય નથી. વસ્તુની પરખ કરવા માટેની ક્ષમતા બધામાં હોતી નથી, તેથી કંઈ ઉત્તમ વસ્તુ ઉત્તમ મટી જતી નથી. ઘૂવડ, ચામાચીડિયા જેવા નિશાચર પક્ષીઓને સૂર્યના કિરણો ભમરાના પગ જેવા 'ઊજળાં' જ લાગે ! પ્રકાશને ઝીલી શકે એવી આંખો જ જેમની પાસે નથી, તેઓને માટે પ્રકાશ જેવી વસ્તુ જ જગતમાં નથી રહેતી. પરંતુ તેથી સૂર્યની નિષ્ફળતા સિદ્ધ થતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૩

### પ્રભુની પ્રસન્ન-પ્રશાંત મુદ્રા

तिष्ठन्तु तावदतिसूक्ष्मगभीरगाधाः,
संसारसंस्थितिभिदस्तव वाक्यमुद्राः।
पर्याप्तमेकमुपपत्तिसचेतनस्य,
रागार्चिषं[1] शमयितुं तव रूपमेव।। (२.१५)

***અતિ સૂક્ષ્મ, અતિ ગંભીર તથા ભવભ્રમણનો અંત આણનારી તમારી વાણી તો બાજુએ રહો, તમારું માત્ર રૂપ જ સુજ્ઞજનના અંતરની રાગ–દ્વેષની જ્વાળાઓને શાંત કરવા માટે પૂરતું છે.***

શ્રી સિદ્ધસેન દિવાકર વાદિવિજેતા એવા સમર્થ પંડિત છે, પણ તેઓ વાદવિવાદની વ્યર્થતા સમજી ચૂકયા છે. તર્કો અને યુક્તિઓ દ્વારા સામાવાળાની બોલતી બંધ કરી શકાય છે પણ તેના હૃદયને ભાગ્યેજ જીતી શકાય છે. દિવાકરજી ભગવાન મહાવીરના તત્ત્વદર્શનના પ્રખર જ્ઞાતા અને વ્યાખ્યાતા છે પણ મહાવીરના કથનની શ્રેષ્ઠતા દર્શાવવા તેઓ તર્કનો બહુ આશ્રય લેતા નથી. તેઓ માનવહૃદયની ઊર્ધ્વગામી સંવેદનશીલ ચેતનાને જ સંબોધીને વાત કરે છે, હૃદયની ભાષામાં વાત કરે છે.

ભગવાન મહાવીરનો તત્ત્વબોધ સૂક્ષ્મ છે, ગંભીર છે. સંસારભ્રમણના હેતુભૂત કેટલીક ભ્રાંતિઓને તે સમૂળ નષ્ટ કરી શકે છે, પરંતુ એ માટે

---

૧. °रागार्चिषः - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાનના ઉપદેશોનું અવગાહન કરી તેના મર્મ સુધી પહોંચવું પડે. એને સમય લાગે છે, ત્યાં સુધી શું વ્યક્તિ ખાલી જ રહી જાય છે ? ના. દિવાકરજી કહે છે કે ભગવાનની શાંત-પ્રશાંત મુખમુદ્રાના દર્શન થાય છે ત્યારથી જ જીવાત્માની અંદર ભભૂકતી રહેલી રાગ-દ્વેષની જ્વાળાઓ શમવા માંડે છે. ભગવાનની વચનમુદ્રાના રહસ્યને પકડતાં સમય લાગી શકે છે, પણ પ્રભુની પ્રસન્ન મુખમુદ્રાનું રહસ્ય પામવું સુજ્ઞજન માટે દુષ્કર નથી. શાણી અને સંવેદનશીલ વ્યક્તિ બહુ જલ્દી સમજી જશે કે આવી સહજ-સ્વસ્થ મુખમુદ્રા તન-મનની ગાંઠો ઓગળ્યા વિના કોઈ ધારણ કરી શકે નહિ.

દિવાકરજીએ શાણી વ્યક્તિ માટે **'उपपत्ति सचेतन'** એવો શબ્દ વાપર્યો છે. આ શબ્દ અર્થસભર છે. કાર્યકારણને સમજી શકે, અમુક વાત જગતના સામાન્ય નિયમોને સુસંગત છે કે નહિ તે સમજી શકે એવી વ્યક્તિ-વ્યવહારુ ડહાપણવાળો 'સમજુ માણસ' — એવો આનો અર્થ કરી શકાય. આવો કોઠાડાહ્યો માણસ ભગવાનની શાંતરસનિમગ્ન મુખમુદ્રાનું રહસ્ય તરત સમજી જશે અને સ્વયં પણ શાંત થવા લાગશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪

## પાપ અને પુણ્ય

पापं न वाञ्छति जनो न च वेत्ति पापं,
पुण्योन्मुखश्च न च पुण्यपथः प्रतीतः।
निःसंशयं स्फुटहिताहितनिर्णयस्तु,
त्वं पापवत्सुगत! पुण्यमपि व्यधाक्षीः।। (२.१६)

***લોકોને પાપ જોઈતું નથી, પણ પાપ કોને કહેવાય તે બરાબર જાણતા નથી, પુણ્ય માટે લોકો ઉત્સુક છે પણ પુણ્યનો માર્ગ ક્યો તેની સમજ નથી. હે સુગત! તમે હિત–અહિતના વિષયમાં સ્પષ્ટ નિર્ણય ધરાવો છો, પાપની જેમ જ પુણ્યનું પણ નિઃશંકરૂપે નિરૂપણ તમે કર્યું છે.***

પુણ્ય અને પાપનું જોડકું દિવસ–રાતના જોડકાની જેમ સૃષ્ટિ સાથે સંકળાયેલું છે. ગમે તેટલી પછાત કે અવિકસિત જાતિઓમાં પણ પુણ્ય–પાપના ખ્યાલો પ્રવર્તતા હોય છે. કેટલાંક વિચારકો કહે છે કે માણસ મૂળભૂત રીતે 'ખરાબ' છે, જ્યારે ધર્મશાસ્ત્રો કહે છે કે માણસ જ નહિ, બધાં જીવાત્માઓ મૂળભૂત રીતે 'સારા' છે. એનો પુરાવો એ છે કે એકંદરે માનવીને સારાં કામ ગમે છે, અને તે ખોટું કરતાં લજાય છે. પોતા પ્રત્યે કોઈ સદ્‌વર્તન કરે તો તે સૌને ગમે છે અને દુષ્ટમાં દુષ્ટ માણસ પણ તેના તરફ કોઈ ખરાબ વર્તન કરે તે સહન કરી શકતો નથી. દુષ્ટને પણ ગમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તો સારું જ !

ભગવાન મહાવીરે કહ્યું કે કોઈપણ જીવને દુભાવવો એ પાપ છે. માત્ર શારીરિક ઈજા પહોંચાડવાથી જ નહિ, બીજી ઘણી રીતે અન્ય જીવોને દુઃખ પહોંચાડી શકાય છે, વળી માત્ર સીધી રીતે જ નહિ, આડકતરી રીતે પણ અન્યને હાનિ પહોંચતી હોય છે. દુષ્કર્મ આપણે કરીએ તો જ 'પાપ' લાગે એવું નથી, અન્ય પાસે કરાવીએ અથવા કોઈ કરતું હોય તેને ટેકો આપીએ કે તેને સારું ગણીએ તે પણ 'પાપ' છે. આમ એક 'પાપ' નવ પ્રકારે થઈ શકે છે, એવું જ સત્કર્મ વિશે. કેટલાંક દેખીતા સત્કર્મ પણ આવા જ કારણે દુષ્કર્મ ઠરે છે અને દેખીતા 'દુષ્કર્મ' પણ સત્કર્મ હોઈ શકે છે. પુણ્ય–પાપના સંબંધમાં માત્ર શારીરિક–વાચિક ક્રિયા જ નહિ, કર્તાનો માનસિક આશય નિર્ણાયક બને છે.

ભગવાન મહાવીરે પુણ્ય–પાપનો વિષય બહુ વિશદ રીતે સમજાવ્યો, એટલું જ નહિ, સંપૂર્ણ નિષ્પાપ જીવન કઈ રીતે જીવી શકાય તેની પણ સમજ આપી. ગૃહસ્થ અને સાધુની ભૂમિકાઓ બહુ સ્પષ્ટ કરી આપી. ગૃહસ્થ પાપોનું પરિમાણ કરે છે, સાધુ પાપોનો ત્યાગ કરે છે. દરેકની સ્થિતિ અનુસાર પાછા અપવાદો પણ હોય છે. આમ, ભગવાન મહાવીર પુણ્ય–પાપ વિશે બહુ સ્પષ્ટ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૫

## પ્રભુનો માર્ગ પ્રલોભનરહિત છે

सत्कारलाभपरिपक्ति[1]शठैर्वचोभि–,
दुःखद्विषं जनमनुप्रविशन्ति तीर्थ्याः।
लोकप्रपञ्चविपरीतमधीरदुर्गं,
श्रेयःपथं त्वमविदूरसुखं चकर्ष।। (२.२०)

***સામાન્ય રીતે લોકોને દુઃખ નથી ગમતું. વિભિન્ન મતપંથના પુરસ્કર્તાઓ સત્કાર અને લાભના પ્રલોભન આપનારી ચાલાકી ભરેલી વાતોથી એમના મનમાં સ્થાન મેળવે છે. જગતની આ રીતથી ઊલટું, તમે શ્રેયનો એવો માર્ગ કંડારી આપ્યો કે જે અધીરા લોકોને ભલે કઠણ લાગે પણ બહુ જલદીથી સુખની નિકટ લઈ જનારો છે.***

દિવાકરજી અહીં એક કટુ સત્ય ઉચ્ચારી રહ્યા છે. તેઓ કહે છે કે કેટલાક લોકોએ ધર્મને વ્યવસાયનું રૂપ આપ્યું છે, રોજી-રોટીનું સાધન બનાવ્યું છે. ભલા-ભોળા લોકો આને 'નિંદા'માં ખપાવશે, પણ કોઈ સમજદાર વ્યક્તિ આ તથ્યને નકારી શકશે નહિ.

જગતમાં ભાતભાતના દુઃખો છે. માણસને દુઃખ પ્રિય નથી, અને મળતાં હોય તો દુનિયાભરનાં બધાં જ સુખ એને જોઈએ છે. માનવીની આ નબળાઈનો લાભ હોંશિયાર લોકો લીધા વિના ન જ રહે. ધર્મક્ષેત્રે પોતપોતાની

૧. °*परिपंक्ति*° – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હાટડી' માંડી બેઠેલા તથાકથિત ગુરુઓ/જ્ઞાનીઓ/સિદ્ધપુરુષો મનોકામના પૂર્ણ કરી આપવાના દાવા કરે છે. અને દોરા-તાવીજ-હોમ હવન-પૂજાપાઠના બદલામાં લોકો પાસેથી નાણાં અને બીજું ઘણું પડાવે છે. એથીય ઊંડા સ્તરે ગૂઢ આધ્યાત્મિક અનુભવો અને સિદ્ધિઓનાં પ્રલોભનો આપીને નવા-સવા સાધકોને માયાવી સૃષ્ટિમાં ભટકતા પણ કરી મૂકે છે.

ભગવાન મહાવીરે લોકોને મનગમતી-મીઠી મીઠી વાતો ન કરી. એમણે તો કહ્યું - ''अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य''-"આપણે સ્વયં આપણા દુઃખ કે સુખના કર્તા કે વિકર્તા છીએ." ભગવાન આવું કઠોર સત્ય કહી શકયા, કેમ કે લોકોને રાજી રાખવાની તેમને કશી જ જરૂર ન હતી. માનવી આ સત્ય સ્વીકારે તો જલદી સુખી થાય એમાં શક નથી. દુઃખથી છૂટવા માટે કોઈનીય કૃપાની જરૂર નથી, દુઃખનાં કારણોથી આપણે દૂર રહેવાની જરૂર છે એમ ચોખ્ખા શબ્દોમાં કહીને ભગવાને સુખી થવાનો માર્ગ મોકળો કરી આપ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬

## પ્રવૃત્તિ અને નિવૃત્તિ

प्रवृत्त्यपनयक्षतं जगदशान्तजन्मव्यथं,
विरामलघुलक्षणं त्वमकरोस्तदन्तःक्षणं ।
जनानुमुखचाटवस्तरुणसत्कृतप्रातिभाः,
प्रवृत्तिपरमार्थमेव परमार्थमाहुः परे ।। (३.७)

***પ્રવૃત્તિ વિશેના ખોટા ખ્યાલોથી જગતને ઘણી હાનિ થઈ છે. પ્રવૃત્તિના માર્ગે ચાલવાથી જીવોની જન્મ–મરણની વ્યથાઓ ઓછી થતી નથી. હે પ્રભુ! તમે લોકોને વિરામનો–નિવૃત્તિનો માર્ગ આપ્યો. લોકોને પસંદ પડે તેવી વાતોનો ઉપદેશ કરનારા પ્રવૃત્તિને જ પરમાર્થરૂપ કહે છે અને કાચી બુદ્ધિના લોકો દ્વારા તેમની પ્રતિભાની પ્રશંસા થાય છે.***

જગતમાં વ્યથા અને અશાંતિ છે અને નવાઈની વાત એ છે કે મોટા ભાગની વ્યથા-અશાંતિ, શાંતિ અને સુખ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવ્યા હોય છે! જીવજંતુથી માંડી મનુષ્ય સુધીના જીવો સુખ-શાંતિ પામવા કાજે પ્રવૃત્તિમાં પડેલા જોવાય છે, તેમની એ પ્રવૃત્તિ રાગ–દ્વેષ–અજ્ઞાનથી દૂષિત હોવાથી નવાં બંધનો સર્જે છે. જન્મ-મરણરૂપ આ સંસાર 'પ્રવૃત્તિ'ને આભારી છે. ભગવાન મહાવીરે 'વિરતિ'નો માર્ગ ચીંધ્યો. વિરતિ એ નિવૃત્તિ છે. ભગવાને ઉપદેશેલી ધર્મસાધનામાં 'સંવર' કેન્દ્રસ્થાને છે. સંવર એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાંકવું–બંધ કરવું. એ પરમ નિવૃત્તિની સ્થિતિ છે. પ્રવૃત્તિમાં જોડાવું એટલે સ્વની સાથે અન્યને સાંકળવું, પોતાની જાતને ખુલ્લી કરવી. નિવૃત્તિ એટલે સ્વમાં સમાઈ જવું, પાછા ફરવું. ભગવાનનો માર્ગ પ્રતિક્રમણનો છે. જ્યાં હૃદયમાં નિવૃત્તિનો ભાવ આવ્યો કે તે જ ક્ષણે શાંતિ છવાય છે.

શ્રી સિદ્ધસેને પ્રવૃત્તિ–નિવૃત્તિ વિશે કરેલું આ નિરીક્ષણ આજે પણ યથાતથ ખરું છે. આજે તો પ્રવૃત્તિવાદ વકર્યો છે. આજે માણસ સતત વ્યસ્ત રહેવા લાગ્યો છે. અતિ પ્રવૃત્તિનાં માઠાં પરિણામ દેખાવા લાગ્યા છે અને સુજ્ઞજનો 'પાછા વળો'ની વાત કરી રહ્યા છે. ભગવાનની વાત સાંસારિક ક્ષેત્રે પણ અજંપો અને અશાંતિથી બચવા માટે કામની છે.

આધ્યાત્મિક ક્ષેત્રે વિચારીએ તો નવાસવા સાધક–મુમુક્ષુને એમ લાગે છે કે મુક્તિ માટે કેટલું બધુ મથવું પડશે! તે જાતજાતના અનુષ્ઠાનો–પ્રયોગો–પ્રક્રિયાઓમાં અટવાય છે. મુક્તિ પ્રવૃત્તિથી નહિ, 'નિવૃત્તિ'થી મળે છે એ તથ્ય પકડાતાં સમય લાગે છે. મુમુક્ષુની અજ્ઞાનતા અને અધીરાઈનો લાભ તથાકથિત ગુરુઓ લેતા રહે છે. ચિત્રવિચિત્ર અને ઢગલાબંધ પ્રક્રિયાઓનો ખડકલો કરીને ચતુર ગુરુઓ કાચા અને નવા સાધકને આંજી નાખે છે. વસ્તુતઃ મુક્તિ અર્થે 'કરવાનું' બહુ નથી, 'ન કરવાનું' – સંવર અને નિવૃત્તિમાં રહેવાનું વધારે છે. દિવાકરજીએ એક વરવી વાસ્તવિકતાની અહીં નોંધ કરી છે. 'કાચી સમજવાળા' લોકોના અજ્ઞાનનો હોંશિયાર 'ગુરુઓ' ફાયદો ઉઠાવે છે. આધ્યાત્મિક ક્ષેત્રે જે થોડું ઘણું કરવાનું છે તે 'વિરામ'ની સ્થિતિ લગી પહોંચવા માટે જ કરવાનું છે. 'પૂર્ણ વિરામ' અવસ્થા જ પૂર્ણ શાંતિ આપી શકે. ભગવાને 'સર્વવિરતિ'ને જ મોક્ષનો ઉપાય કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૭

## ઉત્પત્તિ અને વિલય

न कश्चिदपि जायते न च परत्वमापद्यते,
प्रतिक्षणनिरोधजन्मनियताश्च सर्वाः प्रजाः।
य एव च समुद्भवः स विलयः प्रतिस्वं च तौ,
तवापरमिदं मनःस्वनलसैर्निखातं वचः।। (३.१०)

***કંઈ ઉત્પન્ન થતું નથી, એકમાંથી બીજા રૂપે પરિવર્તિત થતું નથી. જે કંઈ ઉત્પન્ન થાય છે તે બીજી ક્ષણે નાશ પામે છે ને ફરી ઉત્પન્ન થાય છે. ઉત્પત્તિ એ જ વિલય છે અને તે પ્રત્યેક પદાર્થને હોય છે. તમારું આ વિલક્ષણ પ્રતિપાદન વિચારશીલ જનોના મનમાં તો સારી રીતે બેસી ગયું છે.***

શ્રી સિદ્ધસેન જેટલા દાર્શનિક છે એટલા જ કવિ છે. તેઓ તત્ત્વજ્ઞાનની વાત કરે છે તે પણ કાવ્યનું રૂપ લઈ લે છે. તેમનું કવિત્વ અકૃત્રિમ છે. દાર્શનિક વિષયને એમણે આ શ્લોકમાં ચમત્કૃતિભર્યા કાવ્યમાં ગૂંથ્યો છે.

કંઈ જ ઉત્પન્ન થતું નથી, પરંતુ ઉત્પત્તિ તો દેખાય છે, તો એક પદાર્થ બીજા પદાર્થરૂપે પરિવર્તિત થતો હશે. એને ઉત્પત્તિ ગણીશું. તો કહે – ના, એવું પરિવર્તન થતું જ નથી. ઉત્પત્તિ નથી તો નાશ પણ નહિ હોય ? ના, ઉત્પત્તિ, પછી નાશ, ફરી પાછી ઉત્પત્તિ – એ તો નક્કી જ છે. અરે, ઉત્પત્તિ એ જ વિલય છે ! પ્રત્યેક પદાર્થને ઉત્પત્તિ-વિનાશ તો વળગેલા જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાજમાંથી ખોરાક, ખોરાકમાંથી મળ, મળમાંથી ખાતર, ખાતરમાંથી ફરી અનાજમાં થતું પરિવર્તન એ ઉત્પત્તિ-વિનાશની ઘટમાળનું આપણું પરિચિત ઉદાહરણ છે. આમાં જેને નાશ કહીએ છીએ તે પોતે હકીકતમાં નવા રૂપે ઉત્પત્તિ છે.

અટપટી લાગતી આ વાતો અનેકાંતવાદીને જરાય અટપટી લાગતી નથી. ભગવાન મહાવીરે વિરોધાભાસોના ઉકેલ માટે અનેકાંત દૃષ્ટિની ચાવી આપી છે. શ્રી દિવાકરજીએ અહીં દેખીતા વિરોધાભાસી વિધાનો સામસામા મૂકીને વાચકને ચમકાવી અનેકાંતવાદ-સ્યાદ્વાદની ઉપસ્થિતિને ઇંગિતથી સૂચવી છે. વ્યંજનાનો અહીં સુંદર પ્રયોગ થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮

## મુક્તિનો માર્ગ

न दुःखसुखकल्पनामलिनमानसः सिध्यति,
न चागमसदादरो न च पदार्थभक्तीश्वरः ।
न शून्यघटितस्मृतिर्न शयनोदरस्थोऽपि वा[1],
यथात्थ न ततः परं हितपरीक्षकैर्मन्यते ।। (३.२०)

***સુખ–દુઃખના વિકલ્પોથી ક્લુષિત ચિત્તવાળો મુક્તિ ન મેળવી શકે. આગમશાસ્ત્ર પર અતિ આદર રાખવાથી પણ મુક્તિ મળતી નથી. પદાર્થોના ભેદ–પ્રભેદોને સારી રીતે જાણી લેવાથી પણ મુક્તિ મળતી નથી. પોતાની સ્મૃતિને શૂન્યમાં સ્થાપિત કરવાથી પણ મોક્ષ નથી. આ બધી ઝંઝટ છોડી પથારીમાં પડયા રહેવાથી પણ મુક્તિ મળી શકતી નથી. હે પ્રભુ! તમે જે ઉપાય કહ્યો છે તે સિવાય બીજા કોઈ ઉપાયે મુક્તિ મળી શકે નહિ એ વાત હિતપરીક્ષક માનવીઓને બરાબર સમજાય છે.***

મોક્ષના ઉપાય તરીકે જાણીતાં કેટલાંક સાધનોનો અહીં સંક્ષેપમાં ઉલ્લેખ થયો છે. 'સંસાર દુઃખમય છે, મોક્ષ એ જ સાચું સુખ છે'–આ પ્રકારનું ચિંતન કર્યા કરવાથી મોક્ષ નથી મળતો. આગમો–શાસ્ત્રો પર શ્રદ્ધા અને તેના પાઠ કર્યા કરવાથી મોક્ષ નથી થતો. પદાર્થોના ભેદ – પ્રભેદોની

૧. °સ્થો ન વા – મુદ્રિત પાઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણકારી અર્થાત્ તત્ત્વજ્ઞાનમાં નિપુણતા મેળવી લેવાથી પણ મુક્તિ નથી મળતી. આ બધું છોડી પરમ 'શૂન્ય'માં ચિત્તને પરોવી લેવાથી પણ મોક્ષ નહિ મળે. અથવા બધાં જ સાધન છોડી ખાઈ-પીને આનંદથી પલંગ પર પડી રહેવાથી પણ મોક્ષ થતો નથી.

જુદી જુદી વિચારધારાઓમાં ઉપર જણાવ્યા તેવા આચરણને મોક્ષના સાધન તરીકે અનુસરવામાં આવે છે. મુક્તિના માર્ગે આ બધું છેક જ નિરુપયોગી છે એમ નથી. "ખાઈ-પીને પથારીમાં પોઢવું"-એ એકને છોડીને બીજાં સર્વ સાધનોનો મુમુક્ષુને ખપ પડે જ છે, પરંતુ આમાંના કોઈ એકજ અંગને મુક્તિનું કારણ માની લેવાય તો તે ભૂલ લેખાશે. ભગવાને મોક્ષના ઉપાય તરીકે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેયનો સંતુલિત વિકાસ સાધવાનું કહ્યું. શ્રી સિદ્ધસેન કહે છે કે હિત-અહિત સમજી શકનારા સુજ્ઞજનોને આ વાત બરાબર સમજાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯

## ભગવાનની અદ્ભુત કથનશૈલી

त्वमेव परमास्तिकः परमशून्यवादी भवान्,
त्वमुज्ज्वलविनिर्णयोऽप्यवचनीयवादः पुनः।
परस्परविरुद्धतत्त्वसमयश्च सुश्लिष्टवाक्,
त्वमेव भगवन्नकंप्यसुनयो यथा कस्तथा?।। (३.२१)

***પ્રભુ ! તમે જ ખરા આસ્તિક છો અને તમે જ ખરા શૂન્યવાદી છો. તમે સ્પષ્ટ નિર્ણય સુધી પહોંચેલા છો અને "કશું નિશ્ચિત કહી શકાય એમ નથી" એમ કહેનારા પણ તમે છો. તમારા સિદ્ધાંતો પરસ્પર વિરોધી તત્ત્વોથી ભરેલાં છે. છતાં તમારું વચન અત્યંત સુસંગત છે. હે પ્રભુ ! તમારી કથનશૈલી અકાટ્ય છે. એવી કથનશૈલી બીજા કોની છે ?***

તત્ત્વવિચારના ક્ષેત્રે પ્રાચીન દર્શનો અને આધુનિક ફિલ્સૂફીઓમાં સામસામા છેડાના વિચારો જોવા મળે. કોઈ ઈશ્વરવાદી છે તો કોઈ નિરીશ્વરવાદી છે. કોઈ અસ્તિત્વવાદી છે તો કોઈ શૂન્યવાદી છે. કોઈ કર્મવાદને સ્વીકારે છે તો કોઈ નિયતિવાદને. કોઈ અજ્ઞેયવાદી છે તો કોઈ ભૌતિકવાદી.

દરેક પક્ષ અન્ય પક્ષોનું ખંડન કરે છે. ટીકાત્મક દૃષ્ટિએ જોતાં પ્રત્યેક પક્ષે વિસંગતિઓ મળી આવે. એ રીતે વિચારીએ તો દરેક પક્ષનો સામસામો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેદ ઊડી જાય છે.

શ્રી સિદ્ધસેન કહે છે કે પરસ્પર વિરોધી લાગતાં વિધાનો પણ ભગવાનની દૃષ્ટિએ સંગત બને છે. અસ્તિત્વવાદ અને શૂન્યવાદ બેયને ભગવાનના માર્ગમાં સ્થાન છે. છતાં તેમનું કથન અનિર્ણય કે અસંગતિનો શિકાર બનતું નથી. આ ચમત્કાર અનેકાંતવાદ અને સ્યાદ્વાદનો છે. દિવાકરજી સાચું જ કહે છે કે ભગવાનના શાસનને કોઈ પડકારી શકે નહિ, કેમ કે તેમાં દરેક દૃષ્ટિકોણને સ્થાન મળ્યું છે.

શ્રી સિદ્ધસેને આ વિષય સંમતિતર્ક નામના તેમના ગ્રંથમાં ઊંડાણથી ચર્ચ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૦

## સિંહનાદ

क्रिया भवति कस्यचिन्न च विनिष्पतत्याश्रयात्,
स्वयं च गतिमान् व्रजत्यथ च हेतुमाकांक्षते ।
गुणोऽपि गुणवच्छ्रितो न च तदन्तरं विद्यते,
त्वयैष भजनोर्ज्जितः सुगत[1] ! सिंहनादः कृतः।। (३.२६)

***ક્રિયાનો કોઈક કર્તા હોય છે પણ ક્રિયા તેના આશ્રયથી છૂટી પડેલી ક્યારેય જોવામાં આવતી નથી. પદાર્થ સ્વયં ગતિ કરે છે પણ તે માટે તેને કારણની હમેશાં જરૂર પડે છે. ગુણ હમેશાં દ્રવ્યને આશ્રયે હોય છે છતાં ગુણ અને દ્રવ્ય વચ્ચે ભેદ નથી. હે પ્રભુ ! વસ્તુતત્ત્વના વિચાર પ્રસંગે તમે વિકલ્પોથી ઊભરાતો આવો સિંહનાદ કર્યો હતો.***

વસ્તુ અનેકધર્મી છે. દેખીતી રીતે વિરુદ્ધ ભાસતા ગુણો એક જ પદાર્થમાં સંભવી શકે છે. અનેકાંતવાદનું આ જ કેન્દ્રબિંદુ છે. વિવિધ દર્શનોના ભારપૂર્વક રજૂ થતા ચોક્કસ નિશ્ચિત સ્વરૂપના વિધાનો વચ્ચે આવા 'અનિશ્ચિત' વિધાનો કરવાનું સાહસ અનેકાંતવાદી જ કરી શકે. ભગવાન મહાવીરે જાણે સિંહનાદ કરીને અનેકાંતવાદનું સ્થાપન કર્યું. અનેકાંતવાદથી નિષ્પન્ન થતી કેટલીક ચોંકાવનારી વાતો શ્રી સિદ્ધસેન અહીં રજૂ કરે છે.

'ક્રિયા' અને તેનો 'કર્તા' બંને એક જ છે કે જુદાં ? 'ક્રિયાનો કર્તા'

---

૧. सुगद - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ કહીએ છીએ તેમાં બંને જુદી વસ્તુ સૂચિત થાય છે પણ 'ક્રિયા' નામનો પદાર્થ તેના આશ્રયથી એટલે કે કર્તાથી છૂટો-સ્વતંત્ર-અલગ કદી જોવામાં આવતો નથી!

કોઈપણ પદાર્થ 'ગતિ' કરે છે તે ગતિ તેને સ્વાધીન છે કે પરાધીન છે ? દેખીતી રીતે પદાર્થ પોતે જ ગતિમાન જણાય છે પણ દરેક જાતની ગતિને બાહ્ય કારણની જરૂર હમેશાં પડે છે. આમ ગતિ કરે છે એક, તેનું કારણ બને છે બીજું કંઈક.

ગુણો હમેશાં કોઈને કોઈ દ્રવ્યને આશ્રયે-દ્રવ્યમાં ઉપલબ્ધ થાય છે, દ્રવ્ય અને ગુણ એમ બે પદાર્થ પ્રતીત થાય છે ખરા, પણ એ બંનેને એકબીજાથી અલગ પડેલા કદી જોઈ શકાતા નથી.

'ક્રિયા' કર્તાથી અલગ છે અને નથી, 'ગતિ' સ્વાધીન છે અને નથી. ગુણ અને ગુણી જુદા છે અને નથી – આવી 'ભજના' એટલે કે વૈકલ્પિક વિધાનો અનેકાંતવાદ માટે સહજ અને અનિવાર્ય છે. પદાર્થનું વૈવિધ્યભર્યું સ્વરૂપ અનેકાંતવાદ દ્વારા જ સારી રીતે વ્યક્ત કરી શકાય એમ ભગવાન મહાવીરે પ્રતિપાદન કર્યું એ એક રીતે સિંહનાદ કર્યો ગણાય. સામાન્ય રીતે ભારપૂર્વક કરાતા ચોક્કસ વિધાનો દ્વારા જ પોતાની વાત સૌ કોઈ રજૂ કરતા હોય છે, જ્યારે અનેકાંતવાદનાં વિધાનો લચીલાં/વૈકલ્પિક હોય છે, જે પ્રથમ દૃષ્ટિએ 'અનિશ્ચિતપણા'ની છાપ ઉપસાવે છે. ભગવાન મહાવીરે 'અનિશ્ચિતતા'નો આક્ષેપ વહોરવાની તૈયારી રાખીને પણ અનેકાંત પક્ષ લીધો. તેમાં તેમનો આત્મવિશ્વાસ છતો થાય છે. વસ્તુતઃ અનેકાંતનો અર્થ 'અનિશ્ચિત' નથી થતો, અન્ય તમામ શકયતાઓ-સંભાવનાઓનો સ્વીકાર એમાં સૂચવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧

## કર્મોનું કુટિલ સ્વરૂપ

न मोहमतिवृत्त्य बन्ध उदितस्त्वया कर्मणां,
न चैकमपि बन्धनं प्रकृतिबन्धभावो महान्।
अनादिभवहेतुरेष न च बध्यते नासकृत्,
त्वयातिकुटिला गतिः कुशल ! कर्मणां दर्शिता।। (३.२६)

***મોહ ઉપરાંત કર્મોનું કોઈ બંધન તમે કહ્યું નથી, વળી તમે એમ પણ કહ્યું કે કર્મબંધ એક જ પ્રકારનો નથી, કર્મોના ભેદ વિસ્તૃત છે; ભવભ્રમણનો હેતુ એવો આ કર્મબંધ અનાદિ છે પણ તે ફરી ફરી નથી બંધાતો એમ પણ નથી. તત્ત્વપ્રતિપાદનમાં કુશળ એવા હે પ્રભુ! તમે કર્મોની ગતિને આવી અટપટી જણાવી છે.***

વ્યક્તિનાં ઈચ્છા કે પ્રયત્ન એક જાતનાં હોય અને પરિણામ કંઈક જુદી જ જાતનું આવે, ઈચ્છા ન હોવા છતાં અમુક કાર્ય કરવા બાધ્ય થવું પડે, સામાન્ય કાર્યકારણના નિયમોની વિરુદ્ધ પરિણામ આવે એવું બન્યા જ કરતું હોય છે. આપણે કોઈ અદૃશ્ય બંધનથી નિયંત્રિત હોઈએ એવું ઘણીવાર અનુભવીએ છીએ. આ બંધન શું છે એ પ્રશ્નનો જવાબ વિવિધ ધર્મ-દર્શનો વિવિધ રીતે આપે છે. ઈશ્વરની ઈચ્છા, શેતાનની માયા, નિયતિ, પ્રકૃતિ, કર્મ, સંયોગો વગેરે આ પ્રશ્નના જાણીતા ઉત્તરો છે. કર્મના નિયમને ઓછાવત્તા અંશે દરેક પરંપરા સ્વીકારે છે. ભગવાન મહાવીરે કર્મની વાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભારપૂર્વક અને ઝીણવટથી કરી છે.

ભગવાન મહાવીરના કર્મસિદ્ધાંતની કેટલીક વિશેષતાઓ શ્રી દિવાકરજી તેમની આગવી શૈલીમાં વર્ણવે છે. મોહનાં બંધન સિવાય બીજું કોઈ બંધન જ નથી એમ ભગવાને પ્રબોધ્યું. વળી કર્મોની આઠ મૂળ પ્રકૃતિ અને તેની પાછી ઉત્તરપ્રકૃતિઓ (પેટા વિભાગો) પણ તેમણે જણાવ્યા. આમ કેમ ? એનું સમાધાન એ છે કે મોહકર્મના કારણે જ બાકીના કર્મોનું ઉપાર્જન થાય તે માટે ખરું બંધન મોહનું જ છે, અજ્ઞાનનું છે.

કર્મનું બંધન જીવાત્માને સહુથી પ્રથમ ક્યારે વળગ્યું ? ભગવાને કહ્યું કે તે અનાદિ છે. બીજી તરફ કર્મો બંધાય છે ને છૂટે છે એમ પણ કહ્યું. આનો અર્થ એ કે કર્મોનો પ્રવાહ અનાદિ છે, એક જ કર્મ સદાને માટે રહેતું નથી. સાંકળની કડીઓની જેમ કર્મો શૃંખલાબદ્ધ હોય છે, આ સાંકળને તોડી શકાય છે. કર્મોનો પ્રવાહ અનાદિ છે, પણ તેનો અંત આવી શકે છે એમ પણ પ્રભુએ કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૨

### *પ્રભુ સિવાય બીજે ક્યાંય મન નહિ ઠરે*

यदि वा कुशलोच्चलं मनो,
यदि वा दुःखनिपातकातरम्।
न भवन्तमतीत्य रंस्यते,
गुणभक्तो हि न वञ्च्यते जनः।। (४.२)

***સ્વનું કલ્યાણ સાધવાને આતુર હોય એવું અથવા તો દુઃખથી પીડિત હોય એવું કોઈ પણ હૃદય હે પ્રભુ ! તમારા સિવાય બીજે કયાંય જઈને ઠરવાનું નથી. જે વ્યક્તિ ગુણથી આકર્ષાતો હોય તે કદી ઠગાતો નથી.***

માનવી પોતાનાથી વધુ ઉચ્ચ કે વધુ સમર્થ પ્રત્યે ખેંચાયા વિના રહેતો નથી. ઉપાસ્ય વ્યક્તિની પસંદગી ભલે વ્યક્તિની પોતાની કક્ષા પ્રમાણે હોય, પરંતુ ઉપાસનાની ભાવના પાછળનું પ્રેરકબળ ક્યું ? શ્રી સિદ્ધસેનની દૃષ્ટિએ ઉપાસક બે જ હેતુથી ઉપાસના માટે તત્પર થતો હોય છે : એક, પોતાનું શ્રેય સાધવાની, આધ્યાત્મિક વિકાસ કરવાની આકાંક્ષા. બે, પોતાના દુઃખથી મુક્ત થવાની, અર્થાત્ બાહ્ય પ્રતિકૂળ પરિસ્થિતિઓમાંથી છૂટકારો પામવાની આકાંક્ષા. આ બેમાંથી જ કોઈ એક આકાંક્ષાનો પ્રેર્યો માનવી કોઈ સમર્થના શરણે જવાનું વિચારે.

શ્રી દિવાકરજી કહે છે કે બેમાંથી ગમે તે જરૂરિયાત ધરાવતો માનવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતે તો મહાવીરના ચરણે પહોંચીને સમાધાન પામવાનો. "કોઈ મને દુ:ખથી છૂટકારો અપાવશે" એવી આશા ઠગારી નીવડે છે, કારણ કે દુ:ખ કર્મજનિત છે અને કર્મ સ્વોપાર્જિત છે. ભગવાનની આ વાત એક દિવસ માનવીને સમજાય છે અને તે દુ:ખમુક્તિનો સાચો માર્ગ પામે છે. એ માર્ગ છે – પાપથી દૂર રહેવું, પુણ્યકર્મોમાં જોડાવું તે.

અને જેના હૃદયમાં આત્મવિકાસની ઝંખના જાગી છે તેવી વ્યક્તિ પણ ભગવાનની પાસે પહોંચીને સમાધાન પામશે. પરિપૂર્ણ વિકસિત ચેતના કેવી અડોલ, કેવી પવિત્ર અને કેવી આનંદઘન હોય છે તેની ઝાંખી મહાવીરમાં તેને જોવા મળશે. ઈચ્છા માત્ર વિરમી ગઈ હોય એવી વીતરાગતા એ જ તો આત્મવિકાસની પરાકાષ્ઠા છે અને તે મહાવીરમાં સોળે કળાએ ખીલેલી તેને જણાશે.

શ્રી સિદ્ધસેન કહે છે કે જે ખરેખર શ્રેયની શોધમાં હશે તે ઠગાશે નહિ, ભોળવાશે નહિ. જે માત્ર દેખાવ, દલીલ કે દાવાથી દોરવાતો નથી, પણ ગુણનો ચાહક છે તે અસલની શોધ કરતો કરતો અસલ સુધી પહોંચીને જ રહે છે. ક્ષણિક સમાધાનોથી તેને સંતોષ થશે નહિ. વાસ્તવિક દુ:ખમુક્તિ અને વાસ્તવિક શ્રેયપ્રાપ્તિની શોધમાં નીકળેલો મુમુક્ષુ વીતરાગ પ્રભુના ચરણોમાં મોડો વહેલો આવી પહોંચે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૩

## સુખલોભીને પ્રભુ નહિ ગમે

निरवग्रहमुक्तमानसो,
विषयाशाकलुषस्मृतिर्जनः।
त्वयि किं परितोषमेष्यति,
द्विरदः स्तम्भ इवाचिरग्रहः ?।। (૪.૪)

***હે પ્રભુ ! જે કશી પણ મર્યાદામાં ન રહેતાં મુક્તપણે ભટકવાને ટેવાયેલો છે, સુખોપભોગની આશામાં અટવાયેલો રહેવાને કારણે જેની બુદ્ધિ ક્લુષિત રહે છે એવો માણસ, તમને પામીને રાજી કેમ થાય ? તાજો પકડાયેલો હાથી જેમ થાંભલા સાથે બંધાવા રાજી નથી હોતો તેમ એ વ્યક્તિ તમારાથી સંતુષ્ટ નથી થતી.***

ભગવાનની વાતને બધા સમજી કે સ્વીકારી શકે નહિ. ભગવાનની મહાનતાને સમજવા માટે થોડું શિક્ષિત અને સ્વસ્થ ચિત્ત જોઈએ. માનવીનું મન સામાન્ય રીતે ચંચળ અને વ્યાકુળ રહેતું હોય છે. દુન્યવી સુખોને માણવામાં, માણેલ સુખોને વાગોળવામાં, કે પછી ઝૂંટવાઈ ગયેલી કે હજી સુધી ન મળેલી મજાઓના વિચારોમાં જ માણસ રચ્યોપચ્યો-અટવાયેલો રહે છે.

વળી માનવીનું મન એક વિષય પરથી બીજા વિષય પર કૂદકા મારતું રહે છે. કોઈ એક જ વિષય સદાને માટે મનને આનંદ આપી શકતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમે તેટલો સુખદ પદાર્થ કેમ ન હોય, મન બહુ જલદી એનાથી ધરાઈ જતું હોય છે. આવા રખડૂ અને રંગીલા મનને ભગવાન પ્રથમ દૃષ્ટિએ જ ગમી જાય એ શકય નથી. જંગલમાં મોજથી વિચરનારા હાથીને થાંભલે બંધાવું પડે ત્યારે એની જે સ્થિતિ થાય એવી જ સ્થિતિ વિષયાસક્ત મનની થાય– ભગવાનથી એ દૂર ભાગવા ચાહે જ.

વૈષયિક આનંદોની વ્યર્થતા જેને સમજાતી હોય અને તેથી એ સુખો મેળવવાની ઈચ્છાઓમાં જેને ઓટ આવી હોય એવું હૃદય જ ભગવાનનો વિચાર કરી શકે, ભગવાનની મહાનતા પિછાની શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭

## ઈર્ષ્યાનું કારણ

भवमूलहरामशक्नुवन्,
तव विद्यामधिगन्तुमञ्जसा।
भवतेऽयमसूयते जनो,
भिषजे मूर्ख इव ज्वरातुरः[१]।। (४.६)

***ભવભ્રમણના મૂળનો ઉચ્છેદ કરનારી તમારી વિદ્યાને ઝટ સમજી ન શકનારી આ દુનિયા, તાવથી પીડાતો મૂર્ખ માણસ વૈદ્ય ઉપર ચીડાય એમ, તમારી ઉપર રોષે ભરાય છે.***

માતા બાળકને કશુંક મનગમતું કરવાની ના પાડે અને બાળક માતા પર ગુસ્સે થાય. કોઈ પાગલને મનગમતી રીતે વર્તવા ન દેવાય અને પાગલ ક્રોધે ભરાય. ચિકિત્સક દર્દીને અમુક વસ્તુની મનાઈ ફરમાવે અને દર્દી ચિકિત્સક પર રોષે ભરાય. એજ રીતે કેટલાક લોકો ભગવાનની વાતોથી પણ અકળાય છે. બાળક, પાગલ, દર્દી અને પ્રભુનો વિરોધી–આ ચારેયમાં એક સમાન લક્ષણ છે : સામા માણસની હિતકારી વાત સમજવાની અશક્તિ.

ભગવાન કરુણાશીલ છે, તેઓ સૌનું કલ્યાણ વાંછે છે. લોકોનું તાત્કાલિક દુઃખ દૂર થાય એટલી જ એમની ભાવના નથી, ભવિષ્યના દુઃખોથી પણ એમને મુક્તિ મળે એવી ભગવાનની ઊંડી કામના છે. દુઃખના

---

૧. *इवेश्वरातुरः* – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ જ ન રહે એવું એમને કરવું છે. દુઃખના મૂળિયાં વ્યક્તિના લોભ, મોહ, અજ્ઞાન, આસક્તિમાં રહેલાં છે. એને દૂર કરે એવી ધર્મવિદ્યા તેઓ જનતાને પ્રેમથી આપે છે પણ બધાને તેમની વાત સમજાતી નથી. પ્રત્યક્ષ જણાતા સુખો વિશે લોકોનો ખ્યાલ બહુ ઊંચો હોય છે, અને ભગવાન જાણે તેમનું આ સુખ ઝૂંટવી લેતા હોય એવું તેમને લાગે છે. ભગવાન સુખોથી દૂર રહેવાનો અનુરોધ કરે છે તેથી, નાદાન બાળકની જેમ અથવા અણસમજૂ દર્દીની જેમ સુખપ્રિય લોકોને ભગવાન પર રોષ આવે એ સહજ છે. ભગવાનના બોધ અને અનુરોધ પર ઊકળી ઊઠવાનું કારણ લોકોના મનમાં અજ્ઞાત સ્તરે પડેલી સુખપ્રિયતામાં પડ્યું છે. દિવાકરજીનું આ નિરીક્ષણ માનવમનની ઊંડી સમજ દર્શાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૫

## ગુરુઓના પણ ગુરુ

न सदःसु वदन्नशिक्षितो,
लभते वक्तृविशेषगौरवम् ।
अनुपास्य गुरुं त्वया पुन–
र्जगदाचार्यकमेव निर्जितम् ।। (૪.૭)

***અશિક્ષિત વ્યક્તિ સભામાં બોલવા જાય તો તે વક્તા તરીકેનું ગૌરવ પામતો નથી. પરંતુ હે પ્રભુ ! તમે તો કોઈ પણ ગુરુની ઉપાસના કર્યા વગર જગતના આચાર્ય સમુદાયને જીતી લીધો !***

ભગવાન મહાવીરનું જીવન સુવિદિત છે. ત્રીસ વર્ષની વયે તેમણે ગૃહત્યાગ કર્યો. સાડા બાર વરસ જેટલો તેમનો સાધનાકાળ હતો. બેંતાલીશમા વર્ષે તેમણે કૈવલ્ય અવસ્થા પ્રાપ્ત કરી. ત્યારપછી ત્રીસ વરસ સુધી જગતને તત્ત્વ અને ધર્મનો બોધ આપતા રહ્યા — લોકગુરુ, ત્રિલોકગુરુ બની રહ્યા.

ઉલ્લેખ એવા મળે છે કે બાળક વર્ધમાનને પાઠશાળામાં દાખલ કર્યાના પહેલાં જ દિવસે ઘરે પાછા તેડી જવાયા હતા. તેમણે કોઈને 'ગુરુ' કર્યા ન હતા - કોઈની પાસેથી કંઈ પણ માર્ગદર્શન લીધું નથી. આમ કોઈ 'ગુરુ' - આચાર્યની ઉપાસના કર્યા વગર આ વ્યક્તિ આચાર્યોના પણ આચાર્ય બને છે એ ઘટના અસાધારણ ગણાય. ઉચ્ચ શિક્ષણ ન લીધું હોય એવો માણસ દિગ્ગજ પંડિતોની સભામાં શું બોલે ? અને બોલે તો કેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાસ્યાસ્પદ લાગે ? પરંતુ મહાવીર જેવા એક 'અશિક્ષિત' વ્યક્તિના પ્રથમ પરિચયે જ ઇંદ્રભૂતિ ગૌતમ જેવા ધુરંધર વિદ્વાનોએ તેમના ચરણોમાં જીવન અર્પણ કર્યું ! કેવો જાદુ હશે એ વ્યક્તિની વાણીમાં ? ઇંદ્રભૂતિની આંખોએ વર્ધમાન મહાવીરના વ્યક્તિત્વનું આ અસાધારણ પાસું જોઈ લીધું ને તેથી જ તેઓ ભગવાન પર વારી ગયા.

અતિ નિકટતા અહોભાવને બાધક બને છે. કોઈની પણ પાસેથી જેમણે 'શિક્ષણ' લીધું નથી એવા મહાવીર જે અધિકારપૂર્વક બોલ્યા છે તેમાં ભગવાનના વ્યક્તિત્વની એક આશ્ચર્યકારક રેખા સમાઈ છે. આ રેખા આપણી નજરે ચડતી નથી, આશ્ચર્ય જગાવતી નથી. વિદ્વાન અને કવિહૃદયી દિવાકરજી એ જુએ છે અને મુગ્ધ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬

## ભગવાનના બોધનો વિરોધ અશક્ય છે

यदि येन सुखेन रज्यते,
कुरुते रक्तमनाश्च यत्स्वयम् ।
प्रविचिन्त्य जनस्तदाचरेत्,
प्रतिघातेन रमेत कस्त्वयि ? ।। (૪.૧૧)

***પોતે કઈ બાબતે પ્રસન્નતા અનુભવે છે અને પ્રસન્ન હોય ત્યારે પોતે શું કરતો હોય છે – એટલું વિચારનાર અને તે પ્રમાણે આચરણ કરનાર વ્યક્તિ તમારો વિરોધ કરવાને ઉત્સાહિત કેવી રીતે થાય ?***

ભગવાન મહાવીરનું એક જાણીતું વચન છે : "तुमं चेव तंसि जं हंतव्वं ति मन्नसि" – "તું જેને હણવા ઈચ્છે છે તે તું જ છે." આપણે જેને હાનિ પહોંચાડવા ઈચ્છીએ છીએ તે આપણા જેવા જ છે. જીવમાત્ર સમાન છે. આપણાં સુખ-દુઃખ મહત્ત્વનાં, તો બીજાનાં કેમ નહિ ?

ભગવાનનું બીજું એક વચન : "તું જેવો વ્યવહાર તારા પ્રત્યે ઈચ્છે છે તેવો જ બીજાઓ માટે પણ ઈચ્છ; જેવો વ્યવહાર તારા પ્રત્યે થાય એવું તું નથી ઈચ્છતો, એવો વ્યવહાર તું બીજા પ્રત્યે ન કર."

"સૌ સમાન છીએ" એ ભાવનામાંથી મૈત્રી અને કરુણા, વિશ્વવાત્સલ્ય અને ભ્રાતૃભાવ, અનુકંપા અને સેવાના ઉમદા વ્યવહારો ફલિત થાય છે.

કોઈ મારા તરફ સ્મિત રેલાવે તો મને ગમે છે, અને હું પણ જ્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસન્ન હોઉં છું ત્યારે અન્યો તરફ સ્મિત રેલાવતો હોઉં છું. સ્નેહ સૌને પસંદ છે. જુઠાબોલા માણસને પણ એનો દીકરો એની આગળ ખોટું બોલી જાય તે ગમતું નથી ! એવું જ સદાચાર, સેવા, ઉદારતા, શાંતિ અને ક્ષમા જેવા વ્યવહારોનું છે. આ તથ્ય સમજી શકનાર અને તેના પ્રયોગ કરનાર વ્યક્તિનો ભગવાન મહાવીર પ્રત્યેનો રોષ ખરી પડશે, કારણ કે ભગવાન આ જ તો પ્રબોધી રહ્યા છે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭

### સંશય અને ગર્વ દૂર કરનારી પ્રભુની વાણી

**यदि नाम जिगीषयापि ते,**
**निपतेयुर्वचनेषु वादिनः।**
**चिरसंगतमन्यसंशयं,**
**क्षिणुयुर्मानमनर्थसंचयम्।। (४.१४)**

***હે પ્રભુ ! તમને હરાવવાના આશયથી પણ તમારા વિરોધીઓ જો તમારા વચનોમાં ઊંડા ઊતરે તો ઘણાં વખતથી તેમના મનમાં રહેલો સંશય અને અનર્થકારી એવો તેમનો ગર્વ – બંને વિદાય લઈ જાય.***

શ્રી સિદ્ધસેનનો યુગ વાદવિવાદનો યુગ હતો. તેઓ પોતે એક સમર્થ વાદી-વાદકુશળ પંડિત હતા. છતાં તેઓ વાદની નહિ, સંવાદની તરફેણ કરનારા હતા. ભગવાન મહાવીરની વાત લોકો સમજે-સ્વીકારે એવી તેમની ઊંડી ઈચ્છાનું પ્રતિબિંબ આ શ્લોકમાં ઝીલાયું છે.

સંવાદને આડે આવનારું એક મુખ્ય પરિબળ છે પૂર્વગ્રહનું. દિવાકરજી જાણે છે કે હું સંવાદ કરવા માગતો હોઉં ત્યારે પણ સામો પક્ષ પૂર્વગ્રહનો પ્રેર્યો 'વાદ'માં ઊતરી પડશે. પૂર્વગ્રહ હટે તો સંવાદ થઈ શકે, પણ સંવાદ થયા વિના પૂર્વગ્રહ છૂટે પણ શી રીતે ? આ ગૂંચનો જે એક ઉકેલ તેમને દેખાયો છે તે અહીં વ્યક્ત થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદ–વિવાદમાં સામા પક્ષના મતનું ખંડન કરવા માટે પણ તે પક્ષના સિદ્ધાંતો જાણવા પડે છે. ભગવાન મહાવીરના ધર્મબોધ અને તત્ત્વનિરૂપણમાં બુદ્ધિ અને હૃદયને સ્પર્શે એવાં જ વિધાનો છે. શ્રી સિદ્ધસેનને આશા છે કે વિવિધ મતાનુયાયીઓ હરાવવાના ઈરાદે પણ જો ભગવાનના વચનોનું અવગાહન કરશે તો તેમનો ગર્વ ઉતરશે જ. એટલું જ નહિ, તેમનો સંશય પણ દૂર થશે.

સંશયનો અર્થ વિસ્તૃત છે. ડર, પૂર્વગ્રહ અને શંકા – આ બધું સંશયમાં સમાય છે. કયારેક એવું પણ બનતું હોય છે કે સામી વ્યક્તિનો આશય શો છે તે સ્પષ્ટ ન થાય ત્યાં સુધી તેની દેખીતી સાચી વાતમાં સંમતિ આપતાં આપણે અચકાતા હોઈએ છીએ. ભગવાનના વચનો 'સર્વજનહિતાય' છે એ સમજાઈ જાય તો સ્વીકાર સરળ બને. શ્રી સિદ્ધસેનને ખાતરી છે કે ભગવાનના વચનોનો જરાક ઊંડેથી વિચાર કરનારનો સંશય ટળી જ જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૮

## સર્વ દૃષ્ટિઓ અનેકાંતદૃષ્ટિના સાગરમાં સમાય છે

उदधाविव सर्वसिन्धवः,
समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः।
न च तासु भवानुदीक्ष्यते,
प्रविभक्तासु सरित्स्विवोदधिः ।। (૪.૧૫)

***હે પ્રભુ ! સમુદ્રમાં જેમ બધી નદીઓ ભળી જાય છે તેમ તમારી અંદર જગતની સર્વ દૃષ્ટિઓનો સંગમ થાય છે અને ભિન્ન ભિન્ન વહેતી નદીઓમાં સમુદ્ર દેખાતો નથી, તેમ એ દૃષ્ટિઓ જુદી જુદી હોય ત્યારે તેમાં તમારી ઉપસ્થિતિ જોવામાં આવતી નથી.***

ભગવાન મહાવીરનો અનેકાંતવાદ અને જગતના બીજા અગણિત વાદ/મત વચ્ચેનો સંબંધ એક સામાન્ય અનુભવાધારિત દૃષ્ટાંતથી સ્પષ્ટ કરતો આ શ્લોક જાણીતો છે.

સત્ય એટલું વિશાળ છે કે તે એક નજરમાં સમાઈ જતું નથી. એક જણ જે જુએ છે તે જોકે 'સત્ય' જ છે, પણ તે 'પૂર્ણ' નથી. સત્યનો ઘણો હિસ્સો તેના વ્યાપની બહાર રહી જાય છે. આમ, જગતમાં 'અસત્ય' જેવું જાણે કંઈ છે જ નહિ. આપણે જેને અસત્ય કહીએ છીએ તે આંશિક સત્ય હોય છે, એને સંપૂર્ણ 'સત્ય' ઠેરવવાનો પ્રયાસ અથવા આગ્રહ જ તેને 'અસત્ય' ઠેરવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરનો સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ અન્ય સર્વ દૃષ્ટિઓને યોગ્ય સંદર્ભમાં–ચોક્કસ frame of reference માં મૂકીને સ્વીકારે છે. આમ, પરસ્પર ભિન્ન જણાતાં વિધાનો/ વિચારો અનેકાંતવાદમાં જોવા મળે. આથી જ દિવાકરજી કહે છે કે ભગવાનમાં સર્વ દર્શનો સમાય છે. પરંતુ એ ભિન્ન ભિન્ન દર્શનો તપાસીએ તો તેમાં ભગવાનની હાજરી કળાતી નથી. અમુક એક જ દૃષ્ટિકોણથી ચિંતન કે કથન થતું હોય–અન્ય દૃષ્ટિબિન્દુઓનો ઉલ્લેખ પણ ન હોય તો તે સીમિત વિધાન આંશિક સત્ય જરૂર છે, સમગ્ર સત્ય નથી. આથી જ તે ભગવાનથી–ભગવાનના કથનથી જુદું પડતું જણાય છે.

આમ થવું સ્વાભાવિક છે. નદીમાં માત્ર નદી જ છે, દરિયામાં નદીઓ પણ છે, અને દરિયો પણ છે. ભગવાન મહાવીરના શાસનને–દર્શનને દરિયા સાથે સરખાવી શકાય, જેમાં બધી નદીઓનાં પાણીની ઉપસ્થિતિ છે. નદીમાં દરિયો ભલે ન દેખાય, પણ દરિયામાં નદી છે એ સમજવું અઘરું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૯

### *પ્રભુની વાણી શા માટે સમજાતી નથી ?*

स्वयमेव मनुष्यवृत्तयः,
कथमन्यान् गमयेयुरुन्नतिम् ?।
अनुकूलहृतस्तु बालिशः,
स्खलति त्वय्यसमानचक्षुषि ।। (४.१७)

***જેઓ પોતે માનવસહજ વૃત્તિઓમાં બદ્ધ હોય તેઓ બીજાઓને તેનાથી ઉચ્ચ સ્થિતિ પર કેવી રીતે લઈ જઈ શકે ? તમારું દર્શન અસાધારણ છે. મનગમતી વાતો તરફ તણાઈ જવાના વલણવાળા અણસમજુ માણસને તમારી વાતો સમજવી કઠણ લાગે છે.***

શ્રી સિદ્ધસેન માનવપ્રકૃતિના ઊંડા અભ્યાસી છે. તેમના સમયમાં માનસશાસ્ત્ર એક સ્વતંત્ર વિદ્યાશાખાના રૂપમાં સ્થાપિત થયું ન હતું, પરંતુ શાસ્ત્રકારો અને ઉપદેશકોને માનવસ્વભાવનો અભ્યાસ સ્હેજે કરવો જ પડે. દિવાકરજી માનસશાસ્ત્રીય દૃષ્ટિએ વિચારતા હતા એમ આ બત્રીસીઓના અભ્યાસીને લાગ્યા વિના નહિ રહે.

ધર્મનો અથવા કહો કે અધ્યાત્મનો ઉદ્દેશ જ મનોવિજય સુધી પહોંચવાનો– મનનું અતિક્રમણ કરવાનો છે. ભગવાન મહાવીરે પ્રબોધેલી જીવનચર્યા કે ધર્મચર્યામાં મનની પ્રાથમિક વૃત્તિઓના નિયમન, સંસ્કરણ અને અનુક્રમે અતિક્રમણના સોપાનો સમાયેલાં છે. જે વ્યક્તિ મનોવૃત્તિઓની ગુલામ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને ભગવાનનો પ્રબોધેલો માર્ગ પ્રિય લાગવાની શકયતા જ નથી. ભગવાનની વાતોનો સ્વીકાર કરવો એનો અર્થ મનને જે પ્રિય છે તે છોડવું એવો જ થાય; સામાન્ય માનવીનું મન એ માટે તૈયાર નથી હોતું. આના પ્રત્યાઘાત રૂપે જ એવી વ્યક્તિ ભગવાનના માર્ગ, બોધ અને સિદ્ધાંતોને જ અસત્ય ઠરાવવાની કોશીશ કરવા લાગે છે. જે મતપંથ કે જે વ્યક્તિ એના મનને અનુકૂળ સિદ્ધાંતો અને કાર્યક્રમો પીરસતા હોય તે તરફ જ એ ઢળે છે. અહિંસા કે સંયમના આદેશો એને આકરા લાગે છે.

કેટલાક ચતુર ગુરુઓ માનવમનની આ નબળાઈનો પૂરો ફાયદો ઉઠાવે છે. માનવને પ્રિય એવા આનંદ-ઉપભોગને કોઈ ધાર્મિક / આધ્યાત્મિક રૂપ આપી તેઓ રજૂ કરે છે ને લોકો તેને હોંશે હોંશે અપનાવે છે. આ ગુરુઓ અને તેમના શિષ્યો મનના વર્તુળમાં જ જીવે છે. તેઓ અનુકૂળતાની વૃત્તિના શિકાર બનેલા હોય છે. ભગવાનની વાતો તેમના માટે નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૦

### દુ:ખનો સનાતન પ્રશ્ન

न च दुःखमिदं स्वयं कृतं,
न परैर्नोभयजं न चाकृतम्।
नियतं न न वाक्षरात्मकं,
विदुषामित्युपपादितं त्वया।। (૪.૨૪)

***આ દુ:ખ સ્વયંકૃત નથી, અન્યો દ્વારા ઉત્પન્ન કરાયેલું પણ નથી, પોતે અને બીજા એમ બંને મળીને તેનું નિર્માણ કર્યું છે એમ પણ નથી, કોઈના કર્યા વગર જ તે ઉદ્ભવે છે એમ પણ નથી, તે પૂર્વનિયત નથી તેમ તે નિત્ય પણ નથી. તમે સુજ્ઞજનોને આમ પ્રબોધ્યું હતું.***

જીવજગતનું એક સ્વયંસિદ્ધ અને અનુભવસિદ્ધ સત્ય છે - દુ:ખની હાજરી. દુ:ખ જેવી વસ્તુ જગતમાં છે તે સમજાવવું પડતું નથી. તેથી જ શ્રી સિદ્ધસેન, સન્મુખ રહેલી કોઈ વસ્તુનો ઉલ્લેખ કરતા હોય તેમ, "આ દુ:ખ..." એમ કહીને દુ:ખની ચર્ચા શરૂ કરે છે. દુ:ખ છે એ તો દીવા જેવી વાત છે પણ તે આવ્યું ક્યાંથી ? દુ:ખ જેટલું અનુભવગમ્ય છે એટલો જ આ પ્રશ્નનો ઉત્તર અગમ્ય છે. આ પ્રશ્નના સંભવિત/પ્રચલિત ઉત્તરોને દિવાકરજી એક પછી એક નકારતા જાય છે, અંતે કોઈ સ્પષ્ટ ઉત્તર આપ્યા વિના કહે છે કે "હે પ્રભુ ! સુજ્ઞાજનોને તમે આ સમજાવ્યું."

---

૧. °च न चाक्ष° - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સિદ્ધસેનની લાક્ષણિક શૈલીનો આ નમૂનો છે. ઘણીવાર તેમને જે કહેવું હોય છે તે લક્ષણા-વ્યંજનાથી, અર્થાપત્તિથી કહે છે. આથી જ કાવ્ય નિષ્પન્ન થાય છે. કવિનું કથન પૂરું થાય પણ તેનો નિષ્કર્ષ વાચક-ભાવકના મનમાં ક્ષણવાર રહીને આવે અને તેના ઊર્મિતંત્રને રણઝણાવે ત્યારે જ તો શબ્દોને કાવ્યત્વ સાંપડે છે.

દુઃખ સ્વયં ઉપાર્જિત હોય છે એવો જવાબ સંતોષકારક ન બને. કોઈ જાતે દુઃખી થવાનો વિચાર કે પ્રયત્ન ન કરે. વળી દુઃખના ઉદ્ભવમાં પોતા સિવાય અન્ય વસ્તુ-વ્યક્તિ-સ્થિતિઓ ભાગ ભજવતી સાફ સાફ દેખાય છે.

દુઃખ અન્યકૃત છે એમ ઠરાવવું પણ તર્કસંગત નહિ બને. કોઈની ઈચ્છા પ્રમાણે બીજાઓ સુખી-દુઃખી થયા કરે એ પરિસ્થિતિ નરી અસંબદ્ધ-અન્યાયપૂર્ણ લાગે છે.

પોતે અને બીજા એમ બંને સાથે મળીને દુઃખ માટે જવાબદાર છે એવું માનવા મન લલચાય ખરું, પણ એવી ભાગીદારી શકય નથી.

તો દુઃખ સહજ છે, અકારણ અને અકર્તૃક છે એમ માનવું ? એમ હોય તો આખી વાત અર્થહીન છે.

દુઃખ નિયતિનો જ એક હિસ્સો છે ? પૂર્વનિયત છે ? એમ હોય તો પછી દુઃખ દેનારને દંડ શા માટે થવો જોઈએ ?

છ દ્રવ્યો કે પંચમહાભૂતોની જેમ દુઃખ પણ નિત્ય તત્ત્વ છે અને પથરાની જેમ તે આપણી સાથે ભટકાયા કરે છે એમ માનવું ? પરંતુ પૃથ્વી-જળ-વાયુની જેમ દુઃખ નામના પદાર્થની એ જાતની પ્રાપ્તિ જગતમાં થતી નથી.

'દુઃખ શું છે ?' નો જવાબ આ બધાના સરવાળામાં રહેલો છે. એક-એક વિકલ્પ એકલો લઈએ તો દરેક જવાબ ખોટા છે. ભગવાને કહ્યું કે દુઃખ આ બધાની સહિયારી નીપજ છે. આ અનેકાંતવાદનો જવાબ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૧

## સ્વયંસંબુદ્ધ મહાવીર

असमीक्षितवाङ्महात्मसु,
प्रचयं नैति पुमान् महात्मसु।
असमीक्ष्य च नाम भाषसे,
परमश्चासि गुरुर्महात्मनाम्।। (४.२८)

***વાણીના મહાન સ્વરૂપનું સારી રીતે પરિશીલન જેમણે નથી કર્યું એવા મહાત્માઓ ઉપર સુજ્ઞજનોને આદર થતો નથી. હે પ્રભુ! તમે તો પરિશીલન કર્યા વિના જ બોલો છો છતાં મહાત્માઓના પણ પરમ ગુરુ બની ગયા છો!***

શિક્ષકે અથવા લેખકે પોતાના વિષયનો શાસ્ત્રીય અભ્યાસ સારી રીતે કરી લેવો જોઈએ, એટલું જ નહિ, વક્તવ્ય કે લેખન પૂર્વે પણ પૂરતો વિચાર કરીને પછી લખવું-બોલવું જોઈએ. આગોતરું ચિંતન-મનન ન કર્યું હોય તેવા વિષય પર બોલવા-લખવા જનારી વ્યક્તિ, ગમે તેટલી મોટી કે પ્રખ્યાત હોય તો પણ, શ્રોતા-વાચકના મનમાં શ્રદ્ધા જગાવી શકતી નથી. જગતનો આ એક સ્વાભાવિક ક્રમ કે નિયમ છે. પણ ભગવાન મહાવીરના સંબંધમાં આ વાત બિલકુલ ઊલટી રીતે સાકાર થઈ હતી.

ભગવાન મહાવીરે ન તો શાસ્ત્ર-સાહિત્યનો અભ્યાસ કર્યો હતો કે ન તો ધર્મદેશના આપતી વખતે તેમને વિચાર કરવો પડતો હતો. "વિચાર કર્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના બોલનારા" મહાવીરે અનેક ધુરંધર વિદ્વાનોને માત્ર પ્રભાવિત ન કર્યા, તેમના 'ગુરુ' પણ બની ગયા. મહાવીર એક એવા ગુરુ છે જેમને કોઈ ગુરુ નહોતા.

વિચારવું અને વિચાર કરીને બોલવું એ માનવી માટે એક સદ્‌ગુણ ગણાય, પરંતુ આ જ વાત માનવીની મર્યાદાને પણ છતી કરે છે. એક અર્થમાં 'વિચાર' એ જ્ઞાનની પૂર્ણતાનું નહિ પણ અપૂર્ણતાનું સૂચક લક્ષણ છે. મહાવીરને 'વિચાર' કરવાનો રહેતો ન હતો એમ કહીને શ્રી સિદ્ધસેન મહાવીરની પૂર્ણ જ્ઞાની તરીકેની સ્થિતિ તરફ સંકેત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૨

## ધર્મપ્રણેતા મહાવીર

रविः पयोदोदररुद्धरश्मिः
प्रबुद्धहासैरनुमीयते ज्ञैः।
भवानुदारातिशयप्रवाद[1]–
प्रणेतृवीर्योच्छिखरः प्रयत्नैः।। (५.२४)

***વાદળોથી જેનું તેજ ઢંકાઈ ગયું છે એવા સૂર્યનું અનુમાન જાણકારો ખીલેલાં કમળના આધારે કરી લે છે, પરંતુ હે પ્રભુ! મહાન અને સર્વશ્રેષ્ઠ સિદ્ધાંત સ્થાપન કરનારા એવા તમારો ધર્મપ્રણેતા તરીકેનો પુરુષાર્થ કેવો હતો તેનો ખ્યાલ ઠીક ઠીક પરિશ્રમ પછી જ લોકોને આવી શકે છે.***

પાંચમી બત્રીસીમાં ભગવાન મહાવીરના વ્યક્તિત્વ અને જીવનકાર્ય વિશેનાં શ્રી સિદ્ધસેનનાં અવલોકનો આપણી સામે આવે છે. પ્રખર મેધાવી અને સાથે સાથે નખશિખ સાધુ કક્ષાની વ્યક્તિ અહીં ભગવાનનો પરિચય આપી રહી છે. ભક્તિ-ભાવાવેશ કે રૂઢિ-સંસ્કારના પ્રભાવ હેઠળ પોતે કશું નહિ કહે એવો ખુલાસો તો પ્રથમ બત્રીસીના પ્રારંભે જ તેમણે કર્યો છે. ભગવાન મહાવીર તેમને કેવા લાગ્યા તેની વાત પાંચ પાંચ બત્રીસીઓમાં વિસ્તરી છે. દિવાકરજી ભગવાન મહાવીરથી અભિભૂત છે, પણ સુજ્ઞ વાચક

---

૧. °*प्रवादः, प्रणेतृ* °- મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈ શકશે કે ભગવાનના જીવન અને વિચારોથી તેઓ અભિભૂત છે, નહિ કે તેમના જીવન સાથે ગૂંથાઈ ગયેલા ચમત્કારી પ્રસંગોથી. તેઓ એ ચમત્કારિક વાતોને નકારતા પણ નથી.

ભગવાન મહાવીરના ચારિત્ર્ય અને ધર્મબોધ પર જ દિવાકરજીની નજર છે. ચોત્રીસ અતિશયો, આઠ પ્રતિહાર્યો કે ચોસઠ ઈન્દ્રોના મહોત્સવોનાં વર્ણનોથી તો ભગવાનની ધર્મપ્રણેતા તરીકેની ઓળખ ઊલટાની કઠિન બની ગઈ. આથી જ જાણે આ શ્લોકમાં કહે છે કે ભગવાનની વિશેષતાની પરખ થોડો પરિશ્રમ માગે છે. તીક્ષ્ણ, તટસ્થ અને તેજસ્વી પ્રતિભા જ ભગવાનના 'પ્રવાદ' એટલે કે દર્શનની મહાનતાને પારખી શકે. ઘનઘોર મેઘાડંબર વખતે સૂર્ય ઊગ્યો છે કે નથી ઊગ્યો તે જાણવું મુશ્કેલ થઈ પડે છે, પણ સરોવરમાં કમળ ખીલે તો સૂર્યોદયનું અનુમાન થઈ શકે છે. ભગવાને ધર્મમાર્ગના પ્રવર્તન માટે કેટલું આધ્યાત્મિક-નૈતિક બળ કામે લગાડ્યું હશે તેની કલ્પના એટલી સરળતાથી કોઈને નહિ આવે. ભગવાનના જીવન અને કાર્યનો ઠીક ઠીક ઊંડો વિચાર કર્યા પછી જ ભગવાનની ધર્મશાસનના પ્રણેતા તરીકેની કામગીરીનું મહત્ત્વ અને વૈશિષ્ટ્ય પરખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૩

## પૂરું જાણ્યા વગર બોલવાનો અધિકાર ન મળે

यदशिक्षितपण्डितो जनो,
विदुषामिच्छति वक्तुमग्रतः।
न च तत्क्षणमेव शीर्यते,
जगतः किं प्रभवन्ति देवताः ?।। (६.१)

***પૂરું ભણ્યા વગર જ પંડિત બની બેઠેલા લોકો વિદ્વાનોની સમક્ષ બોલવા ઊભા થાય છે ત્યારે જ તેમના ટૂકડે–ટૂકડા થઈ જતા નથી એ જ નવાઈની વાત છે. જગતના દેવતાઓનું આ જગત પર કંઈ ચાલે છે કે નથી ચાલતું ?***

શ્રી સિદ્ધસેન દિવાકર એટલે એક પ્રખર બૌદ્ધિક, ભિન્નમતના નિર્ભીક પુરસ્કર્તા, બૌદ્ધિક શિસ્તના આગ્રહી, નૂતન વિચારના અગ્રણી અને મૌલિક ચિંતક. તેઓ શાસ્ત્રને પ્રમાણ તરીકે નથી સ્વીકારતા એવું નથી. પોતાનો કોઈ નવો મત/સંપ્રદાય ખડો કરવાની કે માત્ર બૌદ્ધિક વ્યાયામના અખાડામાં વિજેતા બનવાની ગણતરીએ ભિન્નમતનો સૂર કાઢતા હતા એવું પણ નથી. તેઓ શાસ્ત્રનો મહિમા કરે છે, સાથે વસ્તુવિચારમાં બુદ્ધિને એક ઉપકરણ લેખે કામે લગાડવાની હિમાયત પણ કરે છે. વિચારહીન અનુકરણ કે રૂઢિની સર્વોપરિતાનો સ્વીકાર તેમના માટે અસહ્ય છે. તેમના જીવનપ્રસંગો તેમના આવા સ્વતંત્ર મિજાજની સાક્ષી પૂરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠ્ઠી બત્રીસીમાં તેમનો આવો મિજાજ સોળે કળાએ ખીલ્યો છે. આ બત્રીસીમાંના તેમના ઉદ્‌ગારો કોઈને કદાચ ઉગ્ર જણાય પણ આ ઉગ્રતા વ્યક્તિપરક નથી, બૌદ્ધિક શિસ્તના આગ્રહમાંથી જન્મેલી નીતિપરક છે. વિચારવાની જેમની શક્તિ નથી તેવા લોકો વિચારશીલને શીખામણ આપવા જાય એમાં તેમને અંધાધૂંધી લાગે છે. હવે આ વિષયમાં રાજા કે કોટવાલ તો વચ્ચે આવી ન શકે. આ એક લાચારી છે. દિવાકરજીએ આ શ્લોકમાં કટાક્ષ દ્વારા આ લાચારી વ્યક્ત કરી છે. આ વિષયમાં જગતના રક્ષક દેવતાઓનું પણ કંઈ ચાલતું નથી, એટલે જ સૂંઠને ગાંગડે ગાંધી બની બેસનારા ડાહ્યામાં ખપી શકે છે, બડબડાટ કરી શકે છે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૪

## હામાં હા ન કરી શકાય

पुरातनैर्या नियता व्यवस्थिति–
स्तथैव[1] सा किं परिचिन्त्य सेत्स्यति ?।
तथेति वक्तुं मृतरूढगौरवा–,
दहं न जातः प्रथयन्तु विद्विषः।। (६.२)

***પહેલાંના લોકોએ જે વ્યવસ્થા કરી છે તે, ઊંડો વિચાર કરતાં, આજે પણ જેમની તેમ કામ આવશે ખરી ? મૃત અને રૂઢ થઈ ગયેલા લોકોના માન ખાતર હા એ હા કરવા હું જન્મ્યો નથી, વિરોધીઓ વધતા હોય તો ભલે વધે !***

શ્રી સિદ્ધસેન દિવાકર ચીલે ચીલે ચાલનારા નથી. રૂઢિને વશ થવું તેમના માટે મુશ્કેલ છે. રૂઢિભંજક તરીકેનો તેમનો સૂર આ શ્લોકમાં પ્રગટ રીતે ઝીલાયો છે.

પહેલાંનું બધું સારું, આજનું બધું ખોટું—પુરાતનના પ્રેમીઓની વિચારધારા આવો ખ્યાલ લઈને ચાલતી હોય છે. સુધારાવાદીઓ 'પહેલાનું બધું ખોટું, અમે શોધ્યું તે સાચું' એવા ખ્યાલમાં રાચતા હોય છે. દિવાકરજીનો અભિગમ આ બંને કરતા જુદો છે એ વાત છઠ્ઠી બત્રીસીના શ્લોકોના સામટો વિચાર કરવાથી સ્પષ્ટ થાય એમ છે.

---

૧. *स्तत्रैव* – મુદ્રિત પાઠ

F. 7

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલાંના કાળના ધર્મ કે સમાજના અગ્રણીઓએ જે જે વ્યવસ્થા ગોઠવી હશે તે બધી જ ખોટી હશે એમ તેઓ નથી કહેતા. તેમનો પ્રશ્ન છે : એ વ્યવસ્થા આજે પણ જેમની તેમ લાગૂ પડશે ખરી ? અમુક પ્રથાઓ સદીઓ સુધી ચાલતી રહે છે એમાં ના નહિ, પણ એના પ્રારંભનું સ્વરૂપ અને આજનું સ્વરૂપ સમાન રહી શક્યું છે કે બદલી ગયું છે તેનો ખ્યાલ ઊંડા અભ્યાસીને જ આવી શકે. જે આટલું નિરીક્ષણ-પરીક્ષણ કરી શકતો હોય તે દરેક જૂની રૂઢિ પરંપરા-વ્યવસ્થાને શિરોમાન્ય કયાંથી કરી શકે ?

"હું માત્ર પૂર્વજોના ગૌરવ ખાતર હા એ હા કરવાનો નથી"-પુરાણપંથીઓની સામે શ્રી સિદ્ધસેનને જીવનમાં આવી સિંહગર્જના ઘણીવાર કરવાની આવી હશે. એ સમયે એમની મુખમુદ્રા પર કેવા દુર્ઘર્ષ નિશ્ચય અને પડકારની આભા પથરાઈ હશે ? કશું પણ આંખો મીંચીને સ્વીકારી નહિ લેવાની વાત આ છઠ્ઠી બત્રીસીમાં તેમણે ઘૂંટી ઘૂંટીને કરી છે. તેમનું બુદ્ધિવાદી વ્યક્તિત્વ અહીં સોળે કળાએ જાણે ખીલ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૫

## પુરાતનનાં પ્રેમમાં જડ ન બનવું જોઈએ

बहुप्रकाराः स्थितयः परस्परं,
विरोधरूक्षाः कथमाशु निश्चयः ?।
विशेषसिद्धा त्वियमेव[1] नेति वा,
पुरातनप्रेमजलस्य युज्यते ।। (६.४)

***વ્યવસ્થાઓ અનેક પ્રકારની છે અને તે આપસમાં મેળ ન ખાય તેવી પણ છે, ત્યારે તેમની યોગ્યાયોગ્યતાનો નિશ્ચય એકદમ શી રીતે થઈ શકે? "આ જ પરંપરા સાચી અને આ ખોટી" એવું ઉતાવળે કહી દેવું તે તો પુરાતનના પ્રેમમાં જડ બની ગયા હોય તેમને શોભે.***

અમુક રીત-રિવાજ-રૂઢિ બહુ જૂના વખતથી ચાલ્યા આવે છે એટલે તે બરોબર જ હોય એવો અભિગમ જડ કહેવાય. સમીક્ષા-તુલના-તપાસ કર્યા બાદ સુસંગત લાગતી વાતનો સ્વીકાર થાય તો તે અભિગમ સ્વસ્થ અને જીવંત ગણાય.

ધર્મક્ષેત્રમાં કે સામાજિક-રાજકીય વગેરે અન્ય ક્ષેત્રોમાં જાત-જાતની રૂઢિ-વ્યવસ્થા-માન્યતાઓ આપણને જોવા મળે. કેટલીક એકબીજાથી તદ્દન ઊલટા પ્રકારની-સામસામા છેડાની પણ હોય. બંને જૂની પણ હોય. ઈતિહાસમાં ગયા વગર એકને સાચી, બીજીને ખોટી કહી દેવાની હિંમત તો

१. °*सिद्धानियमेव* - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારહીન વ્યક્તિ જ કરી શકે.

જુદા જુદા સમયે, સ્થળ-કાળની જરૂરિયાત મુજબ, જુદી જુદી વ્યવસ્થાઓ અમલમાં આવે છે. સમય બદલી જાય છે. કોઈ શાણી વ્યક્તિ નવી વ્યવસ્થા સૂચવે છે. જેને એક વર્ગ સ્વીકારે છે, બીજો પહેલાંની ચાલી આવતી વ્યવસ્થાને વળગી રહે છે. અથવા એક જ કાળે, સ્થળભેદે જુદી જુદી વ્યવસ્થાઓ આકાર લે છે. કાળક્રમે એ બધી પ્રાચીનની ગણનામાં આવે છે. જુની કહેવાતી અને પરસ્પર મેળ નહિ ખાતી એવી વ્યવસ્થાઓનો એક ઢગલો થાય છે. નવી નકોર વ્યવસ્થાની જરૂર પડે છે પરંતુ પ્રાચીનતાના પૂજારીઓ નવીન વાતથી તો ભડકે જ, પણ પોતાની માન્યતાથી અલગ પડનારી અન્ય જૂની પરંપરાને પણ ઘડ દઈને ખોટી કહી દેતા હોય છે. શ્રી સિદ્ધસેન આને જડતા કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૬

## પ્રાચીન પુરુષો કોને કહેવાય ?

जनोऽयमन्यस्य मृतः पुरातनः,
पुरातनैरेव समो भविष्यति ।
पुरातनेष्वित्यनवस्थितेषु कः,
पुरातनोक्तान्यपरीक्ष्य रोचयेत् ? ।। (૬.૫)

***આ વ્યક્તિ (એટલે કે વિદ્યમાન વ્યક્તિ) મરીને અન્ય લોકો માટે પ્રાચીન પુરુષ બનવાનો છે અને આપણા પ્રાચીન પુરુષો જેવો જ ગણાવાનો છે. પ્રાચીનો જો આમ બદલાતા જ રહેતા હોય તો પુરાતન લોકોની વાત વગર વિચાર્યે કોણ સ્વીકારે ?***

સત્યાસત્ય, યોગ્ય-અયોગ્યનો નિર્ણય કરવાનો આવે ત્યારે લોકો બહુ સહેલાં-સગવડિયા ધોરણે ફેંસલો આણતા હોય છે. એક સગવડિયું ધોરણ છે-"આપણાવાળાની વાત સાચી, સામાવાળાની ખોટી." "આપણને ફાયદો થતો હોય એનો પક્ષ લેવો" એવું ગણિત પણ બહુ પ્રચલિત છે. "જે પક્ષ બહુમતીમાં હોય તે સાચો" એવું ધોરણ પણ જાણીતું છે. "વડીલો કહેતા આવ્યાં છે, આગળથી ચાલ્યું આવે છે, માટે સાચું હશે" આવું વલણ પણ કામ કરે છે. શ્રી સિદ્ધસેનને બીજાં ધોરણો તો અસ્વીકાર્ય હોય જ, પણ "જૂનું છે માટે સાચું", "પ્રાચીન ગ્રંથમાં લખેલું છે માટે સાચું" એ વલણ માટે પણ તેમને અસંમતિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પહેલાંના લોકો કહી ગયા તે ખોટું થોડું હોય ?" એ ઉદ્ગારમાં વૈચારિક પંગુતા સમાયેલી છે. અગાઉના લોકો બધા સર્વજ્ઞ, સંપૂર્ણ, તટસ્થ, શાણા જ હતા એવું આમાં ધારી લેવાનું છે. જો આપણે આજકાલના માણસની વાતો પણ વગર વિચાર્યે સ્વીકારતા ન હોઈએ તો જુના જમાનાના લોકોની વાતો પણ વગર તપાસે સ્વીકારવાની ન હોય.

પ્રાચીન-અર્વાચીનનું વર્ગીકરણ એક અસ્થિર - પ્રવાહી બાબત છે. દિવાકરજી કહે છે કે હું મર્યા પછી કોકને માટે પ્રાચીન બનવાનો જ છું ! આજના લોકો આવનારી પેઢીઓ માટે પ્રાચીન જ ગણાશે ને ? પ્રાચીનો જો આમ બદલાતા જ રહેતા હોય તો "પ્રાચીન હોય તે બધું બરાબર" એ ધોરણ કેટલું ભરોસાપાત્ર ગણાય ? કોને ખબર, પ્રાચીનોમાં કોઈ ખોટો-નબળો માણસ ઘૂસી ન ગયો હોય ? આથી જ જૂના હોય કે નવા, કોઈની પણ વાત પૂરતા વિચાર વિના માન્ય કરવાની ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭

## વિચારવાનું બંધ કરવું એ આત્મઘાત છે

विनिश्चयं नैति यथा यथालस–
स्तथा तथा निश्चितवत् प्रसीदति।
अवन्ध्यवाक्या गुरवोऽहमल्पधी–
रिति व्यवस्यन् स्ववधाय धावति।। (६.६)

***મંદમતિ માણસ કોઈ વસ્તુનો નિર્ણય કરવામાં જેટલી વધુ મુંઝવણ અનુભવે છે એટલો જ પોતે કંઈક મોટી વાત નિશ્ચિત કરી હોય એમ હરખાય છે. "મોટાની વાતમાં ફેર ન હોય, હું તો અલ્પબુદ્ધિ છું" આવા નિર્ણય પર આવનાર આત્મઘાતને માર્ગે આગળ ધપી રહ્યો છે.***

પ્રાચીન પરંપરાઓમાં કે પુરાણા ગ્રંથોમાં ઘણીવાર એવી વાતો ચાલી આવતી હોય છે કે જેનો પ્રત્યક્ષ પરિસ્થિતિ સાથે મેળ ન ખાતો હોય. એક શાસ્ત્રમાં એક પ્રકારે ને બીજા શાસ્ત્રમાં બીજા પ્રકારે કથન કરેલું જોવા મળતું હોય છે. દરેક જુની-પુરાણી વાતને સાચી જ ઠેરવવાના પ્રયાસમાં પુરાતનપ્રેમીઓની હાલત કફોડી થાય છે. તેઓ કોઈ 'શાસ્ત્ર'ને, અરે, જૂના-પુરાણા અર્ધજર્જર એક પાનાને પણ ખોટું તો કહી શકે નહિ. ગૂંચનો ઉકેલ લાવવા એટલે કે ચાલી આવતી ઉલટી-સુલટી, અધૂરી-ઓછી વાતને પૂર્ણ સત્ય સાબિત કરવા પ્રયત્ન તો કરે છે, પણ તેમની તપાસનો નિચોડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શો હોય છે ? એ જ કે "આ તો અગમનિગમની વાતો. આપણી મતિ આમાં ક્યાં પહોંચે ? આપણે શ્રદ્ધા રાખવી. લખેલું ખોટું ન હોય, આ તો પરાપૂર્વથી ચાલ્યું આવે છે, આપણે એમાં વિચારવાનું ન હોય."

પાછા આ લોકો હરખાતા હોય છે. "જુઓ શાસ્ત્રમાં કેવી અગમ-અગોચર વાતો લખેલી છે !" અને પોતાની જ પીઠ થાબડતા હોય છે : "કોઈ ગમે તે કહે, આપણી શ્રદ્ધા અચળ છે."

શ્રી સિદ્ધસેન કહે છે કે "મને ખબર ન પડે, હું તો અલ્પબુદ્ધિ ધરાવતો પામર મનુષ્ય" એ ઉદ્‌ગાર બૌદ્ધિક પંગુતામાંથી આવે છે. એમાં મનુષ્યબુદ્ધિનું અવમૂલ્યન છે. આત્મગૌરવનું હનન છે, પોતે જ પોતાનો એકડો કાઢી નાખવાની વાત છે. આને તેઓ બૌદ્ધિક આત્મઘાત ગણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૮

### વિચાર કરવાનું આળસ

मनुष्यवृत्तानि मनुष्यलक्षणै–
र्मनुष्यहेतोर्नियतानि तैः स्वयम् ।
अलब्धपाराण्यलसेषु कर्णवा–
नगाधपाराणि कथं ग्रहीष्यति ? ।। (६.७)

***મનુષ્યો વડે, મનુષ્યો માટે, મનુષ્યના વ્યવહારો સ્વયં નક્કી કરાયા છે. મંદમતિ લોકોને એ વાતો ભલે અગમ્ય લાગે, પણ વિચારશક્તિવાળો માનવી આ બધાને અકળ–અગાધ શી રીતે માની લે ?***

જેમને આપણે પ્રાચીન મહાપુરુષો કહીએ છીએ તેઓ મનુષ્ય જ હતા– મનુષ્યના લક્ષણયુકત મનુષ્ય હતા. અર્થાત્ સામાન્ય નહિ, વિકસિત મનુષ્ય. બીજા શબ્દોમાં કહીએ તો મહામાનવ. એમણે જે કંઈ કહ્યું કે જે વ્યવસ્થા કરી તે કોના માટે ? દેવો, દાનવો કે પશુ–પક્ષી માટે તો નહિ જ. એમની નજર સામે મનુષ્યો જ હતા. તેમણે મનુષ્ય માટે જ વિચાર્યું અને કંઈક ગોઠવ્યું. તેમણે કહેલાં–કરેલાં વિધાનો મનુષ્યો માટે જ હોય તો તે મનુષ્યોને સમજાય, મનુષ્યો તેનું આચરણ કરી શકે એવાં જ હોવા જોઈએ. મનુષ્યથી થાય જ નહિ એવું કશું કહેનાર કે બતાવનાર વ્યક્તિ મનુષ્યપ્રકૃતિને સમજતો જ નથી એમ જ ઠર્યું. કહેવા–કરવા પાછળનો એનો આશય પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'માનવીય' ન રહયો. એમ હોય તો એનું પોતાનું મનુષ્યત્વ પણ શંકાસ્પદ ઠરે.

કેટલાક લોકો વિચારના આળસુ હોય છે. એવી તસ્દી લેવાનું તેમને ફાવતું નથી. તેઓ બીજાઓની પાછળ પાછળ ચાલતા રહે છે. બીજા કેટલાક લોકો વિચારથી દૂર રહેતા હોય છે કેમકે સત્યનો ભાર ખમી શકે એવું ગજું તેમનું નથી હોતું. આવા લોકો શ્રદ્ધાનું ઓઠું લે છે – "શાસ્ત્રમાં લખ્યું છે તે સાચું જ હોય, પહેલાના માણસો કરી ગયા તેમાં વિચાર કરવાનો ન હોય. શાસ્ત્રનો પાર આપણે ક્યાંથી પામીએ ?"

એમનું એ જાણે. જેની બુદ્ધિ ચાલે છે તે તો વિચાર કરવાનો જ. પહેલાંના લોકો પણ મનુષ્યો જ હતા, માણસો માટે જ તેમણે લખ્યું કે વિચાર્યું છે, માનવ ન સમજી શકે એવું તેઓ ન જ લખે. વિચારક વ્યક્તિ ગભરાતી નથી. એ શ્રદ્ધાહીન પણ નથી. મહામાનવોનો દ્રષ્ટિકોણ માનવીય જ હતો એ શ્રદ્ધા જ એને હિંમત આપે છે. વિચારક પ્રકૃતિનો માનવી બુદ્ધિને કામે લગાડે ત્યારે પણ તેનો માપદંડ 'માનવીય હિત' જ રહેવો જોઈએ એવો સાર પણ આમાંથી નીકળે છે. લોકોને મુંઝવવા તર્કશક્તિ વાપરતો હોય તેને વિચારક નહિ, ધૂર્ત કહેવો પડે.

આ શ્લોકમાં દિવાકરજીએ એક શબ્દ વાપર્યો છે– 'સ્વયં'. દિવાકરજી ક્યાંય વધારાના શબ્દો વાપરતા નથી. 'સ્વયં' શબ્દના સૂચિતાર્થ એકથી વધુ નીકળે. સ્વયં એટલે પોતાની મેળે, સ્વેચ્છાએ. એટલે કે વિનંતી, બદલો, ધન્યવાદ વગેરેની અપેક્ષા વગર. આ એક અર્થ.

બીજો અર્થ થાય – પોતાની રીતે અર્થાત્ પોતાની ઈચ્છા, કલ્પના કે સમજ પ્રમાણે. આ અર્થ દિવાકરજીની વિચારધારા અને શૈલી સાથે મેળ ખાય તેવો છે. ભલે માનવીય હિતના દૃષ્ટિકોણથી જ વિચારતા હોય, છતાં પોતપોતાના સ્થળ, કાળ, પ્રકૃતિ અને ભાષા વગેરેના કારણે વિચારકોના ચિંતનમાં અંતર પડી શકે છે. દરેક વિચારક પુરુષ પોતાની આગવી ઢબે વિચાર કરે છે અને બોલે છે – આ તથ્ય 'સ્વયં' શબ્દથી દિવાકરજી સૂચિત કરતા હોય તો ના નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૯

## જૂનું અને નવું - બંને જોઈએ

यदेव किञ्चिद्विषमप्रकल्पितं,
पुरातनैरुक्तमिति प्रशस्यते ।
सुनिश्चिताप्यद्यमनुष्यवाक्कृति–
र्न पठ्यते¹ यत् स्मृतिमोह एव सः ।। (६.८)

***ગમે તેવું ઢંગધડા વગરનું સર્જન હોય પણ "પ્રાચીન પુરુષે રચેલું છે" એટલા એક કારણસર તેની પ્રશંસા થાય છે, જ્યારે આજના માણસની કૃતિ ગમે તેટલી વ્યવસ્થિત હોય તો ય વંચાતી નથી. આ ચોખ્ખી મતિમૂઢતા જ છે.***

બંધિયાર માનસ તરફ શ્રી સિદ્ધસેનને કેટલી ચીડ છે તે આ શ્લોક કહી જાય છે. લોકો બાપના કૂવામાં ડૂબી મરતા તો નથી પણ બાપદાદાની ધાર્મિક કે બીજી ચાલી આવતી જરીપુરાણી વાતોમાં પોતાને કેદ તો કરી જ લે છે. કોણ જાણે કયારથી ચાલી આવનારી મોંમાથા વગરની વાતો પણ માનવા–મનાવવા લોકો તૈયાર હોય છે અને નવીન વિચાર કે નવીન વ્યવસ્થા ગમે તેટલા સુગ્રથિત, સારા કે તર્કશુદ્ધ હોય તોય તેને હસી કાઢવા સુધી પહોંચી જાય છે. પુરાતનનો પ્રેમ તેમને ઘણીવાર આંધળા બનાવી દેતો હોય છે. આ બધું જોતા શ્રી સિદ્ધસેને વાપરેલો શબ્દ 'સ્મૃતિમોહ'–'બુદ્ધિનું દેવાળું'

---

૧. *पाठ्यते* - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિલકુલ ઠીક લાગે છે.

પુરાણા કાળના લોકોએ મનન-મંથન કર્યાં જ હશે, એ દૃષ્ટિએ તેમના સર્જનનો આદર કરવો રહ્યો; પરંતુ દરેક જૂની કહેવાતી વાતને માથે ચડાવી લેવાની જરૂર નથી. હવે કોઈને કશું મહત્વનું સૂઝી ન આવે એવું માની લેવાય નહિ. જ્ઞાનની સરિતા અમુક એક બિંદુએ વહેતી અટકી ગઈ છે એવું ધારી લેવામાં વિચારદારિદ્રય વહોરી લેવા જેવું થશે. કાલિદાસ કે ભવભૂતિ મહાન કવિ હતા. તેનો અર્થ એ નહિ કે હવે કોઈ કવિ તેમના કરતાં સારું સર્જન ન કરી શકે. નવામાં શું હોય એમ સમજી રવીન્દ્રનાથ ઠાકુરની કવિતાને હાથ જ ન લગાડવો ? એવું જ અન્ય વિષયો પરત્વે. ઘણી વખત તો પુરોગામી કરતાં અનુગામી માણસની વાત વધુ સારી હોય છે; કારણ કે એ પુરોગામીના ખભા ઉપર ઊભો હોય છે, એને સહેજે થોડું વધારે દેખાય છે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૦

### શાસ્ત્રોમાં સુમેળ જ છે

परस्परान्वर्थितया तु साधुभिः
कृतानि शास्त्राण्यविरोधदर्शिभिः।
विरोधशीलस्त्वबहुश्रुतो जनो
न पश्यतीत्येतदपि प्रशस्यते।। (६.११)

***અવિરોધી દ્રષ્ટિવાળા સત્પુરુષોએ તો પરસ્પર મેળ ધરાવતાં શાસ્ત્રો જ રચ્યાં છે. જેમણે થોડુંક જ વાંચ્યું–વિચાર્યું છે છતાં વિરોધ કરવાના રસિયા છે એવા લોકો આ નથી સમજી શકતા એ પણ સારું છે।***

દરેક પ્રાચીન વાતને જળોની જેમ વળગી રહેનારા લોકોની શ્રી સિદ્ધસેને કરેલી આકરી આલોચના પરથી કોઈ તેમને પુરાતનદ્વેષી સમજી લે એવો ભય અસ્થાને નથી. વસ્તુતઃ કોઈ વાત બહુ જુના જમાનાથી ચાલી આવે છે એટલા એક કારણે તે સત્ય જ છે એવા તારણ પર આવવાની તેઓ ના પાડે છે. જૂનું બધું વાળીઝૂડીને કચરાટોપલીને આધીન કરવાની વાત તેમના મનમાં નથી. આ શ્લોકમાંથી શ્રી સિદ્ધસેનનો આ સ્વસ્થ અભિગમ આપણી સામે સ્પષ્ટ થાય છે.

વિવિધ શાસ્ત્રો/વિચારધારાઓના પ્રણેતાઓ બધા જ કંઈ દંભી કે લેભાગૂ નથી હોતા. એમાંના ઘણા તો સંતો–સાધુ પુરુષો હોય છે. એ બધાનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથન ભાષા-શૈલી-ભૂગોળના સંદર્ભમાં એકબીજાથી અલગ પડતાં હોવા છતાં એમનામાં એક આંતરિક સુમેળ હોય છે. આવા સત્પુરુષો પોતે જે વિચારધારા કે વ્યવસ્થા પ્રજા સમક્ષ મૂકે તેમાં પણ અગાઉની કે વર્તમાન કાળની અન્ય વ્યવસ્થાઓથી કશુંક ઊલટું કરવાની તેમની નેમ નથી હોતી, પરંતુ તેમાં સુધારો-વધારો કરવાની દૃષ્ટિ હોય છે. આમ છતાં બે કે વધુ જાતની વિચારધારાઓ આકાર લે ત્યારે વિરોધ કરવાના રસિયા-વિરોધ-તત્પર લોકોને ઝઘડાનો એક મુદ્દો મળી જાય છે. પરસ્પર પૂરક બનવા માટે સર્જાયેલી વ્યવસ્થાઓ વચ્ચે ઉત્તર-દક્ષિણ જેટલું અંતર લાગવા માંડે છે, પણ કોને ? જેમણે ઝાઝું વાંચ્યું નથી, વિચાર્યું નથી છતાં પોતાને શાણા સમજે છે એવા અર્ધદગ્ધ લોકોને. બહુશ્રુત જનોને તો વિરોધની વચ્ચે પણ સમન્વયકારી અવિરોધ જોવામાં મુશ્કેલી નડતી નથી.

દિવાકરજી છેલ્લે કહે છે કે અર્ધદગ્ધ લોકોને અવિરોધ નથી દેખાતો એ ય સારું છે. અવિરોધની સમજ તેમને પડતી હોત તો પછી વિરોધનો ઝંડો ઉઠાવવાનું કામ કોણ કરત ? વિરોધના વ્યવસાય પર નભતા આ લોકો સાવ નવરા જ પડી જાત !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૧

## ધૂર્ત લોકોનાં ધતિંગ

वृथा नृपैर्भर्तृमदः समुह्यते,
धिगस्तु धर्मं कलिरेव दीप्यते।
यदेतदेवं कृपणं जगच्छठै-
रितस्ततोऽनर्थमुखैर्विलुप्यते ।। (६.१५)

***કોકનું બગાડવાને ટાંપી રહેનારા લુચ્ચાઓ દ્વારા બાપડા લોકો ચારેકોર લૂંટાતા હોય ત્યારે રાજાઓ 'સ્વામી'પણાનો ઘમંડ રાખે છે તે ફોગટ છે, ધર્મને પણ ધિક્કાર છે, માત્ર કળિકાળ જ જોરમાં છે એમ માનવું રહ્યું.***

દુનિયામાં ધતિંગ અને ઠગાઈ હંમેશના છે. આજે તો જીવનનું એક પણ ક્ષેત્ર એવું નહિ રહ્યું હોય જેમાં લોકો ધૂર્તકળાનો ભોગ નહિ બનતા હોય. શ્રી સિદ્ધસેનના સમયમાં ઠગાઈનું પ્રમાણ આજના હિસાબે તો ચોથા ભાગનું યે નહિ હોય. કદાચ તેથી જ તે વખતે જે કંઈ પ્રપંચ ચાલતા હતા તે જોઈને તેઓ ઊકળી ઉઠે છે.

બીજી એક વાત પણ નોંધવા જેવી છે. દિવાકરજીએ અહીં જે પુણ્યપ્રકોપ ઠાલવ્યો છે તે ધર્મક્ષેત્રે કે તત્ત્વવિચારના ક્ષેત્રે ચાલતી લુચ્ચાઈને અનુલક્ષીને છે. મનઘડંત કથાઓ, ઉટપટાંગ સિદ્ધાંતો, ચિત્રવિચિત્ર અનુષ્ઠાનો, પુરોહિતોના લાભાર્થે ચાલી રહેલા કર્મકાંડો, કાપાલિકોના જંગલી કરતૂતો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવું બધું તે વખતે જોરમાં હતું, નિર્લજ્જપણે ચાલતું આ બખડજંતર દિવાકરજી જેવાને અસ્વસ્થ કરી મૂકે તેમાં નવાઈ નથી.

લુચ્ચાઓ તો પોતાની કળા અજમાવે જ, પણ લોકોને રક્ષણ આપવાની જેમની ફરજ છે તે રાજાઓએ તો કંઈક કરવું જોઈએ. ધૂર્તોથી લોકોને ઠગાતા બચાવવા માટે રાજાઓ જો કંઈ ન કરતા હોય તો તેઓ પોતાને રક્ષક કહેવડાવે છે, તે ફોગટ છે.

રાજાઓ ખુદ ધૂર્તોની જાળમાં આવી જઈ શકે છે, પણ જગતમાં ધર્મની પણ એક શક્તિ છે, એ પણ જો દુષ્ટોને પરચો ન દેખાડી શકતી હોય તો એનો ય શું અર્થ ? ધૂર્તોને જરાય આંચ આવતી નથી તેનો અર્થ એ કે આજે કળિકાળ પૂરબહારમાં ખીલ્યો છે, જેમાં ધર્મની શક્તિ પણ પાછી પડે છે !

શ્રી સિદ્ધસેનના આ ઉદ્ગાર ઊંડી વ્યથાના અને લાચારીના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૨

## પુરાણપંથીઓનું અમોઘ શસ્ત્ર

परेद्युजातस्य किलाद्य युक्तिमत्,
पुरातनानां किल दोषवद्वचः ।
किमेव जाल्मः कृत इत्युपेक्षितुं,
[1]प्रवञ्चनायास्य जनस्य सेत्स्यति ।। (६.१८)

***"આજકાલના જન્મેલાનું કહેલું સાચું અને પ્રાચીન પુરુષો કહી ગયા તે ખોટું? આ તે કેવું અવિચારીપણું!" નવીન વિચારકની વાતને ઉવેખવા માટે તથા દુનિયાને છેતરવા માટે આવી વાતો બહુ કામ આવે છે.***

'જૈસે થે'માં માનનારો વર્ગ હમેશાં મોટો હોય છે; સ્થાપિત હિતવાળા અને પરિવર્તનભીરુ–એ બે પ્રકારના લોકો પરિસ્થિતિ જેમ છે તેમ જ રહે એવું ઈચ્છતા હોય છે. નવીન વિચારકની યુક્તિસંગત વાતનો બીજો કોઈ ઉત્તર તેમની પાસે ન રહે ત્યારે તેમનું છેલ્લું શસ્ત્ર આ છે : 'જુઓ તો ખરા! આજકાલનો માણસ પુરાણા શાસ્ત્રોને ખોટાં કહેવા નીકળ્યો છે. ગજબ થઈ ગયો!' આમ તેઓ સામાન્ય પ્રજાને નવીન વિચારકોની વાતોથી દૂર રાખવામાં સફળ થાય છે.

દિવાકરજી કહે છે કે આ દુનિયાને છેતરવાની, અંધારામાં રાખવાની

---

૧. *प्रपञ्चना* ° – મુદ્રિત પાઠ

·8

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાતો છે. જો કે સત્યને હમેશાં દબાવી રાખવાનું શક્ય નથી પણ પ્રારંભમાં શઠ લોકો ફાવે છે ખરા; વિશ્વમાં આમ જ થતું આવ્યું છે. રૂઢ અને સ્થાપિત વિચારધારા કે વ્યવસ્થામાંથી લોકોને બહાર કાઢવાના પ્રયાસોને રૂંધવાની કોશીષ થાય જ છે. ધર્મક્ષેત્રે સુધારા કરવાની ઝુંબેશ ચલાવનાર દરેક શોધકને આ સ્થિતિનો સામનો કરવો પડે છે. થાય છે એવું કે સુધારાનો પ્રારંભ કરનાર અને એનો વિરોધ કરનાર એ બંનેની વિદાય પછી સમાજને સુધારાનો લાભ મળે છે. જે હાજર હોય છે તેમાંના ઘણા વંચિત રહી જાય છે. આનો કોઈ ઉપાય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૩

## આ બધામાં સાચો કોણ ?

अवश्यमेषां कतमोऽपि सर्ववि–
ज्जगद्धितैकान्तविशालशासनः।
स एष मृग्यः स्मृतिसूक्ष्मचक्षुषा,
तमेत्य शेषैः किमनर्थपण्डितैः? ।। (६.२३)

***આ બધામાંથી કોઈક તો સર્વજ્ઞ અને જગતને માટે એકાંત હિતકારી તથા વ્યાપક શાસનનો પ્રણેતા હોવો જ જોઈએ. સ્મૃતિના સૂક્ષ્મ ચક્ષુ દ્વારા એની શોધ કરીએ. એ મળી જાય તો બીજા નકામા પંડિતોને શું કરવા છે ?***

જગતના કલ્યાણની ચાવી એકલા પોતાની પાસે છે એવું દાવા સાથે કહેનારા સેંકડો મતપ્રવર્તકો અને તત્ત્વચિંતકો આ પૃથ્વી પર હમેશાં મળી આવે. બધા તો સાચા નહિ જ હોય, કેમ કે કેટલાક તો એકબીજાથી તદ્દન ઊંધી વાત કરનારા હોય છે. બેમાંથી એક સાચો, તો બીજો ખોટો જ હોય. કેટલાકની ભાવના જગતહિતની જ હોવા છતાં તેમની વિચારધારા એકાંગી કે ભ્રાંતિપૂર્ણ જણાતી હોય છે. કેટલાકનું કથન અડધું-પડધું સાચું જણાય. પૂર્ણ સત્ય-સોળ આના સાચી વાત કોકની હશે તો ખરી જ.

શ્રી દિવાકરજી અહીં આખી વાતનો મેળ બેસાડી આપતા જણાય છે. તેમનું કહેવું છે કે આ ટોળામાં જ આપણે શોધ ચલાવવાની છે. આપણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામનો માણસ આ ભીડમાં જ કયાંક છે. ઝીણી નજરે જોવું પડશે. સ્મૃતિના સૂક્ષ્મ ચક્ષુ વડે એટલે કે જાગૃત તીક્ષ્ણ અવલોકન દ્વારા એ વ્યક્તિને ખોળી કાઢવી પડશે.

આપણે જેને પથદર્શક બનાવી શકીએ એવી વ્યક્તિને ઓળખવાનાં લક્ષણ ક્યાં ? દિવાકરજીના મનમાં કંઈક આવાં લક્ષણ છે : એ વ્યક્તિ સર્વજ્ઞ હોવી જોઈએ. આંશિક જ્ઞાનવાળો કલ્યાણકામી ભલે હોય પણ તે સક્ષમ ન કહેવાય. ધર્મમાર્ગનું નિરૂપણ કરતી વેળાએ એક વિધાન કરતાં પહેલાં તેણે તેના સઘળાં સંદર્ભો જાણેલાં હોવા જોઈએ. બીજું, તેની વાત માત્ર જગતહિતના લક્ષ્યે થતી હોવી જોઈએ. અંગત લાભને લેશમાત્ર સ્થાન ન હોવું ઘટે. ત્રીજું, તેનું માર્ગદર્શન વિશાળ-વ્યાપક હોવું જોઈએ.

સ્પષ્ટ છે કે આવી તપાસ માટે ઉપલબ્ધ સર્વ મત/પંથ/વિચારધારાઓનું તટસ્થપણે ઊંડું અવગાહન આવશ્યક બની રહે. શ્રી સિદ્ધસેનને એ ઈષ્ટ છે. એમની રચેલી ઉપલબ્ધ બત્રીસીઓમાં વિવિધ દર્શન/સંપ્રદાયનો સાર સંક્ષેપ રજૂ કરતી સંખ્યાબંધ બત્રીસીઓ છે. એ જ તેમના આવા વલણની સાક્ષી પૂરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૪

## ક્ષુદ્ર માનસ

"दुरुक्तमस्यैतदहं किमातुरो ?
ममैष कः? किं कुशलोज्झिता[1] वयम् ?"
"गुणोत्तरो योऽत्र स नोऽनुशासिता"
मनोरथोऽप्येष कुतोऽल्पचेतसाम् ? ।। (६.२७)

***"આની આ વાત ભૂલભરેલી છે." "હું શું પાગલ છું?" "એના મારી આગળ શા ભાર છે?" "શું અમારું ભાગ્ય પરવારી ગયું છે?" (આવા ગર્વભર્યાં વચનો જ ચારે તરફ સંભળાય છે.) "આપણામાં જે અધિક ગુણવાન હોય તે આપણો પથદર્શક બનો" એવો વિચાર પણ સંકુચિત હૃદયવાળા લોકોને ક્યાંથી આવે ?***

શાસ્ત્રાર્થના અખાડામાં બૌદ્ધિક વ્યાયામના દાવ અજમાવી એકબીજાને ચિત કરવામાં મશગૂલ વાદી અને પ્રતિવાદી પંડિતોનાં ગર્વિષ્ઠ વચનો દિવાકરજી અહીં નોંધે છે. આવી ઘાંટાઘાંટ તે સમયે રોજની હતી. વાદયુદ્ધોમાં પ્રતિસ્પર્ધીઓ વચ્ચે આક્ષેપ-પ્રત્યાક્ષેપની ઝડી વરસતી. દરેક હરીફ તોડી પાડવાની ભાષામાં જ બોલતો કે વિચારતો. આ બધું તત્ત્વવિચાર અને ધર્મવિચાર માટે થતું !

શ્રી દિવાકરજી કહે છે કે જો આ લોકોને તત્ત્વ કે ધર્મનો નિર્ણય જ

---

૧. °*लोत्थिता* – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો હોય તો પોતાના કરતાં જ્ઞાન, ચારિત્ર અને અનુભવમાં આગળ હોય તેવી વ્યક્તિ પાસે જઈ સમાધાન શા માટે નથી મેળવતા ? અહીં તો દરેક પોતાને 'શાસ્ત્રમહોદધિ' માને-મનાવે છે; છીછરા જ્ઞાનમાં રાચતા, શાસ્ત્રોના શબ્દોનું પીંજણ કરતા આ ધુરંધરો વસ્તુતઃ બાલિશ કક્ષા પર જ ઊભા છે. કૂપમંડૂક જેવી મનોદશામાં જીવતા આવા લોકોને "આપણામાં જે 'ગુણોત્તર' – અધિક ગુણવાન હોય તેને આપણે માર્ગદર્શક બનાવીએ" એવો આછો પાતળો વિચાર પણ ક્યાંથી આવે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૫

## મિથ્યા ગૌરવ

न गौरवाक्रान्तमतिर्विगाहते
किमत्र युक्तं किमयुक्तमर्थतः।
गुणावबोधप्रभवं हि गौरवं,
कुलाङ्गनावृत्तमतोऽन्यथा भवेत् ।। (६.२८)

***પોતાની મોટાઈનો ખ્યાલ જેના માથામાં ભરાઈ ગયો છે એવો માણસ જોઈ શકતો નથી કે અહીં ખરેખર શું યોગ્ય ગણાય અને શું અયોગ્ય. ગૌરવ તો ગુણના વિકાસથી આવે છે. તે વિનાનું ગૌરવ કુળવધૂના આચરણ જેવું છે.***

ધનવાન પણ સંસ્કારહીન વ્યક્તિ ધનના ગર્વના કારણે બેહૂદું વર્તન કરતી હોય છે પણ તેનું તેને ભાન નથી હોતું. બરાબર એ જ રીતે, પાંડિત્ય પ્રાપ્ત કરનાર પણ સદ્ગુણોથી વંચિત એવા વિદ્વાનો ઘમંડમાં આવી જાય છે અને હલકી કક્ષા પર ઊતરી આવે છે. પ્રતિવાદીને હરાવવાનું એક માત્ર લક્ષ્ય તેમની સામે હોય છે. સાચું શું કે ખોટું શું તેનું તેમના માટે કોઈ મહત્ત્વ નથી હોતું. અન્ય વિદ્વાનોને તે હલકી નજરે જુએ છે, અપમાનિત કરે છે. તેની ભાષામાં ઘમંડ અને તુચ્છકાર આવે છે, રાડારાડ કરી સામાની વાત દબાવી દેવાની કોશીશ કરે છે, તેના હાવભાવ પણ વિકૃત થઈ જાય છે. તે ઘરાર ખોટી યુક્તિ-પ્રયુક્તિ અજમાવે છે, સત્ય વાત જાણતો હોવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં કુતર્કોથી અસત્યને સત્ય સિદ્ધ કરવા મથે છે. એનું આવું વર્તન સુજ્ઞ જનોને ત્રાસ ઉપજાવે છે, પણ તેને પોતાને ભાન નથી હોતું કે એ કેટલી નીચી કક્ષાએ પહોંચી ગયો છે.

દિવાકરજી કહે છે કે ગૌરવ કોને કહેવાય તેની એને ખબર જ નથી. જીવનમાં ગુણ આવે છે ત્યારે વ્યક્તિના વાણી-વર્તનમાં ખરી મોટાઈ ઝળકે છે. તેનો વ્યવહાર સામાવાળાને આંજી નાખે છે, પણ એ માટે તે વ્યક્તિ સભાન પ્રયત્ન નથી કરતી.

કોઈ અસંસ્કારી કુળની કન્યા મોટા ખાનદાન ઘરમાં પરણીને આવે છે ત્યારે પોતાને મોટી સમજવા લાગે છે. પરંતુ ખાનદાની એટલે શું તેની એને સમજ નથી હોતી. આવી મોટા ઘરની વહુ ઠસ્સો રાખીને ભલે ફરે, પણ સાચું ગૌરવ તેનામાં હોતું નથી. એ કૃત્રિમ મોટાઈનો આશરો લે છે પણ સમજદાર લોકો તેની સંસ્કારની ખામીને જોઈ લે છે અને મોઢું આડું રાખીને હસે છે. ઘમંડી પંડિતોનું ગૌરવ આવી ગુણહીન કુળવધૂઓના રુઆબ જેવું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૬

## ઉત્તમ વક્તાની ભાષણ શૈલી

आभाष्य भावमधुरार्पितया कृतास्त्रान्,
दृष्ट्या प्रसाद्य च निवर्तितया विनेयान्।
ब्रूयात् प्रतीतसुखशब्दमुपस्थितार्थं,
नोच्चैर्न मन्दमभिभूय मनः परस्य।। (७.५)

***પ્રતિપક્ષી જૂથને મધુરભાવપૂર્ણ દૃષ્ટિથી સહેજ સંબોધીને, શિષ્યવર્ગ ઉપર સહેજ અછડતી નજર નાખી પ્રસન્ન કરીને, સમજી શકાય એવા સરળ શબ્દોમાં, અર્થ સ્પષ્ટ થાય એ રીતે, ન ઊંચા અવાજે કે ન મંદ સ્વરે, સામાના મન પર કબજો જમાવી લઈને સભામાં બોલવું.***

સાતમી બત્રીસી એટલે વક્તૃત્વકળાની માર્ગદર્શિકા. અનેક વાદમાં ઊતરી ચૂકેલા, વાદશાસ્ત્રની ખામી-ખૂબીઓનો જાત અનુભવ મેળવી ચૂકેલા, પ્રખર પ્રતિભાવંત, સમર્થ વાદવિજેતા પાસેથી આપણને વક્તૃત્વ અંગેનું માર્ગદર્શન આમાં મળે છે, આજના વક્તાઓને પણ એ એટલું જ માર્ગદર્શક નીવડે એવું છે.

વક્તા માટે વિદ્વત્તા મહત્ત્વની હોવા છતાં દિવાકરજીની દૃષ્ટિએ વક્તાનું વ્યક્તિત્વ અને વિષયની પ્રસ્તુતિ વધુ અગત્યનાં છે. વક્તાએ પોતાના પક્ષે કઈ કઈ બાબતોની સજ્જતા કેળવવી જોઈએ તેની વિસ્તૃત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છણાવટ સાતમી બત્રીસીમાં થઈ છે. આ શ્લોક વક્તવ્યનો પ્રારંભ કેવો હોવો જોઈએ તેનું ચિત્ર રજૂ કરે છે.

વક્તાએ પ્રથમ પ્રતિપક્ષી જૂથને મધુર અને ભાવવાહી શબ્દોથી સંબોધવા અને પોતાના શિષ્યવર્ગ પર પ્રસન્ન નજર ફેરવવી. દિવાકરજીનું માનસશાસ્ત્રીય કૌશલ્ય અહીં છતું થાય છે. પ્રતિપક્ષીને તમે માન આપો છો ત્યારે એમણે પણ તમારું ગૌરવ જાળવવું અનિવાર્ય બની જાય છે. વાદનું પરિણામ જે આવે તે, પણ મનોમાલિન્યને અવકાશ પછી નથી રહેતો.

સ્વસ્થ ચર્ચાનો દિવાકરજીને વાંધો નથી. ચર્ચાને નિયમો દ્વારા અંકુશમાં રાખી તાર્કિક પરિણામ સુધી પહોંચાડવી જોઈએ અને એ માટે વક્તામાં તર્કશક્તિ ઉપરાંત સૌજન્ય અને શિસ્ત હોવાં જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૭

## સ્પર્ધા કરવી હોય તો શ્રેષ્ઠ સાથે કરો

उद्भूतवाग्मियशसा जनसंप्रियेण,
पूर्वं विसृष्टवचनप्रतिभागुणेन।
वाच्यं सह प्रतिहतोऽपि हि तेन भाति,
जित्वा पुनस्तमतिकीर्तिफलानि भुङ्क्ते।। (७.१७)

***કુશળ વક્તા તરીકે ખ્યાતિને વરેલો હોય, લોકપ્રિય હોય, જે અગાઉ વક્તૃત્વની પ્રતિભા દર્શાવી ચૂકયો હોય એવા વિદ્વાનની સાથે વાદમાં ઊતરવું. એવાની સામે હારી જવાય તો પણ હારનારની શોભા વધે છે અને જીતી જવાય તો વિપુલ કીર્તિ પ્રાપ્ત થાય છે.***

સ્વમતના મંડન અને પરમતના ખંડન અર્થે વાદવિવાદ થતા, પણ એવા વાદ-વિવાદનું દિવાકરજીની દૃષ્ટિમાં ઊંચું સ્થાન નથી. કોઈ ગહન વિષયની વિચારણા અર્થે સંવાદ-ચર્ચા રૂપે થતા વાદને તેઓ આવશ્યક ગણે છે. બૌદ્ધિક વિકાસ કે બૌદ્ધિક આનંદ માટે થતા વાદ-વિવાદ પણ તેમના મતે ઈષ્ટ છે. આ શ્લોકમાં તેમનો આવો અભિગમ જોઈ શકાય છે.

જ્યાં ત્યાં અને જે મળી જાય તેની સાથે વાદમાં ઊતરી પડવું એ સમય અને શક્તિનો વ્યર્થ વ્યય કરવા બરાબર છે. બૌદ્ધિક વ્યાયામ કરવો હોય તો વિચારક અને વક્તા તરીકે પ્રસિદ્ધ હોય એવા વિદ્વાન સાથે ચર્ચામાં ઊતરો. ત્યાં તમારી પરીક્ષા થશે. એવા ઠેકાણે હારશો તો ય સારા લાગશો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીતશો તો તો તમારા નામને ચાર ચાંદ લાગી જવાના છે!

પોતાથી નબળા પ્રતિસ્પર્ધીને શોધીને તેની સામે મોરચો માંડવાની હલકી માનસિકતા ટાળવા જેવી છે, એ અહીં વગર કહ્યે સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૮

## બુદ્ધિબળનાં પારખાં આવકાર્ય છે

किं मर्म नाम रिपुषु स्थिरसाहसस्य ?
मर्मस्वपि प्रहरति स्ववधाय मन्दः।
आशीविषो हि दशनैः सहजोग्रवीर्यः[1],
क्रीडन्नपि स्पृशति यत्र तदेव मर्म ।। (७.२६)

***દૃઢ મનોબળવાળાને શત્રુનાં મર્મસ્થાન શોધવાની શી જરૂર ? ઢીલો માણસ તો મર્મસ્થાનમાં પ્રહાર કરવા જતાં પોતે જ હણાઈ જાય. સહજ તીવ્ર શક્તિવાળો નાગ રમતાં રમતાં જ જ્યાં દાંત બેસાડે તે જ તેના શત્રુનું મર્મસ્થાન બની જાય છે.***

દ્વન્દ્વયુદ્ધ કે અન્ય કોઈ યુદ્ધમાં સામાન્ય યોદ્ધાઓ એકબીજાના મર્મસ્થાન પર પ્રહાર કરવાની તક શોધતા હોય છે. સમર્થ યોદ્ધાઓને આમ કરવાની જરૂર રહેતી નથી. એમનો ઘા જ્યાં પણ પડે ત્યાં હરીફનો અંત આણી શકે છે. વાદયુદ્ધમાં પણ સામા પક્ષની નબળી કડી શોધી તેને હરાવવાનો લાગ દરેક પક્ષ શોધતો રહે છે. દિવાકરજીને મન એ રીત શોભાસ્પદ નથી.

જો બુદ્ધિબળના પારખાં માટે વાદયુદ્ધમાં ઊતર્યા હો તો કોઈ પણ મુદ્દાને તોડી પાડવા જેટલી તમારી તૈયારી હોવી જોઈએ. આવા વિવાદમાં વિપક્ષની જોરદાર યુક્તિઓને પ્રબળ તર્કો દ્વારા છિન્નભિન્ન કરવાની છૂટ

---

૧. °*वीर्यैः* – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. જો કોઈ વિષયની યોગ્યાયોગ્યતાના નિર્ણય માટે વિચારણા થતી હોય અને શક્તિશાળી હરીફ પોતાની ખરી-ખોટી વાતને પ્રબળ દલીલો દ્વારા સાચી ઠેરવવાનો પ્રયાસ કરતો હોય ત્યાં પણ પૂરી તાકાતથી એનું નિરસન કરવાની ક્ષમતા હોવી જોઈએ. નબળી કડીની રાહ જોવા બેસાય નહિ. બુદ્ધિના જ આટાપાટા રમવાના છે. અધૂરી તૈયારીએ વાદમાં ઊતરવું ન જોઈએ.

શ્રી સિદ્ધસેનનું આ મંતવ્ય તેમના વ્યક્તિત્વને અનુરૂપ છે. ઉદાહરણ પણ એકદમ જડબેસલાક આપ્યું છે. નાગ માણસનું મર્મસ્થાન શોધીને ડંસ દેતો નથી; એ તો જ્યાં દાંત બેસાડે તે જ એના માટે શત્રુનું મર્મસ્થાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૯

## *વિજયની ગુરુચાવી*

मन्दोऽप्यहार्यवचनः प्रशमानुयातः
स्फीतागमोऽप्यनिभृतः स्मितवस्तु पुंसाम्।
तस्मात् प्रवेष्टुमुदितेन सभामनांसि,
यत्नः श्रुताच्छतगुणः शम एव कार्यः ।। (७.२७)

***બહુ વિદ્વાન ન હોય પણ શાંતિથી કામ લેતો હોય એવા પુરુષની વાતની નોંધ લોકોએ લેવી પડે છે. બહુ ભણેલો હોય પણ ધૈર્ય વિનાનો હોય એવી વ્યક્તિ લોકોની મજાકનો વિષય બને છે. માટે, સભાજનોના મનને જીતવાની ઈચ્છા રાખનાર વક્તાએ વિદ્વત્તા કરતાં સો ગણો પ્રયત્ન સ્વસ્થતા કેળવવામાં કરવો જોઈએ.***

વક્તૃત્વ કળાની ગુરુચાવી જેવી શીખ આ શ્લોકમાં સમાઈ છે. વાગ્યુદ્ધ શબ્દોથી ખેલાય છે. શબ્દોનાં શસ્ત્ર ભલે ગમે તેટલાં ધારદાર હોય પણ એની શક્તિ વક્તાને આધીન છે. ભારે શબ્દોની ફેંકાફેંક કરવાથી ફાવી જઈશું એવું માનનારા ઘણા હોય છે તો દમ વિનાના શબ્દો ને માલ વગરની વાત હોવા છતાં કોઈ ભારે મોટી વાત કરી નાખી હોય એવા હાવભાવ કરીને જીતી જવાની આશા રાખનારા વક્તાઓ પણ હોય છે. કેટલાક સારા અભ્યાસી હોવા છતાં આકળા-ઊતાવળા થઈ ભૂલ કરી બેસતા હોય છે. આ લોકો વાદની ખરી ખૂબીઓને સમજી શકયા નથી. કોઈ ઘાંટા પાડે છે ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની વ્યાકુળતા છતી થાય છે. દલીલોને વ્યર્થ લંબાવવામાં આવતી હોય ત્યારે હથિયાર ખૂટી પડચાની ખબર પડી જાય છે. તમે આડેધડ બોલવા લાગો છો ત્યારે લોકોને મનોરંજન પૂરું પાડો છો. વિજય મેળવવાનો માર્ગ એ નથી.

વિજયની ચાવી છે સ્વસ્થતા. તમારા શબ્દોમાં છલકાતો આત્મવિશ્વાસ જ તટસ્થ પરીક્ષકોના મનને તમારા તરફ વાળી લેવાનું કામ કરે છે. દિવાકરજી કહે છે કે વિદ્વત્તા મેળવવી જરૂરી છે, પણ તેથી ય વધુ જરૂર 'પ્રશમ' કેળવવાની છે. અકળાયા વગર ઠંડકથી વાત કરનાર શ્રોતાના મનમાં સ્થાન મેળવે છે. એની વાત વજનદાર બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૦

### જ્યાં સ્પર્ધા ત્યાં દ્વેષ

ग्रामान्तरोपगतयो–
रेकामिषसंगजातमत्सरयोः।
स्यात् सख्यमपि शुनो–
र्भ्रात्रोरपि वादिनोर्न स्यात् ।। (८.१)

***માંસના એક જ ટુકડા પર આસક્ત હોવાને લીધે જેમને પરસ્પર ઈર્ષ્યા જાગી છે એવા જુદા જુદા ગામના બે કૂતરા વચ્ચે હજી કદાચ મિત્રતા થઈ શકે પણ પ્રતિસ્પર્ધી એવા બે પંડિતોની વચ્ચે, બંને સગા ભાઈ હોય તો પણ, મિત્રતા શક્ય નથી.***

ગમે તે છંદમાં, ગમે તે વિષયની રજુઆત શ્રી દિવાકરજી સહજતાથી કરી શકે છે. શબ્દો જાણે સ્વયં ગોઠવાઈ જાય છે, ન શબ્દ ઘટે-વધે, ન અર્થમાં ક્યાંય ખાંચો પડે. આચાર્ય હેમચંદ્રે 'अनु सिद्धसेनं कवयः'-'કવિઓ બધા સિદ્ધસેનની પાછળ' એમ કહેલું. બત્રીસીઓનું પરિશીલન કરતાં આ વિધાનની યથાર્થતા પ્રગટ થાય છે. આ શ્લોક દિવાકરજીના તીખા કટાક્ષનો પણ ઉત્તમ નમૂનો છે. ઝઘડાખોર પંડિતોને "ચામડી તડતડી ઊઠે" એવો ચાબખો તેમણે આ શ્લોકમાં લગાવ્યો છે.

બે પંડિતો, સગા ભાઈ હોય તોય તેમની વચ્ચે સ્પર્ધા થાય છે.

---

૧. *सौख्य* ° - મુદ્રિત પાઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાંથી દ્વેષ જન્મે જ. એ યુગમાં વિદ્યાભ્યાસ પૂર્ણ થયા પછી પહેલું કામ કોઈ વાદમાં વિજય મેળવવાનું રહેતું. આમ, પ્રથમથી જ ખોટી દિશામાં વળી ગયેલી પંડિતાઈ પછી તો જીવનભર વાદ-વિવાદમાં જ અટવાઈ રહેતી.

"એક પંડિત બીજા પંડિતને જોઈને કૂતરાની જેમ ઘૂરકવા લાગે છે"- એમ એક સુભાષિતમાં પણ કહેવાયું છે. શ્રી સિદ્ધસેનનો કટાક્ષ એથી પણ આગળ જાય છે. તેઓ કહે છે કે એક જ ટુકડા માટે લડતા બે કૂતરા સમજી જશે, પણ વાદવ્યસની બે પંડિતો — સગા ભાઈ હોય તો પણ — કદી એકબીજા સાથે સદ્ભાવથી વર્તી શકશે નહિ !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૧

## શબ્દપંડિતોનો વ્યર્થ વ્યાયામ

अन्यैः स्वेच्छारचिता–
नर्थविशेषान् श्रमेण विज्ञाय।
कृत्स्नं वाङ्मयमित इति
खादत्यंगानि दर्पेण।। (८.५)

***અન્યોએ સ્વમતિ પ્રમાણે કલ્પેલા વિચારો–મુદ્દાઓનો ખાસી મહેનત લઈ અભ્યાસ કરીને "બધાં શાસ્ત્રો જાણી લીધાં" એવા ગર્વથી પંડિતો છાતી કાઢીને ચાલે છે.***

હાર-જીતના લક્ષ્યે પંડિતાઈનો ઉદ્યોગ ચલાવતા પ્રકાંડ પંડિતો કેવો વ્યર્થ પરિશ્રમ કરે છે તે જોઈને શ્રી દિવાકરજી વ્યથિત છે. વાદ વિજેતા બનવાની મહેચ્છા પૂર્ણ કરવા માટે વિભિન્ન મત-મતાંતરોનો ઊંડો અભ્યાસ કરવો પડતો હોય છે. બાર કે બાવીશ વર્ષ વિવિધ દર્શનશાસ્ત્રો અને બીજા સંલગ્ન વિષયોનાં શાસ્ત્રો ભણ્યા પછી સર્વ પ્રથમ કોઈ શાસ્ત્રાર્થમાં વિજેતા બનવું પડે, ત્યારે પંડિત તરીકેની માન્યતા મળે, પદવી મળે. વળી પદવી ટકાવી પણ રાખવાની હોય છે. કોઈ નવો હરીફ જાગે અને આહ્વાન કરે તો ફરજિયાત શાસ્ત્રાર્થમાં ઊતરવું પડે, ન ઊતરે તો તે હાર્યો જ ગણાય.

જગતમાં ઝીણા ઝીણા વિચારભેદને મહત્ત્વ આપી નવા નવા મત-પંથ-સંપ્રદાય ઊભા થતા રહે છે, તેનાં લાંબા-પહોળાં શાસ્ત્રો લખાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનમાં ક્યાંય ખપ ન લાગે એવા — કોકના ભેજામાંથી ઉદ્‌ભવેલા — ભાતભાતના સિદ્ધાંતો એક વાર ભેજામાં ઊતારવા અને પછી તેનું ખંડન કરવા માટે નવી દલીલો શોધવામાં પોતાના ભેજાનું દહીં કરવું — આ નકરો ત્રાસ છે. આવી ભેજાંફોડી એટલા માટે કરે છે કે મહામહેનતે મેળવેલી પદવી એને ટકાવવી છે.

આવા વિવિધ મત-દર્શનોના નિષ્ણાત બની "હું કેટલું બધું જાણું છું" એવો ગર્વ ભલે કોઈ કરે, વસ્તુતઃ એ કાળી મજૂરી કરે છે. આ સત્યથી અજાણ એવો પંડિત એક પહેલવાનની જેમ બાવડાં ઠોકીને હરીફને પડકારતો હોય એ દૃશ્ય શ્રી સિદ્ધસેનને કરુણ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૨

## વાણીવિલાસ મુક્તિનો માર્ગ નથી

अन्यत एव श्रेयां–
स्यन्यत एव विचरन्ति वादिवृषाः।
[1]वाक्संरम्भं क्वचिदपि
न जगाद मुनिः शिवोपायम्।। (८.७)

***શ્રેયનો માર્ગ એક તરફ રહી ગયો છે અને વાદવિજેતા ધુરંધરો બીજી દિશામાં દોડયે જાય છે ! વાણીના વ્યાયામને કોઈ જ્ઞાનીએ કયાંય મુક્તિનો ઉપાય કહ્યો નથી.***

વાદના અખાડામાં મતવાદી વિદ્વાનોને ઉછળતા–કૂદતા–ગરજતા જોઈને શ્રી સિદ્ધસેનના હૃદયમાં જાગેલા ખેદ, કરુણા અને ચિંતા આ શ્લોકમાં ઝીલાયા છે. કોઈ ખોટા રસ્તે જતું હોય, કહેવા છતાં ન માને ત્યારે સજ્જન વ્યક્તિને કેવી લાગણી થાય ? એ જ કે બિચારો હેરાન થશે. શ્રી સિદ્ધસેન આવો જ ભાવ અહીં વ્યક્ત કરી રહ્યા છે.

કલ્યાણનો માર્ગ એક તરફ રહી ગયો અને આ દિગ્ગજ પંડિતો આંખો મીચીને બીજી જ દિશામાં ધસ્યે જાય છે. આ દોડના અંતે તેમને જે કંઈ મળશે તેની કિંમત કેટલી ? કીર્તિ કે ધન સિવાય શું મળશે ? તેઓ જે કોઈ મત કે દર્શનનું ખંડન અથવા મંડન કરે છે તે મત/શાસ્ત્રનો વિષય

૧. °*वाक्सरम्भः* – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મા-પરમાત્મા, કર્મ-ધર્મ-મોક્ષ જ છે. શું આમ ખંડન-મંડન કરવાથી આત્મા કે પરમાત્મા મળે છે ? ના, કોઈ શાસ્ત્ર એવું નથી કહેતું. પોતે જે મત/પંથ/શાસ્ત્રને માનતા હોય તેના પ્રણેતાએ પણ 'જીભાજોડીથી મોક્ષ મળશે' એમ તો નહિ જ કહ્યું હોય !

વાદવિવાદમાં રાચતા, માત્ર વાણીના વ્યાયામમાં અટવાયેલા વિદ્વાનો ખરેખર ઊંધે રસ્તે જાય છે. પોતે પથદર્શક તરીકે સ્વીકારેલા શાસ્ત્ર કે ગુરુના ચીંધેલા માર્ગને પણ તેઓ ચાતરી જતા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૩

### તત્ત્વનિર્ણય માટે માત્ર શાસ્ત્રજ્ઞાન પૂરતું નથી

साधयति पक्षमेको–
ऽपि हि विद्वान् शास्त्रवित् प्रशमयुक्तः।
न तु कलहकोटिकोट्यो–
ऽपि समेता वाक्यलालभुजाम्[1]।। (८.६)

***શાસ્ત્રજ્ઞ અને શાંત મતિવાળો એક વિદ્વાન પણ પોતાનો વિચાર અન્યોને ગળે ઊતારી શકે છે; માત્ર થૂંક ઉડાડવાવાળા પંડિતો અસંખ્ય ઉગ્ર વાદવિવાદ કર્યા પછી પણ કશું સિદ્ધ કરી શકતા નથી.***

દિવાકરજી જિજ્ઞાસાથી થતી ચર્ચા-વિચારણાની વિરુદ્ધ નથી. તત્ત્વવિચાર એ તો બુદ્ધિનો શ્રેષ્ઠ વિનિયોગ છે. બુદ્ધિ તત્ત્વવિચારમાં મદદ કરે છે એ ખરું, પણ માત્ર બુદ્ધિથી તત્ત્વનિર્ણય કરી શકાતો નથી, પ્રયોગ અને અનુભવ પણ અપેક્ષિત છે. આ અનુભવ એટલે શાસ્ત્રમાં દર્શિત સાધનાપથ પર ચાલતાં મળનારી અનુભૂતિ. તત્ત્વની શોધ શાસ્ત્રના શબ્દોમાં-પાનામાં કરે એ પંડિત, પોતાની મનોભૂમિમાં કરે એ સાધક.

શાસ્ત્રમાં થયેલું તત્ત્વનું વર્ણન એ માત્ર સંકેત છે. એના આધારે સાધક પ્રવાસ આદરે અને મોડો વહેલો 'સાક્ષાત્કાર' કરે એ જ ખરું 'દર્શન'. આવા અનુભૂતિસંપન્ન વ્યક્તિ પોતાના દર્શનના બળે વાત કરે છે ત્યારે લોકો તરત

---

૧. °भुजः – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનો સ્વીકાર કરી લે છે, અને એક પોથીપંડિત દલીલો કરીને થાકી જાય છે તો પણ પોતાની વાત માન્ય કરાવી શકતો નથી.

દિવાકરજી કહે છે કે માત્ર શાસ્ત્રવિદ્ નહિ, પણ પ્રશમયુક્ત બનો. વાત-પિત્ત-કફ એ શારીરિક ત્રિદોષ છે, રાગ-દ્વેષ-મોહ એ આધ્યાત્મિક ત્રિદોષ છે. આ ત્રિદોષનું શમન થાય — વ્યક્તિ રાગ-દ્વેષ-અજ્ઞાનની બહાર આવે — એ છે પ્રશમ. આવો પ્રશમ સાધના દ્વારા જ ઉપલબ્ધ થાય. પ્રશમ આવ્યા પછી જ ખરા અર્થમાં શાસ્ત્રવિદ બનાય. નિર્મળ થયેલ મતિ શાસ્ત્રના મર્મને ઝટ ગ્રહણ કરી લે છે. શાસ્ત્રનો મર્મ જાણનાર વ્યક્તિ બે મિનિટમાં કોઈ વિવાદનો ઉકેલ આણી શકે, તે વિના માત્ર કજિયા જ થાય. કારણ કે તાત્પર્ય એટલે કે મર્મને સમજ્યા વગર કરેલી વાત હૃદયને સ્પર્શતી નથી, શંકા જતી નથી. પ્રશમ આવ્યા વગર શાસ્ત્રનો મર્મ પકડાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૭

## વિવાદપ્રિય પંડિતોની કસરત

सा नः कथा भवित्री,
तत्रैता जातयो मया योज्याः।
इति रागविगतनिद्रो
वाङ्मुखयोग्यां निशि करोति।।(८.१२)

***"અમારો અમુક વિષય પર શાસ્ત્રાર્થ થવાનો છે, તેમાં મારે આટલી યુક્તિઓ વાપરવાની છે"— એવી ચિંતાથી જેની ઊંઘ પલાયન થઈ ગઈ છે એવો પંડિત રાત્રે પણ જીભ અને હોઠની કસરત કર્યા કરે છે.***

શ્રી દિવાકરજીએ વાદવિવાદના જગતને બહુ નજીકથી જોયું છે. શાસ્ત્રાર્થમાં ઊતરેલા હરીફોની માનસિક સ્થિતિનું સચોટ શાબ્દિક ચિત્ર એટલે જ તેઓ ઉપસાવી શકે છે.

શાસ્ત્રાર્થનો દિવસ નક્કી થાય એટલે દિવસો સુધી તેની તૈયારી ચાલે. શાસ્ત્રાર્થ ઘણી વાર દિવસો સુધી લંબાય. સભામાંથી ઘરે આવેલા વાદી-પ્રતિવાદીના મનમાં તો વાદ-પ્રતિવાદ ચાલતા જ રહે. રાતે પણ એ માનસિક વાદ કરતો રહે. 'એ આમ કહેશે, હું આમ કહીશ, એને આ રીતે પકડીશ' એવા માનસિક આટાપાટામાં જ એની રાતો વીતે.

'આવતી કાલે શું ખાઈશ-શું કરીશ ?' એવી ચિંતામાં કોઈ ગરીબની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંઘ વેરણ બને. 'અમુક ઊઘરાણી વસૂલ કેમ કરવી ?' એવી ભાંજગડમાં કોઈ શેઠિયાની ઊંઘ હરામ થાય. હાર-જીતના ઈરાદે વાદ-વિવાદમાં ઊતરનારા પંડિતોની હાલત એમના કરતાં સારી નથી હોતી.

જગતના સનાતન પ્રશ્નોની ગૂંચ ઉકેલવા જતાં પોતે જ ગૂંચવાઈ જનારા આ લોકો ખરેખર દયાપાત્ર જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૫

## તત્ત્વજ્ઞાનની ઓથે અહંકાર

दुःखमहंकारप्रभव–
मित्ययं सर्वतन्त्रसिद्धान्तः।
अथ च तमेवारूढ–
स्तत्त्वपरीक्षां किल करोति।। (८.१८)

***દુઃખ અહંકારમાંથી જન્મે છે એ સર્વ મત-પંથનો માન્ય સિદ્ધાંત છે, અને આ પંડિતો અહંકારથી ગ્રસ્ત થઈને તત્ત્વપરીક્ષા કરવા બેસે છે!***

વિવિધ દર્શનો અને ધર્મમાર્ગો પરમ તત્ત્વની શોધ અને અનુભૂતિના પ્રયાસો છે; એની પાછળ પ્રેરક છે દુઃખમુક્તિની અભિલાષા. દુઃખમાંથી મુક્ત થવા માટે દુઃખનું કારણ શું છે તે પ્રથમ જાણવું રહ્યું, પછી એ કારણનો અંત આણવાના પ્રયત્નો શકય બને. આ બધું વિચારવા-સમજવા જતાં જગત, જીવ, ઈશ્વર, કર્મ અને એવા બીજા મુદ્દાની વિચારણા પ્રસ્તુત બની. વ્યક્તિઓની બૌદ્ધિક તરતમતા અનુસાર તત્ત્વચિંતનની વિવિધ પ્રણાલીઓ-ફિલ્સૂફીઓ અસ્તિત્વમાં આવી.

સાવ પ્રાથમિક કક્ષાની ફિલ્સૂફીઓને બાજુએ રાખીએ અને જરા ઉચ્ચતર દર્શનોના વૈચારિક માળખાનો અભ્યાસ કરીએ તો જણાઈ આવશે કે દુઃખની જવાબદારી વ્યક્તિની પોતાની છે એ વિચારનો લગભગ બધા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનોમાં સ્વીકાર થયો છે.

દુઃખ એ તો પરિણામ છે, તેનું કોઈ કારણ હોવું ઘટે. કારણ છે અનુચિત પ્રવૃત્તિ, આચરણની ભૂલ. પરંતુ એવી ભૂલની પાછળ સમજણની ભૂલ બેઠી હશે. અધ્યાત્મના સ્તરે એટલે કે સ્વની જ તપાસની ભૂમિકાએ કામ કરનારા પ્રજ્ઞાવાન પુરુષોએ એથીય ઊંડે જઈને એક મૂળભૂત ભૂલ પકડી પાડી. એ ભૂલ છે – અહંકાર. પોતે પોતા વિશે જ બાંધી લીધેલો એક ભ્રામક ખ્યાલ. આ પાયાની ભૂલમાંથી વિચાર-વર્તનની બાકીની બધી ભૂલો જન્મે છે. આટલી વાત ઉચ્ચ કક્ષાના સઘળા દર્શનશાસ્ત્રોમાં એક સમાન જોવા મળે છે.

પરંતુ, દર્શનશાસ્ત્રોના ખાં ગણાતા વિદ્વાનો શું કરે છે ? અહંકારનું વિસર્જન કરવાને બદલે અહંકાર પર સવાર થઈ પોતપોતાના દર્શનની સરસાઈ સાબીત કરવા નીકળી પડે છે ! શું કહેવું એ લોકોને ? શું કરી શકાય આ લોકો માટે ? કશું જ નહિ, સિવાય કે લાચારીભરી કરુણાની એક સંવેદના અથવા દુઃખભરી ઉપેક્ષા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૬

## શાસ્ત્રો હારજીત માટે નથી

ज्ञेयः परसिद्धान्तः,
स्वपक्षबलनिश्चयोपलब्ध्यर्थम्।
परपक्षक्षोभणम–
भ्युपेत्य तु सतामनाचारः।। (८.१६)

***પોતાના પક્ષના બળાબળનો નિશ્ચય કરવાના હેતુથી પરપક્ષના સિદ્ધાંતનો અભ્યાસ કરવો યોગ્ય છે, પરપક્ષને હરાવવાના ઉદ્દેશથી એવો અભ્યાસ કરવો એ તો સજ્જનો માટે અનુચિત ગણાય.***

તત્ત્વચિંતન એ મુક્તિસાધનાનું એક અંગ છે, એ કંઈ બીજાઓને હરાવવાનું સાધન નથી. જે પરંપરામાં જન્મ મળ્યો હોય તેનો અથવા સંયોગવશ જે પરંપરાનો પ્રથમ પરિચય પોતાને થયો હોય તેનો આધાર લઈ વ્યક્તિએ કામ શરૂ કરવાનું હોય. આગળ જતાં અન્ય પરંપરાના તત્ત્વજ્ઞાન-સાધના પદ્ધતિ સામે આવે ત્યારે શું કરવું ? સામાન્ય રીતે લોકો પહેલે જ ધડાકે તેને મિથ્યા કહી દઈ તેનાથી દૂર રહે છે. થોડા બુદ્ધિશાળી કે આગળ પડતા હોય તે તો અન્ય દર્શન-પદ્ધતિને અસત્ય સાબિત કરવા અને એમ કરીને ધર્મની ‘રક્ષા’ કરવા (વસ્તુતઃ પોતાના અહંકારને ભાંગી પડતો બચાવવા) વાગ્યુદ્ધમાં ઊતરી પડે છે. આ માટે તે અન્ય દર્શનનો ઊંડો અભ્યાસ પણ કરે છે, જેથી તેની નબળી કડીઓ શોધી તેના આધારે તે પક્ષનું ખંડન કરી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સિદ્ધસેન કહે છે કે ગમે તે દર્શન-સાધના-પરંપરાનો સભ્ય હોય પણ તે સજ્જન તો હશે જ ને ? વ્યવહારજગતમાં પણ સજ્જનો ઝઘડાથી-કોઈનું દિલ દુભાય એવી પ્રવૃત્તિથી દૂર રહેતા હોય છે, તો આધ્યાત્મિક બાબતોમાં કટુતા અને ક્લેશ થાય એ હદે તે જઈ જ કેમ શકે ? અને જો એટલી હદે એ જઈ શકતો હોય તો તે સજ્જનની કક્ષા પણ ગુમાવી બેસશે.

અન્ય દર્શન કે અન્ય સાધનાપદ્ધતિનો અભ્યાસ જરૂર કરી શકાય, પણ તેની પાછળનો આશય પોતાની સમજણને વિકસિત કરવા માટેનો અને સાધનાપદ્ધતિને વધુ સ્પષ્ટ કરવા માટેનો હોવો ઘટે. આવું તુલનાત્મક અધ્યયન તો લાભપ્રદ જ બને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૭

### 'તું તારું સંભાળ'

स्वहितायैवोत्थेयं,
को नानामतिविचेतनं लोकम्।
यः सर्वज्ञैर्न कृतः,
शक्ष्यति तं कर्तुमेकमतम् ?।। (८.२०)

***આપણે તો સ્વહિત સાધવા માટે જ મથવું, ભિન્ન ભિન્ન વિચારધારાઓમાં ગૂંચવાઈ ગયેલા લોકોને સર્વજ્ઞો પણ એકમત ન કરી શક્યા તો બીજું કોણ કરી શકવાનું ?***

દર્શનશાસ્ત્રો-ફિલસૂફીઓ આટલી બધી કેમ ? અથવા આવા મત-મતાંતર વચ્ચે આપણે કરવું શું ? આ અંગે શાણા પુરુષોની સલાહ શી છે?

આ રહી એ સલાહ : તત્ત્વજ્ઞાનનું નામ ગમે તે હોય, તેના પ્રણેતા ગમે તે હોય, જે પદ્ધતિ-પરંપરા પોતાને રુચે, વિકાસ સાધવામાં સહાયક બનતી લાગે તેનું અનુસરણ કરવું. સ્વહિતને અગ્રિમતા આપવી.

અને બીજાઓ જે પરંપરાને માનતા હોય તેમને તે માનવા દેવું. બધાને એકમત કરવાનું કામ આપણા માથે લઈ લેવું નહિ. એમનો નિર્ણય એમને જ કરવા દેવો.

સર્વજ્ઞ કહી શકાય એવી પ્રતિભાઓ આપણા પહેલાં અહીં આવી ચૂકી છે. એમની વાત પણ સૌએ સ્વીકારી નથી; તો આપણું શું ગજું કે સૌનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાધાન કરી શકીએ ?

કોઈની વાતમાં સત્યનો અંશ લાગે તેનું અનુમોદન કરીએ. કોઈની વાતમાં ફેર જણાય તો મિત્રભાવે વાત કરીએ. તેને ન રુચે તો નારાજ ન થઈએ. ક્લેશ તો સાંસારિક વાતોમાં પણ ન કરાય, આધ્યાત્મિક વિષયોમાં તો પછી ક્લેશ થાય જ કેમ ? કરીએ તો આપણું તો અહિત જ થાય.

આ સલાહ શ્રી સિદ્ધસેન દિવાકરજીની છે અને એવી જ સલાહ અન્ય સુજ્ઞ જનોની છે. 'સબ સયાનોં કા એક મત.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૮

## ગર્વથી બોલાયેલું વચન અગ્રાહ્ય બને છે

विनयमधुरोक्तिनिर्भय[1]–
मसारमपि वाक्यमास्पदं लभते।
सारमपि गर्वदुष्टं[2]
वचनमपि मुनेर्वहति वायुः।। (८-२३)

***વિનયયુક્ત, મધુર અને વિશ્વાસથી કહેવાયેલું વચન સાર વિનાનું હોય તો પણ લોકોના મનમાં સ્થાન પામે છે. સારી પણ ગર્વથી દૂષિત વાત, વિદ્વાને કરી હોય તોય, હવામાં ઊડી જાય છે.***

આપણે મતભેદોની દુનિયામાં જીવીએ છીએ. દરેક માનવી એક સ્વતંત્ર એકમ છે. આગવી દૃષ્ટિ અને આગવી પ્રકૃતિ ધરાવે છે. કોઈ આપણાથી ભિન્ન મત ધરાવતું હોય કે આપણા કરતાં જુદી રીતે વર્તતું હોય તો તેને મૂર્ખ કે વિરોધી સમજી લેવો ન જોઈએ. એ ભૂલ ખાતો હોય તો પણ, એ ભૂલ થવાના સંજોગો જો આપણે જાણીએ તો આપણને લાગશે કે આપણે એની જગ્યાએ હોત તો આપણે પણ એ ભૂલ કરી હોત.

આમ છતાં, વ્યાજબી મતભેદને અવકાશ તો રહે છે જ. લોકોની ગેરસમજ થતી જ હોય છે. એવે પ્રસંગે કંઈક કહેવાનું પણ જરૂરી બની રહે છે. સામાન્ય રીતે કોઈકની ભૂલ દેખાડી તેને શરમિંદો બનાવવાની અથવા

---

૧. °*निर्मम*°– મુદ્રિત પાઠ, ૨. °दृष्टं – મુદ્રિત પાઠ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના પર ચડી બેસવાની કોશીશ થાય છે. પરિણામે કડવાશ જન્મે છે. અને આપણે કહેવા લાગીએ છીએ કે લોકોને સાચી વાત ગમતી નથી. હકીકતમાં આપણા કથનમાં ડોકાતો ગર્વ તેને ગમતો નથી હોતો. દિવાકરજી કહે છે કે નમ્રતા અને મધુરતાથી કહેલી ખોટી વાત પણ લોકોને ગળે ઊતરે છે, તો સાચી વાત કેમ ન ઊતરે ?

આપણી વાત બીજાના ગળે ઉતારવા માટે દલીલો, શબ્દાડંબર કે પ્રપંચની જરૂર નથી; વિનય, મધુરતા, આત્મવિશ્વાસ અને સચ્ચાઈની જરૂર હોય છે. વિનય હોય તો મોટેરાં પણ સાંભળશે, સ્વીકારશે; મધુરતા હશે તો નાનેરાં પણ માનશે. તમે સાચા હશો તો તમારા શબ્દોમાં આત્મવિશ્વાસનો રણકો હશે, જે લોકોને તમારી વાત માનવા પ્રેરશે.

બાકી તો, સોનાની લગડી પણ તપાવીને આપવા જાઓ તો કોઈ હાથમાં ઝાલવા તૈયાર ન થાય !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૯

### સાધન જ્યારે બંધન બને છે

परिनिग्रहाध्यवसित–
श्चित्तैकाग्र्यमुपयाति यद्वादी।
यदि तत्स्याद्वैराग्ये,
न[1]चिरेण शिवं पदमुपेयात्[2]।। (८.२५)

***પ્રતિપક્ષીને ભીંસમાં લેવાની વિચારણામાં વાદકુશળ વિદ્વાન જેવો એકાગ્ર થઈ જાય છે એવો જો વૈરાગ્યથી થાય તો બહુ ઓછા સમયમાં શિવપદને પામી જાય.***

શાસ્ત્રોનો અભ્યાસ આત્મશુદ્ધિના એક સાધન તરીકે કરવાનો હોય; ધર્મમાર્ગનો પથિક જે કંઈ કરે તેના કેન્દ્રમાં આત્મહિતની ભાવના જ હોય, પરહિતની ભાવના બીજા ક્રમે હોય. દિવાકરજી મૂળભૂત રીતે આત્મસાધક સાધુજન છે. તેમની પ્રથમ નિસબત આત્મશુદ્ધિની સાધના સાથે છે. અન્યોને હરાવવા માટે થતા શાસ્ત્રાભ્યાસ અને વાદવિવાદને તેઓ આકરા શબ્દોમાં વખોડે છે. આ શ્લોકમાં કરેલી ટકોર તેમના આધ્યાત્મિક વલણમાંથી આવી છે.

શાસ્ત્રાભ્યાસ આત્મવિકાસ માટે કરવાનો હોય, તેને હાર-જીતનું સાધન બનાવનાર મુક્તિને બદલે બંધનના માર્ગે વળી જાય છે. ઝીણી ઝીણી

---

૧. °*राग्येण, चिरेण* – મુદ્રિત પાઠ. ૨. °*मुपयातु* – મુદ્રિત પાઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચર્ચામાં ડૂબેલો અને સામેવાળાની ક્યાં ભૂલ થાય છે તે પકડવામાં તલ્લીન થયેલો હરીફ તે સમયે કેવો એકાગ્ર બની જતો હોય છે ! આ એકાગ્રતાના મૂળમાં વિપક્ષને હરાવવાની વૃત્તિ પડી છે. દિવાકરજી કહે છે કે તેને ઠેકાણે વૈરાગ્ય-અનાસક્તિ હોત તો એ એકાગ્રતા એને મુક્તિની વધુ સમીપ લઈ જાત ! પણ થાય છે તેનાથી ઊલટું, કેમકે આ એકાગ્રતાનો પાયો અહંકાર, ઈર્ષ્યા કે કામના છે. એવી એકાગ્રતા બિલાડી અને બગલો પણ રાખે છે, શિકારી કે બાણાવળી પણ રાખે છે, શતરંજનો ખેલાડી અને ભેજાબાજ વકીલ પણ રાખે છે ! એ એકાગ્રતા દૂષિત છે. જય-પરાજયની દૃષ્ટિએ શાસ્ત્રચિંતનમાં લીન થઈ જનારની એકાગ્રતા પણ એનાથી જુદી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૦

## 'સ્વ'નું પૃથક્કરણ

स्वशरीरमनोऽवस्थाः
पश्यतः स्वेन चक्षुषा ।
यथैवायं भवस्तद्व–
दतीतानागतावपि ।। (१०.२)

***પોતાના શરીર અને મનની અવસ્થાઓને પોતાના ચક્ષુ વડે નિહાળનારને વર્તમાન ઉત્પત્તિ જેવી સ્પષ્ટ જણાય છે, તેવા જ ભૂતકાળ અને ભવિષ્યકાળ પણ જણાય છે.***

દશમી બત્રીસી એટલે જિનેશ્વરોના માર્ગનો સારસંક્ષેપ. માત્ર સૈદ્ધાંતિક વાતોની સૂચિ નહિ, જિનેશ્વરોએ પ્રબોધેલા સાધનાપથના અંકોડા મેળવવાનો પ્રયાસ આમાં થયો છે. ધર્મમાર્ગની વિવિધ ભૂમિકાઓ અને વિવિધ સાધનો-સિદ્ધાંતો વચ્ચેના સંબંધ અને તાત્પર્યને સ્પષ્ટ કરવાનું લક્ષ્ય દિવાકરજીના મનમાં છે. આજના કરતાં ઘણાં જ નિર્ભેળ સ્વરૂપમાં ભગવાન મહાવીરનો ધર્મમાર્ગ દિવાકરજીને પ્રાપ્ત થયો હોય એ સ્વાભાવિક છે. જૈન સાધનામાર્ગની રૂપરેખા સ્પષ્ટ કરવામાં આ બત્રીસીમાંનું પૃથક્કરણ સવિશેષ મહત્ત્વનું બની રહે છે.

શરીર અને મનની અવસ્થાઓને પોતાના ચક્ષુથી જોતાં પ્રતિક્ષણ તેની અંદર થઈ રહેલા ઉત્પત્તિ-વિનાશ સાફ સાફ જણાય છે. 'भव' શબ્દનો અર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ઉત્પન્ન થવું' એવો જ થાય છે. ઉત્પત્તિ સાથે વિલય તો સંકળાયેલો જ હોય, અહીં ઉત્પત્તિ-નાશની માત્ર શાસ્ત્રીય ચર્ચા કે માન્યતા નહિ, 'ચક્ષુ' દ્વારા નિહાળવાની વાત છે. અહીં ચક્ષુ એટલે આંખો નથી સમજવાની. શરીરને ચક્ષુથી જોઈ શકાય, મનને ચક્ષુથી કેવી રીતે જોઈ શકાય ? માટે ચક્ષુ એટલે જ્ઞાનચક્ષુ-જ્ઞાનશક્તિ, સંવેદનશક્તિ. સ્પષ્ટ છે કે દિવાકરજી શરીર-મનના નિરીક્ષણની કોઈ વિશિષ્ટ પ્રક્રિયાનો નિર્દેશ કરી રહ્યા છે. જ્ઞાનચેતનાને શરીર-મન પર કેન્દ્રિત કરવામાં આવે તો તેમાં પ્રતિક્ષણ પરિવર્તન થતું અનુભવમાં આવશે. જો વર્તમાન ક્ષણે તેની આ સ્થિતિ છે તો ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં આનાથી જુદી ન હોઈ શકે. શરીર અને મન એક સતત પરિવર્તન પામતી ભૌતિક રચના છે. અનુભવ દ્વારા આ સત્યનો બોધ થતાં શરીર-મનમાં થતો આત્મબુદ્ધિનો ભ્રમ વિસર્જિત થવા લાગે છે. અસલિયત સામે આવ્યા વિના ભ્રમ ટૂટતો નથી. શરીર-મન ઉપર જે પોતાપણાનો ભ્રમ થઈ ગયો છે તે શરીર-મનના અસલી સ્વરૂપનો સાક્ષાત્કાર થયા સિવાય નીકળે નહિ. આ માટે શરીર-મનના જાગૃત-તટસ્થ-સતત અવલોકનની જરૂર પડે, પૃથક્કરણની જરૂર પડે. ધર્મધ્યાનના ચાર પ્રકારોમાં આવી પૃથક્કરણની પ્રક્રિયા સમાવિષ્ટ હતી, દિવાકરજી એ જ અહીં સૂચવતા જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૧

## દુઃખ ચક્ર

मोहोऽहमस्मीत्याबन्धः
शरीरज्ञानभक्तिषु ।
ममत्वविषयास्वाद–
द्वेषास्[1]तस्मात्तु कर्मणः ।। (१०.४)

***શરીર અને મનના વિકલ્પોની વિવિધ અવસ્થાઓમાં 'આ હું છું' એમ માની લેવું તે મોહ છે – અજ્ઞાન છે. એમાંથી મમત્વ, વિષયાસક્તિ અને વિષયદ્વેષ જન્મે છે. અને તેમાંથી કર્મબંધ સર્જાય છે.***

વાદવિવાદના યુગમાં તર્ક અને યુક્તિનો ભરચક ઉપયોગ કરનારા શ્રી દિવાકરજી અધ્યાત્મક્ષેત્રે પણ એટલા જ સક્રિય-સાવધાન હતા. કેટલીક બત્રીસીઓના પરિશીલનમાંથી દિવાકરજીની યોગાભ્યાસી અને અધ્યાત્મનિષ્ઠ તરીકેની જે છબી આપણી સામે ઉપસે છે, એ ઓછી પ્રભાવક નથી. આજે જૈન શ્રમણવર્ગમાં લુપ્ત હોય એવી યોગાભ્યાસની પ્રવૃત્તિ તેમના સમયમાં જીવંત હતી એવું પણ આ બત્રીસીઓમાંની કેટલીક વિગતોથી સૂચિત થાય છે. આગલા શ્લોકમાં જેનો નિર્દેશ થયો છે તે શરીર-મનના નિરીક્ષણની પ્રક્રિયાનો ઉલ્લેખ આ દૃષ્ટિએ નોંધપાત્ર છે.

એ પ્રક્રિયા દ્વારા ક્યું પરિણામ પ્રગટે છે તેની રૂપરેખા આ શ્લોકમાં

---

૧. °द्वेषात्तस्मा° – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળે છે. શરીરના અતિ સૂક્ષ્મ સ્તરે સંયોજન-વિસર્જન ચાલતાં રહે છે, એમ મનના સ્તરે પણ વિકલ્પોનો એક પ્રવાહ ચાલતો રહે છે. શરીર-મનના આ પલટાતા સ્વરૂપો-આકારો-અવસ્થાઓ સાથે એકાકાર બનીને ચૈતન્યતત્ત્વ પોતાને શરીર-મનરૂપ માની લે છે. આ ભ્રાંતિ અતિ ઊંડા સ્તરે-અજાગૃત સ્તરે બંધાય છે. આવો 'અહંકાર' જન્મવાની સાથે જ મમભાવ પણ આવી જાય છે. પછી અનુકૂળ અને સુખદ પદાર્થો-વ્યક્તિઓ-સ્થિતિઓ માટે આસક્તિ અને પ્રતિકૂળ વસ્તુ-વ્યક્તિ-સ્થિતિ માટે દ્વેષ આપોઆપ જન્મે છે. એમાંથી આવે છે પ્રતિક્રિયા અને પ્રતિક્રિયાના પરિણામે બંધાય છે કર્મો. કર્મો ફરી જન્મનું કારણ બને છે અને એ જ ઘટમાળ આગળ ચાલુ રહે છે.

શરીર-મનના માત્ર જ્ઞાતા-દૃષ્ટા બની રહેવાય તો રાગ-દ્વેષની પ્રતિક્રિયા અટકી જાય અને કર્મબંધને અવકાશ ન રહે. સાધનાની આવી કોઈક પ્રક્રિયાનો દિવાકરજી અહીં નિર્દેશ કરી રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૨

## અનેકાંતવાદની અનિવાર્યતા

नाहमस्मीत्यसद्‌भावे
दुःखोद्वेगहितैषिता।
न नित्यानित्यनानैक्य[१]–
कर्त्राद्येकान्तपक्षतः।। (१०.११)

***'હું છું' એ અનુભવ થતો જ ન હોય તો દુઃખનો ઉદ્વેગ અને સુખની અભિલાષા પણ ન હોય. ચૈતન્યતત્ત્વ નિત્ય છે, અથવા અનિત્ય છે, એક છે કે અનેક છે, કર્તા છે કે કર્તા નથી વગેરેમાંથી કોઈ એક પક્ષ ગ્રહણ કરવામાં આવે તો પણ દુઃખદ્વેષ અને સુખાભિલાષા શકય ન રહે.***

શરીર અને મન ભૌતિક રચના છે. એમાં અહંબુદ્ધિ થવી એ ભ્રાંતિ છે. એમાંથી રાગ-દ્વેષ જન્મે છે. આ ભ્રાંતિ ટળે તો રાગ-દ્વેષાદિ ન થાય. આ વિષયમાં થોડો ખુલાસો કરવાનો રહે છે તે આ શ્લોકમાં દિવાકરજી કરે છે.

જૈન વિચારધારા એકાંતવાદથી દૂર રહે છે. જીવન એ શરીર-મનની પલટાતી અવસ્થાઓની એક વહેતી ધારા જ છે, ચૈતન્ય જેવી સ્વતંત્ર વસ્તુ છે જ નહિ-એવા નિષ્કર્ષ પર આવવું એકાંતવાદ ગણાશે. 'હું છું' એ ભાન

૧. °*नानैक्यं, कर्ताद्ये*° – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વયંસિદ્ધ છે. શરીર-મનને 'હું' સમજી લેવા એ ભ્રાંતિ છે, પણ તો પછી 'હું દેહ નથી' એ અનુભવ થાય છે કોને ? એ ભાન પણ શરીર-મનને જ થાય છે એમ કહેતાં હાસ્યાસ્પદ સ્થિતિ થાય. 'હું નથી' એવો બોધ વદતોવ્યાઘાત છે. હું નથી અર્થાત્ જાણનાર-અનુભવનાર નથી, તો પછી દુઃખનો દ્વેષ, સુખની ઈચ્છા કોને થાય છે ? સુખ-દુઃખનો અનુભવ અને તેના રાગ-દ્વેષનો અનુભવ પ્રત્યક્ષ છે જ. 'હું છું' એવા અનુભવ પછી જ 'મને રાગ-દ્વેષ થાય છે' એ અનુભવ આવે, તે પહેલાં કે તે વગર નહિ.

આ 'હું' જે કંઈ છે તે નિત્ય તત્ત્વ છે કે અનિત્ય ? તે એક છે કે અનેક ? તે કર્તા છે કે અકર્તા ? આવા પ્રશ્નોના ઉત્તર પણ અનેકાંતદૃષ્ટિથી મળશે. બંને વિકલ્પ કોઈક રીતે સાચાં છે એવો અનેકાંતનો નિષ્કર્ષ છે. નિત્ય જ છે અથવા અનિત્ય જ છે એવો કોઈ એક જ પક્ષ ગ્રહણ કરતાં સુખ-દુઃખ અને રાગ-દ્વેષની પ્રતિક્રિયા પાછી અસંગત ઠરશે. ચૈતન્ય તત્ત્વ નિત્ય જ હોય તો સુખ-દુઃખ પણ નિત્ય ઠરશે, અનિત્ય માનતાં સુખ-દુઃખનો વિચાર જ વ્યર્થ બની રહેશે. જે 'હું' પોતે જ નાશવંત છે તેના સુખ-દુઃખની ચિંતા કરવાનો અર્થ નથી. 'આત્મા એક જ છે', 'અનેક જ છે', 'કર્તા છે જ', 'અકર્તા છે જ' વગેરે કોઈ એક વિધાનનો સ્વીકાર કરવા જતાં પણ આવી જ સ્થિતિ સર્જાશે.

જૈન તત્ત્વજ્ઞાન અનેકાંતદૃષ્ટિ લઈને ચાલે છે. રોજિંદો અનુભવ અને અંતિમ સત્ય — એ બંનેનું સંતુલન-સામંજસ્ય અનેકાંત દ્વારા જ જાળવી શકાશે એમ દિવાકરજી અહીં સૂચવી રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૩

## આચરણ કરતાં આશય વધુ મહત્ત્વનો છે

न विधिः प्रतिषेधो वा
कुशलस्य प्रवर्तितुम् ।
तदेव वृत्तमात्मस्थं
कषायपरिपक्तये ।। (१०.२०)

***સુજ્ઞ પુરુષો માટે આચરણના વિષયમાં વિધિ–નિષેધના આદેશોની આવશ્યકતા નથી; કારણ કે કષાયજનક ગણાતું આચરણ પણ જ્યારે આત્મસ્થ ભાવે કરાય છે ત્યારે તે જ આચરણ કષાયની નિર્જરાનું કારણ બને છે.***

અધ્યાત્મમાર્ગનો ઠીક ઠીક અનુભવ કરનારને જ સમજાય એવી એક વાત શ્રી સિદ્ધસેન અહીં કરી રહ્યા છે. ધર્મશાસ્ત્ર એટલે વિધિ-નિષેધોનું એક જંગલ એમ ઘણાને લાગતું હોય છે. આ કરાય, આ ન કરાય, અમુક સંજોગોમાં પાછું કરાય – આવા વિધિ-નિષેધ-અપવાદો ધર્મશાસ્ત્રો વિસ્તારથી દર્શાવે છે અને તે છતાં શાસ્ત્રમાં ઉલ્લેખ ન હોય એવી સ્થિતિ પણ જીવનમાં આવી પડે છે, તે વખતે શું કરવું ? એવી મુંઝવણ નવો સાધક અનુભવે છે. અનુભવી સાધક તે બાબતે પોતાની સૂઝથી રસ્તો કાઢે છે.

શાસ્ત્રનિર્દિષ્ટ વિધિ-નિષેધોનું અનુસરણ પ્રથમ તબક્કે અનિવાર્ય હોય. વિચારશીલ સાધક ક્રમે ક્રમે આ વિધિ-નિષેધો કયા હેતુથી ફરમાવાયા છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજવા લાગે છે. અંદરની વાત સમજવા જેટલો વિવેક આવ્યા પછી વિધિ-નિષેધોની ગૂંચ રહેતી નથી. શાસ્ત્ર અમુક વસ્તુનો ત્યાગ કરવાનું કહે છે તેનું કારણ તે વસ્તુ વ્યક્તિના ચિત્તને અવળી કે અનિચ્છનીય અસર કરે એવી શકયતા છે. એ પદાર્થ કે પ્રસંગ વ્યક્તિના મનમાં આસક્તિ, લોભ, ઘૃણા કે ચંચળતા જગાડવાનું નિમિત્ત પૂરું પાડે એવાં છે માટે શાસ્ત્ર તેને વર્જ્ય કહે છે. સાધક અંતર્મુખ બની વૃત્તિઓનું શોધન કરતો જાય છે તેમ તેમ રાગ-દ્વેષનું વલણ ઓછું થતું જાય છે. ક્રમશઃ એવી અવસ્થા આવે છે કે જે સંજોગો કે વસ્તુઓ અપરિપકવ સાધકને અસ્થિર કરી શકતા હતા તેનો પ્રભાવ હવે સાધક પર પડતો નથી. કયારેક નિષિદ્ધ કહેવાતી પ્રવૃત્તિ કરવાની આપદ્ધર્મ જેવી ફરજ પડે — વર્જ્ય ગણાતી વસ્તુ સાથે સંબંધમાં આવવાનું બને — ત્યારે આવો સાધક આંતરિક જાગૃતિ સાથે તેમાંથી પસાર થાય છે ને તેની માઠી અસરથી બચી જાય છે. જે પ્રવૃત્તિ કષાયોત્પાદક બને છે, તે જ પ્રવૃત્તિ આંતરિક જાગૃતિના બળે કષાય ક્ષીણ કરવાનું માધ્યમ બની શકે છે. આચારાંગ સૂત્રના ''जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा'' — "જે કર્મબંધનના કારણ છે તે કર્મક્ષયના કારણ બની શકે છે, જે કર્મક્ષયના કારણ છે તે કર્મબંધનના કારણ બની શકે છે." એ વાક્યમાં અધ્યાત્મજગતના આ સિદ્ધાંતનો જ ઉલ્લેખ થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૪

### તત્ત્વજ્ઞાન વૈરાગ્યનું જનક છે

न दोषदर्शनाच्छुद्धं
वैराग्यं विषयात्मसु।
मृदुप्रवृत्त्युपायोऽयं
तत्त्वज्ञानं परं हितम्।। (१०.२१)

***વિષયોમાં — ઈન્દ્રિયસુખોમાં રહેલા દોષોનું દર્શન કરવાથી આવનારો વૈરાગ્ય શુદ્ધ નથી હોતો. લોકોને સન્માર્ગમાં વાળવા માટે તે એક સુગમ ઉપાય છે, પરંતુ ખરું કલ્યાણ તો તત્ત્વની સમજણથી થાય છે.***

દશમી બત્રીસીમાં ધર્મની અંતરંગ વાતોનું સંકલન છે. આમાં દિવાકરજીની ધર્મવિષયક ફિલસૂફી આપણને જાણવા મળે છે. એમના વિચારો ઘણી વાર પ્રચલિત ધારણાથી જુદા નીકળે છે.

ધાર્મિક જીવનમાં વૈરાગ્યનું સ્થાન ઊંચું ગણાય છે. દુન્યવી સુખો કે સંબંધોનું વ્યક્તિને જોરદાર આકર્ષણ હોય છે. સાંસારિક વૈભવો અને સંબંધો બંધનરૂપ છે; એમાંથી મુક્ત થયા વગર આધ્યાત્મિક વિકાસ લક્ષ્ય નથી. આ આકર્ષણને તોડવા માટે ઈન્દ્રિયસુખ અને દુન્યવી પદાર્થો કેટલા નાશવંત છે, ભવિષ્યમાં દુર્ગતિકારક છે, વર્તમાનમાં ઉપાધિરૂપ છે વગેરે દોષોના વર્ણન દ્વારા વૈરાગ્યની પ્રેરણા અપાતી હોય છે. વિષયસુખોમાં જે દોષો બતાવવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે છે તે સાચા છે, પરંતુ એ જાણવા છતાં ભૌતિક સુખો તરફનું આકર્ષણ કંઈ મટતું નથી. ઉપદેશકો ન કહે તો પણ આ બધું ક્ષણભંગુર છે વગેરે બાબતો સૌ જાણે છે. ધૂમ્રપાન સ્વાસ્થ્યને હાનિકારક છે તે કોણ નથી જાણતું? છતાં તેનું ખેંચાણ રહે છે. આકર્ષણ ભયસ્થાનની પરવા નથી કરતું.

અલબત્ત, બાહ્ય સુખોના આકર્ષણના વેગને ખાળવા માટે વિષયોમાં રહેલા દોષોનું વર્ણન અવશ્ય ઉપયોગી બને છે. પ્રથમ તબક્કે ભયનું દર્શન પણ નિયંત્રણ લાવી શકે છે, છતાં મનના એક ખૂણેથી અવાજ ઊઠતો રહે છે કે વિષયોમાં સુખ નથી એમ તો નથી. ભલે ક્ષણિક છે, જેટલો સમય છે– જેટલું છે તેટલું તો માણીએ.

પદાર્થના બાહ્ય રૂપ–રંગ–સ્વાદ માણસને ભ્રમમાં નાખી શકે છે. કોઈ ગમે તે કહે, મન તે તરફ ખેંચાય છે. જ્યારે વસ્તુનું અસલી સ્વરૂપ છતું થાય છે ત્યારે જ ભ્રમ ટૂટે છે, અને ત્યારે જ આકર્ષણનો અંત આવે છે. તત્ત્વજ્ઞાન જ ખરો ઉકેલ લાવે છે. તત્ત્વ શબ્દનો અર્થ જ 'વસ્તુનું મૂળભૂત સ્વરૂપ' એવો થાય છે. તત્ત્વજ્ઞાન એટલે વસ્તુની ઓળખાણ, ખરા અર્થમાં અને સાચી રીતે વસ્તુને જાણી લેવી. વસ્તુનું તત્ત્વ જાણી લીધા પછી વસ્તુનું બાહ્ય સ્વરૂપ આકર્ષણ કે અકળામણ જન્માવી શકતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૫

### યોગમાર્ગના અધિકારીનાં લક્ષણ

श्रद्धावान् विदितापायः
परिक्रान्तपरीषहः।
भव्यो गुरुभिरादिष्टो
योगाचारमुपाचरेत् ।। (१०.२२)

***સુપાત્ર સાધક શ્રદ્ધાવાન હોય. તે સાધનામાર્ગનાં ભયસ્થાનોને જાણી લે, કષ્ટોનો સામનો કરે, ગુરુનો આદેશ મેળવીને યોગક્રિયામાં પ્રવૃત્ત થાય.***

દશમી બત્રીસીમાં દિવાકરજીએ જિનેશ્વરોના યોગમાર્ગની આંતરિક વાતોની ચર્ચા કરી છે. દિવાકરજીનો આધ્યાત્મિક બાબતો અંગેનો અભિગમ આમાં જોવા મળે છે. તેઓ માત્ર તાર્કિક કે કોરા બુદ્ધિવાદી નથી; અધ્યાત્મરસિક અને મુક્તિપથના યાત્રિક પણ છે. અત્યારે જૈન શ્રમણસંઘમાં આધ્યાત્મિક સાધના ગૌણ બની ગઈ છે, વિદ્વત્તા અને ક્રિયાકાંડ તરફ વિશેષ ઝુકાવ જોવા મળે છે; દિવાકરજીના સમયમાં આંતરિક યોગસાધના અને બાહ્ય ક્રિયામાર્ગ વચ્ચેનું સંતુલન જળવાઈ રહ્યું હતું એવો સૂર આ બત્રીસીઓમાંથી નીકળે છે.

પરમ તત્ત્વની પ્રાપ્તિ — અનુભૂતિ માટેની સાધનાને યોગમાર્ગ કહે છે. ભારતીય સંસ્કૃતિમાં પરમાત્માની શોધ એ માત્ર બૌદ્ધિક ચર્ચાનો વિષય નથી પરંતુ સ્વના રૂપાંતરણની પ્રક્રિયા છે. પરમના સાક્ષાત્કાર પૂર્વે સાધકે આત્મશુદ્ધિની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રક્રિયામાંથી પસાર થવું પડે. દશમી બત્રીસીમાં યોગમાર્ગમાં પ્રવેશ કરવા ઈચ્છતા મુમુક્ષુ માટેની સૂચનાઓ છે.

યોગમાર્ગના ઉપાસક પાસે શ્રદ્ધાનું અખૂટ ભાથું હોવું જોઈએ. આ એક લાંબી યાત્રા છે, પરિણામ પ્રાપ્ત થતાં કેટલો સમય લાગશે તે નિશ્ચિત નથી હોતું. માર્ગ વિકટ છે. શ્રદ્ધા વિના ટકી રહેવું અશક્ય છે. પરમ તત્ત્વ ઉપર, માર્ગ ઉપર અને માર્ગદર્શક ઉપર અનન્ય શ્રદ્ધા જોઈએ.

મુમુક્ષુએ માર્ગના વિઘ્નો અને અંતરાયોને જાણી લેવા જોઈએ. આ રસ્તે ભૂલભુલામણીઓ ઓછી નથી. પ્રમાદ, પ્રલોભન અને ગર્વ જેવા ભયસ્થાનો છે. અવિધિથી અનિષ્ટ થઈ શકે છે. સાધક આ બધું સમજી રાખે.

યોગમાર્ગના ઉમેદવારે સુખ-સુવિધાની આશા તો રાખવાની જ ન હોય, એણે તો વિવિધ કષ્ટો સહેવા માટે તૈયારી રાખવાની હોય. આ માટે કષ્ટ-પીડા-અસુવિધામાં ટકી શકાય તે રીતે શરીર-મનને કેળવી લેવાં જોઈએ.

અધ્યાત્મમાર્ગે ગુરુનું માર્ગદર્શન અનિવાર્ય છે. સાધક ગુરુના આદેશને અનુસરે, આદેશ વિરુદ્ધ કશું ન કરે, આદેશ વગર પણ કશું ન કરે.

આટલી યોગ્યતા પ્રાપ્ત કરી સાધકે યોગમાર્ગમાં પ્રવૃત્ત થવું ઘટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૬

## અનધિકાર ચેષ્ટા

दैवखातं च वदन-
　　मात्मायत्तं च वाङ्मयम्।
श्रोतारः सन्ति चोक्तस्य,
　　निर्लज्जः को न पण्डितः ?।। (१२.१)

***મોઢું વિધાતાએ કોતરી આપ્યું છે, સાહિત્ય બધું હાથવગું છે, બોલેલું સાંભળી લેનારા લોકો મળી રહે છે, તો પછી કયો નિર્લજ્જ માણસ વિદ્વાન–વક્તા–વિચારક બનવા ન ઈચ્છે ?***

તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મના ક્ષેત્રે 'મનમાં આવે તેમ' બોલવાનું કે કરવાનું ન હોય. દરેક વિચારને તર્ક ઉપરાંત શાસ્ત્ર અને અનુભવનો આધાર હોવો જોઈએ. વિદ્વાનો અને વક્તાઓએ સ્વયં આ મર્યાદાનું પાલન કરવું જોઈએ. પરંતુ બધા વિદ્વાનો અને ગુરુઓ કંઈ આવા સ્વ–અનુશાસનમાં માનતા હોતા નથી. તત્ત્વવિચાર અને ઉપદેશને એક પવિત્ર ધર્માનુષ્ઠાન સમજવા જેટલી ઊંચાઈ જેમનામાં વિકસી હોય એવા વક્તાઓ–લેખકો આંગળીના વેઢે ગણાય એટલા જ હોય છે. ''वक्ता दशसहस्रेषु'' — હજારોમાં એકાદ વક્તા નીકળે તો નીકળે. બાકી ગમે તે વિષય પર બોલવા ઊભા થઈ જનારા લોકો માટે વક્તૃત્વ એક લાભદાયક વ્યવસાય જ છે. દિવાકરજી વૈચારિક શિસ્તના પ્રખર આગ્રહી છે. બની બેઠેલા વક્તાઓ–ગુરુઓ ઉપર આ શ્લોકમાં તેમણે આક્રોશ ઠાલવ્યો છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

દિવાકરજી આખાબોલા છે. તેઓ કહે છે કે વક્તા બનવું સહેલું છે. જરૂર છે થોડા નિર્લજ્જ બનવાની ! મોં અને જીભ તો કુદરતે આપ્યા છે. ગ્રન્થો જોઈએ એટલા મળે છે. ઉછીનું અને ગોખણિયું જ્ઞાન મેળવી પંડિત અને વિચારક હોવાનો ડોળ કરતાં કોઈ અટકાવી શકે નહિ. શ્રોતાઓ તો મળી રહેવાના છે. અને બોલવામાં કંઈ ખર્ચ તો કરવો પડતો નથી ! ઉલટાનું ધન, માન અને સ્થાન મળે છે. માટે બેશરમ થઈને હાંકયે રાખો! તત્ત્વજ્ઞાન કે ધર્મના ક્ષેત્રે બોલવાની મનાઈ કરતો કાયદો નથી હોતો. એટલે જ જગતમાં ભાતભાતના ઢંગધડા વગરના અનેક મત અને પંથ ફૂટી નીકળે છે ને એ બધાનું ગાડું ચાલે પણ છે.

કહેવાતા વિદ્વાન વક્તાઓ પરનો દિવાકરજીનો રોષ જરા પણ વધુ પડતો નથી. શાસ્ત્રાર્થની વૈજ્ઞાનિક પદ્ધતિની ચર્ચા બારમી બત્રીસીમાં તેમણે કરી છે અને આવા પંડિતોની અનધિકાર ચેષ્ટાને અંકુશમાં લેવા માટે– એમની બોલતી બંધ કરવા માટે–કેટલાક ‘છટકાં’ પણ તેમણે વિસ્તારથી ચર્ચ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૭

## શબ્દબ્રહ્મના સાચા ઉપાસકો

महद्वृत्तान्तगहना–[1]
द्विश्लिष्य प्रकृता[2] गिरः।
योजयत्यर्थगम्या यः
शब्दब्रह्म भुनक्ति सः।। (१२.३)

***વિચારોના વિસ્તૃત અને જટિલ ઢગલામાંથી તારવી લઈને, ચાલુ ચર્ચા સાથે સુસંગત હોય અને સુગમ હોય એવાં વચનો જે પ્રયોજે છે તે શબ્દબ્રહ્મનો આનંદ માણે છે.***

ભારતીય સંસ્કૃતિમાં વાણીને દેવતા માની છે, શબ્દને બ્રહ્મ કહ્યો છે. વાણીનો વ્યાપાર એ શબ્દબ્રહ્મની ઉપાસના છે. બ્રહ્મ આનંદમય છે. શબ્દબ્રહ્મનો ઉપાસક એ આનંદનો અધિકારી કયારે બને ? દિવાકરજી જેવા શબ્દસ્વામીનો આ વિષયનો અભિપ્રાય અહીં આપણને જાણવા મળે છે.

બોલવા પાછળનો પ્રથમ હેતુ પ્રત્યાયન (communication) નો જ હોઈ શકે. આપણે કોઈકને કશુંક જણાવવા ઈચ્છીએ છીએ ત્યારે શબ્દનો ઉપયોગ કરીએ છીએ. રોજની કામકાજની વાતો હોય, લાગણીઓની અભિવ્યક્તિ હોય કે ગહન તત્ત્વચર્ચા હોય, આપણા મનોગત ભાવોને અન્ય સુધી પહોંચાડવા આપણે શબ્દનો આશ્રય લઈએ છીએ, પણ એમાં સફળ

૧. *प्रगद्व*° – મુદ્રિત પાઠ. ૨. *प्रहता* – મુદ્રિત પાઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુ ઓછા લોકો થાય છે. ખાસ કરીને વિચારોની આપ-લેમાં લોકોને વાત વધારતાં અને ગૂંચવતાં આવડે છે, વાત મૂકતાં એટલે કે વાત કરતાં નથી આવડતું.

સામાને સમજાવવાનું ત્યારે જ બને કે જ્યારે પ્રથમ પોતે બરાબર સમજ્યો હોય. એક વાત કરતાં પહેલાં બીજી હજાર વાતો આપણા ધ્યાનમાં હોવી જોઈએ. હકીકતોને તારવી લઈને-છૂટી પાડીને ક્રમશઃ પ્રસ્તુત કરવી પડે. દરેક બાબતમાં કહેવા જેવું તો ઘણું હોય, પણ કેટલું કહેવું ને કેટલું છોડી દેવું એનો વિવેક ન કરી શકે તો વાત ખીલે ન બંધાય. શબ્દોનો બગાડ થશે ને વાત ગૂંચવાશે. એ શબ્દબ્રહ્મની ઉપાસના નહિ, શબ્દો સાથે રમત થઈ. બધું સમજી ચૂકેલો માણસ જ થોડા શબ્દોમાં — સાવ સરળ શબ્દોમાં કહેવાનું કહી શકે છે અને એ જ શબ્દબ્રહ્મનો સાચો 'ભોક્તા' છે, શબ્દનો સ્વામી છે. આપણી સંતપરંપરાએ આ વાત સિદ્ધ કરી દર્શાવી છે.

આ છે શબ્દબ્રહ્મના ઉપાસકનું દિવાકરજીએ દોરેલું શબ્દચિત્ર. પંડિતાઈ છાંટવાવાળા, વિષયાંતર કરીને લોકોનો સમય ખરાબ કરનારા, સમજાય નહિ એવું બોલવામાં જ પોતાની મહત્તા માનનારા કહેવાતા વક્તાઓ આમાંથી બાદ થઈ જાય છે.

શબ્દનો ઉપયોગ કોઈને શાતા પમાડવામાં, પૂરક માહિતી પૂરી પાડી તેની મુશ્કેલી ઓછી કરવામાં કરવાનો હોય. આવા ઉદાત્ત આશયથી શબ્દોને પ્રયોજનાર વક્તા એક પરમાર્થનું કામ કરી સાત્ત્વિક આનંદ અનુભવે છે. એ જ શબ્દબ્રહ્મનો આનંદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૮

### *વિચારોને વ્યક્ત કરવાની કળા*

दुरुक्तानि निवर्तन्ते
सूक्ते नास्ति विचारणा ।
पुरुषो ब्राह्मणो विप्रः
पुरुषो वेति वाग्यथा[१] ।। (१२.५)

***ખોટી રીતે કહેવાયેલી વાતમાં વાંધો ઊભો થાય છે; જે વાત સરખી રીતે કહેવાઈ હોય તેમાં ચર્ચાને અવકાશ હોતો નથી. "આ માણસ બ્રાહ્મણ છે" અને "આ બ્રાહ્મણ માણસ છે"– એ બે વાકયો આનાં ઉદાહરણ છે.***

"मुण्डे मुण्डे मतिर्भिन्ना"– એ ન્યાયે વિચારભેદ તો હમેશાં રહેવાનો. વળી વિચારોની અભિવ્યક્તિ પણ કરવી જ રહી. આ અભિવ્યક્તિ યોગ્ય શબ્દોમાં અને યોગ્ય રીતે થાય એ જરૂરી છે, સ્વીકાર-અસ્વીકાર તો તે પછીની વાત છે. વિચારવિનિમયની ચોક્કસ શૈલી/પદ્ધતિ હોવી જોઈએ. છ દર્શનોમાંનું ન્યાયદર્શન એ વિચારપદ્ધતિનું જ શાસ્ત્ર છે. ચર્ચા-વિચારણાના પાયાના નિયમો ન્યાયદર્શને બહુ ઝીણવટથી ઘડી કાઢ્યાં હતાં, જે અન્ય દર્શનોએ પણ અપનાવ્યાં છે.

આ નિયમો વાદને-તત્ત્વની ચર્ચાને સરળ, સુગમ બનાવવા માટેના

---

૧. °*वा यथा* - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા પણ પછી બોલનારની ભૂલો કાઢવામાં જ એનો વધુ ઉપયોગ થવા માંડ્યો. મૂળ મુદ્દો બાજુએ રહી જાય અને રજુઆતના તબક્કે જ આખી વાત અટવાઈ જાય એવું પણ બનવા માંડ્યું. શબ્દોની મારામારી વધી ગઈ. કદાચ એ સ્થિતિને લક્ષ્ય બનાવીને દિવાકરજી આ શ્લોકમાં શબ્દોની ભાંજગડથી બચવાનો અનુરોધ કરે છે.

કોઈ પણ વિષયની ચર્ચા આડમાર્ગે ન ફંટાઈ જાય, ખુલાસા કરવામાં સમય ન બગડે એ માટે દરેક પક્ષે સાવધાની રાખવી ઘટે. વાત સરખી રીતે મૂકાય નહિ તો વાત કરવાનો અર્થ નહિ સરે. એક સરસ દાખલો દિવાકરજી આપે છે : "આ માણસ બ્રાહ્મણ છે" એવું આપણને કહેવામાં આવે તો કશી મુંઝવણ નહિ થાય, ઊલટાનું એક ચોક્કસ માહિતી મળ્યાનો આનંદ થશે. એની જગ્યાએ "આ બ્રાહ્મણ માણસ છે," એવું કહેવામાં આવે તો આપણા ભવાં ઉંચકાશે. આ વાકય નવાં પ્રશ્નો ખડા કરશે. "આ બ્રાહ્મણ માણસ છે" એમ શા માટે કહેવું પડે ? શું મને નથી દેખાતું ? શું એ સ્ત્રીવેશધારી છે? એવું હોય તો "આ બ્રાહ્મણ માણસ છે" એટલે કે પુરુષ છે એમ કહેવાનો હેતુ સરે ખરો. આમ, એકના એક શબ્દો, યોગ્ય ક્રમથી ન મૂકાતાં વાંધાજનક બની જાય છે.

સૈદ્ધાંતિક-આધ્યાત્મિક ચર્ચામાં જ નહિ, રોજિંદી વ્યાવહારિક વાતોમાં પણ જીભાજોડી થતી હોય છે, તેનું કારણ આવી કઢંગી રજુઆત હોય છે. દિવાકરજી કહે છે કે સરખી રીતે મૂકશો તો તમારી વાતનો પ્રતીકાર નહિ, સ્વીકાર થશે; વાત ગૂંચવાશે નહિ, વાત સરળ બનશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૯

## વાગ્યુદ્ધોનું કારણ

द्वितीयपक्षप्रतिघाः
सर्व एव कथापथाः ।
अभिधानार्थविभ्रान्तै–
रन्योन्यं विप्रलप्यते ।। (૧૨.૭)

***બધી જ ચર્ચાઓનો હેતુ સામા પક્ષને તોડી પાડવાનો હોય છે. શબ્દોના અર્થમાં જેમને ભ્રાંતિ થઈ ગઈ છે એવા બધા પક્ષો એકબીજા પર આક્ષેપ–પ્રત્યાક્ષેપ કર્યા કરે છે.***

તત્ત્વજિજ્ઞાસાથી પ્રેરાઈને બે વિચારકો વચ્ચે ચર્ચા થાય તેને એક જમાનામાં વાદ કહેતા. ચડસાચડસી અને હારજીતના લક્ષ્યે થતા વાદને વિતંડાવાદ કહેતા. ક્રમશઃ વિતંડાવાદનું પ્રમાણ એટલું વધી ગયું કે વાદ શબ્દ તેનો પર્યાય બની ગયો અને વગોવાઈ ગયો. દિવાકરજી કહે છે કે હવે તો તમામ વાદો સામાવાળાની માન્યતા મિથ્યા છે એવું સાબિત કરવાના એક માત્ર ધ્યેયથી ચાલે છે. ચર્ચા દ્વારા સત્યની વધુ નજીક જવાનો આશય રહ્યો નથી, બીજાને હરાવી દીધાનો આનંદ લેવાની વાત છે. મલ્લયુદ્ધ કે શસ્ત્રયુદ્ધ કરતાં આ વાગ્યુદ્ધો જરાય જુદા રહ્યા નથી.

ક્યાંક તત્ત્વનિર્ણયની ઈચ્છા બચી હોય તોય અંતે તો તે શબ્દયુદ્ધ જ બની રહે છે, કેમ કે સામા પક્ષની વાત શાંતિથી સમજવાની ધીરજ કોઈનામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોતી નથી. પૂર્વગ્રહ અને આગ્રહ એકબીજાના કથનને સમજવામાં અંતરાય ઊભો કરે છે. શબ્દનો અર્થ કે ભાવાર્થ સમજ્યા વિના જ શબ્દોની મારામારી થતી હોય છે. ક્યારેક તો બંનેની વાત એક હોવા છતાં ઊંધું ઘાલીને વિરોધ થતો હોય છે ત્યારે અરીસામાં દેખાતી ચકલીને ચાંચો મારતી ચકલી જેવું દયાજનક ચિત્ર ઊભું થતું હોય છે.

દરેક શબ્દનો એક સીધો સાદો વાચ્યાર્થ હોય છે જેને 'અભિધા' કહે છે. ક્યારેક શબ્દ કોઈ જુદા જ અર્થમાં વપરાય છે, જેને 'વ્યંજના' અને 'લક્ષણા' કહે છે. શબ્દ વાચ્યાર્થમાં વપરાયો છે કે વ્યંગ્યાર્થ-લાક્ષણિક અર્થમાં વપરાયો છે તે ન સમજાય તો ય ઝઘડો થવાનો. ઘણાની તો શબ્દના વાચ્યાર્થ-સીધાસાદા અર્થ સુધી પણ પહોંચ હોતી નથી. મોટા ભાગના વિવાદો આવી શબ્દગરબડ (ખરેખર તો અર્થગરબડ)માંથી જન્મે છે. સુજ્ઞજનો અર્થને ધ્યાનમાં લે છે અને જીભાજોડીને ટાળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૦

### સાચું વક્તૃત્વ કરુણામાંથી જન્મે છે

किं परीक्ष्यं कृतार्थस्य ?
किमेवेति सचक्षुषः[1] ?।
परानुग्रहसाधोस्तु
कौशलं वक्तृकौशलम् ।। (१२.३२)

***જે પામી ચૂકયા છે તેમને સમજવાનું શું રહ્યું ? અને જે સ્વયં વિચારી શકે છે તેને સમજાવવાનું શું હોય ? તેમ છતાં અન્યને સહાયરૂપ થવાની વૃત્તિવાળા સત્પુરુષો વાણીનું જે કૌશલ્ય વાપરે છે, એ જ સાચું વક્તૃત્વ છે.***

જગતમાં ત્રણ પ્રકારની વ્યક્તિઓ હોઈ શકે : ૧. પરમ સત્યને પામી કૃતાર્થ થયેલા. ૨. પરમ સત્યની શોધમાં લાગેલા. ૩. પરમ સત્ય તરફ જેમનું લક્ષ્ય ખેંચાયું નથી એવા.

જેમને પરમ તત્ત્વની ઝાંખી થઈ હોય છે તેઓ એક પ્રકારની તૃપ્તિ અનુભવતા હોય છે. તેમને માટે કાંઈ કર્તવ્ય શેષ રહેતું નથી. આવી આપ્તકામ-કૃતકૃત્ય થયેલી વ્યક્તિઓ પણ એક કર્તવ્ય પોતાના માથે લે છે. તેમની બધી ઈચ્છાઓ પૂરી થઈ ગઈ હોય છે ત્યારે એક ઈચ્છા તેમના હૃદયમાં જાગે છે. એ કર્તવ્ય અને એ કામના છે : પરમ સત્યની શોધમાં

---

૧. **च चक्षुषः** – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય એવા અન્ય જિજ્ઞાસુઓને તેમની શોધમાં મદદ કરવી. આવી ફરજ તેમના માથે કોઈ નાખતું નથી, પરમ સત્યની ઉપલબ્ધિ સાથે તેમના હૃદયમાં આવી સહાનુભૂતિની વૃત્તિ સ્વયં સ્થાન લે છે. 'અનુગ્રહ'ની ભાવના ઉપલબ્ધિની સહચરી છે.

આવી 'પહોંચેલી' વ્યક્તિઓને એક કૌશલ્ય પણ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રો વાંચ્યા હોય કે ન વાંચ્યા હોય, તેઓ મોટા વિદ્વાનોના મનનું પણ સમાધાન કરી શકે છે. તેમની નિર્મલ પ્રજ્ઞા પ્રશ્નના મૂળ સુધી તો પહોંચે જ છે, સાથે પ્રશ્નકારનું યે માપ કાઢી લે છે, તેથી થોડા શબ્દોમાં પ્રશ્નકારનું સમાધાન કરી શકે છે, દિવાકરજી કહે છે કે સાચા 'વક્તા' તો એમને જ કહી શકાય. એમની વાણી અધિકૃત હોય છે. આવા પ્રબુદ્ધજનોના બે શબ્દોથી જે કામ થાય છે તે 'અનધિકારી' વક્તાઓના લાંબા પ્રવચનોથી પણ નથી થતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૧

## જીવન્મુક્ત અવસ્થા

ज्ञानप्रसादौ वैराग्य–
मित्यविद्यातमो जितम् ।
को हि रागो विरागो वा,
कुशलस्य प्रवृत्तिषु ?।। (१३.२३)

***જ્ઞાન, પ્રસાદ અને વૈરાગ્ય આવતાં અવિદ્યારૂપી અંધકારનો અંત આવ્યો સમજવો. એવા જ્ઞાનીપુરુષને કોઈ પણ પ્રવૃત્તિમાં રાગ–વિરાગ જેવું ક્યાંથી હોય ?***

શ્રી દિવાકરજીએ તે સમયે પ્રચલિત દર્શનોના સાર-સંગ્રહ રૂપે કેટલીક બત્રીસીઓ બનાવી છે. તે તે દર્શનના પદાર્થોની માત્ર સૂચિ જ નહિ, તેના સમર્થનમાં યુક્તિઓ પણ એમાં આપી છે. આ બત્રીસીઓ વાંચતાં કોઈ જૈન આચાર્ય બોલે છે એવો ખ્યાલ સુદ્ધાં વાંચનારને ન આવે. રજુઆત એટલી ભારપૂર્વક થઈ છે કે તે દર્શનના સમર્થક વિદ્વાન બોલી રહ્યા હોય એવું લાગે છે. સામા પક્ષની વાત આપણા શબ્દોમાં મૂકતી વખતે આપણી પ્રામાણિકતાની કસોટી થાય છે, જાણ્યે-અજાણ્યે નબળી રજુઆત કરવાનો પ્રયાસ થઈ જાય. દિવાકરજી તે તે દર્શનના પક્ષે રહીને સબળ રજુઆત કરે છે. ઉચ્ચ બુદ્ધિમત્તા સાથે એટલી જ ઉચ્ચ તટસ્થતા અહીં જોવા મળે છે.

તેરમી બત્રીસીમાં દિવાકરજીએ સાંખ્યદર્શનનો સંક્ષિપ્ત સાર આપ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. સાંખ્યદર્શન કહે છે કે અવિદ્યા જ સંસારનું મૂળ છે. સત્ત્વ-રજસ-તમસ એ ત્રણ ગુણ પ્રકૃતિના છે, પુરુષના નથી; અને એ અવિદ્યાના કારણે પ્રગટે છે. આ ત્રણ ગુણનો અંત એટલે પ્રકૃતિ પર પુરુષનો વિજય. આ માટે જ્ઞાન-પ્રસાદ-વૈરાગ્યનો વિકાસ કરવો જોઈએ. સત્-ચિત્-આનંદનો જ અહીં વૈરાગ્ય-જ્ઞાન-પ્રસાદના નામે ઉલ્લેખ થયો છે. વૈરાગ્યાદિ આવતાં અવિદ્યા દૂર થશે. જ્ઞાનને પ્રાપ્ત કરનાર વ્યક્તિ જીવન સાથે સંબધિત પ્રવૃત્તિઓ તો કરશે જ, પરંતુ તેની પાછળ રાગ-દ્વેષ નહિ હોય. રજસ્-તમસ પ્રેરિત કર્મો બંધનરૂપ બને છે, એમ સત્ત્વગુણ પ્રેરિત કર્મો પણ બંધનકારક જ છે. ત્યાગ-વૈરાગ્ય પણ સત્ત્વગુણની નીપજ છે. પ્રાથમિક દશામાં તેનો અભ્યાસ જરૂરી ખરો, પણ ત્રિગુણાતીત અવસ્થામાં પ્રવેશ થતાં આપણે જેને વૈરાગ્ય કહીએ છીએ તેવું પણ રહેતું નથી. સાત્ત્વિક ગણાતી પ્રવૃત્તિ જ જીવન્મુક્ત પુરુષો કરશે કિંતુ તે બધું ઔપચારિક હશે. તેમને રાગ નથી હોતો તેમ વિરાગ પણ નથી હોતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭૨

### અનુભૂતિ સમાન, છતાં વ્યવહાર જુદા

शेषवृत्ताशयवशात्
साम्यप्रकृतिभेदवत् ।
समानप्रतिबोधाना–
मसमानाः प्रवृत्तयः ।। (१३.२७)

***પૂર્વસંસ્કાર શેષ રહ્યા હોવાથી, વ્યવહારના ભેદથી અને આશય જુદા જુદા હોવાથી સમાન અનુભૂતિવાળા પુરુષોની પ્રવૃત્તિમાં, ત્રિગુણની તરતમતાથી પ્રકૃતિમાં પડતા ભેદોની જેમ, અસમાનતા હોય છે.***

સાંખ્યદર્શન અનુસાર પ્રકૃતિ અને પુરુષ — એ બે મુખ્ય તત્ત્વો છે. પુરુષ એટલે ચૈતન્યતત્ત્વ. એ નિર્ગુણ છે, નિરાકાર છે; પરંતુ પ્રકૃતિ સાથે એકાકાર થતાં તેમાં સત્ત્વ-રજસ-તમસ એ ત્રિગુણનો ઉદ્‌ભવ થાય છે. બધા જ આત્માઓમાં આ ત્રણ ગુણ કાર્યરત હોવા છતાં બધા આત્માઓ સરખા નથી જોવામાં આવતા. કારણ કે દરેકમાં આ ત્રણ ગુણોનું સંયોજન એક સમાન નથી હોતું. આ થઈ બદ્ધ અવસ્થામાં રહેલા પુરુષની વાત. પુરુષ જ્યારે પ્રકૃતિની પકડમાંથી મુક્ત થાય છે ત્યારે શું બને છે ?

'હું પ્રકૃતિથી ભિન્ન છું' એવું ભાન થાય છે તેને 'વિવેકખ્યાતિ' કહે છે. આ સાક્ષાત્કાર થતાં પુરુષ મુક્ત થાય છે. હવે પૂર્વોપાર્જિત કર્મો શેષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય ત્યાં સુધી તે દેહધારી રહે. આવા જીવન્મુક્ત પુરુષોનો 'સાક્ષાત્કાર' સરખો હોવા છતાં, તેમના વ્યવહારમાં પરસ્પર તફાવત હોઈ શકે છે. એક જીવન્મુક્ત પુરુષ એક રીતે આચરણ કરતા હોય, તો બીજા જીવન્મુક્ત તેનાથી તદ્દન જુદી રીતે વ્યવહાર કરતા જોવા મળે. ત્રિગુણાતીત સ્થિતિએ પહોંચ્યા પછી પણ આવો તફાવત શાથી પડે છે તેનો સાંખ્યદર્શન અનુસાર ખુલાસો દિવાકરજીએ અહીં કર્યો છે.

જીવન્મુક્ત બનતાં પહેલાં જે આહાર-વિહાર, ભાષા, રૂઢિનું અનુસરણ કર્યું હોય તેના સંસ્કાર શરીર-મનમાં પછી પણ રહે છે. અમુક રીત-રિવાજ જો અનુચિત ન હોય તો જ્ઞાનીપુરુષો તેને અનુસરવાનું ચાલુ રાખે છે. પૂર્વ કર્મો પણ હજી અવશેષ રહ્યાં હોય છે. કયારેક આશય જુદો પડી જવાથી આવા મુક્તપુરુષોના આચરણમાં તફાવત આવે છે. આમ, શેષ કર્મો, પૂર્વસંસ્કાર, રૂઢિ - આશયના ભેદ વગેરે કારણે મુક્ત અવસ્થા સમાન હોવા છતાં મુક્ત પુરુષોના વ્યવહારમાં અસમાનતા હોઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૩

## નિમિત્તોનો પ્રભાવ અનિયત છે

देशकालनिमित्तानि
निमित्तान्यनियोगतः।
नियोगतो वा तत्सिद्धौ
नैवाध्यात्मविशेषता[2]।। (१७.२)

***સ્થળ, કાળ અને બાહ્ય નિમિત્તો નિશ્ચિત રૂપે મુક્તિનાં કારણ નથી બનતા, આ બાહ્ય કારણોથી જો નિશ્ચિતપણે મુક્તિ સિદ્ધ થતી હોય તો આંતરિક ભાવોની કોઈ વિશેષતા જ ન રહે.***

સત્તરમી બત્રીસીમાં શ્રી સિદ્ધસેનસૂરિનું જૈન સાધનામાર્ગ વિષયક ચિંતન પ્રાપ્ત થાય છે. જૈન વિચારધારામાં બે દૃષ્ટિકોણ મુખ્ય સ્થાને છે : વ્યાવહારિક દૃષ્ટિકોણ અને નૈશ્ચયિક દૃષ્ટિકોણ. માત્ર તત્ત્વચર્ચામાં જ આ દૃષ્ટિકોણ લાગુ પડે છે એવું નથી, સાધના-આરાધનાના ક્ષેત્રે અર્થાત્ ધર્મક્ષેત્રે પણ આ બે દૃષ્ટિકોણ એટલા જ ઉપયોગી થાય છે. 'વ્યવહારનય' સ્થૂળ અને બાહ્ય સ્વરૂપને મહત્ત્વ આપે છે, 'નિશ્ચયનય' સૂક્ષ્મ અને ઊંડા લક્ષણોને મહત્ત્વ આપે છે. સત્તરમી બત્રીસીમાં દિવાકરજીએ ધાર્મિક જીવનની કેટલીક બાબતોને નિશ્ચયનયના દૃષ્ટિકોણથી તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

કાર્યકારણનો નિયમ સર્વત્ર પ્રવર્તે છે. ભૌતિક પદાર્થોના રૂપાંતર-

१. *न वाध्या* °- મુદ્રિત પાઠ; २. °*शेषतः* - મુદ્રિત પાઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિત્યંતર-સ્થાનાંતર પાછળનાં કારણો ભૌતિક જ હોય. આ કારણો શોધવાં અપેક્ષાકૃત સરળ છે. ઠંડી-ગરમી, આઘાત-પ્રત્યાઘાત વગેરેની એક નિશ્ચિત અસર હોય છે, આ અસર માપી શકાય છે અને યોજનાપૂર્વક એવી અસર નિપજાવી પણ શકાય છે.

ચૈતન્યની અવસ્થાઓ પણ બદલાય છે. તેની પાછળનાં કારણો કયાં હશે ? ચૈતન્યની સુખી-દુઃખી, શુદ્ધ-અશુદ્ધ અવસ્થાની જેમ બદ્ધ-મુક્ત એવી બે અવસ્થાઓ પણ છે. આ અવસ્થાઓ પાછળ બાહ્ય કારણો જ નહિ, આંતરિક કારણો પણ ભાગ ભજવતાં જણાય છે.

જીવંત પ્રાણીને ક્ષેત્ર અને સમયની અસર થતી જોવા મળે છે. અન્ય વસ્તુઓની અસર પણ થાય છે. ધાર્મિક ક્ષેત્રે જોઈએ તો તીર્થક્ષેત્ર, પર્યુષણાદિ પર્વનો સમય વગેરે ચોક્કસ અસર કરે છે. તપ-જપ, દીક્ષા, વ્રત, પચ્ચક્ખાણ, સામાયિક વગેરે વસ્તુઓ મોક્ષનાં સાધન તરીકે અપનાવવામાં આવે છે. દિવાકરજી કહે છે કે આ બધાં નિમિત્તો નિશ્ચિતપણે મોક્ષસાધક બને છે એવું માની શકાય નહિ. ભૌતિક પદાર્થની જેમ આ વસ્તુઓની ચોક્કસ-નિશ્ચિત અસર નથી હોતી. આ બધું કરવાથી જ જો મોક્ષ સિદ્ધ થતો હોય તો દરેક સાધક-આરાધકને સરખું ફળ મળતું જોવા મળે. પણ તેવું જોવા મળતું નથી. માટે જ આ બાહ્ય નિમિત્ત ઉપરાંત કોઈ કારણ હોવું જોઈએ. અને આ કારણ તે ચૈતન્યની આંતરિક પરિણતિ-ભાવદશા. બંધન અને મોક્ષ આંતરિક કારણથી છે, એકલા બાહ્ય કારણથી નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭૪

### *વ્યવહારની વિધિઓ શા માટે છે ?*

सुव्रतानि [1]यैमा वृत्तं
यथाध्यात्मविनिश्चयम् ।
दीक्षाचारस्तु शैक्षाणां
वर्त्मस्थैर्यानुवृत्तये ।। (१७.३)

***કોઈના જીવનમાં વ્રત, નિયમ કે સદાચાર ખરેખર છે કે કેમ તે તેના અંતરંગભાવના આધારે નક્કી થઈ શકે. દીક્ષા વગેરે વિધિઓ તો સાધકની માર્ગ પર સ્થિરતા ટકાવવા માટે છે.***

•

દિવાકરજીએ નિશ્ચયદૃષ્ટિથી કેટલીક સાફ સાફ વાતો સત્તરમી બત્રીસીમાં કરી છે. તેઓ વ્યાવહારિક દૃષ્ટિકોણના વિરોધી નથી. ધર્મને બાહ્ય વિધિઓ કે બાહ્ય વર્તન સાથે જોડી દેવાની ભૂલ થાય અથવા બીજી બાજુ અધ્યાત્મના નામે વ્યવહારના માળખાની ઉપેક્ષા થઈ જાય એ બંને સ્થિતિ તેમને ઈષ્ટ નથી.

કોઈ વ્યક્તિ ધાર્મિક છે કે નહિ એ માત્ર તેના બાહ્ય વર્તન પરથી નિશ્ચિત કરી શકાય નહિ. ધર્મ બહારથી આવતી ચીજ નથી, અંદરથી ઊગનારી ચીજ છે. ધર્મનો ઉદ્‌ભવ પ્રથમ હૃદયમાં થાય, એનો પ્રભાવ રોજિંદા વ્યવહારમાં વર્તાય. પ્રથમ કરુણાનો ભાવ હૃદયમાં પ્રગટે, તેની

---

૧. °*व्रतानि यमं* – મુદ્રિત પાઠ

2

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાછળ અહિંસાનું આચરણ આવે. કોઈ સંસાર છોડી દે છે માટે તેને ત્યાગી ગણવો એ વ્યાવહારિક સ્તરે ઠીક છે, કિંતુ તેના અંતઃકરણમાં મમત્વ અને તૃષ્ણા રહેતા હોય તો એ ત્યાગ સાચો નથી.

અહીં સ્વાભાવિકરૂપે એક પ્રશ્ન ઊઠી શકે છે : ધર્મ જો આંતરિક ભાવના આધારે નક્કી થાય છે તો પછી વ્રત, નિયમ, અનુષ્ઠાન, સદાચાર, દીક્ષાવિધિ વગેરે શું નિરર્થક છે ? દિવાકરજીનો જવાબ છે : "માર્ગ પર સ્થિરતા ટકાવી રાખવા માટે આ બાહ્ય વિધિઓ ઉપયોગી છે." વ્યવહાર નિરર્થક નથી. ધર્મનો ઉદ્ભવ ભલે હૃદયમાં થતો, તે જીવનમાં ઊતરી આવે તે માટે ઘણું-ઘણું કરવું પડે. જેને નિષ્પાપ રહેવું છે તે પાપની સંભાવના હોય એવાં સ્થળ, એવાં સાધન, એવાં કાર્યોથી દૂર રહેવાની કોશીશ કરશે જ. સંયમ-સદાચાર જેને પ્રિય છે તે ઘણા બધા વિધિ-નિષેધ ખુશીથી અપનાવશે. હૃદયમાં જાગેલા ધર્મભાવોને જાળવી રાખવા-વિકસાવવા માટે જીવનમાં જે નવરચના કરવી પડે તેનું નામ વ્યવહાર. અધ્યાત્મ વ્યવહારને અસલિયત આપે છે, તો વ્યવહાર અધ્યાત્મને સલામતી બક્ષે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૫

### વ્યવહાર ઉપર ભાર શા માટે મૂકાય છે ?

कषायचिह्नं हिंसादि
प्रतिषेधस्तदाश्रयः ।
अपायोद्वेजनो बाल[1]–
भीरूणामुपदिश्यते ।। (१७.१०)

***હિંસા વગેરે આચરણ અંતરમાં રહેલ ક્રોધાદિનું બાહ્ય ચિહ્ન છે. બાળકક્ષાના અને દુઃખભીરુ લોકોને હિંસાદિથી થનારી હાનિની બીક બતાવી હિંસાદિ નહિ કરવાનો ઉપદેશ અપાય છે.***

વ્યવહારના દૃષ્ટિકોણથી હત્યા, ચોરી વગેરે કાર્યો પાપ ગણાય છે. નિશ્ચયદૃષ્ટિએ વ્યક્તિના ચિત્તમાં રહેલ ક્રોધ, લોભ વગેરે દોષો જ ખરું પાપ છે. હત્યા તો પરિણામ છે, તેનું પ્રેરકબળ ક્રોધ, લોભ વગેરે વિકારો છે. હિંસા, અસત્ય વગેરે અંતઃકરણમાં રહેલ ક્રોધ, લોભ વગેરે કષાયોનું બાહ્ય ચિહ્ન માત્ર છે. અંદરના ક્રોધાદિ જાય નહિ તો બહારના હત્યા વગેરે પાપો બંધ નહિ થાય, બંધ થશે તો પણ ફરી ગમે ત્યારે હિંસાદિ પાપો થવાનો સંભવ રહેશે.

બીજી બાજુ, સંતો, શાસ્ત્રો અને સજ્જનો 'હિંસા ન કરો, અસત્ય ન બોલો, ચોરી ન કરો' એ પ્રકારનો ઉપદેશ–અનુરોધ ભારપૂર્વક કરતા જણાય

૧. °बालो, भीरू° - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ભીતરના ક્રોધ-લોભ-મોહ દૂર ન થયા હોય ત્યાં સુધી આવો બોધ શું નિરર્થક નથી ?

શ્રી સિદ્ધસેન કહે છે કે ના, છેક એવું નથી. અંતરના દોષો દૂર ન થયા હોય, તેમ છતાં વ્યક્તિ હત્યા વગેરેથી દૂર રહે તેમાં તેનું ભલું તો છે જ. લોભ-મોહ-મમત્વ દૂર કરવાનો અનુરોધ પ્રાથમિક કક્ષાના જીવો માટે એટલો અસરકારક નહિ થાય. 'હિંસા કરશો તો તમે જ દુ:ખી થશો, જેવું કરશો તેવું પામશો' એવો સ્થૂળ ભૂમિકાનો ઉપદેશ તેમના માટે કલ્યાણકારી બને છે. નાનું બાળક સ્વચ્છતાનો મહિમા કે આનંદ કેવો હોય તે સમજી શકતું નથી. તેને તો 'કપડાં મેલાં કરીશ તો માર પડશે' એમ કહી કપડાં મેલાં કરતો અટકાવવો પડે છે. સમજણ વધતાં મારની બીકે નહિ, સ્વચ્છતાનું મહત્ત્વ સ્વાનુભવે સમજી કપડાં મેલાં ન થાય તેની કાળજી તે સ્વયં રાખી શકશે.

દુન્યવી દૃષ્ટિએ પુખ્ત ગણાતા હોવા છતાં કેટલાક જીવો આધ્યાત્મિક દૃષ્ટિએ આવી બાળકક્ષાના જ હોય છે. દુ:ખનું ખરું કારણ તો ચિત્તમાં રહેલી રાગ-દ્વેષ આદિ વૃત્તિઓ છે. આ વિકારો પોતે જ દુ:ખરૂપ છે. પરંતુ આ તથ્ય આવા બાળજીવોને ઝટ સમજાતું નથી. એવા લોકોને હિંસાદિથી થતા કર્મબંધન અને તેના પરિણામે આવતાં દુ:ખ-દુર્ગતિ વગેરેનો ખ્યાલ આપી હિંસાદિથી દૂર રહેવાનો ઉપદેશ અપાય છે તે યોગ્ય જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૬

## યોગ્ય-અયોગ્યનો નિર્ણય કયા આધારે ?

कल्पाकल्पमतो द्रव्य–
मचिन्त्यं सर्पिरादिवत् ।
दोषप्रचयवैषम्या–
दातुरस्तु परीक्ष्यते ।। (१७.१२)

***ત્રિદોષનું પ્રમાણ બધા માટે એકસરખું ન હોવાથી 'ઘી પથ્ય છે' કે 'અપથ્ય છે' એવું નિયત કથન થઈ શકે નહિ; એ જ રીતે, ધર્મક્ષેત્રે અમુક વસ્તુ 'ગ્રાહ્ય છે' કે 'અગ્રાહ્ય છે' એવું નિયત વિધાન ન થઈ શકે. 'રોગી'ની સ્થિતિનો વિચાર કરવો આવશ્યક છે.***

"आचारः प्रथमो धर्मः" — 'પોતાનો આચાર સ્વચ્છ રાખવો એ પહેલો ધર્મ છે' - ભારતીય સંસ્કૃતિ આ સૂત્રમાં માને છે. જૈન ધર્મની આચારવિષયક ઝીણવટભરી વ્યવસ્થા વિશ્વપ્રસિદ્ધ છે. ગૃહસ્થો માટે અને સાધુઓ માટે આચારના નાના-મોટા નિયમો માત્ર નિર્ધારિત નથી કર્યા, તેના પાલન માટે આગ્રહ પણ એટલો જ રાખ્યો છે. આચારવિષયક વિધિ-નિષેધો અને અપવાદોનું નિરૂપણ કરતાં શાસ્ત્રોનો એક આખો વિભાગ છે : 'ચરણ કરણ અનુયોગ.'

આમ છતાં, ગમે તેટલી છણાવટ સાથે નિયમો અને મર્યાદાઓ ઘડી કાઢવામાં આવે તો પણ વ્યવહારમાં ક્યારેક એવી અણધારી પરિસ્થિતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્જાઈ શકે છે કે જેનો ઉલ્લેખ શાસ્ત્રમાં ન પણ હોય. વ્યવહારની આવી ગૂંચનો ઉકેલ વિધિ-નિષેધના આશયને ધ્યાનમાં લઈએ તો જ આવી શકે. એ નિયમ કોને માટે અને શા માટે છે એ મુદ્દો ખાસ વિચારણામાં લેવાવો જોઈએ, અન્યથા નિયમ જડ બની જાય. અદાલતોમાં કેટલાક ન્યાયાધીશો પણ શબ્દોને વળગી ન રહેતાં આશયને ધ્યાનમાં લઈને ચુકાદા આપે છે. જે કાર્ય કે જે વસ્તુ એક વ્યક્તિ માટે દોષરૂપ થતાં હોય તે જ અન્ય કોઈ વ્યક્તિ માટે ગુણરૂપ બની શકે છે; એથી ઊલટું પણ બની શકે છે. આયુર્વેદ ઘીને એક ઉત્તમ પુષ્ટિકારક દ્રવ્ય ગણાવે છે, તે જ આયુર્વેદ અમુક રોગોમાં ઘીને વર્જ્ય પણ કહે છે. 'ઘી પથ્ય છે' કે 'ઘી અપથ્ય છે' એવું એકપક્ષીય વિધાન નથી થઈ શકતું. દર્દીને તપાસ્યા વિના આનો નિર્ણય ન થઈ શકે, એવું જ ધાર્મિક વિધિ-નિષેધોનું છે.

રોગી માટે શું પથ્ય છે ને શું અપથ્ય છે તે તજ્જ્ઞ વૈદ્ય કે ડૉક્ટર નક્કી કરે છે, તેવી જ રીતે શ્રાવક કે સાધુના આચાર-વ્યવહારની બાબતમાં નિર્ણય લેવાનો અધિકાર શાસ્ત્રના મર્મજ્ઞ ગુરુજનોને છે. અમુક કાર્ય યોગ્ય જ છે કે અયોગ્ય જ છે એવો ફેંસલો — વ્યક્તિ અને સંયોગોને જોયા-તપાસ્યા વગર — આપવાની ઉતાવળ ન થવી જોઈએ એ આ ચર્ચાનો સાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૭

## ઝેરનું મારણ ઝેર

क्षयो नाप्रशमस्यास्ति
संयमस्तदुपक्रमः।
दोषैरेव तु दोषाणां
निवृत्तिर्मारुतादिवत्॥ (१७.१५)

***પ્રશાંત બન્યા વિના વ્યક્તિ ક્રોધાદિનો ક્ષય કરી શકે નહિ. સંયમ એ પ્રશાંતભાવની પ્રાપ્તિનો ઉપાય છે. જેમ વાત–પિત્ત–કફ એ ત્રિદોષોમાંથી એક દોષનું શમન બીજા દોષ વડે થાય છે, તેમ ક્રોધ આદિ દોષોના નિવારણ માટે ચારિત્ર્યની ક્રિયા જરૂરી છે.***

આત્મા નિસ્તરંગ, નિર્મળ, નિષ્ક્રિય તત્ત્વ છે. ક્રોધ–મોહ આદિ કષાયો તેને ક્ષુબ્ધ, મલિન અને ચંચળ બનાવે છે. ખળભળાટ, ચંચળતા અને પ્રવૃત્તિ તો કર્મના આશ્રવનું કારણ બને છે. સમત્વ અથવા પ્રશમભાવના આલંબન દ્વારા આત્મા સ્થિર થવા લાગે છે, ઠરવા લાગે છે, અને સંપૂર્ણ અચલ-નિષ્ક્રિય અવસ્થા તરફ પાછો ફરી શકે છે. કંઈ 'કરવા'થી મુક્તિ નથી. કશું જ 'ન કરવા'થી મુક્તિ થાય છે. હકીકત આમ છે ત્યારે 'સંયમ–સાધના–અનુષ્ઠાન–ધ્યાન વગેરે પણ 'ક્રિયા' રૂપ છે, તો તે પણ બંધનનું કારણ બનશે' એવું વિચારી કોઈ ધર્મસાધનાની ક્રિયાનો પણ ત્યાગ કરી દે તો મોટી હાનિ થશે. દિવાકરજી કહે છે કે અક્રિય અવસ્થા લગી પહોંચવા માટે પણ ઘણી ક્રિયા કરવી પડશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાંક આધ્યાત્મિક વર્તુળો એમ માનતા હોય છે કે સંયમ-સાધના-ધ્યાન વગેરે પણ આત્માની શાંતિનો ભંગ કરે છે. 'કશું કરવું નથી, કરવું એ તો બંધન છે. કશું ન કરો, સ્વમાં સમાઈ જાઓ' — એવું માનનારો વર્ગ આધ્યાત્મિક સાધનાની પ્રવૃત્તિને અને ચારિત્ર્યના વિધિ-નિષેધોને પણ એક બાધા/વિક્ષેપ માની લેવા સુધી પહોંચી જાય છે. આ વર્ગ પાછો દુન્યવી અને આધ્યાત્મિક બાબતો અંગે ભરચક પ્રવૃત્તિમાં તો ગળાડૂબ હોય છે !

દિવાકરજીનો અભિપ્રાય સ્પષ્ટ છે. સંયમ-સાધના એ 'ક્રિયા' છે એ સાચું, પણ એ ક્રિયા પેલી ક્રોધાદિની ક્રિયાનો છેદ ઉડાડે એવી ક્રિયા છે. પ્રથમ તબક્કે એક ક્રિયાનો છેદ ઉડાડવા બીજી ક્રિયાનો આશ્રય લેવો પડશે. સાધનાની ક્રિયા સમત્વની ભૂમિકા સુધી પહોંચવાનો માર્ગ પ્રશસ્ત કરી આપશે. જેમ વાયુના શમન માટે કફકારક કે પિત્તકારક દ્રવ્યો ઔષધ તરીકે વપરાય છે, તેમ અશુભ ક્રિયાની નિવૃત્તિ શુભ ક્રિયાથી થઈ શકે છે. નિષ્ક્રિય અવસ્થા સુધી પહોંચતા પહેલાં ઘણી બધી ક્રિયા કરવી પડે છે.

દિવાકરજી નિશ્ચય-વ્યવહારની સમતુલામાં માને છે. તેમના આ ચિંતનમાં પ્રાચીન જૈન શ્રમણ સંઘની અતિ મહત્ત્વની વિચારધારાનું પ્રતિબિંબ સચવાઈ રહ્યું છે. આજના વિચારકો આમાંથી પ્રાચીન જૈન અધ્યાત્મની છબી સારી રીતે ઉપસાવી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭૮

### ત્યાગ: સંસારનો કે આસક્તિનો ?

दोषेभ्यः प्रव्रजन्त्यार्या
गृहादिभ्यः पृथग्जनाः ।
परानुग्रहनिम्नास्तु
सन्तस्तदनुवृत्तयः ।। (१७.१६)

***સુજ્ઞ જનો દોષોથી દૂર જાય છે, સામાન્ય જનો ઘર–પરિવાર આદિથી દૂર જાય છે. અન્યનું હિત ઈચ્છનારા સુજ્ઞ જનો પણ ઘર છોડવાના ક્રમને અનુસરે છે.***

'પ્રવ્રજ્યા' શબ્દ દીક્ષા-સંન્યાસના અર્થમાં વપરાય છે. એનો વ્યુત્પત્તિ અર્થ છે : 'ચાલી નીકળવું.' કયાંથી ચાલી નીકળવું ? ઘર, ગામ અને સંબંધો છોડીને ચાલી નીકળવાને 'પ્રવ્રજ્યા' કહેવામાં આવે છે તે વ્યવહારનો દૃષ્ટિકોણ છે. દિવાકરજી નિશ્ચયદૃષ્ટિથી 'પ્રવ્રજ્યા'નો અર્થ કરે છે : દોષોથી દૂર જવું - હિંસા, પરિગ્રહ, મમત્વ, આસક્તિથી દૂર હટવું એ પ્રવ્રજ્યા છે. સંસાર મનમાં છે. પરિગ્રહ બહાર નહિ, અંતરમાં ભરેલો છે. વસ્તુઓ આત્માનું કંઈ બગાડી શકતી નથી, મમત્વ, વાસના અને લાલસા જ બંધન ઊભાં કરે છે. સુજ્ઞ-સમજદાર લોકો આ ભીતરી રહસ્ય સમજી ગયા હોવાથી અંદરના સંસારથી છેડો ફાડે છે. અનાસક્તભાવે 'જળકમળવત્' તેઓ સંસારમાં રહી શકે છે, અને મુક્તિ ભણી તેમનું પ્રયાણ ચાલુ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં હતા ત્યાં જ રહીને દોષોથી દૂર નીકળી જનારા આત્મસાધકો છે તેમ ઘર-બાર તજી દેનારા મુમુક્ષુઓ પણ છે. સંસારનાં બંધનો અને દોષનાં નિમિત્તોથી દૂર રહીને અનાસક્તિ-જાગૃતિ ટકાવી રાખવી વધારે સુગમ છે. અપરિપકવ દશામાં બાહ્ય ત્યાગ સહાયક બને છે; બાહ્ય ત્યાગથી મુમુક્ષુનું કાર્ય સરળ બને છે. આ તથ્યને સુજ્ઞ જનો સમજે છે, એટલે પોતાને બાહ્ય ત્યાગની આવશ્યકતા ન જણાતી હોય તોય, અન્ય મુમુક્ષુજનોનો માર્ગ સરળ થાય એવી અનુગ્રહ બુદ્ધિથી આવા જાગૃત આત્માઓ પોતે પણ 'ઘર' છોડે છે અને એ રીતે એક વ્યવસ્થિત રાજમાર્ગ ઊભો થવા દે છે.

'મન ચંગા તો કથરોટમેં ગંગા' એમ કહીને ત્યાગ-તપ-સાધનાની કોઈ જરૂર નથી એમ માનનારો એક વર્ગ છે. આ વાત મૂળમાં ખોટી નથી. આંતરત્યાગ એ જ સાચો ત્યાગ છે એ નિશ્ચયનયનો સિદ્ધાંત છે જ; કિંતુ આ સિદ્ધાંતનો ઉપયોગ બનાવટી આધ્યાત્મિકતા માટે ન થાય તેની ચિંતા સાચા આધ્યાત્મિક પુરુષોને રહે છે. દિવાકરજીએ નિશ્ચયદૃષ્ટિએ વિચારણા ચાલતી હોવા છતાં બાહ્ય ત્યાગરૂપ વ્યવહારની ઉપાદેયતા અહીં સ્પષ્ટ શબ્દોમાં દર્શાવી ગેરસમજ થવાનો અવકાશ રહેવા દીધો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭૯

### કર્મનું ફળ સૌને સરખું નથી મળતું

तुल्यातुल्यफलं कर्म,
निमित्तास्त्रवयोगतः।
यतः स हेतुरन्वेष्यो
दृष्टार्थो हि न तप्यते।। (१७.१७)

***સમાન નિમિત્ત અને સમાન આશ્રવ હોવા છતાં ઘણી વાર કર્મનું ફળ સમાન નથી હોતું. આમ થવાનું જે કારણ છે તે શોધી કાઢવું જોઈએ. જેને સાચી વાતની ખબર હોય તેને ચિંતા કરવાનું રહેતું નથી.***

કર્મબંધમાં બાહ્ય કારણ કે બાહ્ય ક્રિયા કરતાં આંતરિક ભાવ વધુ ભાગ ભજવે છે. આ વાત દિવાકરજીએ નિશ્ચયનયના દૃષ્ટિકોણથી અહીં સમજાવી છે.

કર્મબંધનમાં નિમિત્તો અને આશ્રવો ભાગ ભજવતા હોય છે. અમુક સંજોગો કે વ્યક્તિઓ નિમિત્ત બનીને કર્મબંધન તરફ આપણને ધકેલતા હોય એવું લાગે છે. જે સાધનો ઉપયોગમાં લેવાય અથવા જે કાર્ય કરાય તેને આશ્રવ કહેવાય છે. એક જ જાતનું નિમિત્ત મળે કે એક જ જાતનું આચરણ થાય ત્યારે પણ કોઈ બે વ્યક્તિને એક જ જાતનું — એકસરખું કર્મ બંધાય એવું નથી બનતું. ક્યારેક સરખું બંધાય, ક્યારેક ઓછું, ક્યારેક વધુ. આમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થવા પાછળનું કારણ શું ? આ તફાવત પડવા પાછળનું જે કોઈ કારણ હોય તે બહુ મહત્ત્વનું ગણાય. આ કારણ શોધી કાઢવું જોઈએ. જે કાર્યથી કે જે નિમિત્તથી એકને તીવ્ર કર્મ બંધાતા હોય, તે જ કાર્ય કે તે જ નિમિત્ત હોવા છતાં બીજાને ઓછા તીવ્ર કર્મ બંધાતા હોય તો તેની પાછળ કારણ તો હોવું જ જોઈએ. બહારનાં કારણ તો સમાન છે; માટે આમ થવાનું કારણ બહારનું નથી, આંતરિક છે. આ કારણ શોધી લઈએ તો આપણે કર્મબંધનની તીવ્રતા ઘટાડી શકીએ. આવી મહત્ત્વની વાત બરાબર તપાસી સમજી રાખી હોય તો પાછળથી ખેદ કરવાનો પ્રસંગ ન આવે.

કર્મબંધનમાં આવું અંતર પડવાનો ભેદ શું છે ? કર્મનું ફળ તીવ્ર કે મંદ થવાનું કારણ કર્તાની અંદર જ છે, બહાર નથી. કર્તાનો ભાવ–આશય–વલણ આમાં મહત્ત્વની કડી છે. કાર્ય સરખું, પણ આશય જુદો. કાર્ય થોડું, પણ તેની પાછળ લાગણી તીવ્ર. કાર્ય ઘણું, પણ ભાવ નહિવત્. આવા અંદરના તફાવતના કારણે કર્મફળમાં તફાવત આવે છે. હવે આ ભાવ કે લાગણીનું તત્ત્વ તો આપણા હાથની વાત છે. આ વાત જાણી લેનાર કેટલો નિશ્ચિંત બની જાય છે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૦

### સંસાર મનમાં છે

मनसोपैति विषयान्
मनसैवातिवर्तते ।
किमेव[1] बहुरल्पं वा
शरीरे बहिरेव वा ? ।। (१७.१८)

***વિષયોનું ગ્રહણ મનથી જ થાય છે, અને એમનો ત્યાગ પણ મનથી જ થાય છે. વિષયો થોડા હોય કે ઘણા હોય, શરીરગત હોય કે બહાર રહેલા હોય, તેનાથી શો ફેર પડે છે ?***

"વિષયો બંધનરૂપ છે, વિષયો દુઃખદાયી છે, વિષયોથી દૂર રહો, વિષયોનો ત્યાગ કરો. વિષયોનું સુખ ક્ષણિક છે, વિષયો અસાર છે" — આવો અનુરોધ મોટા ભાગના ઉપદેશકો તરફથી થતો હોય છે. વિષયો જાણે એક ભયંકર શત્રુ હોય અને તે આત્માની પાછળ પડ્યા હોય એવી રીતે વિષયોની ભયંકરતાનું વર્ણન થતું રહે છે. ઉપર ઉપરથી લાગે પણ ખરું કે જાણે વિષયો આત્માને ખેંચી રહ્યા છે, આત્મા પરવશ બનીને વિષયો તરફ જાણે ખેંચાય છે. વ્યવહારનયના દૃષ્ટિકોણથી જોતાં આ વાત સાચી છે જ.

નિશ્ચયનય બીજી જ વાત કરે છે. વિષયો આત્માને બાંધતા નથી; આત્મા જાતે વિષયોને વળગે છે. વળગવું એ પણ કહેવા પૂરતું છે. વિષયો

૧. *किमेवं* – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માને બાંધી શકતા નથી, આત્મા વિષયોને ભોગવી શકતો નથી. બંને દ્રવ્યો જુદાં છે, દરેક દ્રવ્ય પોતાના જ ગુણ-ધર્મ-સ્વભાવના માલિક છે, અન્યના નહિ. આત્મા માત્ર ઈચ્છા કરી શકે, કલ્પના કરી શકે. આત્મા મનથી જ વિષયોને પકડે છે. આ મારાં છે, આ સારાં છે એવો ભાવ જ તે કરી શકે. વિષયોને હું ભોગવું છું — એ આત્માની ભ્રમણા માત્ર છે. સુખ-દુ:ખ, તારું-મારું એ મનના વિકલ્પો સિવાય કંઈ નથી. સંસાર માત્ર મનમાં છે. આત્મા આ વિકલ્પોને છોડી દે તો સંસાર છૂટ્યો સમજવો. છૂટવા માટે વધુ કશું કરવાનું નથી. મનથી જગતના પદાર્થોને પોતાના માનવાનું બંધ કરવાનું છે.

વિષયો થોડા હોય કે ઝાઝા, શરીરના ભોગ્ય પદાર્થો હોય કે બાહ્ય પરિગ્રહ હોય કંઈ ફરક નથી પડતો. એક પણ વિષયને, એક પણ પદાર્થને પોતાનો ગણે છે ત્યાં સુધી બંધન છે. પોતાપણાનો ભાવ છૂટે તે જ ક્ષણે આ પ્રપંચનો અંત આવી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮૧

### માત્ર જ્ઞાન પર્યાપ્ત નથી

यथा गदपरिज्ञानं
नालमामयशान्तये ।
अचारित्रं तथा ज्ञानं
न बुद्ध्यध्यवसायतः ।। (१७.२७)

***રોગને જાણી લેવા માત્રથી રોગ મટી જતો નથી, એમ આચરણ વિનાનું, માત્ર બૌદ્ધિક ચિંતનથી મેળવેલું જ્ઞાન દુઃખરૂપી રોગને શાંત કરી શકે નહિ.***

• રોગને ઓળખી લેવો બહુ જરૂરી છે, પણ રોગ કયો છે એટલું સમજી લેવાથી રોગ કંઈ મટી જતો નથી. ધીરજપૂર્વક ઉપચાર તો કરવો જ રહ્યો. આધ્યાત્મિક ક્ષેત્રે દુઃખ અને બંધનના કારણ રાગ-દ્વેષ આદિ દોષો છે એટલું જાણી લેવાથી કામ પૂરું થઈ જતું નથી. એ દોષોના નિવારણની કામગીરી થવી જોઈએ. જ્ઞાન જેટલી જ આવશ્યકતા ક્રિયાની પણ છે એ તથ્ય નીચે શ્રી સિદ્ધસેન જાણે અહીં લાલ લીટી દોરી રહ્યા છે.

રાગ-દ્વેષ આદિ મલિનતા માત્ર માનસિક સ્તરે જ અટકી જતી નથી. શારીરિક-વાચિક વગેરે વ્યવહારના સ્તરે કોઈને કોઈ રૂપે તે ઊતરી આવે છે. આધુનિક માનસશાસ્ત્ર માનવી કે અન્ય પ્રાણીઓના માનસનો અભ્યાસ કરવા માટે તેમના વર્તનનો જ આધાર લે છે. માનસશાસ્ત્ર એક અર્થમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તનનું શાસ્ત્ર બની રહે છે. મનોગત ભાવો શારીરિક સ્તરે ક્રિયામાં ફેરવાઈ જાય છે, અને વારંવારની આ પ્રવૃત્તિ મનમાં અને શરીરમાં એક મજબૂત ઘરેડ કે આદતને જન્મ આપે છે. સંસ્કાર માત્ર મનમાં જ નહિ, શરીરમાં પણ આકાર લે છે. અમુક પ્રવૃત્તિ હાનિકારક છે એમ સમજાઈ જવા છતાં ઘણી વાર માણસ એ પ્રવૃત્તિ કર્યા વિના રહેતો નથી. માત્ર સમજાઈ જવાથી ટેવ જતી નથી, એ માટે કેટલાક નક્કર ઉપાય અજમાવવાં પડે છે. એનું નામ જ ચારિત્ર છે. વિવિધ ક્રિયાઓ અને પ્રયોગો શરીરના સ્તરે સાફસૂફી કરવાનાં સાધન છે. વ્યવહાર આ રીતે નિશ્ચયને ટેકો કરે છે.

હોડીને એક પડખે જ હલેસાં મારીએ તો હોડી ગોળ ગોળ ઘૂમે, આગળ ન વધે. બંને પડખે હલેસાં મારવાથી જ હોડી પ્ર-ગતિ કરે છે. એકલી નિશ્ચયદૃષ્ટિ કે એકલી વ્યવહારદૃષ્ટિ સ્વીકારવાથી પણ આવી જ હાલત થાય. એકલું જ્ઞાન ભ્રમમાં રાખે છે, એકલી ક્રિયા ઠાલી કસરત બની જાય છે. બંનેનું સંયોજન કે સમન્વય જ દોષોથી મુક્તિ અપાવી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૨

## ગુરુની કામગીરી

देशकालान्वयाचार–
वयःप्रकृतिमात्मनाम् ।
सत्त्वसंवेगविज्ञान–
विशेषांश्चानु[1] शासनम् ।।          (१८.१)

***મુમુક્ષુના દેશ, કાળ, કુળ, આચાર, વય, સ્વભાવ, સામર્થ્ય, ઝંખનાની તીવ્રતા અને જ્ઞાનની વિશેષતાને લક્ષ્યમાં રાખીને ગુરુએ તેને માર્ગદર્શન આપવું.***

સત્તરમી બત્રીસીમાં નિશ્ચયનયના દૃષ્ટિકોણથી ધર્મમાર્ગની વિચારણા કર્યા પછી અઢારમી બત્રીસીમાં ધર્મમાર્ગની વ્યવહાર દૃષ્ટિએ વિચારણા થઈ છે. ધર્મના બાહ્ય સ્વરૂપની એટલે કે આચારમાર્ગની પણ ગંભીર વિચારણા કરવા દ્વારા દિવાકરજીએ કોઈ જાતની ગેરસમજ થવાનો અવકાશ રહેવા દીધો નથી. અહીં શબ્દ વાપર્યો છે 'અનુશાસન'. અનુશાસન એટલે આચરણ અને સાધના અંગે ગુરુ તરફથી મળતું માર્ગદર્શન. મુમુક્ષુએ તેને નિષ્ઠાપૂર્વક અનુસરવું આવશ્યક છે.

કોઈ ધન્ય પળે મુમુક્ષુના હૃદયમાં પવિત્ર જીવનની અભિલાષા જન્મે છે, ત્યાર પછી વર્તમાન અશુદ્ધ કે અપૂર્ણ સ્થિતિમાંથી પૂર્ણ-પવિત્ર સ્થિતિ

૧. °*शेषाच्चानु*°- મુદ્રિત પાઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી પહોંચવાની યાત્રા લાંબી ચાલે છે. આ યાત્રાના માર્ગદર્શક-ભોમિયા એટલે ગુરુ. મુમુક્ષુના આંતરચક્ષુ પોતાના ગુરુને શોધી લે છે અને ગુરુની વેધક દૃષ્ટિ શિષ્યને ઓળખી લે છે.

ગુરુ બે પ્રકારની કામગીરી કરે છે. જેનામાં મુક્તિની અભિલાષા જાગી હોય તેને ક્રમશઃ ઉન્નત સ્થિતિ તરફ દોરી જાય છે અને જેનામાં નથી જાગી તેનામાં મુમુક્ષા-મુક્તિની ઝંખના જગાડે છે. આ એક અતિ નાજુક કામ છે. ચિત્ર, શિલ્પ કે સ્થાપત્યના નિર્માણમાં જેવું અને જેટલું કૌશલ્ય જોઈએ તે કરતાં પણ આમાં વધારે કૌશલ્ય જોઈએ. ગુરુનું કાર્ય માળીની કામગીરી સાથે મળતું આવે. વૃક્ષ કે છોડ ઊગે છે સ્વયં, પણ તેને જોઈતી મદદ પૂરી પાડવી એ માળીનું કામ. માળી અને ગુરુએ બહુ સંવેદનશીલ બનીને કામ કરવું પડે.

આ શ્લોકમાં ગુરુની કામગીરીનું આવું જ શબ્દાંકન દિવાકરજી કરે છે. મુમુક્ષુને કોઈ પણ નિર્દેશ આપતાં પહેલાં ગુરુએ કેટલી બધી બાબતો ધ્યાનમાં લેવી પડે છે ! દેશ-કાળ તો ખરા જ, વ્યક્તિના કુળ અને ઉછેર, વય અને શક્તિ, તેની મુમુક્ષા કેટલી તીવ્ર છે તે અને તેની સમજણ – આ બધું ગુરુની નજરમાં રહેવું જોઈએ. ગુરુ શબ્દનો મૂળ અર્થ 'ભારે', 'મોટું' એવો થાય છે. ભારતીય સંસ્કૃતિ ભારેખમ જવાબદારી વહન કરનાર માર્ગદર્શક માટે 'ગુરુ' શબ્દ વાપરે છે તે કેટલું સુસંગત છે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮૩

### ગુરુ કેવા હોય ?

बाह्याध्यात्मशुचिः सौम्य–
स्तेजस्वी करुणात्मकः ।
स्वपरान्वर्थविद्वाग्मी
जितात्मश्च शासिता ।। (१८.२)

***જેનાં બાહ્ય આચરણ અને આંતરિક મનોવૃત્તિ સ્વચ્છ હોય, જે સૌમ્ય અને તેજસ્વી હોય, કરુણાવંત હોય, જે સ્વહિત અને પરહિત સમજી શકતી હોય, વિદ્વાન હોય અને જેણે આંતરિક દોષો પર કાબૂ મેળવ્યો હોય તેવી વ્યક્તિ ગુરુ બની શકે છે.***

વ્યવહારના દૃષ્ટિકોણથી વિચારતાં ધર્મક્ષેત્રમાં ગુરુ સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. વ્યક્તિના હૃદયમાં ધર્મ પ્રત્યે રુચિ જાગૃત કરવી અને પછી ક્રમશઃ ધર્મની ઉચ્ચ–ઉચ્ચતર ભૂમિકાઓ તરફ તેને દોરી જવી — એ ગુરુનું પ્રમુખ કાર્ય છે. ગુરુ ધર્મરાજ્યના શાસક છે, એમની આજ્ઞા એ જ અનુશાસન. એમની આજ્ઞા અનુલ્લંઘનીય છે. ગુરુનું પ્રમુખ કાર્ય માર્ગદર્શક તરીકેનું છે. આ માટે ગુરુમાં કેવા વિશિષ્ટ ગુણો હોવા ઘટે તેની વાત આ શ્લોકમાં થઈ છે.

આંતર–બાહ્ય સ્વચ્છતાને ગુરુનું પ્રથમ લક્ષણ અહીં ગણાવ્યું છે. બાહ્ય સ્વચ્છતા એટલે શરીર–વસ્ત્ર આદિની સફાઈ એવો અર્થ અહીં લેવાનો ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય. બાહ્ય આચાર-વ્યવહાર ચોખ્ખો હોવો એ બાહ્ય શુચિતા. વિચારોના સ્તરે પણ નિર્મળતા હોવી એ આંતરિક શુચિતા.

ગુરુ સૌમ્ય હોય, ગુરુનું સાન્નિધ્ય શીતળ હોય. ગુરુ તેજસ્વી હોય, ગુરુના વ્યક્તિત્વમાં પ્રતાપ હોય. સત્ય, જ્ઞાન, તપ જેવા ગુણો ગુરુને તેજસ્વી બનાવે છે. વળી ગુરુ કરુણાવંત હોય — વાત્સલ્યનિધિ હોય.

ગુરુ સ્વહિત અને પરહિત બંનેને સમજનારા હોય. આ કદાચ ગુરુની પ્રમુખ લાયકાત બની રહે. અન્યોનું ભલું કરવા જતાં પોતાનું અહિત થઈ જાય અથવા પોતાના શ્રેયની ચિંતામાં શિષ્યના કલ્યાણમાં ધ્યાન ન આપી શકે — બંને સ્થિતિમાં ગુરુ તરીકે નિષ્ફળતા પુરવાર થાય. ગુરુ વિદ્વાન હોય, શાસ્ત્રોમાં પારંગત હોય, તે સાથે અનેક વ્યાવહારિક વિષયોની પણ પર્યાપ્ત જાણકારી ગુરુ પાસે હોવી જોઈએ. ગુરુપદ સીધું ન મળે. વર્ષોની સાધના દ્વારા પોતાની વાસનાઓ-વિકારો પર અમુક અંશે વિજય મેળવ્યા પછી જ ગુરુ બનવાનો અધિકાર મળે. ભીતરની આંટીઘૂંટીઓ પોતે કંઈક ઊકેલી હોય તે જ અન્યને તેવા વિષયમાં માર્ગદર્શન આપી શકે. દિવાકરજીએ આથી જ ગુરુની છેલ્લી વિશેષતા બતાવી છે — ભીતરના ભેદ પામનાર, વિકારોને જીતનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૪

## ધર્મ સૌના માટે છે

तुल्यप्रकोपोपशमा
रागाद्या मारुतादिवत् ।
विषयेन्द्रियसामान्यात्
सर्वार्थमिति शासनम् ।। (१८-३)

***વાત, પિત્ત અને કફનો પ્રકોપ અને શમન એ જેમ દરેક વ્યક્તિને લાગૂ પડનારી વાત છે તેમ વિષયો અને ઈન્દ્રિયોના સંપર્કથી થતી રાગ અને દ્વેષની પીડા અને તેના ઉપશમનથી થતી શાંતિ એ પણ સર્વ સામાન્ય વસ્તુ છે. માટે જ ધર્મનું અનુશાસન સૌને માટે એકસરખું ઉપયોગી છે.***

આયુર્વેદ અથવા એવી બીજી કોઈ પણ ઉપચાર પદ્ધતિ અમુક જાતિ કે વર્ણના લોકોના રોગો મટાડે, અન્ય જાતિ-વર્ણના લોકોના રોગ દૂર ન કરે એવું નથી બનતું. રોગનો સંબંધ જાતિ સાથે નથી હોતો, તો દવાનો પણ ન હોય. આયુર્વેદ કહે છે કે દરેકના શરીરમાં વાત-પિત્ત-કફ એ ત્રિદોષ રહેલા છે, તેની સમતુલા ખોરવાય એ જ રોગ. રોગની પીડા સૌને સરખી જ થાય છે. યોગ્ય ઔષધ લેતાં રોગ મટે છે ત્યારે શાંતિ પણ સૌને એકસરખી અનુભવમાં આવે છે.

વાત-પિત્ત-કફનો પ્રકોપ શરીરમાં રોગની સ્થિતિ પેદા કરે છે, તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ-દ્વેષ-મોહના આવેગ મનના સ્તરે ગરબડ પેદા કરે છે, જે કાયિક-વાચિક ગરબડમાં પરિણમે છે. આ મનોવિકારોની પીડા, રોગની પીડા કરતાં ઓછી નહીં, કયાંય વધારે હોય છે. માનવો ભલે ગમે તેટલી વિવિધ જાતિઓમાં વહેંચાયેલા હોય, પણ રાગ-દ્વેષાદિ વિકારો અને તજ્જન્ય પીડા તો સૌને સરખી જ થાય છે. દરેકને પાંચ ઈન્દ્રિયો મળેલી છે, તે તે ઈન્દ્રિયના ઉત્તેજક વિષયો પણ સર્વત્ર ઉપલબ્ધ છે. ઈન્દ્રિયનો વિષય સાથે સંપર્ક થતાં જ પૂર્વ સંસ્કારવશ માનસિક પ્રતિક્રિયા થાય છે. વિષયો સુખદ-અનુકૂળ હોય તો રાગ અર્થાત્ 'હજી વધુ જોઈએ'નો ભાવ અને વિષયો દુઃખદ-પ્રતિકૂળ હોય તો દ્વેષ - 'ન જોઈએ' એ પ્રકારનો ભાવ - ઉત્પન્ન થયા વિના રહેતો નથી. આ રાગ-દ્વેષ એ ખળભળાટ છે, અશાંતિ છે. આમાંથી જ અનાચાર કે અત્યાચાર જેવા દૂષણો જન્મે છે. માનવજાતનો આ સર્વવ્યાપી મહારોગ છે. દેશ-ભાષા-જાતિ-વર્ણ ગમે તે હોય, આ તકલીફ માનવમાત્રને સરખી જ થાય છે. ધર્મ આ ત્રિદોષનું ઉપશમન કરનારી સારવાર છે, ચિકિત્સા છે. રોગ સર્વ સામાન્ય છે, તો દવા પણ સૌને લાગુ પડે એવી જ હોવી ઘટે. ધર્મનો સંબંધ જાતિ-વર્ણ સાથે નથી. માનવમનના વિકારોના શમન સાથે છે. ધર્મ સાર્વજનીન છે, સર્વકાલીન છે.

ધર્મને એક ઉપચારપદ્ધતિના સ્વરૂપમાં જોવાથી ધર્મની પણ કસોટી થઈ જાય છે. ધર્મ જો રાગ-દ્વેષાદિ પીડાનું ઉપશમન કરવાનું પરિણામ ન લાવી શકતો હોય તો તે કાં તો નકલી છે ને કાં તો તેનું યોગ્ય રીતે સેવન નથી થયું એ જણાઈ આવે છે. સાચો ધર્મસાધક તેનું કારણ શોધી શાંતિના માર્ગે આગળ વધે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૫

## ચિકિત્સા અને સાધના વ્યક્તિપરક હોય છે

कर्तृप्रयोजनापेक्ष–
स्तदाचारः प्रकीर्तितः ।
चिकित्सितवदेकार्थ–
प्रतिलोमानुलोमतः ।। (१८.६)

***સાધકની જ્યારે જે સ્થિતિ હોય અને સાધકનું જે કાળે જે પ્રયોજન હોય તેના અનુસાર સાધક માટે ભિન્ન ભિન્ન પ્રકારનો આચાર નિશ્ચિત કરવામાં આવે છે. રોગની ચિકિત્સામાં હોય છે તેમ, તે તે વ્યક્તિને નજરમાં રાખીને એક જ વસ્તુના સંબંધમાં અનુમતિ કે નિષેધનું વિધાન થતું હોય છે.***

અઢારમી બત્રીસીમાં અનુશાસન અંગે દિવાકરજીએ જે વિચારો પ્રસ્તુત કર્યા છે તેમાં તેમની પોતાની વિવેચકબુદ્ધિનો ફાળો તો હશે જ, ઉપરાંત તે કાળે જૈન પરંપરામાં પ્રવર્તતા વિચારો અને આચારોની છબી પણ એમાં ઊતરી આવી હોય એ દેખીતું છે. જૈન ધર્મે આચાર પક્ષ ઉપર અતિ ભાર આપ્યો હોવા છતાં તે કાળે આચારના ક્ષેત્રે આજે જોવા મળે છે તેવી જડતા નહોતી એમ આ બત્રીસીના પરિશીલન પરથી કહી શકાય. નિયમને ઊભો રાખીને – નિયમસાપેક્ષ રહીને જરૂર પડચે અપવાદનો આશ્રય લેવાની અનુમતિ શાસ્ત્રો તો આપે છે, પરંતુ આજે નિયમો પાછળના ભાવ કે હેતુની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજ જીવંત ન રહેવાથી કાં તો જડની જેમ નિયમને વળગી રહેવાનું થાય છે ને કાં તો નિયમને સમૂળગો તોડી પાડવાનું વલણ લેવાય છે. અપવાદને શાસ્ત્રીય માન્યતા મળેલી હોવા છતાં તેનો ઉપયોગ આચારનિષ્ઠ પ્રામાણિક વ્યક્તિ પણ આજે કરી શકતી નથી. આ સંજોગોમાં અઢારમી બત્રીસીનું આ ચિંતન આજે ઘણું દિશાદર્શક થઈ પડે છે.

આચાર અનેક પ્રકારનો હોય. ક્યારે કયા આચારને આગળ કરવો એ નક્કી કરી આપવાનું કામ ગુરુનું છે. વ્યક્તિ, પ્રયોજન અને પરિસ્થિતિને લક્ષ્યમાં રાખી, ગુરુ એકને અમુક કાર્યની અનુમતિ આપે છે અને બીજાને તે જ કાર્યનો નિષેધ કરે છે. આથી જ નિયમોમાં વૈવિધ્ય આવ્યું છે, અનેક રૂઢિઓ જન્મી છે. 'ગીતાર્થ' એટલે કે શાસ્ત્રના મર્મજ્ઞ ગુરુજનોએ ચોક્કસ કાળે ચોક્કસ વ્યક્તિને ચોક્કસ આચાર અપનાવવાનો નિર્દેશ આપ્યો હોય તેને એક રૂઢિનું રૂપ મળી જાય છે. વસ્તુતઃ એ આદેશ તે કાળ અને તે વ્યક્તિ કે સમૂહ પૂરતો મર્યાદિત હતો. સ્થળ-કાળ-વ્યક્તિઓ બદલી જતાં તે વિધાન કે વ્યવસ્થા બદલવાં પડે. ગુરુજનોએ પ્રવર્તમાન પરિસ્થિતિને ન્યાય આપે એવા માર્ગો શિષ્યવર્ગને સૂચવવા જોઈએ અને શિષ્યોએ અથવા અનુયાયીઓએ તેને અનુસરવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૬

## દમન નહિ, શમન

वपुर्यन्त्रजिता दोषाः
पुनरभ्यासहेतवः ।
प्रसङ्ख्याननिवृत्तास्तु
निरन्वयसमाधयः ।। (१८-६)

***કાયાનું નિયંત્રણ કરવા દ્વારા જે દોષોને જીતવામાં આવ્યા હોય તે દોષો ફરીથી જાગી શકે છે; પરંતુ જ્ઞાન અને વિવેક દ્વારા જેમનું નિવારણ થયું હોય તેવા દોષો નિર્મૂળ થઈ સદાને માટે શાંત થઈ જાય છે.***

વ્યવહારનય તાત્કાલિક, બાહ્ય અને સ્થૂળ બાબતો પર વધુ ભાર આપે છે. વ્યવહાર વ્યક્તિનો વિચાર તો કરે છે, પણ સમૂહને ધ્યાનમાં રાખીને સામાન્ય નિયમો તારવવામાં વધુ માને છે. વ્યવહારના દૃષ્ટિકોણથી ધર્મક્ષેત્રના માળખાની રચના થઈ. વિધિ-નિષેધો, તપ-ત્યાગ, વ્રત-નિયમ, રૂઢિ-પરંપરા એ વ્યવહારધર્મની નીપજ છે. કોઈ એક આખા સમાજમાં, કોઈ એક પરિવાર કે જૂથમાં ધર્મની કેટલીક સારી વાતોને રોપી દેવામાં આવે છે અને તેને ચુસ્ત રીતે વળગી રહેવાનો આગ્રહ રખાય છે. આ રીતે અમુક સારી વાતો સમૂહમાં અને તેના દ્વારા વ્યક્તિમાં સહેજે સ્થિર થઈ જાય છે, અથવા અમુક અનિચ્છનીય વાતોનો સમાજ કે વ્યક્તિમાં પ્રવેશ થતો અટકાવી શકાય છે. વ્યવહારધર્મનું આ સૌથી મોટું જમા પાસું છે. તપ-જપ, વ્રત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયમ અને ક્રિયા-અનુષ્ઠાન દ્વારા વ્યક્તિ પોતાના મન-વાણી-કાયા પર અદ્‌ભુત કહી શકાય એવો કાબૂ મેળવી શકે છે. વિવિધ મર્યાદાઓ અને નિયંત્રણો સમાજની દૃષ્ટિએ આશિર્વાદરૂપ હોય છે જ.

આમ છતાં, સૌને એક ઘરેડમાં નાખી દેવાથી વ્યક્તિ કે સમૂહ દોષોથી મુક્ત થઈ જશે કે મુક્ત રહેશે જ એવા ભ્રમમાં રહેવા જેવું નથી. દિવાકરજી અનુશાસનનો મહિમા કરતા હોવા છતાં તેની મર્યાદા તરફ ધ્યાન ખેંચવાનું ભૂલ્યા નથી. નિયંત્રણ દ્વારા તાત્કાલિક લાભ થાય-દોષિત આચરણ થતું અટકી જાય, પણ એ આચરણની પ્રેરણા તો અંતર્મનમાં સંગૃહીત લોભ-મોહ-આસક્તિ કે પછી અહં-ઈર્ષ્યા-દ્વેષ જેવા તત્ત્વોમાંથી આવે છે. બાહ્ય મર્યાદાઓની અસર હેઠળ હિંસા વગેરે કાર્યોથી બચી જવાય, પણ અંતરમાં રહી ગયેલી મલિન વૃત્તિઓ ગમે ત્યારે જોર કરી જાય અને વ્યક્તિ નિષિદ્ધ આચરણ કરી બેસે એવી શકયતા ઊભી રહે છે. દિવાકરજી કહે છે કે નિયંત્રણથી કાયા જીતાય છે, મનનું શુદ્ધીકરણ નથી થતું. એ માટે તો ચિંતન-મનન, આત્મનિરીક્ષણ ભાવના, ધ્યાન જેવા સૂક્ષ્મ વ્યવહાર ધર્મ જોઈએ. અહં-મમ, કામ-ક્રોધ, રાગ-દ્વેષ વગેરે ભાવો નિર્મૂળ થઈ વ્યક્તિ સહજ નિર્દોષ અવસ્થા સિદ્ધ કરે તે માટે વિવેકનું બળ વધારવું પડે છે, ગ્રન્થિઓનું વિસર્જન કરવું પડે.

શરીરમાં ઘા વાગવાથી લોહી વહેવા લાગે ત્યારે પાટો બાંધીને કે આંગળી દાબીને સર્વપ્રથમ લોહી વહેતું અટકાવવું જરૂરી છે. પરંતુ સાચો ઉપાય તો ચામડીમાં રૂઝ આવે એ છે. વ્યવહારધર્મની મર્યાદાઓ અને બંધનો પાટાપીંડીનું કામ કરે છે, જ્ઞાન-ધ્યાન વગેરે અધ્યાત્મની ક્રિયા રૂઝ લાવવાનું કામ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૭

## સાધકની સાધનાચર્યા

यात्रामात्राशनोऽभीक्ष्णं
परिशुद्धनिभाशयः।
विविक्तनियताचारः
स्मृतिदोषैर्न बाध्यते।। (१८.११)

***જે સાધક જીવનયાત્રાનો નિર્વાહ થઈ શકે એટલી માત્રામાં ભોજન લેતો હોય, જેના વિચારો શુદ્ધ અને ઉજ્જવળ હોય, લોકસંસર્ગથી દૂર રહેતો હોય, પોતાને યોગ્ય નિયત આચાર પાળતો હોય એવા સાધકને સંસ્કારની સ્મૃતિના કારણે ફરી દોષનું સેવન થવાનો ભય રહેતો નથી.***

આચારધર્મના પ્રતિબંધો અને કષ્ટભરેલાં કર્તવ્યોને ઘણી વાર 'દમન' કહીને વગોવવામાં આવે છે. વ્યવહારધર્મ સ્વયંસંપૂર્ણ નથી, તેને મર્યાદાઓ છે જ, અને દિવાકરજીએ સ્પષ્ટ શબ્દોમાં વ્યવહારધર્મની મર્યાદા દર્શાવી પણ છે. પરંતુ અહીં એટલા જ સ્પષ્ટ શબ્દોમાં વ્યવહારની ઉપયોગિતા તેઓ દર્શાવે છે.

ખરેખર મુક્તિ મેળવવાની છે કામ-ક્રોધ આદિ અંતરંગ દોષોથી. આ દોષોને નવું પોષણ ન મળે એવી વ્યવસ્થા કરીએ તો આપણું કામ સરળ થાય એ દેખીતું છે. યુદ્ધમાં દુશ્મનના સૈન્યને શસ્ત્રસરંજામ કે અન્ય પૂરવઠો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન મળે એવી વ્યૂહરચના વિજયની તકો વધારી દે છે. મુમુક્ષુએ કષાયાદિ દોષોને જીતવા માટે એવી જ યુક્તિ કરવી પડે છે. આચારધર્મ એ કામ કરે છે.

જે પરિસ્થિતિઓ કામ-ક્રોધાદિ વિકારોના ઉદ્દ્ભવનું નિમિત્ત બનતી હોય તેનાથી દૂર રહેવું આવશ્યક છે. સાધકે વિકારોથી દૂર રહેવાનો સંકલ્પ હજી હમણાં કર્યો છે. તેના શરીર અને મનમાં ભૂતકાળના સંસ્કારો અને સ્મૃતિઓ સંગૃહીત હોય છે જ. ચિરપરિચિત સંયોગો સામે આવતાં શરીર-મન યંત્રવત્ જૂના ચીલા પર ચાલવા માંડે એ સુશકય છે. જૂના સંસ્કારોની ઉશ્કેરણી ઓછી થાય એ માટે નિમિત્તોથી સલામત અંતરે રહેવું એ કાંઈ દમન નથી, એ તો ડહાપણ છે, અગમચેતી છે.

ભૂતકાળની સ્મૃતિઓ પજવે નહિ એ માટે સાધકે કેવી રીતે રહેવું તેનો નિર્દેશ આ શ્લોકમાં અપાયો છે. સંયમયાત્રા-જીવનયાત્રા ચાલતી રહે એટલો પ્રમાણસરનો આહાર લેવો, લોકસંપર્ક ટાળવો, મર્યાદાઓને વળગી રહેવું, મનને સારા વિચારોમાં રોકી રાખવું - આ વ્યૂહરચના સાધકને ઘણા જોખમોમાંથી બચાવી લે છે.

'મને કંઈ ન થાય, મારું મન દૃઢ છે' એવો ફાંકો નવા-સવા સાધકે રાખવો ન જોઈએ. ઘોડેસવારી કરતાં કે સાઈકલ ચલાવતાં શીખવું હોય તો જ્યાં અવરજવર ન હોય, ખાડાટેકરા ન હોય એવા સ્થળે શીખવામાં સલામતી છે. નવા સાધકે આ જ રીત અપનાવવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૮

## ગુરુની કાર્યશૈલી

आदेशस्मारणाक्षेप[1]–
प्रायश्चित्तान्युपक्रमाः[2]।
यथारसं प्रयोक्तव्याः
सिद्ध्यसिद्धिगतागतैः।। (१८.१२)

***આદેશ આપવો, સંભારી આપવું, ઠપકો દેવો, પ્રાયશ્ચિત્ત કરાવવું — આ ચાર શિષ્યના અનુશાસન માટેના ઉપક્રમ છે. શિષ્ય કર્તવ્ય કરે, કરવાનું ભૂલી જાય, કરવાનું રહી જાય, ન કરવાનું થઈ જાય— વગેરે સંજોગોને ધ્યાનમાં રાખીને ગુરુએ ઉપર મુજબનો અનુશાસનનો ક્રમ યોજવો જોઈએ.***

મુમુક્ષુ પોતાના વિકાસ માટે ગુરુને આત્મસમર્પણ કરે છે. પોતાનું ઘડતર કરવાનો અધિકાર એ ગુરુને આપે છે. ગુરુ શિષ્યને રાજી રાખવા તેના દોષો તરફ આંખમીંચામણા કરે તો તે ગુરુ કર્તવ્ય ચૂકયા ગણાય. સાચા ગુરુ શિષ્યના દોષોને નભાવી લેતા નથી. શિષ્યની નબળાઈઓ નભાવી લેવી — એ ગુરુની પોતાની નબળાઈ દર્શાવે છે.

બીજી તરફ ગુરુમાં વાત્સલ્ય અને વિવેક તો હોય જ. શિષ્યમાં આળસ, અજ્ઞાન, ખોટી ટેવો વગેરે હોઈ શકે. ગુરુ તેનાથી અકળાતા નથી.

૧. °स्मरणा° - મુદ્રિત પાઠ, ૨. °त्तानुप° - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ સ્નેહથી શિષ્યને નવો અવતાર આપવાનું કામ તેઓ ચાલુ રાખે છે. ગુરુની પાસે માનસશાસ્ત્રીય દૃષ્ટિ હોવી જરૂરી છે. દિવાકરજીએ ગુરુની કાર્યશૈલી અહીં અતિ સંક્ષેપમાં નોંધી છે, જેમાં માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણ સ્પષ્ટ દેખાય છે. આ શ્લોકના બધા જ શબ્દોનો અર્થ સ્પષ્ટ થતો નથી, અર્થઘટન કરવાનો બીજો કોઈ આધાર નથી. અહીં આ શ્લોકનો ભાવાર્થ લીધો છે, અને એ કેટલો સંગત છે તેનો નિર્ણય વિદ્વાનોએ કરવાનો છે.

શિષ્યને કરવાના કર્તવ્યની યોજના ગુરુ કરે. યોગ્ય સમયે યોગ્ય આદેશ આપે. શિષ્ય એ આદેશોનો અમલ કરે. આ આદર્શ સ્થિતિ ગણાય.

આદેશ આપ્યાં છતાં શિષ્ય ભૂલી જાય તો ગુરુ અકળાયા વિના સ્મરણ કરાવી આપે. શિષ્ય એ કર્તવ્ય પૂરું કરે. એ વાત ત્યાં પૂરી થઈ જાય.

કહ્યા છતાં અને સંભારી આપ્યા છતાં શિષ્ય અમુક કર્તવ્ય કરવાનું ચૂકે તો તેમાં પ્રમાદ જેવાં તત્ત્વ કામ કરી ગયા હશે. આ દોષ ચલાવી લેવાય નહિ. ગુરુ ઠપકો આપે. આ તબક્કે શિષ્ય નમ્રભાવે અપરાધનો સ્વીકાર કરે, તો તે શિષ્યની યોગ્યતા ગણાય.

શિષ્ય નિષિદ્ધ કામ કરે, નિર્દિષ્ટ કામ ન કરે — એટલી હદે વાત જાય તો ગુરુ શિષ્યને દંડ કરે, પ્રાયશ્ચિત્ત કરાવે. શિષ્ય એનો સ્વીકાર કરે તો તેનું શિષ્યત્વ જળવાઈ રહે.

પરિસ્થિતિ જે તબક્કે પહોંચી હોય તે પ્રમાણે ગુરુ પગલાં લે. આ માટે ગુરુ પાસે માનસશાસ્ત્રીય દૃષ્ટિ હોવી જોઈએ — એવું આ શ્લોક સૂચવી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮૯

### સાધન ઉપર પણ મોહ થાય છે

**प्रागेव साधनन्यासः**
**कष्टं कृतमतेरपि।**
**कृच्छ्रोपार्जनभिन्नं हि**
**कार्पण्यं भजते जनः।।** (१८.१६)

***પ્રારંભથી જ સાધન–આલંબન છોડી દેવાં એ તો સારા બુદ્ધિમાન સાધક માટે પણ કઠણ છે. બહુ પરિશ્રમે ધન ઉપાર્જન કરેલું હોવાના કારણે જ માણસ કંજૂસ બનતો હોય છે.***

નિશ્ચયદૃષ્ટિએ થતાં કથનો ઘણી વાર ગેરસમજ જન્માવતાં હોય છે. 'આત્મા શુદ્ધ છે, મુક્ત છે, અશુદ્ધિ એક કલ્પના છે', 'પરપદાર્થ આત્માને અડી પણ શકતો નથી', 'નિમિત્ત કશું કરી શકે નહિ' — નિશ્ચયનયના આ વિધાનો વસ્તુતઃ પરમ સત્યની ઘોષણા કરે છે. મુક્ત અવસ્થા પ્રાપ્ત કરવાનો ઉત્સાહ અને શ્રદ્ધા નિશ્ચયનય જ જગાડી શકે છે. સાધકને ખબર પડે છે કે નિતાંત નિર્મળ, સહજ, સ્વાધીન સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે ત્યારે તે એ સ્થિતિએ પહોંચવાના મનોરથ સેવવા લાગે છે. પહોંચવા માટે પ્રવાસ કરવો પડે એ થયો વ્યવહાર. મુમુક્ષુ અમુક વસ્તુઓ તજે છે, બીજી કેટલીક અપનાવે છે. શાસ્ત્ર, સત્સંગ, તપ, ત્યાગ, એકાંત, વ્રત, ધ્યાન, ભક્તિ વગેરે સાધનો એને પ્રિય લાગે છે, કારણ કે તેના દ્વારા શાંત–નિર્મળ–આનંદમય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થામાં સરકી જવામાં તેને મદદ મળે છે. તે આવા આલંબનોને વળગે છે. આ બધાં સાધન તેને સાધ્ય કરતાંય વધારે વ્હાલાં થઈ પડે છે !

દિવાકરજી કહે છે કે ગુરુએ આવાં સાધન મૂકાવી દેવાની ઉતાવળ કરવી નહિ. કયારેક તો અમુક અંશે પરિપકવ થઈ ગયા છતાં સાધક આમાંનું કંઈક છોડવા રાજી નથી હોતો. આલંબનોના માધ્યમથી જ અપૂર્વ રસાનુભવ તેણે પહેલવહેલો પ્રાપ્ત કર્યો હોય, તેના કારણે તેને એ છોડવાનું મન થતું નથી. બહુ કષ્ટ વેઠીને પૈસા કમાયો હોય એવો માણસ કંજૂસ થતો હોય છે ને ? એવું જ અહીં પણ સમજવું.

આનો અર્થ એટલો જ કે તેને હજી આ સાધનોની જરૂર છે. જે પ્રાપ્ત થયું છે તે હજી મર્યાદિત છે, તે ખોઈ નાખવાનો ડર છે. તેથી હજી તેને અભ્યાસ કરવા દેવો. આગળ જતાં એ બધું સહજપણે છૂટી જશે. દિવાકરજી સાધ્યને ગૌણ કરી સાધનને વળગી રહેવાના મતના નથી. આ સાધન તજવાં તો પડશે જ, પરંતુ કાચી અવસ્થામાં એ ન તજાય તો બહુ ફિકર કરવા જેવી નથી. શ્લોકમાંનો 'प्रागेव' શબ્દ મહત્ત્વનો છે. એનો અર્થ 'પહેલાંથી જ— અગાઉથી જ' થાય છે. સાધન અગાઉથી જ છોડાવી દેવાની ઉતાવળ ન કરવી, પાછળથી તે છૂટી જ જવાનાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૦

## રાગી અને વિરાગીની જીવનદૃષ્ટિ

ममेदमिति रक्तस्य
न नेत्युपरतस्य च।
भाविनौ[1] ग्रहणत्यागौ
बहुसाराल्पफल्गुषु ।। (१८.२४)

***'આ મારું છે' એવી આસક્તિવાળી વ્યક્તિ હોય કે 'ના, ના, મારું કંઈ નથી' એવી અનાસક્તિવાળી વ્યક્તિ હોય, બંનેના જીવનમાં ગ્રહણ અને ત્યાગ તો થતા જ હોય છે. એ બંને મોટી અને સારભૂત વસ્તુને ગ્રહે છે, નાની અને નકામી ચીજોને તજે છે.***

દિવાકરજીએ કોયડાની જેમ મૂકેલી આ વાતનો ફલિતાર્થ સમજવાનો અહીં પ્રયાસ કર્યો છે. આ અર્થઘટન સુસંગત છે કે કેમ — એ તો વિદ્વાનો જ કહી શકે.

જે અજ્ઞાન છે, આસક્તિવાળો છે તે અને જેને જ્ઞાન-ભાન થયું છે અને તેથી જેની આસક્તિ છૂટી ગઈ છે તે — આ બંને પ્રકારની વ્યક્તિઓને જીવવાનું તો છે જ. રાગી વ્યક્તિ 'ગ્રહણ' એટલે કે સંગ્રહ — ભોગમાં માને છે, વૈરાગી 'ત્યાગ'માં માને છે — એવો આપણો સામાન્ય ખ્યાલ છે. દિવાકરજી આપણને ચોંકાવી નાખે એવું વિધાન કરે છે કે બંને ગ્રહણ કરે

૧. *भाविकौ* – મુદ્રિત પાઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, અને બંને ત્યાગ કરે છે. બંનેય સારી અને ઊંચી વસ્તુનું ગ્રહણ તથા અલ્પ અને મામૂલી વસ્તુનો ત્યાગ કરે છે. જો આમ જ હોય તો બંનેમાં ફરક ક્યાં રહ્યો ?

ફરક પડે છે હલકી અને ભારે વસ્તુની વ્યાખ્યામાં. અજ્ઞાની સુખદ, સુંદર, મોંઘી અને મોટી વસ્તુને ઊંચી ગણે છે અને તેથી તેની નજર એવી વસ્તુઓ પર જ રહે છે. 'કિંમતી' માનેલી વસ્તુઓને ખાતર તે બીજી નાની વસ્તુઓનો ભોગ આપી શકે છે. જેની આંખો ઉઘડી ગઈ છે એવો મુમુક્ષુ દુન્યવી વસ્તુઓને ઊંચી માનતો નથી, તેથી એવી વસ્તુઓનો ત્યાગ તે સહજતાથી કરી શકે છે. મોટી ગણાતી ચીજોને ફોતરાની જેમ ફેંકી દેતો જોઈને જગત એને ત્યાગી સમજે છે. તેણે તો અસાર વસ્તુનો જ ત્યાગ કર્યો છે. ખરેખર સારભૂત વસ્તુઓ — ભગવાન, ધર્મ, ગુરુ, કર્તવ્ય, સાધન, ભજન વગેરે — તો તેને જોઈએ જ છે. જરૂર પડ્યે તે ધન-ધાન્ય, સુખ-સુવિધા, સગા-સંબંધીનો ત્યાગ કરીને પણ ધર્મને સાચવી રાખવા મથશે, જ્યારે આસક્ત વ્યક્તિ દુન્યવી પદાર્થોને ખાતર ધર્મ-કર્ત્તવ્યનો ત્યાગ કરી દેશે. બંનેય હલકી વસ્તુનો ત્યાગ અને ઉત્તમનો સ્વીકાર કરે છે ! શ્રી દિવાકરજીની વાક્ચાતુરીનો આ એક નમૂનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૧

## અનુશાસનમાં ઉતાવળ ન કરવી

अप्रशान्तमतौ शास्त्र–
सद्भावप्रतिपादनम् ।
दोषायाभिनवोदीर्णे
शमनीयमिव ज्वरे ।। (१८.२८)

**તાવના પ્રારંભે જ તાવ ઉતારવાનું ઔષધ આપવું હાનિકારક નીવડતું હોય છે. જેની બુદ્ધિ શાંત ન થઈ હોય એવી વ્યક્તિને શાસ્ત્રનાં રહસ્ય સમજાવવાનો પ્રયાસ પણ એ જ રીતે હાનિકારક થઈ શકે છે.**

અઢારમી બત્રીસીમાં અનુશાસન અને અનુશાસ્તા (ગુરુ) વિશે દિવાકરજીના સ્પષ્ટ વિચારો આપણને પ્રાપ્ત થાય છે. આ બત્રીસી ગુરુજનો માટેની માર્ગદર્શિકા છે. ગુરુનું કાર્ય જિજ્ઞાસુને-શિષ્યને જ્ઞાન આપવાનું છે. એમાં અતિ ઉત્સાહ કે અતિરેક ભળે તો નુકસાન થઈ શકે છે એવી ચેતવણી દિવાકરજીએ આ શ્લોકમાં ઉચ્ચારી છે.

આ એક જાણીતી વાત છે કે તાવ હજી ચડતો હોય ત્યારે જ તાવને અટકાવી દેવામાં આવે તો ગંભીર નુકસાન થઈ શકે છે. શરૂઆતમાં જ તાવની ગોળીઓ લઈ લેવી એ આજે રોજની વાત થઈ પડી છે. તે વખતે તાવ ઊતરી ગયેલો લાગે, પણ દબાઈ ગયેલો તાવ ફરી ઊથલો મારે અથવા શરીરમાં બીજા કોઈ રોગ રૂપે દેખા દે એવો સંભવ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવાસવા સાધકને શાસ્ત્રની કેટલીક માર્મિક વાતો કરી દેવાથી પણ આવું જ વિપરીત પરિણામ આવી શકે છે. ઠરેલપણું ન આવ્યું હોય તો શાસ્ત્રની મર્મભરી વાતોની ગંભીરતા તેના મનમાં નહીં વસે, કહેલું નકામું જશે. એથી પણ વધુ હાનિકારક તો કંઈક બીજું છે. બૌદ્ધિક રીતે વાત સમજાય પણ વિવેકબુદ્ધિનો ઊઘાડ ન થયો હોય તો અમુક વાતોનો સંગવડિયો, મનગમતો અર્થ કાઢી તેના આધારે પોતાની નબળી વૃત્તિઓને સંતોષવાનો પ્રયત્ન પણ થાય. દિવાકરજી કહે છે કે માણસ ઠરે નહિ ત્યાં સુધી કેટલાક રહસ્યો એ ન જાણે એ જ સારું.

ઠરેલપણું બે પ્રકારનું હોઈ શકે. ઉંમર વધવા સાથે સમજશક્તિ વધે એ બૌદ્ધિક પરિપકવતા છે. સત્સંગ, સ્વાધ્યાય, સાધના વગેરે દ્વારા મનની વૃત્તિઓનું પરિમાર્જન થતું રહે, મનોવિકારો નીતરી જઈ સાધકના વિચારોમાં નિર્મળતા આવે એ બીજી જાતની પરિપકવતા છે. બૌદ્ધિક વિકાસનો સંબંધ વય સાથે જોડી શકાય, પણ વિવેકબુદ્ધિના વિકાસને વય કે વિદ્યા સાથે સંબંધ નથી. અભણ માણસમાં પણ ઊંચા પ્રકારનો વિવેક હોઈ શકે છે. આવું આધ્યાત્મિક ઠરેલપણું આવ્યા પછી જ શાસ્ત્રના ઊંડા રહસ્યો સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૨

## જિનશાસનની તાત્ત્વિક વિશેષતા

उत्पादविगमध्रौव्य–
द्रव्यपर्यायसंग्रहम् ।
कृत्स्नं श्रीवर्धमानस्य
वर्धमानस्य शासनम् ।। (२०.१)

***દ્રવ્ય અને તેના પર્યાય તથા ઉત્પત્તિ, વિલય અને સ્થિતિ– આ સિદ્ધાંતોમાં શ્રી વર્ધમાન પ્રભુનું શાસન સમાઈ જાય છે. વીર પ્રભુનું શાસન સંપૂર્ણ છે. તેની શોભા સદા વર્ધમાન છે.***

શ્રમણ ભગવાન મહાવીરના સમયમાં ભારતમાં સંખ્યાબંધ દાર્શનિક વિચારધારાઓ પ્રચલિત હતી. તેમના પછી પણ સંખ્યાબંધ તાત્ત્વિક વિચારધારાઓ ભારતમાં ઉદ્ભવ પામી હતી. અન્ય દેશોમાં પણ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે ઊંડું ચિંતન થયું છે અને વિશ્વવ્યવસ્થા સમજાવતાં અનેક સિદ્ધાંતો ચિંતકો દ્વારા રજૂ થતા રહ્યા છે. આ બધાંની વચ્ચે ભગવાન મહાવીરનો સિદ્ધાંત દિવાકરજીને વિશિષ્ટ લાગ્યો છે. વીસમી બત્રીસીમાં ભગવાન મહાવીરનું તત્ત્વદર્શન એમણે સંકલિત કરીને મૂક્યું છે. પહેલાં શ્લોકમાં સંક્ષેપનો ય સંક્ષેપ કરતા હોય તેમ, ભગવાન મહાવીરના તત્ત્વવિચારની મુખ્ય વિશેષતાઓ — અન્યત્ર જોવા ન મળે એવા બે સિદ્ધાંતો તારવીને તેમણે મૂક્યાં છે. આ બે સિદ્ધાંતો છે : દ્રવ્ય-ગુણ-પર્યાયનો સિદ્ધાંત તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો સિદ્ધાંત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થોડાં મૂળભૂત દ્રવ્યો અને તેના પર્યાયો (અવસ્થાઓ) — વિશ્વ ગમે તેટલું વૈવિધ્યમય લાગતું હોય, પણ તેનો નિચોડ આટલો જ છે. દ્રવ્યમાં ગુણ હોય છે. વસ્તુતઃ ગુણ પણ દ્રવ્યની એક અવસ્થા જ છે. આથી જ દિવાકરજીએ અહીં દ્રવ્ય અને પર્યાય એમ બેનો જ ઉલ્લેખ કર્યો છે.

દ્રવ્યો, દ્રવ્ય તરીકે કાયમ રહેતા હોવા છતાં તેમની અંદર પલટા આવ્યા કરે છે. દ્રવ્ય ધ્રુવ - અચળ છે, પરંતુ ગુણ-અવસ્થાના પરિવર્તન અનુભવતું હોવાથી તેને ઉત્પત્તિ-નાશ પણ હોય છે.

આ બે સિદ્ધાંતો ભગવાન મહાવીરના તત્ત્વવિચારના કેન્દ્રમાં છે, એ તેમના દર્શનની વિશેષતા પણ છે. દિવાકરજી કહે છે કે વર્ધમાનનું શાસન સદા વર્ધમાન છે અને સંપૂર્ણ છે. જગતના સમસ્ત પદાર્થોને ઓળખવાની ચાવી આ બે સિદ્ધાંતો છે. આપણી સામે કેટલાંક દ્રવ્યો/પદાર્થો છે, તેના ગુણધર્મો છે અને તે દ્રવ્યની ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે. ઉત્પત્તિ અને નાશ એ બીજું કંઈ નથી, દ્રવ્યના ગુણ અને અવસ્થામાં આવેલું પરિવર્તન છે. દ્રવ્ય તો ધ્રુવ છે, સનાતન છે. પરંતુ ગુણ-પર્યાય કંઈ દ્રવ્યથી જુદા નથી, માટે ઉત્પત્તિ અને નાશ પણ અંતે તો દ્રવ્યનાં જ થયા. આમ, આ સિદ્ધાંત વિશ્વના એકેએક પદાર્થને લાગુ પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૩

## અનેકાંતવાદની કથનશૈલી

वाक्चिकित्सितमानाध्व–
मणिरागादिभक्तिवत् ।
नानात्वैक्योभयानुक्ते¹–
र्विषमं सममर्थतः ।। (२०.३)

***એક જ વાત અનેક ભાષામાં કે અનેક રીતે કરી શકાય છે. એક રોગની અનેક રીતે ચિકિત્સા થઈ શકે છે. એક જ વસ્તુનું માપ ઘણી રીતે લઈ શકાય છે. કોઈ એક સ્થળે પહોંચવાના રસ્તા એકથી વધુ હોઈ શકે છે. જુદી જુદી પૃષ્ઠભૂમિના કારણે એક જ મોતી અનેક રંગનું જણાય છે. તેવી જ રીતે, એક જ વિધાન ભેદ, અભેદ, ભેદાભેદ અને અનિર્વાચ્ય એવા વિવિધ સ્વરૂપે રજૂ થઈ શકે છે. કથનની રીતિ ભિન્ન હોવાથી ભિન્ન લાગે છે પણ અર્થથી તે સમાન હોય છે.***

પ્રત્યેક પદાર્થ અનેક શકયતાઓથી સભર છે. જગતની રચના જટિલ છે. વિશ્વ કોઈ એક વ્યાખ્યાને વશ રહે તેવું નથી. ભાષાની પણ મર્યાદા છે. કોઈ પણ વિધાનમાં પૂર્ણ સત્યને આવરી લેવાનું શકય નથી. કશુંક છૂટી જાય છે. ભગવાન મહાવીરના મતે, કોઈ પણ વિધાન સંપૂર્ણ હોઈ શકતું નથી. પૂર્ણ વ્યાખ્યા શકય નથી, હા, સત્યની નિકટતમ વ્યાખ્યા શકય છે. વસ્તુ,

૧. °*यानुक्ति*° – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યક્તિ કે સ્થિતિ વિશે એક સમયે તેના એકાદ અંશની જ વાત કરી શકાય. કહેનારને ખ્યાલ રહેવો જોઈએ કે જેની વાત કરી રહ્યો છે તે સિવાય પણ તે વસ્તુમાં બીજું ઘણું કહેવાનું રહી ગયું છે. કોઈ એક પાસાની વાત કરતી વખતે બાકીના પાસાં ભૂલાવા જોઈએ નહિ. બાકાત રહી ગયેલ અંશોનો પણ સંકેત મળી રહે એવી કથનની શૈલી ભગવાન મહાવીરે આપી છે, એ પદ્ધતિનું નામ છે — અનેકાંતવાદ અથવા સ્યાદ્વાદ.

આ કથનશૈલી એમ કહે છે કે જે કહેવાઈ રહ્યું છે તે સિવાયનું તેનાથી સાવ ઊલટું પણ વસ્તુસ્વરૂપ હોઈ શકે છે, એક જ વસ્તુમાં એકબીજાથી વિપરીત લાગતા ગુણધર્મો એક સાથે હોઈ શકે છે, પણ તેનું નિરૂપણ એક સાથે થઈ શકતું નથી. સ્યાદ્વાદ દ્વારા પણ મહત્તમ નિરૂપણ કરી શકાય, સંપૂર્ણ નહિ. વળી એક જ વિષયનું કથન અનેક રીતે પણ કરી શકાય. દિવાકરજીએ રોજિંદા જીવનના કેટલાક દૃષ્ટાંતો આપીને અનેકાંતવાદની વ્યાવહારિકતા — ઉપયોગિતા સમજાવી છે.

ઘણી વાર ભિન્ન જણાતા મંતવ્યો પણ વસ્તુતઃ એક જ તથ્ય તરફ અંગુલિનિર્દેશ કરતા હોય છે. હકારાત્મક રીતે જે વાત કરી હોય તે જ વાત નકારાત્મક રીતે પણ અભિવ્યક્ત થતી હોય છે, કયારેક એક સાથે બંને વિધાન કરવાનો પ્રયાસ થાય છે, તો કયારેક કશું પણ ચોક્કસ રીતે કહેવાની મુશ્કેલી અનુભવાતી હોય છે. શબ્દો જુદા પડે, પણ વાત એની એ જ હોય. એટલે જ શબ્દો પર નહિ, અર્થ પર ધ્યાન આપવાથી બધું થાળે પડે.

બોલનાર કઈ બાબત પર ભાર મૂકવા ઈચ્છે છે એના આધારે એક જ બાબત સાત પ્રકારે રજૂ થઈ શકે છે. આને જ સપ્તભંગી કહેવામાં આવે છે. 'દૂધ ગરમ છે' આ એક જ બાબત માટે વખતોવખત જૂદુ જૂદુ વિધાન કરવાનો વારો આવી શકે :

૧. દૂધ ગરમ છે. (નવસેકું હોય કે કડકડતું હોય.)

૨. દૂધ ગરમ નથી. (પી ન શકાય એટલું ગરમ નથી.)

૩. દૂધ ગરમ છે અને ગરમ નથી. (બંને વાત સાથે કહેવાનો પ્રયાસ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. દૂધ ગરમ છે કે ઠંડું – તે કહી શકાય તેમ નથી. (તમારી જરૂરિયાત કેવી છે તે જાણ્યા વિના કેવી રીતે કહું ? બંને સ્થિતિઓને વર્ણવે એવો એક શબ્દ ક્યાં છે ?)

૫. દૂધ ગરમ છે, પણ ચોક્કસ કહી શકું નહિ. (બે વાત સાથે.)

૬. દૂધ ગરમ નથી, પણ ચોક્કસ ન કહી શકાય. ( બે વાત સાથે.)

૭. દૂધ ગરમ છે, ગરમ નથી, પણ ચોક્કસ કહી શકું નહિ. (ત્રણ વાત સાથે.)

આ સાદાં 'નય વાક્ય' છે. દૂધના 'ગરમ હોવા' વિશે વાત થઈ રહી છે, આમાં દૂધના અન્ય ગુણધર્મોનો ઉલ્લેખ પણ નથી અને નિષેધ પણ નથી. અનેકાંતવાદ એવો આગ્રહ રાખે છે કે જેની વાત થઈ રહી છે તે સિવાય પણ પદાર્થમાં બીજું ઘણું કહેવા જેવું છે તેનો સંકેત મળી રહે એ રીતે બોલો. અન્ય પાસાનો ઉલ્લેખ/સંકેત પણ મળી રહે એવી વાક્યરચનાને 'પ્રમાણવાક્ય' કહેવામાં આવે છે. પહેલા વિધાનને પ્રમાણવાક્યમાં આ રીતે મૂકી શકાય :

"એક રીતે દૂધ ગરમ પણ છે જ."

આમાં 'પણ' હોવાથી અન્ય ગુણધર્મો/અવસ્થાઓનો આડકતરો સ્વીકાર સૂચિત થાય છે. 'એક રીતે' કહેવાથી અન્ય દૃષ્ટિકોણોનો સંકેત મળી રહે છે. 'જ' હોવાથી પ્રસ્તુત વિધાન પણ અનિશ્ચિત નથી એ જણાઈ આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૪

## શબ્દો જુદા, વાત એક

प्रमाणान्यनुवर्त्तन्ते
विषये सर्ववादिनाम् ।
संज्ञाभिप्रायभेदात्तु
विवदन्ति तपस्विनः ।। (२०.४)

***બધા જ પક્ષોની માન્યતાઓને પ્રમાણોનો આધાર મળી રહે છે, પરંતુ નામભેદ અને આશયભેદના કારણે બિચારા વિદ્વાનો વિવાદ કરતા રહે છે.***

તત્ત્વવિચારણાના ક્ષેત્રે અનેકાંતવાદ શા માટે શ્રેષ્ઠ છે ? એટલા માટે કે તે કોઈને પણ ખોટા કહ્યા વગર તત્ત્વવિચારનો માર્ગ મોકળો કરી આપે છે. સત્ય વિશાળ છે, સત્ય બહુમુખી છે. સત્ય શોધવા — સમજવાનો યથામતિ પ્રયાસ કરવાની સૌને છૂટ છે. વસ્તુતઃ બુદ્ધિ અને જિજ્ઞાસા ધરાવતો માણસ વિચાર કર્યા વિના રહી પણ ન શકે. વિશ્વમાં આટલા બધા મત, પક્ષ, સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યા છે તેના પ્રણેતાઓ બુદ્ધિશાળી અને તત્ત્વગવેષી હશે એમાં કશી શંકા નથી. દિવાકરજી તો એથી આગળ વધીને કહે છે કે એ બધાએ તારવેલા નિષ્કર્ષોને પ્રમાણોનો ટેકો પણ છે, અર્થાત્ દરેકની વાતમાં તથ્ય છે, દરેકની પાસે સબળ પ્રમાણો છે.

તો પછી વિવાદ શા માટે છે ? દરેક એકબીજાથી જુદા શા માટે પડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે ? આ પ્રશ્નનો જવાબ એકમાત્ર જૈનદર્શનનો અનેકાંતવાદ જ આપી શકે. દરેક પક્ષ સાચો છે, દરેકે સત્યનો કોઈ ને કોઈ અંશ પકડયો છે. મુસીબત એ છે કે સત્યના એક અંશને અખિલ સત્ય માની લેવામાં આવે છે. સમસ્યા ત્યાંથી જ શરૂ થાય છે. કયારેક તો બે વિચારકોની વાત એકસમાન હોવા છતાં સંજ્ઞાભેદ, શૈલીભેદ અને આશયભેદને કારણે બંનેની વાત જુદી કે વિરોધી હોવાનું લાગે છે. દિવાકરજી કહે છે કે ભેદ છે તે આશયનો-દૃષ્ટિકોણનો ભેદ છે, અથવા માત્ર શબ્દોનો ભેદ છે. વાત એકની એક હોય છે. શબ્દભેદ, આશયભેદના કારણે વિવાદ મચી પડે એ તો દયાજનક - અફસોસજનક સ્થિતિ ગણાય. એકબીજાને સમજ્યા વગર વિવાદમાં ઊતરી પડનારા વિચારકો માટે દિવાકરજી 'બિચારા' વિશેષણ પ્રયોજે છે. આમાં નિંદા નથી, ખેદનો ઉદ્‌ગાર છે.

એક જ ગામે જઈ આવેલાં બે યાત્રિકોમાં 'એ ગામનું પાણી ખારું કે મીઠું ?' એવો વિવાદ થાય ત્યારે સૌ પ્રથમ તપાસ તો એ કરવી જોઈએ કે એ ગામમાં ખારાં-મીઠા બંને પાણીના કૂવા તો નથી ને ? એમ કરવાને બદલે આપસમાં ઝઘડી પડનારા લોકો પોતાના સમય-શક્તિનો વ્યર્થ વ્યય કરે છે. આવી વ્યક્તિઓ દયાપાત્ર જ ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૫

## સાધનામાર્ગનો સર્વોપરિ નિયમ

येन दोषा निरुध्यन्ते
ज्ञानेनाचरितेन वा।
स सोऽभ्युपायस्तच्छान्ता-
वपालम्ब[1]मवेद्यवत्।। (२०.६)

***વાછરડાને બાંધવા માટે ગાડાનો પાછલો ભાગ ઉપયોગમાં લેવાય છે તેવી જ રીતે જે જ્ઞાન કે જે આચરણથી જે દોષોની શાંતિ થતી હોય તે તે જ્ઞાન અને તે તે ક્રિયાને તે તે દોષના નાશના ઉપાય તરીકે સ્વીકારવા.***

અમુક બત્રીસીઓના પરિશીલનથી ફલિત થાય છે કે આચરણ-ચારિત્ર-સાધનાનો વિષય પણ દિવાકરજીને પ્રિય હતો. તેઓ પ્રકાંડ પંડિત તો હતા જ, કિંતુ પાંડિત્યને અતિક્રમીને અધ્યાત્મ — અનુભૂતિ — સાધનાના ક્ષેત્રે પણ તેમણે મંથન કર્યું હતું. ગુણવિકાસ, જીવનશુદ્ધિ, કર્તવ્ય જેવા આચરણ સંબંધિત પ્રશ્નો સાથે તત્ત્વવિચાર જેટલી જ, બલ્કે તેથી યે વધારે નિસ્બત તેમને હતી એમ કહેવામાં વાંધો નથી.

પ્રસ્તુત શ્લોકમાં આચરણના ક્ષેત્રની એક ગૂંચનો ઉકેલ તેઓ આપે છે. હિંસા-અસત્ય આદિ પાપોથી અને ક્રોધ-માન વગેરે દોષોથી બચવા માટે

१. ° *वनासक्तम* ° - મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્રત, નિયમો ઘડી કાઢવામાં આવ્યા છે. તેની ઝીણી ઝીણી વિગતો, પેટાનિયમો, અપવાદો વગેરે પૂરતા ખુલાસા સાથે નિશ્ચિત કરાયા છે. અમુક અમુક પરિસ્થિતિમાં શું કરવું તે અંગેના નિર્દેશો શાસ્ત્રમાં છે જ, છતાં તેની જાણકારી ન હોય, અથવા શાસ્ત્રમાં જોવાનો સમય ન હોય ત્યારે શું કરવું? આવા સમયે જેનો આશ્રય લઈ શકાય તેવો સર્વોપરિ નિયમ દિવાકરજી અહીં આપે છે.

નિયમોનો ય નિયમ એ છે કે દોષથી બચવામાં સહાયક બને એવો વિચાર, એવી ગોઠવણ, એવી પદ્ધતિ તે વખતે અપનાવવી. ક્રોધાદિ દોષોને અટકાવવામાં ઉપયોગી થાય તે જ તે સમયનો આપણો માર્ગ. તોફાન વખતે મધદરિયે હંકારવાના બદલે દરિયાને કિનારે કિનારે વહાણ ચલાવવામાં આવે છે. તડકાથી બચવા છાંયડાવાળા ભાગમાંથી માણસો આડાઅવળા પણ ચાલે છે. સાધકે પણ દોષથી બચાય એવો માર્ગ લેવો.

ગાડું હાંકતો ખેડૂત વાછરડાને સાચવી શકે નહિ. આવા ટાણે તે વાછરડાને ગાડાના પાછલા ભાગે બાંધી દે છે. બસ, કામ થઈ ગયું. સાધકે પણ જ્યારે જે ઉપાય/સાધન/આધાર દ્વારા ચિત્તશુદ્ધિ જળવાતી હોય અથવા વધુ દોષથી બચાતું હોય તેનો આશ્રય લેવો, તેવું આચરણ કરવું, તેવા ઉપાય કરવા. વિધિ-નિષેધોનો કોયડો ઊકેલી આપતો આ 'મુષ્ટિનિયમ' — Thumb Rule છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૬

## જે સંસારનું કારણ, તે જ નિર્વાણનું કારણ

यथाप्रकारा यावन्तः
संसारावेशहेतवः।
तावन्तस्तद्विपर्यासा
निर्वाणावाप्तिहेतवः।। (२०.७)

***જેટલા સંસારવૃદ્ધિનાં કારણો છે તેટલા જ નિર્વાણપ્રાપ્તિનાં કારણો છે. જે કારણો સંસારવૃદ્ધિનાં છે તેને ઉલટાવવામાં આવે તો તે જ નિર્વાણપ્રાપ્તિનાં કારણો બને છે.***

ધર્મ સમજવો સહેલો છે, ધર્મનું આચરણ અઘરું છે. 'ધર્મમાં આપણને સમજ ન પડે' એવું માનનાર-કહેનારનું તાત્પર્ય "ધર્મના સિદ્ધાંતોમાં—તત્ત્વજ્ઞાનમાં સમજ ન પડે" એવું હોય તો ઠીક છે, બાકી ધર્મના વ્યાવહારિક પાસામાં — શું કરાય, શું ન કરાય એ બાબતમાં ન સમજાય એવું કશું નથી. સાવ ભોળા માણસને બાદ કરતાં, સરેરાશ બુદ્ધિવાળાને જેમ પોતાના લાભ-નુકસાનની ખબર પડે છે તેમ, પોતાના કર્તવ્યની પણ ખબર પડે જ છે. આવો ડાહ્યો માણસ 'ધર્મમાં સમજ ન પડે' એમ કહે ત્યારે તેમાં વિચાર કરવાનું આળસ અથવા છટકવાનું બહાનું હોવાનો સંભવ વધારે છે.

આચરણના અસંખ્ય નિયમોના 'લઘુતમ સામાન્ય અવયવ' જેવું એક સૂત્ર દિવાકરજી અહીં આપે છે. વ્રતો, નિયમો, વિધિ, નિષેધો વગેરે નિશ્ચિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા પાછળનું ગણિત સાવ સહેલું છે. જે આચરણ (એમાં વિચાર અને ઉચ્ચાર પણ આવી જાય) સંસારવૃદ્ધિનું કારણ બનતું હોય તેનાથી બરાબર ઊલટું આચરણ મુક્તિનું કારણ બને છે. પરિગ્રહ જો બંધન છે, તો ત્યાગ એ મુક્તિ છે. ક્રોધ એ સંઘર્ષ છે, કર્મબંધન અને સંસારવૃદ્ધિનું કારણ છે, તો ક્ષમા કર્મવિમોચનનું કારણ બની રહેશે. હવે ત્યાગ, ક્ષમા જેવા આચરણની વ્યાખ્યા કરવાની તો જરૂર જ નથી, નાનું બાળક પણ એટલું તો સમજે છે. હા, તેનો અમલ અઘરો છે ખરો.

કર્મબંધનના કારણોને આશ્રવ કહે છે, કર્મક્ષયના કારણોને પરિશ્રવ કહે છે. ભગવાન મહાવીરનું એક પ્રસિદ્ધ વચન છે : ''जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा'' — આશ્રવો પરિશ્રવો બને છે, પરિશ્રવો આશ્રવ બને છે. 'કર્મબંધનના કારણોને ઉલટાવો તો તે જ કર્મક્ષયના કારણ બને' એ દિવાકરજીની વ્યાખ્યા સ્થૂળ ભૂમિકાની વાત કરે છે — એ વ્યવહારની વ્યાખ્યા છે. કાર્ય પાછળના 'ભાવને ઉલટાવો' — એ નિશ્ચયનયની વ્યાખ્યા છે. 'આશ્રવ એ જ પરિશ્રવ' એ વ્યાખ્યામાં કાર્ય પાછળના ભાવને ઉલટાવવાની વાત છે. દિવાકરજી કાર્યને ઉલટાવવાની વાત કરે છે. બંનેય ઉલટાવવાની જ પ્રક્રિયાઓ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૭

## આચારધર્મ અંગે સાવચેતી

ज्ञानाचारविशेषाभ्या–
माचाराद्ध्रियते जनः ।
स नात्युत्तानगम्भीरः
सुखदुःखात्ययो हितः[1] ।। (२०.२६)

***જ્ઞાન અને આચરણ — આ બેમાંથી લોકો આચરણથી વધુ પ્રભાવિત થાય છે. આચરણ અતિ આકરું ન હોવું જોઈએ, ગંભીરભાવે કરેલું હોવું જોઈએ. અતિ સુખશીલતા અને અતિ કષ્ટ બંનેથી દૂર એવો મધ્યમ આચાર હિતકારી થાય છે.***

દિવાકરજી રચિત વીસમી બત્રીસીનું નામ 'દૃષ્ટિ પ્રબોધ' એવું મળે છે. સૂક્ષ્મ દૃષ્ટિથી જ પકડાય એવું ચિંતન આ બત્રીસીમાં હશે એ સ્પષ્ટ છે. એના હાર્દ સુધી પહોંચવું મુશ્કેલ છે. પ્રસ્તુત શ્લોકમાં દિવાકરજીની મૂલગામી સૂક્ષ્મ દૃષ્ટિની ઝલક મળે છે.

દિવાકરજીનું નિરીક્ષણ છે કે લોકો જ્ઞાન કરતાં આચરણથી વધુ અંજાય છે. જ્ઞાનથી અંજાય એવા લોકો બહુ ઓછા રહેવાના. કેમકે કોઈના જ્ઞાનની વિશેષતા પરખવા માટે બુદ્ધિનો પર્યાપ્ત વિકાસ થયેલો હોવો જોઈએ, જે બધાનો હોતો નથી. આચરણથી અંજાવું ભણેલા–અભણ સૌના માટે શકય

---

૧. °त्ययोऽहितः – મુદ્રિત પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પરંતુ અહીં એક ભયસ્થાન છે. ત્યાગ - વૈરાગ્ય - સંયમ - તપના ઉત્કૃષ્ટ આચરણથી વિશાળ આમ વર્ગ બહુ પ્રભાવિત થાય છે. આનો ફાયદો પણ કેટલાક લોકો ઉઠાવે છે. અતિ ઉગ્ર તપ, ચુસ્તતા, સખત દેહકષ્ટ વગેરે દ્વારા જનતાને આંજી દેવાનો પ્રયાસ થતો હોય છે. આ બધાનો આદર થતો જોઈ સામાન્ય વ્યક્તિ એવા ઉગ્ર તપ-ત્યાગ કરવા તરફ ઢળે — આંખો મીંચીને અનુકરણ કરવા લાગે એવો સંભવ છે.

દિવાકરજીનું કહેવું છે કે આચરણની બાબતમાં આમ કૂદી પડવું ઠીક નથી. વધુ કષ્ટ એટલે વધુ લાભ — એવો નિયમ બનાવી લેવો ન જોઈએ. પાછું વગર કષ્ટે કંઈ મળી જશે એમ પણ નથી. સાધક ગંભીર અને પ્રામાણિક હોવો જોઈએ. સાધક સુખસગવડ જોવા ન જ બેસે. કષ્ટની પરવા એ ન જ કરે. કષ્ટ તો આવવાનું જ છે, જાતે કષ્ટ ઊભાં કરવાની જરૂર નથી. સાધક સુખશીલ ન બને, તેમ ઉગ્ર દેહકષ્ટનો આશરો પણ ન લે. બંને અંતિમોથી બચી મધ્યમ માર્ગે ચાલે. મધ્યમમાર્ગ એ રાજમાર્ગ છે એમ અહીં સમજવાનું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૮

## પ્રભુની આણ વિશ્વવ્યાપી છે

यदाज्ञा त्रिपद्येव मान्या ततोऽसौ,
तदस्त्येव नो वस्तु यन्नाधितष्ठौ।
अतो ब्रूमहे विश्वमेतद्यदीयं,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः।। (२१.१४)

***'પદાર્થો ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, છતાં કોઈક રીતે ટકી રહે છે' —પ્રભુએ આપેલી આ ત્રિ–પદીરૂપ આજ્ઞા હેઠળ ન આવતો હોય એવો એક પણ પદાર્થ જગતમાં નથી. આથી જ આપણે પ્રભુને આ વિશ્વના સ્વામી કહીએ છીએ. એવા એક જિનેશ્વર પરમાત્મા જ મારા આધાર છે.***

દિવાકરજી ભગવાન મહાવીર પર મુગ્ધ છે. પ્રચંડ પ્રતિભા અને દૃઢ ઈચ્છાશક્તિના સ્વામી સિદ્ધસેન દિવાકરના આરાધ્ય 'મહાવીર' જ હોય ! એમની મહાવીર ભક્તિ બળવાન અને બોલકી છે. પ્રારંભની પાંચ બત્રીસીઓ અને એકવીસમી બત્રીસી — એમ કુલ છ બત્રીસીઓમાં શ્રમણ ભગવાન મહાવીરની દિવાકરજીએ મુક્તકંઠે સ્તુતિ કરી છે. આ સ્તુતિઓમાં એક પણ સ્થળે 'હે પ્રભુ ! અમને ઉગારો, મુક્તિ આપો, સુખશાંતિ આપો, અમારા દુઃખ નિવારો' એ જાતની વિનંતિનો કે યાચનાનો સૂર નથી સંભળાતો. અહીં તો ભગવાનના તપ, ત્યાગ, કરુણા, જ્ઞાન, વીતરાગતા, ઉપકાર, પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્મદશા જેવા ગુણાત્મક સ્વરૂપના ભાવસભર ગાન દ્વારા સ્વયં ધન્ય બનવાનો ઉપક્રમ દેખાય છે. દિવાકરજીને સૌથી વધુ પ્રિય છે ભગવાનનું ધર્મદર્શન, તત્ત્વદર્શન અને ભગવાનનું પૂર્ણ વિકસિત વ્યક્તિત્વ. આ સ્તુતિઓમાં જૈન શ્રમણ પરંપરાના ભક્તિયોગનું આદ્ય સ્વરૂપ સચવાઈ રહ્યું છે.

દિવાકરજી કહે છે કે ભગવાન મહાવીર આ વિશ્વના સ્વામી છે, કારણ કે ઉત્પત્તિ-સ્થિતિ-નાશ એ જ આ જગતના પ્રત્યેક પદાર્થનો મૂળભૂત ધર્મ છે અને ભગવાને જ તો એની ઓળખ કરાવી છે. ત્રિપદીરૂપ આજ્ઞા-પ્રભુની 'આણ' સમસ્ત વિશ્વ પર પ્રવર્તે છે. એક પણ પદાર્થ એવો નથી કે જે પ્રભુના આ શાસન હેઠળ ન આવતો હોય ! વિશ્વના અણુ અણુ પર આવું શાસન બીજું કોણ કરી શકયું છે ?

આ બત્રીસીના દરેક શ્લોકના અંતે 'એવા જિનેન્દ્રનું જ મને શરણ હો' એ પંક્તિનું પુનરાવર્તન થાય છે. પ્રભુએ આ વિશ્વના રહસ્યો પ્રગટ કરી આપણને સાચો રાહ ચીંધ્યો છે એ જ તેમની કૃપા. પ્રભુ જગતના આધાર છે તે આ દૃષ્ટિએ. દિવાકરજી પ્રભુના શરણની વાત આ અર્થમાં કરે છે. આખી બત્રીસીમાં પ્રભુ પ્રત્યેનો આવો સમર્પણભાવ વિવિધ રીતે વ્યક્ત થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૯

## પ્રભુએ પ્રબોધેલો દશવિધ ધર્મ

तपः संयमः सूनृतं ब्रह्म शौचं,
मृदुत्वार्जवाकिञ्चनत्वानि मुक्तिः ।
क्षमैवं यदुक्तो जयत्येव धर्मः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ।। (२१.१८)

***તપ, સંયમ, સત્ય, બ્રહ્મચર્ય, શૌચ, નમ્રતા, સરળતા, આકિંચન્ય, સંતોષ અને ક્ષમા — જે પ્રભુએ દર્શાવેલો આ દશવિધ ધર્મ જગતમાં પ્રકાશે છે તે જિનેન્દ્ર પરમાત્માનું મને શરણ હો.***

ભગવાને વિશ્વવ્યવસ્થાના રહસ્યો ખોલ્યાં તથા કલ્યાણકારી જીવનમાર્ગ પણ પ્રબોધ્યો એમાં પ્રભુનું અનોખું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. દિવાકરજી આ વ્યક્તિત્વના જ વિધવિધ રીતે ગુણગાન કરે છે. આ શ્લોકમાં તીર્થંકરોએ પ્રબોધેલા ધર્મમાર્ગના સાર જેવા તત્ત્વોનું સ્મરણ કરવામાં આવ્યું છે. દશવિધ ધર્મ એ જ પ્રભુના ઉપદેશનો સાર છે. ક્ષમા, મૃદુતા, ઋજુતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય — આ દશ મહાન ધર્મો પ્રાચીન સર્વ ધર્મપરંપરાઓમાં ઓછેવત્તે અંશે ઉપદેશાયા છે. જૈન ધર્મસાધનામાં આ દશલક્ષણ ધર્મ કેન્દ્રસ્થાને છે.

આમાંનો પ્રત્યેક સદ્‌ગુણ સાધના માગે છે. માનવ જીવનના પ્રત્યેક ક્ષેત્રને આ ધર્મો આવરી લે છે. આમાંનો એકાદ ગુણ પણ જીવનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકસાવી લેવાય તો જીવન અસાધારણ બની ઊઠે. આ ધર્મોની જીવનમાં હાજરી હોય છે ત્યારે એક જુદા જ પ્રકારની તૃપ્તિ અને શાંતિ જીવનમાં વ્યાપે છે. આવો સુખદાયક ધર્મમાર્ગ ચીંધનાર પ્રભુનો કેવો મોટો ઉપકાર ! જગતના સર્વ જીવોને શ્રેયનો આવો સુંદર માર્ગ બતાવનાર એ મહાવીરના જ્ઞાન, કરુણા અને પુરુષાર્થ કેટલા મહાન ! સાચો આધાર ક્યાં છે તે દર્શાવી પ્રભુ જગતના સાચા આધાર બન્યાં છે.

પ્રભુનું શરણ સ્વીકાર્યા વિના મુક્તિ નથી. વાત સીધી છે. ક્રોધ, છળકપટ, મોહ વગેરેના માર્ગે જતાં દુઃખ જ દુઃખ છે. ક્ષમા, નિરભિમાનિતા, નિષ્કપટતા, સંતોષ જેવા ધર્મોને માર્ગે વળતાં તત્કાળ સુખશાંતિ સાંપડે છે. આ માર્ગના પ્રબોધક તો પ્રભુ છે. પ્રભુનું કહેવું કાને ધરીએ, એમના પ્રબોધેલા પંથે ચાલીએ એ જ પ્રભુના શરણનો સ્વીકાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦૦

### *પ્રભુઆજ્ઞાનું પાલન બધી રીતે શ્રેયસ્કર છે*

**विहायास्त्रवं संवरं संश्रयैवं,**
**यदाज्ञा पराऽभाजि यैर्निर्विशेषैः।**
**स्वकस्तैरकार्येव मोक्षो भवो वा,**
**स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः।। (२१.२८)**

***'આશ્રવોનો ત્યાગ કરી સંવરનો સ્વીકાર કરો' એવી પ્રભુની આજ્ઞાનું જેમણે નિષ્ઠાપૂર્વક પાલન કર્યું છે તેમનો મોક્ષ તો નિશ્ચિત જ છે, કિંતુ તેમનો સંસાર પણ સુંદર બની જાય છે. આવા ધર્મમાર્ગનું ભાન કરાવનારા એ જિનેશ્વર વર્ધમાનનું મને શરણ હજો!***

શ્રી મહાવીર પ્રભુ હોય કે બીજા કોઈ વીતરાગ તીર્થંકર દેવ હોય, એ બધાના બોધનો છેવટનો સાર 'આશ્રવોથી બચો, સંવર કરો' એટલો જ છે. દુઃખનું, બંધનનું અને અશુદ્ધિનું કારણ આશ્રવો છે. જે પ્રવૃત્તિ આત્મામાં કર્મોના આગમનનું નિમિત્ત બને તે દ્રવ્ય આશ્રવ, અને જે વૃત્તિ (માનસિક ભાવો) એ પ્રવૃત્તિનું કારણ બને તે ભાવઆશ્રવ. જે પ્રવૃત્તિ કર્મોના આગમનને અટકાવે તે દ્રવ્યસંવર. જે ભાવ-વલણ આમાં ભાગ ભજવે તે ભાવસંવર. આશ્રવોથી દૂર રહી સંવરમાં રહેવું એ જ દુઃખમુક્તિનો માર્ગ છે. એ જ ભગવાનની આજ્ઞા છે, ભગવાનનો અનુરોધ છે. પરમાત્માના આ આદેશને જે પૂર્ણતયા અનુસરશે તેને મુક્તિનું વરદાન મળશે. એ તો સુનિશ્ચિત છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે એનો સંસાર પણ સુધરી જશે, એ પણ નક્કી છે.

પાપપ્રવૃત્તિ બંધ થતાં દુઃખો વિદાય લેશે. પાપવૃત્તિ બંધ થતાં ક્રોધ, લોભ, આસક્તિ દ્વારા જન્મ પામતી માનસિક અશાંતિ પણ વિદાય લેશે. ભગવાનના માર્ગે ચાલવા લાગેલો સાધક બાહ્ય વ્યવહાર જીવનમાં પણ ઊંડી શાંતિ અને સમૃદ્ધિનો અનુભવ કરશે. બીજી તરફ જૂના કર્મો અને સંસ્કારોનો ક્ષય થતો રહેશે, મુક્તિ નિકટ આવતી જશે. આ પ્રક્રિયા પૂરી થતાં સમય લાગે છે. દરમ્યાન સાધકને સંસારમાં રહેવાનું તો છે જ, પરંતુ એનો સંસારકાળ પણ શ્રેષ્ઠકોટિનો બની રહેશે.

ભાવઆશ્રવો એટલે કે ક્રોધ, ઈર્ષ્યા આદિ નથી હોતા ત્યારે કાં તો સમત્વ હોય છે, કાં તો પ્રેમ, વાત્સલ્ય, કરુણા હોય છે. સમત્વ મુક્તિનું માધ્યમ બને છે, તો પ્રેમ-કરુણા જેવા શુભભાવો શ્રેષ્ઠ કક્ષાના પુણ્યનું કારણ બને છે. બંને રીતે સાધકને લાભ છે. સાધકના આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ તો આવે જ છે, તેના ભૌતિક પ્રશ્નો પણ ધર્મ જ ઉકેલી આપે છે.

શ્રી જિનેશ્વરની આજ્ઞા મંગળમય છે. જિનેશ્વરનું શરણ સાધકને સુરક્ષિત બનાવે છે. દિવાકરજીએ એકવીસમી બત્રીસીમાં મહાવીર પ્રભુના રૂપમાં વીતરાગ પરમાત્માના ધર્મમાર્ગનો આવો મહિમા મુક્તકંઠે ગાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પરિશિષ્ટ : ૧
## શ્લોકોનો અકારાદિક્રમ

કૌંસમાં આપેલ નંબર 'જૈન ધર્મ પ્રસારક સભા' તરફથી મુદ્રિત પ્રતમાંના બત્રીસી તથા શ્લોકના ક્રમાંક છે. છેલ્લો આંકડો આ પુસ્તકના પૃષ્ઠ ક્રમાંકનો છે.


*अन्यत एव० (८.७)* ૧૨૧
*अन्यैः स्वेच्छा० (८.५)* ૧૧૯
*अप्येव नाम० (२.५)* ૩૭
*अप्रशान्तमतौ० (१८.२८)* ૧૯૯
*अवश्यमेषां० (६.२३)* ૧૦૩
*असत्सदेवेति० (१.२०)* ૨૭
*असमीक्षितवाङ्० (४.२८)* ૭૯

*आदेशस्मारणा० (१८.२२)* ૧૯૩
*आभाष्य भाव० (७.५)* ૧૦૯

*उत्पाद विगम० (२०.१)* ૨૦૧
*उदधाविव सर्व० (४.१५)* ૭૩
*उद्भूतवाग्मि० (७.१७)* ૧૧૧

*कल्पाकल्प० (१७.१२)* ૧૬૯
*कर्तृप्रयोजना० (१८.६)* ૧૮૭
*कषायचिह्नं० (१७.१०)* ૧૬૭
*किं परीक्ष्यं० (१२.३२)* ૧૫૭
*किं मर्म नाम० (७.२६)* ૧૧૩
*कुहेतुतर्को० (१.२)* ૧૧૯
*क्रिया भवति० (३.२६)* ૫૭
*क्रियां च संज्ञान० (१.२९)* ૩૩
*क्षयो नाप्रशम० (१७.१५)* ૧૭૧

*ग्रामान्तरोपग० (८.१)* ૧૨૧

*जनोऽयमन्यस्य० (६.५)* ૮૯

*तपः संयमः० (२१.१८)* ૨૧૬
*तिष्ठन्तु ताव० (२.१५)* ૪૩
*तुल्यप्रकोपो० (१८.३)* ૧૮૫
*तुल्यातुल्य० (१७.१७)* ૧૭૫
*त्वमेव परमा० (३.२१)* ૫૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुरुक्तमस्यै० (६.२७) ૧૦૫
दुरुक्तानि निव० (१२.५) ૧૫૩
दुःखमहंकार० (८.१८) ૧૨૭
देशकालनिमि० (१७.२) ૧૬૩
देशकालान्वया० (१८.१) ૧૮૧
दैवखातं च० (१२.१) ૧૪૯
दोषेभ्यः प्रव्र० (१७.१६) ૧૭૩
द्वितीय पक्ष० (१२.७) ૧૫૫

न कश्चिदपि० (३.१०) ૫૧
न काव्यशक्ते० (१.४) ૨૧
न गौरवाक्रान्त० (६.२८) ૪૫
न च दुःखमिदं० (४.२४) ૭૭
न दुःखसुख० (३.२०) ૨
न दोषदर्शना० (१०.२१) ૧૪૫
न मोहमति० (३.२९) ૫૯
नयप्रसंगा० (१.१८) ૨૫
न रागनिर्भ० (१.२४) ૨૯
न विधिः प्रति० (१०.२०) ૧૪૩
न सदःसु वद० (४.७) ૬૭
नाहमस्मीत्य० (१०.११) ૧૪૧
निरवग्रह० (४.४) ૬૩

परस्परान्वर्थि० (६.१६) ૯૭
परिनिग्रहा० (८.२५) ૧૩૫
परेद्युजातस्य० (६.१८) ૧૦૧
पापं न वाञ्छति० (२.१९) ૪૫
पुरातनैर्या० (६.२) ૩૪
प्रमाणान्यनु० (२०.४) ૨૦૬
प्रवृत्त्यपनय० (३.७) ૪૯
प्रागेव साधन० (१८.१९) ૧૯૫

बहुप्रकाराः० (६.४) ૮૭
बाह्याध्यात्म० (१८.२) ૧૮૩

भवमूलह० (४.६) ૬૫

मनसोपैति० (१७.१८) ૧૭૭
मनुष्यवृत्तानि० (६.७) ૯૩
मन्दोऽप्यहार्य० (७.२७) ૧૧૫
ममेदमिति० (१८.२४) ૧૯૭
महदृत्तान्त० (१२.३) ૧૫૧
मां प्रत्यसौ न० (२.९) ૩૯
मोहोऽहमस्मी० (१०.४) ૧૩૯

यथा गदपरि० (१७.२७) ૧૭૯
यथाप्रकाराः० (२०.७) ૨૦૯
यदशिक्षित० (६.१) ૮૩
यदि नाम जिगी० (४.१४) ૭૧
यदि येन सु० (४.११) ૬૯
यदि वा कुशलो० (४.२) ૬૧
यदाज्ञा त्रिप० (२१.१४) ૨૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदेव किञ्चि॰ (६.८) ९५

यात्रामात्रा॰ (१८.११) १९१

येन दोषा॰ (२०.६) २०८

रविः पयोदो॰ (५.२४) ८१

वपुर्यन्त्रजिता॰ (१८.९) १८९

वपुः स्वभाव॰ (१.१४) २३

वाक्चिकित्सित॰ (२०.३) २०३

विनयमधुरो॰ (८.२३) १३३

विनिश्चयं नैति॰ (६.६) ६६

विरागहेतु॰ (१.२५) ३१

विहायास्रवं॰ (२१.२८) २१८

वृथा नृपैर्भर्तृ॰ (६.१५) ९८

शेषवृत्ताशय॰ (१३.२७) १६१

श्रद्धावान् विदिता॰ (१०.२२) १४७

सत्कारलाभ॰ (२.२०) ४७

सद्धर्मबीज॰ (२.१३) ४१

साधयति पक्ष॰ (८.९) १२३

सा नः कथा॰ (८.१२) १२५

सुनिश्चितं नः॰ (१.३०) ३५

सुव्रतानि यमा॰ (१७.३) १६५

स्वयमेव मनु॰ (४.१७) ७५

स्वशरीरमनो॰ (१०.२) १३७

स्वहितायैवो॰ (८.२०) १३१

ज्ञानप्रसादौ॰ (१३.२३) १५९

ज्ञानाचार॰ (२०.२६) २१२

ज्ञेयः परसि॰ (८.१९) १२९


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પરિશિષ્ટ : ૨

## વિશિષ્ટ શબ્દસૂચિ

| | |
|---|---|
| અધ્યાત્મ | ૧૬૩, ૧૬૫–૬ |
| અનુગ્રહ | ૧૫૭–૮ |
| અનુશાસન | ૧૮૧,૧૮૯–૧૯૦ |
| અનેકાંતવાદ | ૨૫,૨૭,૫૬–૮, ૭૩–૪,૧૪૧–૨, ૨૦૩–૫ |
| અહંકાર | ૧૧૯–૧૨૦, ૧૨૭–૮, ૧૩૩, ૧૩૯ |
| આચાર | ૧૬૯–૧૭૦, ૧૮૭–૮, ૨૧૨–૩ |
| આગમ | ૫૩ |
| આસક્તિ | ૧૯૭–૮ |
| આસન | ૨૯–૩૦ |
| આસ્રવ | ૧૭૫, ૨૧૦–૧, ૨૧૮–૯ |
| ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય | ૫૧,૨૦૧–૨, ૨૧૪–૫ |
| કર્મ | ૫૯–૬૧, ૧૪૦, ૧૭૫–૬, ૨૧૦–૧ |
| કષાય | ૧૪૩–૪,૧૬૭–૮ |
| ક્રિયા | ૩૩–૪,૧૭૧–૨, ૧૭૯–૧૮૦, ૨૦૮–૯ |
| ગર્વ | જુઓ 'અહંકાર' |
| ગુરુ | ૧૭૯, ૧૮૧–૪, ૧૮૮, ૧૯૩–૪, ૧૯૯ |
| ગૌરવ | ૧૦૭ |
| તર્ક | ૧૯–૨૦,૨૭,૧૩૯ |
| તત્ત્વજ્ઞાન | ૧૪૫–૬ |
| તત્ત્વપરીક્ષા | ૧૨૭–૮ |
| ત્રિદોષ | ૧૬૯, ૧૭૧–૨, ૧૮૫, |
| ત્રિપદી | ૨૧૪–૫ |
| દમન | ૨૯–૩૦, ૧૮૯–૧૯૦ |
| દર્શન | ૩૫, ૫૯, ૧૦૪, ૧૨૮–૧૩૧ |
| દશ લક્ષણ ધર્મ | ૨૧૬–૭ |
| દુઃખ | ૪૭–૮, ૫૩, ૬૧–૨,૬૫, ૭૭–૮,૧૨૭–૮ |
| દૃષ્ટિકોણ | ૭૩–૪, ૧૬૩–૪, ૨૦૬–૭ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોષ ૧૭૧–૨, ૧૭૩–૪,૧૯૧–૨ ૧૯૯,૨૦૮–૯
દ્રવ્ય–ગુણ–પર્યાય ૫૭–૮, ૨૦૧–૨
નય ૨૫–૬, ૨૦૪–૫
નિમિત્ત ૧૬૩–૪
નિર્ગ્રન્થ ૨૩–૪
નિશ્ચયનય ૧૬૩,૧૬૫–૭, ૧૭૩–૪,૧૯૫–૬
ન્યાયદર્શન ૧૫૩
પંડિત ૧૧૯–૧૨૦, ૧૨૫–૬, ૧૪૯–૧૫૦
પાપ–પુણ્ય ૪૫–૪૬
પૂર્વગ્રહ ૭૧–૭૨,૧૫૫–૬
પ્રયોજન ૧૮૭
પ્રવૃત્તિ ૪૯–૫૦,૧૬૧–૨, ૧૪૩–૪
પ્રવ્રજ્યા ૧૬૫,૧૭૧,૧૭૩
પ્રશમ ૧૧૫–૬, ૧૨૪, ૧૭૧
પ્રાચીન–અર્વાચીન ૮૫–૬,૯૩–૬, ૧૦૧
બાળજીવ ૧૬૭–૮
ભજના ૫૭–૮
ભંગ ૨૫–૬
મન ૬૩–૪, ૭૫, ૭૯, ૧૩૭, ૧૭૭–૮, ૧૮૫–૬
મનુષ્ય ૭૫–૬,૯૩–૪
માનસશાસ્ત્ર ૭૫
મુમુક્ષુ ૧૪૭–૮, ૧૭૩, ૧૮૧–૨, ૧૯૨, ૧૯૫
મુક્તિ/મોક્ષ ૫૩–૪,૧૩૫–૬, ૨૧૮–૯
મોહ ૫૯–૬૦, ૧૩૯–૧૪૦
યોગમાર્ગ ૧૪૭–૮
રાગ–દ્વેષ ૨૯,૪૩,૧૪૧–૨ ૧૮૫–૬
રોગ ૧૭૯,૧૮૫–૬
વક્તા ૧૦૯–૧૧૦, ૧૪૯–૧૫૦
વાદ–વિવાદ ૨૭–૮,૫૫–૬, ૭૧–૨, ૧૨૧–૫, ૧૫૫–૬,૨૦૬–૭
વાદી–પ્રતિવાદી ૧૦૫–૬, ૧૦૯–૧૧૦, ૧૧૭–૮, ૧૨૧–૨, ૧૩૫
વિધિ–નિષેધ ૧૪૩–૪, ૧૬૫–૬, ૧૬૯–૭૦, ૧૮૭–૮
વિરતિ ૪૯–૫૦
વિરાગ–વૈરાગ્ય ૩૧,૧૩૫–૬, ૧૪૫–૬, ૧૫૯–૧૬૦


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| વિષય | ૧૪૫–૬, ૧૭૭, ૧૮૫ |
| વીરપૂજા | ૩૯ |
| વ્યવહાર નય | ૧૬૩–૬, ૧૭૩–૪, ૧૮૯–૯૦, ૧૯૧, ૧૯૫–૬ |
| સત્ય | ૭૩,૧૦૨, ૨૦૩–૪, ૨૦૬–૭ |
| સત્ત્વ–રજસ–તમસ | ૧૬૦–૧૬૧ |
| સર્વજ્ઞ | ૧૦૩–૪,૧૩૧ |
| સંયમ | ૧૭૧–૨, ૧૭૯–૧૮૦ |
| સંવર | ૪૯–૫૦,૨૧૮–૯ |
| સંસાર | ૨૧૦–૨૧૧ |
| સંસ્કાર | ૧૯૧–૨ |
| સાંખ્યદર્શન | ૧૫૯–૧૬૨ |
| સુખ | ૩૧–૩૨, ૫૩, ૬૩, ૬૬ |
| સ્મૃતિમોહ | ૯૫ |
| શબ્દ | ૧૫૧–૨, ૧૫૫–૬, ૨૦૬–૭ |
| શબ્દ બ્રહ્મ | ૧૫૧–૨ |
| શરીર | ૧૩૭,૧૩૯, ૧૮૯–૧૯૦,૧૯૨ |
| શાસન | ૧૯,૧૦૩–૪ |
| શાસ્ત્ર | ૯૭,૧૨૩–૪ ૧૩૫,૧૯૯–૨૦૦ |
| શુદ્ધોપયોગ | ૩૦ |
| શ્રદ્ધા | ૨૧–૨૨,૧૪૭–૮ |
| ષડ્દ્રવ્ય | ૨૭ |
| જ્ઞાન | ૩૩–૪, ૧૫૯–૧૬૦, ૧૭૯–૧૮૦, ૧૮૯–૧૯૦, ૨૦૮–૯,૨૧૨–૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**મુનિ શ્રી ભુવનચંદ્રજી**

જન્મ : વિ.સં. ૨૦૧૦ (બિદડા-કચ્છ)

દીક્ષા : વિ.સં. ૨૦૨૨



પાર્શ્વચંદ્રગચ્છીય પૂજ્ય મુનિરાજ શ્રી પ્રીતિચંદ્રજી મહારાજના શિષ્ય મુનિશ્રી ભુવનચંદ્રજીની દિક્ષાવિધિ 'આગમપ્રભાકર' પૂજ્ય મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી મહારાજના હસ્તે સંપન્ન થઇ હતી.

પરંપરાગત વિષયોના અભ્યાસ ઉપરાંત આધુનિક સાહિત્યમાં પણ સક્રિય રુચિ ધરાવતા મુનિશ્રીએ ઇતિહાસ, મનોવિજ્ઞાન, કવિતા અને વૈજ્ઞાનિક સંશોધનમાં વિશેષ અભિરુચિ છે. સંસ્કૃત, પ્રાકૃત તથા મધ્યકાલીન ગુજરાતી ભાષાનો સંશોધનાત્મક અભ્યાસ તેમનો સતત ચાલતો રહે છે.

'સમણસુત્તં' (જૈન ધર્મસાર) નો ગુજરાતી અનુવાદ, 'મંડલાચાર્ય શ્રી કુશળચંદ્રજી ગણિવર', 'વિવાદ વલોણું', 'દિલમાં દીવો કરો', 'દૃષ્ટાંત દર્પણ', 'જિન સ્તવન ચતુર્વિંશતિકા' (મધ્યકાલીન ગુજરાતી કૃતિનું સંપાદન) વગેરે પુસ્તકો તેમની બહુમુખી સાહિત્ય પ્રવૃત્તિનો પરિચય આપે છે. તેમની પ્રેરણા અને નજર હેઠળ તથા ડૉ. ગુલાબ દેઢિયાના તંત્રીપદે 'સંકલ્પ' જેવું એક વૈચારિક પત્ર પણ થોડા વર્ષ સુધી ચાલ્યું.

શાંત-તેજસવી મુનિશ્રી સહજ, સરળ અને એકાંતપ્રિય છે, વિપશ્યના સાધનાના સંનિષ્ઠ અભ્યાસી અને અનુભવી છે. વૈચારિક ઉદારતાનું વલણ ધરાવતા મુનિશ્રી સંપ્રદાયમાં રહેવા છતાં અસાંપ્રદાયિક બની રહેવાનો વિકલ્પ પસંદ કરે છે. સુપ્રસિદ્ધ ચિંતક-સાધક અધ્યાત્મમૂર્તિ પૂજ્ય મુનિવર શ્રી અમરેન્દ્રવિજયજી મહારાજના નિકટ સાંનિધ્યમાં રહી ચૂકેલા મુનિશ્રીને ગચ્છ-સંપ્રદાયની માયાજાળ બહુ સ્પર્શતી નથી.

તેમના સત્સંગમાં જિજ્ઞાસુને શાંતિ અને શીતળતાનો અનુભવ થાય છે. મુનિશ્રીનો વિહાર મોટે ભાગે કચ્છ-ગુજરાતમાં થતો રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org